મહામંત્રી શ્રી હિમાંશુભાઈ ઠક્કરે મહાપરિષદની કાર્યવાહીનો અહેવાલ રજૂ કર્યો હતો. તેમણે મહાપરિષદનાં વર્તમાન પ્રોજેક્ટ્સ અને નવા પ્રોજેક્ટ્સની માહિતી આપી હતી. પ્રમુખ શ્રી પ્રવીણભાઈ કોટકે ઉપસ્થિત બહોળા જનસમુદાય પ્રત્યે આભારની લાગણી પ્રગટ કરતાં ઉત્કર્ષના કાર્યો કરવા તરફ સૌનું ધ્યાનાકર્ષણ કર્યું હતું. જ્યારે પૂ. મોરારીબાપુએ સમાજની કામગીરીને બિરદાવતાં રઘુવંશી વ્યક્તિના ત્રણ લક્ષણો જણાવીને રઘુવંશી આદર્શો પર ચાલવાની સૌને સલાહ આપી હતી. વધુમાં તેમણે રઘુવંશી સમાજના સંગઠન, સેવા અને સમર્પણની ભાવનાની પણ પ્રશંસા કરી હતી, તેમ ઉપરોક્ત સમાજની એક પ્રેસનોટમાં જણાવાયું હતું. ■

*“કાયદા અને નિયમો તોડવાનો અધિકાર બધાને હોતો નથી. જેણે રાજ્યના અને સમાજના નિયમોનું બરાબર પાલન કર્યું છે, તેને જ અમુક નિયમોનો ભંગ કરવાનો અધિકાર પ્રાપ્ત થાય છે.*

*આવો અધિકાર લોકોએ પ્રાપ્ત કર્યા પહેલાં જ તેમને મેં કાનૂનભંગ કરવા નોતર્યા એ મારી ભૂલ મને પહાડ જેવી લાગે છે.”*

***– ગાંધીજી***

*(જો કે ડૉ. એની બેસન્ટે ગાંધીજીને ચેતવેલા અને કહેલું કે, ‘ગાંધી, લોકોને કાયદાભંગને રવાડે ના ચડાવો.’)*

***પ્રેષક : શાંતિલાલ સંઘવી - અમદાવાદ***

## વિચરતા સમુદાયના બાળકો માટે ઉવારસદમાં હોસ્ટેલનું ખાતમુહૂર્ત

વિચરતા સમુદાય સમર્થન મંચ (VSSM) છેલ્લા પાંચ વર્ષથી આ સમુદાયમાં બાળકો માટે તંબુશાળાઓ, વૈકલ્પિક શાળાઓ ચલાવે છે. જરૂરિયાત ઊભી થતાં આ વિદ્યાર્થી અને વિદ્યાર્થિનીઓ માટે જુદા જુદા સ્થળોએ ચાર હોસ્ટેલો પણ શરૂ કરી છે. તંબુશાળાઓ અને હોસ્ટેલોમાં અત્યારે ૭૦૦ જેટલાં વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થિનીઓ અભ્યાસ કરે છે. હાલમાં છુટી છુટી નાની તંબુશાળાઓ ચલાવવી મુશ્કેલ પડે છે. ઉપરાંત સતત વિચરણ કરતા પરિવારોનાં બાળકોનાં અભ્યાસમાં પણ ખલેલ પડે છે. એટલે હોસ્ટેલની માંગ વધવા લાગી છે.

શ્રી મુંબઈ જૈન યુવક સંઘની પર્યુષણ વ્યાખ્યાનમાળામાં વિચરતા સમુદાયનાં બાળકોનાં શિક્ષણ માટે ભંડોળની અપીલ કરવામાં આવી હતી. જેને સુંદર પ્રતિસાદ પ્રાપ્ત થયો હતો. અને અંદાજે રૂા. પચાસ લાખની રકમ ભેગી થઈ હતી. VSSMનાં સંચાલકોની શિક્ષણ સંકુલ માટે જમીન ઉપલબ્ધ કરવા માટે છેલ્લા ચાર વર્ષથી સતત દોડધામ રહી હતી. પરંતુ જમીનનાં ઊંચા ભાવને કારણે જમીન ખરીદી શકાઈ ન હતી.

સદ્‌વિચાર પરિવાર પણ તરછોડાયેલા, છેવાડેનાં માણસોનાં હિત અને ભલું કરવાના આદર્શને વરેલી સંસ્થા છે. સદ્‌વિચાર પરિવાર (ગામ : ઉવારસદ, તા. કલોલ)માં અપંગ બાળકોને રોજગારીની તાલીમ આપવા માટે હોસ્ટેલની સુવિધા ધરાવતું શિક્ષણ સંકુલ ચલાવે છે અને એમની પાસે હજી ફાજલ જમીન પડી છે. સદ્‌વિચાર પરિવારે ઉદાર મને વિચરતા સમુદાય સમર્થન મંચ સાથે હાથ મિલાવી, ત્યાં હોસ્ટેલ શરૂ કરવા માટે આશરે ૩૦૦ એકર જમીન VSSMને આપવાનો નિર્ણય લીધો હતો અને શનિવાર, તા. ૧૯ ફેબ્રુઆરીનાં સવારે દસ વાગે સદ્‌વિચાર પરિવાર તથા VSSMનાં ટ્રસ્ટીઓ, VSSMનાં શુભેચ્છકો અને શ્રી મુંબઈ જૈન યુવક સંઘના સંચાલકો અને કાર્યકરોની ઉપસ્થિતિમાં ઉવારસદમાં પાયાવિધિ સંપન્ન થઈ હતી.

૧૯ ફેબ્રુઆરીનાં સાંજે સદ્‌વિચાર પરિવારનાં અમદાવાદમાં સેટેલાઈટ સ્થળે આવેલા કેમ્પસમાં મુંબઈ જૈન યુવક સંઘે ૨૦૧૧માં એકત્રિત કરેલ ભંડોળ અને ચાર વર્ષનાં વ્યાજ સાથે રૂા. ૬૫ લાખનો ચેક અર્પણ કરવાનો સમારંભ યોજવામાં આવ્યો હતો. આ કાર્યક્રમની વિશેષતા એ હતી કે સમારંભનાં પ્રમુખપદે કોઈ પણ વ્યક્તિ બિરાજી ન હતી. કાર્યક્રમનું સંચાલન લાલ રાંભિયા અને VSSMનાં સેક્રેટરી અને સંસ્થાના પ્રાણ સમાન મિત્તલ પટેલે કર્યું હતું.

આરતી ગ્રુપનાં ચંદ્રકાંત ગોગરી, અમદાવાદની કાલુપુર બેંકના શ્રી અંબુભાઈ પટેલ, મુંબઈ જૈન યુવક સંઘના ઉપપ્રમુખ શ્રી નીતિનભાઈ સોનાવાલા, સદ્‌વિચાર પરિવારનાં મેનેજિંગ ટ્રસ્ટી અને VSSMના ટ્રસ્ટી શ્રી પી.કે. લહેરી, VSSMનાં પ્રમુખ શ્રી માધવ રામાનુજ, ઉપપ્રમુખ સુશ્રી પારૂલ દાંડીકર, ટ્રસ્ટીઓ લીલાધર ગડા, સુશ્રી ગીતા ગાલા, પ્રજ્ઞેશ દેસાઈ, ધારાસભ્ય શ્રી વલ્લભભાઈ કાકડિયા, ફ્રેન્ડ્સ ઑફ VSSMનાં શ્રી પ્રદીપભાઈ શાહ, શ્રી રશ્મિનભાઈ સંઘવી, અતિથિ મહાનુભાવોએ પ્રાસંગિક પ્રવચનો કર્યા હતા.

કાર્યક્રમની શરૂઆતમાં VSSMની વિદ્યમાન પ્રવૃત્તિઓ તથા આગામી શિક્ષણ સંકુલનાં નિર્માણ સંબંધી ડોક્યુમેન્ટરી ફિલ્મ બતાવવામાં આવી હતી.

*અહેવાલ : લીલાધર ગડા*

## QUALITY MARK – WOMEN AWARD



'બેટી બચાવો' (SAVE THE GIRL CHILD) અને સ્ત્રી સશક્તિકરણ (WOMEN EMPOWER)ની જયારે ઝુંબેશ ચાલી રહી છે ત્યારે 'ક્વોલીટી માર્ક ટ્રસ્ટ'ના ઉપક્રમે Quality Mark Women Award નો સમારંભ ૨૪મી જાન્યુઆરીના રોજ મહાત્મા મંદિર, ગાંધીનગર ખાતે યોજાયો હતો. જેમાં દેશમાંથી ૫૦ એવી સ્ત્રીઓને ખિતાબથી નવાજ્યાં હતાં જેમણે પોતાના ક્ષેત્રમાં કંઈક અનોખું અને આગવું કર્યું હોય.

ડૉ. રીતુ પટેલ કે જેઓ ગુજરાતના પ્રથમ એવા સ્ત્રી એમ્બ્રિયોલોજિસ્ટ છે જેમણે પોતાની મેડિકલ ડિગ્રી (MBBS) મેળવ્યા બાદ એમ્બ્રિયોલોજીમાં માસ્ટર્સની ડિગ્રી ઈંગ્લેન્ડમાં લીડ યુનિવર્સિટીમાંથી દસ વર્ષ પહેલાં પ્રાપ્ત કરી હતી. હાલમાં તેઓ સનફ્લાવર હોસ્પિટલમાં વંધ્યત્વ ટેસ્ટ ટ્યુબ બેબી (IVF)ના નિષ્ણાત તથા Sr. Embryologist તરીકે સેવા આપી રહ્યા છે.

**Dr. Reitu Patel**
MBBS, DGO, MSc (UK)
Clinical Embryologist (UK)
Infertility & IVF Specialist
Mobile : 98790 13300
E-mail : patelreitu@yahoo.co.in

*અહેવાલ : ભીમજી નાકરાણી*

## પરબ... પુસ્તકોની પરબ...
## પુસ્તક દાન કરો અને વાંચવા પણ લઈ જાઓ...

ગુજરાતી પુસ્તકો અને ગુજરાતી ભાષાના પ્રોત્સાહન માટે વિવિધ રીતે પ્રવૃત્તિઓ ચાલે છે. માતૃભાષા પ્રોત્સાહન અભિયાન પણ આવી જ એક સંસ્થા છે.

પરબ નામની પ્રવૃત્તિ અમદાવાદમાં ગુજરાતી પુસ્તકોને પ્રોત્સાહન આપવાના અને પુસ્તક વાંચન પ્રત્યે અભિરૂચિ કેળવવાના ધ્યેય સાથે શરૂ કરવામાં આવી છે.

એક લારી કે ટેબલ પર પુસ્તકો ગોઠવીને સ્વયંસેવકો કોઈ બગીચાની પાસે તમને ઊભેલા જોવા મળશે. મહિનાના પહેલા રવિવારે સવારે બે કલાક ૭.૩૦થી ૯.૩૦ આ લોકો પુસ્તક આપ-લે ની કામગીરી કરે છે અને પુસ્તક પરબ ચલાવે છે.

તમારે પુસ્તક જોઈતું હોય તો લઈ પણ શકો છો અને બીજા મહિને પરત કરી શકો છો.

કોઈ પુસ્તક દાન કરવાની તમારી ઈચ્છા હોય તો આ સંસ્થામાં દાન પણ કરી શકો છો. અને પરબમાં જ પુસ્તક આપી શકાય છે. અમદાવાદમાં ૩૦થી વધુ જગ્યાએ અને આખા ગુજરાતમાં પણ ૨૦થી વધુજગ્યાએ આવી પુસ્તક પરબો દર મહિને યોજાય છે. એમાંથી પુસ્તક લઈ કે આપીને તમે તમારૂં પ્રદાન કરી શકો છો.

સ્વયંસેવક થવા ઇચ્છતા લોકો પણ આમાં સેવા આપી શકે છે.

અમદાવાદમાં પ્રગતિનગર ગાર્ડન, પરિમલ ગાર્ડન, વસ્ત્રાપુર લેક સહિત અનેક સ્થાને આવી પરબો થાય છે. ગુજરાતના અન્ય શહેરોમાં પણ થાય છે. અને હવે છેલ્લે અમેરિકામાં પણ એક વ્યક્તિએ આ પરબ શરૂ કરેલ છે. ગુજરાત વિદ્યાપીઠ પાસે પરબ અને માતૃભાષા અભિયાનનું કાર્યાલય આવેલું છે.

*પ્રેષક : ચૌલા કુરુવા - અમદાવાદ*

## અંધજન મંડળ સંચાલિત... ચેરિટી શોપ

આ ચેરિટી શોપ એટલે કે તમે તમારા ઘરમાં રહેલી કોઈપણ નકામી વસ્તુઓ તેમને દાન કરી શકો છો. ભંગાર હોય કે પસ્તી કે જૂનું ફર્નિચર કે કપડા કે વાસણો કે જૂના રેડિયો, ઘડિયાળ કે રમકડાં કે લાકડાં કે અન્ય કોઈ પણ જૂની અને નકામી થઈ ગયેલી વસ્તુનો નિકાલ કરવા માટેનું આ આદર્શ સ્થાન છે.

અંધજન મંડળ આ વસ્તુઓ તમારે ત્યાં આવીને દાન સ્વરૂપે લઈ જશે અને તેને તેમની સંસ્થાઓને કામ આવે તો ત્યાં કે ગરીબોને કામ આવે તો તેમને આપીને આ ચીજોનો સદુપયોગ કરશે. જરૂર જણાયે વેચીને તેના પૈસા અંધજન મંડળના કામમાં આવશે.

એટલે કે તમે તમારી નકામી વસ્તુ ઘરબેઠા નિકાલ કરો છો, જે બીજા કોઈના કામમાં આવશે અને તમારૂં દાન ગણાશે.

તમે ભલે નકામી સમજો, પણ તે બીજાને કામ આવી શકે છે અને તમે આ રીતે પણ મદદરૂપ થઈ શકો છો.

***અંધજન મંડળ, વસ્ત્રાપુર ૧૩૨ ફીટ રિંગ રોડ પાસે, અમદાવાદ.***

***ફોન : (૦૭૯) ૨૬૩૦૪૦૭૦, ૨૬૩૦૩૫૧૩, ૨૬૩૦૪૫૭૧, ૨૬૩૦૫૦૮૨***

*પ્રેષક : ચૌલા કુરુવા - અમદાવાદ*

## અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન <u>આયોજિત</u> ૧૯મા વિકલાંગ નગર રમતોત્સવમાં સોલા મૂકબધિર શાળાના બાળકો વિજેતા

શ્રી કે.એસ. દેઢિયા મૂકબધિર વિદ્યામંદિર, સોલામાં અભ્યાસ કરતા ૨૯ મૂકબધિર બાળકોએ વિકલાંગ રમતોત્સવમાં ઉત્સાહથી ભાગ લીધેલ. જેમાં સાત બાળકો પ્રથમ નંબરે, પાંચ બાળકો દ્વિતીય નંબરે અને છ બાળકો તૃતીય નંબરે — એમ કુલ ૧૮ બાળકોએ વીજયી થઈ સંસ્થાનું ગૌરવ વધારેલ છે.

પ્રતિવર્ષ યોજાતી રમતોત્સવ સ્પર્ધામાં આ સંસ્થાના મૂક-બધિર બાળકો ઉત્સાહભેર ભાગ લઈ સંસ્થાને ગૌરવ અપાવે છે.

આ સંસ્થા છેલ્લા ૨૭ વર્ષથી મૂક-બધિર બાળકોને વિના મૂલ્યે શિક્ષણ અને તાલીમ આપી પુનઃ સ્થાપનનું ભગીરથ કાર્ય કરી રહેલ છે.

વિજેતા મૂક-બધિર બાળકોને ખૂબ ખૂબ હાર્દિક અભિનંદન.

## એક વાર્તાલાપ

ચિત્રભાનુ : તમે નિત્ય પ્રભુ પ્રાર્થના કરો છો?
યુવાન : એના માટે તો હજુ ઘણા વર્ષ પડ્યા છે.
ચિત્રભાનુ : તમારા હાથમાં શાનું કવર છે?
યુવાન : વીમાનું.
ચિત્રભાનુ : પરંતુ હજુ તો તમે યુવાન છો
યુવાન : અરે! જિંદગીનો કોઈ ભરોસો ખરો?!

*'દિવ્ય ભાસ્કર' તા. ૧૭-૨-૨૦૧૬માંથી*

*પ્રેષક : શાંતિલાલ સંઘવી - અમદાવાદ*

# સ્વીકાર - સમાલોચના

*સમીક્ષક : દિનેશ આર. મહેતા*

## ભોજાય : એક જીવંત દસ્તાવેજ

- ***પૃષ્ઠ સંખ્યા*** : ૧૮૬ + ૧૪
- ***લેખક*** : માવજી મહેશ્વરી
- ***પ્રકાશક*** : હેમ પબ્લિકેશન
  ૧૯૯/૬, મહાદેવનગર, અંજાર,
  કચ્છ-૩૭૦ ૧૧૦.
  ફોન : (૦૨૮૩૬) ૨૪૪૧૪૬
- ***કિંમત*** : દાતા પરિવારનો સ્નેહ
- ***પ્રથમ આવૃત્તિ*** : ૨૦૧૫

ભોજાય ગામની ઝાંખી કરાવતી વિવિધ તસવીરો સહિત સુંદર મુખપૃષ્ઠ અને અર્થપૂર્ણ શીર્ષક સાથેનું શ્રી મહેશ્વરીનું પુસ્તક : 'ભોજાય : એક જીવંત દસ્તાવેજ' મનોગમ્ય બન્યું છે. લેખકશ્રીના સતત ત્રણ વર્ષના અથાગ પરિશ્રમથી આ પુસ્તક તૈયાર થયું છે. જેમાં કચ્છ ભોજાય ગામનું ભાતીગળ લોકજીવન, વનસંપદા, વિવિધ જાતિઓનું આગમન અને સ્થળાંતર, ખેતી, પશુપાલન, ગામનો ઈતિહાસ, ગામનો ક્રમિક વિકાસ, તબીબી અને શિક્ષણ ક્ષેત્રની ઉપલબ્ધ સગવડો, ભોજાયમાં ૨૦૦૧ના ભૂકંપ પછીના પરિવર્તનો વગેરે જેવા તમામ પાસાઓને આવરીને સચિત્ર ખૂબ સુંદર રીતે વર્ણનસભર પુસ્તક પ્રગટ કર્યું છે. તે માટે લેખકશ્રી અભિનંદનના અધિકારી બન્યા છે. કોઈપણ વ્યક્તિ દુનિયાના ગમે તે ખૂણામાં જાય, પરંતુ તેને પોતાનું ગામ, વતન જીવનભર યાદ રહે છે. પોતાના ગામની યાદોને, વાસ્તવિક્તાને અગર પુસ્તકમાં શબ્દ સ્વરૂપે પ્રસિધ્ધ કરવામાં આવે તો બહોળા પ્રમાણના લોકો સુધી તેની વિગત, માહિતી પહોંચે છે અને ગામ પ્રત્યે લોકો આદરપૂર્વક રીતે આકર્ષાય છે. ત્યારે આ પ્રકારના પુસ્તકની ઉપયોગિતા અનેકગણી વધી જાય છે. આ રીતે ઉપરોક્ત પુસ્તક અત્યંત અભ્યાસપૂર્ણ અને રસપ્રદ છે.

શ્રી મહેશ્વરી ગુજરાતી સાહિત્યના પ્રસ્થાપિત લેખક છે. આપે આપની વાર્તાઓ તેમજ નવલકથાઓ દ્વારા કચ્છ અને કચ્છીયતને સમગ્ર ગુજરાત સુધી પહોંચાડેલ છે. આ પુસ્તક દ્વારા ભોજાય ગામની વર્તમાન પેઢીને પોતાના પૂર્વજો તરફ ગૌરવ લેવાનું ઉત્તમ કાર્ય કરી આપે અન્યોને પ્રેરણા આપી છે.

મૂળ માંડવી તાલુકાના ભોજાય ગામમાં જન્મેલા અને અંજારમાં સ્થાયી થયેલા માવજી મહેશ્વરી વ્યવસાયે શિક્ષક છે. સાહિત્ય ક્ષેત્રે તેમને અનેક પારિતોષિકો પ્રાપ્ત થયા છે. જેમાં ગુજરાત સાહિત્ય અકાદમીનો ઍવોર્ડ, ગુજરાત સરકાર તરફથી અપાતો પ્રતિષ્ઠિત 'સંત કબીર ઍવોર્ડ - ૨૦૧૩' વગેરે સામેલ છે. તેમની શૈક્ષણિક સેવાઓને ધ્યાનમાં લઈને શ્રેષ્ઠ શિક્ષકના બે ઍવોર્ડ પણ મળ્યા છે. તેઓ અનેક સંસ્થાઓ સાથે સંકળાયેલા છે. ભોજાય સર્વોદય ટ્રસ્ટ તેમાં મુખ્ય છે.

ભોજાય ગામના લોકો તેમજ નવી પેઢી માટે આ એક ઉપયોગી પુસ્તક છે.

## ચૂંટેલા પુષ્પોનો ગુલદસ્તો એટલે "હાસ્યનું મેઘધનુષ"

- ***પૃષ્ઠ સંખ્યા*** : ૧૧૮ + ૧૦
- ***લેખક*** : ચિત્રસેન શાહ
- ***પ્રકાશક*** : સંસ્કાર સાહિત્ય મંદિર
  ૫, એન.બી.સી.સી. હાઉસ, સહજાનંદ કૉલેજ પાસે,
  પોલિટેકનિક, અમદાવાદ-૩૮૦ ૦૧૫.
  ફોન : (૦૭૯) ૨૬૩૦૪૨૫૯
- ***કિંમત*** : રૂા. ૧૨૦/-

ગુજરાતના ખૂબ જાણીતા તથા વર્ષોથી હાસ્યલેખક શ્રી ચિત્રસેન શાહના આ અગાઉ 'ધણીને ધાકમાં રાખો!', 'સ્મશાનમાં સ્વયંવર!', 'ચાલો ખવડાવો આઈસ્ક્રીમ!', 'ફાઈવસ્ટાર સ્મશાનમાં સ્વયંવર!', 'ધણીને ધાકમાં રાખો - પ્લસ', 'સ્વર્ણિમ ગુજરાતમાં ચોવીસ કેરેટનું હાસ્ય!' જેવા વિવિધ વિષયો પરના હાસ્ય પુસ્તકો પ્રકાશિત થયેલા છે. હાસ્ય ક્ષેત્રના શહેનશાહ શ્રી વિનોદભાઈ ભટ્ટ એ કહ્યું છે કે, ભાઈ ચિત્રસેનનો વિનોદ અહિંસક અને ડંખ વગરનો નિર્દોષ હોય છે.

ખૂબ સુંદર મુખપૃષ્ઠ અને રસપ્રદ શીર્ષક સાથેનું શ્રી શાહનું નવું પુસ્તક એટલે 'હાસ્યનું મેઘધનુષ.' ઉપરોક્ત હાસ્ય પુસ્તકોમાંથી ચૂંટેલા લેખોનો મેઘધનુષ તેમના નવા પુસ્તકમાં જોવા મળે છે. તેમની આગવી કલાસૂઝના કારણે એમના હાસ્ય લખાણો ખૂબ લોકપ્રિય થયા છે. તેમના નવા પુસ્તકના દરેક લેખ એકબીજાથી ખૂબ ચડિયાતા છે અને તેમાંથી હાસ્યના રંગબેરંગી ફુવારાઓ ઉડે છે. દરેકે પોતાની લાઈબ્રેરીમાં વસાવવા યોગ્ય ઉપરોક્ત ઉત્તમ કક્ષાનું હાસ્ય પુસ્તક છે. ■

# તેજસ્વી તારલાઓ

**અભિનંદન**



**ડૉ. તેજ રૂડાણી**

**(Final MBBSમાં ૬૫.૬૫%)**

**અભિનંદન**



**મનન રૂડાણી**

**(B.Tech. Sem.-IIIમાં ૮૦%)**

કચ્છમાં મૂળ વતન દેવપર (યક્ષ), તાલુકા - નખત્રાણાના અને હાલે કચ્છ - ભુજ ખાતેની રૂડાણી હોસ્પિટલ (ઑર્થોપેડિક અને ગાયનેક)ના ડૉક્ટર દંપતિ : **ડૉ. સુરેશ રૂડાણી** (ઑર્થોપેડિક સર્જન) અને **ડૉ. પન્નાબેન રૂડાણી** (સ્ત્રીરોગ નિષ્ણાત)ના મોટા સુપુત્ર તેજ રૂડાણીએ ક્રાંતિવીર શ્યામજી કૃષ્ણવર્મા યુનિવર્સિટી (કચ્છ) દ્વારા લેવાયેલ Final MBBS પરીક્ષા ૬૫.૬૫% માર્કસ મેળવીને ઝળહળતી સફળતા હાંસલ કરી છે. તેજ રૂડાણીએ કચ્છ - ભુજ ખાતેની અદાણી મેડિકલ કૉલેજમાં મેરિટના આધારે પ્રવેશ મેળવીને M.B.B.S.નો તબીબી અભ્યાસક્રમ પૂર્ણ કરેલ છે, એ વિશેષ નોંધનીય બાબત છે.

ડૉ. દંપતિ : ડૉ. સુરેશભાઈ રૂડાણી અને ડૉ. પન્નાબેન રૂડાણીના બીજા સુપુત્ર મનન રૂડાણીએ નડિયાદ મધ્યેની ધર્મસિંહ દેસાઈ (ડી.ડી.આઈ.ટી.) યુનિવર્સિટીમાં B.Tech. (Mechanical)માં ગત વર્ષે પ્રવેશ મેળવીને સફળતાપૂર્વક અભ્યાસ શરૂ કરેલ છે અને B.Tech. Sem.-IIIની યુનિવર્સિટી પરીક્ષા ૮૦% ગુણ મેળવીને સફળતાપૂર્વક ઉત્તીર્ણ કરેલ છે. ત્યારબાદ Sem.-IVમાં નિષ્ઠાપૂર્વક અભ્યાસ ચાલુ રાખેલ છે.

બંને તેજસ્વી તારલાઓએ પરિવાર તથા સમાજનું ગૌરવ વધારેલ છે. બંનેને ખૂબ ખૂબ અભિનંદન.

જેમની કર્મભૂમિ મહદ્ અંશે અમદાવાદ જ રહી છે તેવા નિવૃત્ત પ્રિન્સિપાલ વિશ્રામભાઈ આર. રૂડાણીના આ બંને તેજસ્વી તારલાઓ, પૌત્રો થાય છે.

**★ શુભેચ્છકો ★**

| | | |
|---|---|---|
| **દાદી - દાદા** | : | **લક્ષ્મીબેન અને વિશ્રામભાઈ રૂડાણી** |
| **નાની - નાના** | : | **કમળાબેન અને રઘુભાઈ પોકાર** |
| **મોટી મા - મોટા બાપા** | : | **(૧) કલાબેન અને ઉદયભાઈ** |
| | | **(૨) જ્યોતિબેન અને શિરીષભાઈ** |
| **માતા - પિતા** | : | **ડૉ. પન્નાબેન અને ડૉ. સુરેશભાઈ તથા સર્વે પરિવારજનો** |
| **મામી - મામા** | : | **શર્મિલાબેન અને રાજુભાઈ પોકાર તથા સર્વે પરિવારજનો** |

***તબીબી ફર્મ : રૂડાણી હોસ્પિટલ (ઑર્થોપેડિક અને ગાયનેક),***

***ભુજ - કચ્છના સર્વે પરિવારજનો***

Gujarat's Leading
Electronic Manufacture
(TOTAL EMS SOLUTION)

Innovision Systems & Devices
E-12, Electronic Estate, GIDC, Sector-26, Gandhinagar-382044, Gujarat

Innovision Systems & Devices Pvt Ltd
1143, Opp. GEB Sub Station, Chhatral-Kadi Road, Chhatral - 382729, Gujarat

MD-Paresh Shantelal Mehta & Heena Mehta (Nakhatrana-Kutch)
Phone: 0091-79-23287733 Email: innovisionpme@yahoo.com



SHREE
SAHJANAND TRAVELS
Visit us: www.sst.bookong.com
23, Anilkunj Centre, Paldi Char Rasta, Ahmedabad.
M: 9825801354, 9227101354,
Sateliite: 9825804234, Raipur: 9909911306
Bapunagar: 9825804578, Naroda: 9099970078
Ahmedabad to Bhuj, Gandhidham, Mundra, Mandvi,
Nakhatrana, Kotda, Netra, Rajula, Mahuwa

Chandresh Virendra Lodhaya
M: 9825009803
(O) 079-25460380, 25465915
(R) 26634090 (F) 25450960
C. Narshi Roadlines
Fleet Owners & Transport Contractors
96,Hirabhai Market, Diwan Ballubhai Road, Ahmedabad-380022
DAILY PARCEL & FTL SERVICE
Sholapur, Urlikanchan, & Ichalkaranji, Secunderbad,
Hyderabad, Hubli, Bangalore & All Telangana, AP.
Booking Godown : B/h, Mahipatram Ashram, O/s Raipur Gate Ph: (079) 25471676
Booking Crossing & Delivery : 6, Transport Nagar, Narol Tel: (079) 25713147
Delivery Godown : 94, Guj, Ginning Mill Compound, O/s. Prem Gate
Tel: (079) 22133082 M:9427605575

H. Patel & Associates
Chartered Accountant
Contact:
Harsukh Patel 9825070384
Ghanshyam Patel 9426172584
80, Pankaj Society, Near Anjali BRTS, Anjali Char Rasta,
Paldi Bhatha, Ahmedabad. Ph: (079) 25331982


II SHRI HARI II
SHREE SWAMINARAYAN TRAVELS
22, Anilkunj Complex, Paldi Char Rasta, Ahmedabad-7.
Ph. : 079-26579911 • M. : 9825804762, 9099943071
A.C. ROYAL SEMI SLEEPER AND SLEEPER • DAILY SERVICE A.C. COACH
• Bhuj : 9825804763 | Gandhidham : 9825804703
• Anjar : 9099943074 | Mandvi : 9099943070
• Una : 9825804253 | Rajula : 9825804754
• Div • Pune • Nasik • Sirdi • Mumbai •
• Baroda : 9275051712 | Vidyanagar : 9825525732
• Raipur : 9825804761 |
• PARCEL SERVICE AVAILABLE • ANY CAR/BUS AVAILABLE •
Visit us : www.sstbus.in

JITUBHAI SANGHVI
M: 9978445240 • 09275704452
Email : rupantar.s.jitu@gmail.com
Wedding Album, Function, Birthday,
Portfolio & Teletopspe for Kids Photography
Still & Video Live
જીતુભાઈ સંઘવી ફોટોગ્રાફર

પ્રોડક્ટ, પોર્ટફોલિયો, મોડેલિંગ, લગ્ન,
ફેમેલી તથા બાળકોના આલ્બમ માટે મળો.


Specialist for
Dining Table
Sofa Set
Bedroom Set
Sunil R. Suthar : 97237 50005
Mansukh R. Suthar : 98250 14528
Ratilal M. Suthar : 93742 04600
HOME DESIGN
FURNITURE
Showroom & Mfg. of Wooden Furniture
Shop No. 102, 1st Floor,
Sarthak-II, Opp. Rajpath Club,
S. G. Highway, Ahmedabad-380 051.
Email : homedesign3202@gmail.com

MAHESHBHAI
M. : 92272 11715
SWASTIK
GUM INDUSTRIES (INDIA)
MANUFACTURERS & EXPORTERS OF
Guar Gum Refined Splits,
Powder & All Types of Textile Thickners,
Korma, Churi (Cattle Feed), Spices & Crude Drugs
328, G.V.M.M. Vasahat, Odhav, Ahmedabad-382 415.
Phone : (O) 2290 0063, 2290 0064 (R) 2287 0062
Fax : 91-79-2290 0065 E-mail : sgi@bom3.vsnl.net.in

Ramesh Savla
Manish Savla
94260 77479

ARIHANT INDUSTRIES

Mfg :
Bakellit, eMoulding & Panel Board, Accessories,
Push Buttons, Connector Strip & Cooker Handles

5/33, G.I.D.C. Ind. Estate, Phase-1, Vatva, Ahmedabad-382 445.
Ph.: (F) (079) 25831205 • (R) (079) 25464948

Bharat B. Gala
Nanvinchandra D. Dedhia

Raju
ENTERPRISE

179 & 323, Unit-2, G.V.M.M,
Odhav, Ahmedabad-382415
Telefax: 22900896, 22900300
Mob.: 9327005460, 9825733710

RE- ROLLING /
S.S PATTA-PATTI

Niten Vasa

Essen Dyechem

Deals in : Dyes, Chemicals & Pigments

26, Karnavati Estate Part-II, Near Ramol Cross Roads,
Phase-IV, G.I.D.C., Vatva, Ahmedabad - 382 445.
Ph. [O] (079) 2584 0108 [R] (079) 2684 0690
M.: 98240 14995

KAMLESH SHAH 9825018180

AMAM MARKETING

SALES PROMOTER

JK LAKSHMI
CEMENT Ltd.

207, Sarthak Swastik Char Rasta, C.G.Road, Ahmedabad-380009.
Tel: (0) 079-26407413, 26562649 • (R) 26604912
Email: kms9659@gmail.com

Mukesh M. Savla
M.: 9825034569
Sagar
M.: 987913094

BHAGYODAY
QUARRY WORKS
(MINING & CRUSHING INDUSTRIES)

Manufacturer Suppliers & Wholesaler of
Kapchi, Grit, Metal-6mm Wet Mixed, Rubble
& alltype of Construction Material,

Add: Ramnagar, Dhansura, Dist. Sabarkantha (Gujarat)
Email: Savlamukesh2002@redifmail.com, savlamukesh2002@gmail.com

ડૉ. હિતેન્દ્ર મોહનલાલ શાહ
મો. ૯૮૯૮૧૯૮૬૧૬

દાંતના ડૉક્ટર

૧, ઝલક કોમ્પ્લેક્ષ, ભઠ્ઠા, પાલડી, અમદાવાદ.
૧૨, જયશેફાલી રો હાઉસ, શિવરંજની ચાર રસ્તા પાસે, સેટેલાઈટ, અમદાવાદ.
મા કમલા ચેરિટેબલ ટ્રસ્ટ સંચાલિત ડેન્ટલ કોલેજ - બોપાલ

Let's Move towards Nature...
All things will be destroyed with time but time never just like...
શાશ્વત Green
Plots & Farmhouse

ACTUAL SITE PHOTOGRAPHS


Club house | Children Play Area | RestRoom in ClubHouse | Indoor Games | Swimming Pool | Jogging Track



Site Address : Shashwat Green
Village : Makhiyav, Nr. Mankol Cross Road,
Sanad - Nalsrovar Road, Dist.: Ahmedabad.

Developers
Shashwat Reators

Hasmukh Patel : 9879608051
Vinod Patel : 9879608054
Anupam Patel : 9879608057

"હું ખૂબ જ ખિન્ન હતો, કારણકે મારી પાસે પગરખાં ન હતાં.
મારી ખિન્નતા ખોવાઈ ગઈ, એને જોયા બાદ,
- એને તો પગ જ નહોતા."
- હેરોલ્ડ એબોટ

ઘનશ્યામભાઈ પ્રેમજીભાઈ ઠક્કર
હર્ષ, રિયા અને યશ ઠક્કર

-॥ ઓફિસ ॥-
એફ-૪૨, શુભ કોમ્પલેક્ષ, રાજસ્થાન હોસ્પિટલની બાજુમાં, શાહીબાગ, અમદાવાદ-૩૮૦૦૦૪.
ફોન : ૨૨૮૮૪૧૬૧-૬૨

-॥ ઘર ॥-
એ/૩/૪, ઈલાઈટ એપાર્ટમેન્ટ, ડફનાળા, શાહીબાગ, અમદાવાદ-૩૮૦ ૦૦૪. ફોન : ૨૨૮૬૭૯૩૨

તંત્રીલેખ

# ભારતભરની ટપાલ કચેરીઓમાં ઘટતી જતી ટપાલીઓની સંખ્યા – એક ગુનાહિત બેદરકારી

• અશોક મહેતા •

અનેક સામાજિક સંસ્થાઓ પોતાના માસિક મુખપત્ર બહાર પાડે છે. કોમર્શિયલ ધોરણે પણ અનેક મેગેઝિનો બહાર પડે છે. આ બધા જ પ્રકારના મુખપત્ર / મેગેઝિનોને એક સ્થળેથી અન્ય સ્થળે પહોંચતું કરવાનું એકમાત્ર સાધન ટપાલ ખાતું / પોસ્ટ ઑફિસ છે. તેના દરો પણ કિફાયતી હોય છે. પોસ્ટ ખાતું નોંધાયેલ અને રજિસ્ટર્ડ કરવામાં આવેલ મુખપત્ર / મેગેઝિનને ભારતભરના એક સ્થળેથી અન્ય સ્થળે માત્ર એક રૂપિયા કે બે રૂપિયાના નજીવા દરે પહોંચતા કરે છે કે જેની સામે પ્રાઈવેટ કુરિયર કંપનીઓ રૂા. ૨૫-૩૦ કે રૂા. ૫૦ ચાર્જ કરે છે. સરકારશ્રી દ્વારા જનસમુદાય માટે ઊભું કરવામાં આવેલ આ એક ઉમદા કોટીનું સેવાકાર્ય છે.

એક સમય હતો કે જ્યારે મનીઑર્ડર, અન્ડર પોસ્ટલ સર્ટિફિકેટ પત્રો, ટેલિગ્રામ, લેન્ડલાઈન પરની કોલ સેવા (ટ્રંક કોલ) વગેરે પ્રકારના સેવાકીય કાર્યો આ ખાતા દ્વારા પૂરા પાડવામાં આવતા હતા. પરંતુ જેમ જેમ જનજીવનમાં વૈજ્ઞાનિક સાધનોનો ઉપયોગ વધવા માંડ્યો તેમ તેમ આ બધા વિભાગોની જરૂરિયાત ન રહી અને આ વિભાગો આજે મૃતપ્રાયઃ સમાન બની જવા પામેલ છે.

રેગ્યુલર પોસ્ટ અને મુખપત્ર / મેગેઝિનની ડીલિવરી જ હવે માત્ર મેજર વર્ક તરીકે પોસ્ટ ખાતા પાસે રહેવા પામેલ છે કે જે દ્વારા પોસ્ટ ખાતું ઇચ્છે તો ભારતના એકેએક શહેર કે ગામમાં ઉત્તમ પ્રકારની સેવા પૂરી પાડી શકે. પોસ્ટ ખાતાને આમજનતા માટે સેવાકીય ક્ષેત્ર જ માત્ર ગણાવું જોઈએ. સરકારશ્રીએ એ નોંધ લેવી રહે છે કે જે રીતે પબ્લિક સેક્ટરમાં ખોટ ખાતા અથવા તો નજીવા નફાના ધોરણે અનેક ઉદ્યોગો સરકાર દ્વારા ચલાવવામાં આવે છે એ જ રીતે જાહેર સેવાકીય પ્રવૃત્તિને લક્ષમાં લઈને પોસ્ટ ખાતા તરફ દૃષ્ટિપાત કરવામાં આવે અને એક સ્થળેથી અન્ય સ્થળે ઉત્તમ પ્રકારે અને ખૂબ ઓછા સમયમાં આમજનતાની ટપાલ પહોંચાડવામાં આવે. પોસ્ટ ખાતાનો કોઈ કર્મચારી ફરજ પાલનમાં બેદરકારી દાખવે તો તેને પદચ્યુત સહિતની સજા કરવામાં આવે કેમકે જન સમુદાયને આ સેવાની અત્યંત આવશ્યક્તા રહેવા પામેલ છે.

જે સંસ્થાઓ નિયમિતપણે મુખપત્ર / મેગેઝિનો બહાર પાડે છે તેમાંની મોટાભાગની સંસ્થાઓનો અનુભવ રહેવા પામેલ છે કે દર મહિને તેના અનેક મેગેઝિનોની ડીલિવરી તેના અનેક ગ્રાહકોને કરવામાં આવતી જ નથી અથવા તો ૧૫-૨૦ કે ૨૫ દિવસે ડીલિવરી કરવામાં આવે છે. આ અક્ષમ્ય બીના ભારતભરમાં પ્રવર્તમાન છે. તપાસ કરતાં જાણવા મળે છે કે ૯૦ ટકા પોસ્ટ ઓફિસમાં ટપાલીની સંખ્યા જોઈએ તેના કરતા ખૂબ જ જૂજ રહેવા પામેલ છે અને નવી ભરતી કરવામાં આવતી નથી. પરિણામે જે તે પોસ્ટ ઓફિસમાં ટપાલોના ઢગલા ને ઢગલા, ડીલિવરી કર્યા વગરના પડ્યા રહે છે.

મુખપત્ર / મેગેઝિન બહાર પાડતી સંસ્થાઓ દ્વારા આ બાબતે વિરોધ નોંધાવી, કથળતા જતા સેવાના આ ક્ષેત્રને શક્ય ત્વરાએ સુધરાવી લેવા, ભારત સરકારના પોસ્ટ ખાતાના મંત્રીશ્રીનો અથવા પોસ્ટ ખાતાના ઉચ્ચત્તમ અધિકારીનો, પત્રો દ્વારા ધ્યાન દોરવામાં આવે એ અતિ આવશ્યક છે. શક્ય હોય તો પ્રતિનિધિ મંડળ સ્વરૂપે રૂબરૂ મળી તેઓને આવેદનપત્ર આપવા જોઈએ કે જેથી તેઓ આ બાબતે ત્વરીત કાર્યવાહી હાથ પર લેવા મજબૂર બને. વધુમાં, પોસ્ટ ખાતા દ્વારા મોટી સંખ્યામાં ટપાલીઓની ભરતી કરવામાં આવે એ આજની અત્યંત આવશ્યક જરૂરિયાત બની રહે છે.

*૨૦૩, સવિતા એન્કલેવ, સમર્પણ બંગ્લોઝની બાજુમાં, જજીસ બંગલો ચાર રસ્તા પાસે,*
*બોડકદેવ, અમદાવાદ-૩૮૦ ૦૧૫. મો. ૯૮૨૫૩ ૨૨૬૮૯*

ઉત્સવ

# હોલી

• દિનેશ આર. મહેતા •

જેનું સ્મરણ થતાં જ દરેક વ્યક્તિના મન - દિમાગમાં રંગબેરંગી મેઘધનુષ છવાઈ જતું હોય છે — એનું નામ એટલે હોલી-ઉત્સવ. મોજ-મસ્તી, રવાની અને જવાની, રંગીલી અને અલમસ્તી સભર ઉત્સવનું નામ જ હોલી છે. ઋતુરાજ જ્યારે પોતાના આગમનની ખબર આપે છે ત્યારે પ્રકૃતિરાણીના અંગે અંગમાં મસ્તી આવી જાય છે.

હોલી સાથે જૂની અનેક વાર્તાઓ જોડાયેલી છે. એક વાર્તા અનુસાર જ્યારે હિરણ્ય પોતાના ઈશ્વરભક્ત પુત્ર પ્રહલાદને કોઈપણ રીતે મારી ન શકતાં, છેલ્લા ઉપાય તરીકે તેણે રામબાણ છોડ્યું હતું. હોલિકા તેની બહેન હતી. તેને એક વરદાન મળ્યું હતું કે તેની ગોદમાં જે કોઈ બેસસે તે ખાખ બની જશે. આ રીતે પ્રહલાદને હોલિકાના ખોળામાં બેસાડવામાં આવેલ પરંતુ તેના માથાનો એક વાળ વાંકો થયો નહીં. બાદમાં જ્યારે નૃસિંહાવતાર ધારણ કરીને તેના પિતા હિરણ્યકશિપુનો નાશ કર્યો હતો. તે સમયથી હોલિકાદહન અને હોલી ઉત્સવ અધર્મ ઉપર ધર્મ, બુરાઈની ઉપર ભલાઈ, દુરાગ્રહના ઉપર સત્યાગ્રહના વિજયનું પ્રતીક ગણાય છે.

એક કથા મુજબ હોલી ઉત્સવ ભગવાન શિવના કામદહનનું સાક્ષી છે. બીજી કથા મુજબ જ્યારે ભગવાન શ્રીકૃષ્ણે દુષ્ટોનું દહન કર્યું અને ગોપી - બાલિકાઓ સાથે રાસ રમ્યા ત્યારથી હોલી-ઉત્સવ પ્રચલિત થયું હતું.

હકીકતમાં જોઈએ તો મનુષ્યનું જીવન મોટેભાગે કષ્ટોથી ભરપૂર હોય છે. અગર મનુષ્ય દિવસ-રાત વિવિધ પ્રકારની ચિંતામાં રહે, આશા અને નિરાશાના બે ભાગની વચ્ચે પિસાતો રહે તો તેના અને જનાવરના જીવનમાં કોઈ અંતર રહે નહીં. આ સંજોગોમાં વિશ્વના ઘણાં રાષ્ટ્રોમાં આનંદ અને ઉલ્લાસના કેટલાક ઉત્સવોની ઉજવણી થતી રહે છે. જેમાંથી ભરપૂર મનોરંજન અને આનંદ મળે છે. આ પ્રકારના ઉત્સવો પૈકી હોલી તહેવાર મુખ્ય છે.

ભારતમાં વસંતના આગમનનો આ પર્વ જે ધૂમધામથી ઉજવવામાં આવે છે તે એક અજોડ ઉત્સવ છે. કૃષ્ણ - ગોપીઓની હોલીની વાત અલગ છે. આજે પણ વૃંદાવનની કુંજગલિયોંમાં પિચકારિયોમાંથી રંગના ફુવારા હોલીમાં ઉડતા હોય છે. તે સાથે સુગંધિત અબીર - ગુલાલ ઉડાડવામાં આવે છે. સમગ્ર ભારતભરમાં આ રીતે હોલી ઉત્સવ જોરદાર રીતે મનાવવામાં આવે છે. આ સમય દરમિયાન આમ્રવૃક્ષો પર મોરોની બારાત મોજ-મસ્તી કરતી જોવા મળે છે. તેવી રીતે જુવાર - ઘઉં અને ચણાની પેદાશ જોઈને ખેડૂતોના મન તિતલિયોંની જેમ નાચતા જોવા મળે છે. ચારે તરફ ફાગણ માસનો મહિમા ગવાય છે. તે સમયે ગરીબ - અમીર, સુખી-દુઃખી, ઊંચ-નીચ, સ્ત્રી-પુરુષ, બાળક - વૃદ્ધ વચ્ચેની ભેદી દિવાલ તૂટી જાય છે.

હોલી તહેવારનું વર્ણન સાહિત્ય ક્ષેત્રમાં ધ્યાનાકર્ષક રહ્યું છે. કબીરદાસ, સૂરદાસ, તુલસીદાસ, નિરાલાજી વગેરે દરેકે હોલી ઉત્સવના મનોરમ્ય વર્ણન કર્યા છે. મહાકવિ સૂરદાસે શ્રીકૃષ્ણ અને રાધા વચ્ચે હોલી - રમતનું આહ્લાદક વર્ણન તેમના રચેલા અનેક પદોમાં કર્યું છે. હોલી તહેવાર એટલે શત્રુતાની વિરુધ્ધ મિત્રતા, ગંદકીની વિરુધ્ધ સ્વચ્છતા અને પરસ્પર એકતાનું પ્રતીક. તેવી રીતે હોલીનો લાલ રંગ પ્રેમ અને ત્યાગની ભાવનાનું અજોડ પ્રતીક છે, અજોડ અને અનોખો ઉત્સવ છે. ■

***All girls are devils.***
***But my wife is the queen of them!***

## ગાંધી - હત્યા : આગલા ૨૪ કલાક / પછીના ૨૪ કલાક

**શ્રી પ્રવીણચંદ્ર શાહની નાદુરસ્ત તબિયતના કારણે "ગાંધી - હત્યા : આગલા ૨૪ કલાક / પાછલા ૨૪ કલાક"નો ત્રીજો હપ્તો આ અંકમાં લઈ શકેલ નથી જેની સર્વે વાંચક વર્ગને નોંધ લેવા વિનંતી.**

*— તંત્રી મંડળ*

જીવન દર્શન

# મોરારજી દેસાઈ : મુઠ્ઠી ઊંચેરા વડાપ્રધાન

• ડૉ. યાસીન દલાલ •

*સ્વ. મોરારજી દેસાઈનો જન્મ દિવસ ૨૯ ફેબ્રુઆરીએ આવે છે. જે સાલને ૪ વડે ભાગતા ૦૦ શેષ વધે એ સાલે ફેબ્રુઆરી મહિનામાં ૨૯ દિવસ હોય છે. આ રીતે દર ચાર વર્ષે ૨૯ ફેબ્રુઆરી આવે છે. બાકીના ૩ વર્ષ ફેબ્રુઆરી મહિનામાં ૨૮ દિવસ હોય છે. વર્ષ ૨૦૧૬ને ૪ વડે ભાગતા ૦૦ શેષ વધે છે. તેથી આ સાલના ફેબ્રુઆરીની ૨૯ તારીખે દેશમાં હમણાં જ સ્વ. મોરારજી દેસાઈનો જન્મદિવસ ઉજવાયો. આ પ્રસંગે ડૉ. યાસીન દલાલના આ લેખ દ્વારા મોરારજી દેસાઈને સાચી શ્રદ્ધાંજલિ આપવાનો પ્રયાસ કરવામાં આવેલ છે. 'કચ્છશ્રુતિ'નો વાચક વર્ગ આ લેખ દ્વારા સ્વ. મોરારજી દેસાઈના જીવન દર્શનની ઝાંખી કરી શકશે.*

*– તંત્રી મંડળ*

કોઈપણ નેતાને મૂલ્યાંકન કરતી વખતે એક પ્રશ્ન પૂછવો જોઈએ. એણે પોતાના શાસન દરમિયાન લીધેલા નિર્ણયોમાંથી કેટલા સસ્તી લોકપ્રિયતા મેળવવા માટે લીધા હતા, અને કેટલા પોતાના અંતરાત્માના અવાજને અનુસરીને તેમ જ દેશના હિતને ધ્યાનમાં રાખીને લીધા હતા! આ કસોટી લાગુ કરીએ તો મોરારજી દેસાઈને સોમાંથી નેવું ગુણ મળે એમ છે. લોકશાહીમાં ઘણીવાર લોકલાગણી એક તરફ હોય છે અને દેશનું હિત બીજી તરફ હોય છે. આવા સમયે નેતા માટે નિર્ણય લેવાનું કામ ભારે કપરું હોય છે. દેશના હિતને ધ્યાનમાં રાખીને કામ કરે તો એ નિર્ણય લોકપ્રિય ન બને અને કદાચ સત્તા ગુમાવવી પડે, અને લોકોને ખુશ કરવા માટે નિર્ણય લે તો દેશનું હિત જોખમાય અને પોતાની જાત સાથે છેંતરપિંડી કર્યાનો કચવાટ થાય. આવા કટોકટીના સમયે જે નેતા સ્વસ્થ રહીને, થોડું જોખમ ઉઠાવવા તૈયાર થાય એ સાચો નેતા કહેવાય

આવા કેટલાક નિર્ણયો લઈને મોરારજીભાઈએ સામે ચાલીને ઘણી કડવાશ અને અપ્રિયતાને થોડી આંચ આવી હોય, પણ એમની સત્યપ્રિયતાને લેશમાત્ર આંચ આવી નથી. આવું જ પક્ષ અને રાષ્ટ્ર પ્રત્યેની વફાદારીની બાબતમાં કહી શકાય. આજના વામણા રાજકારણીઓ ધારાસભાની ટિકિટ ન મળે એટલી વાતમાં પક્ષ છોડીને એના જ પક્ષના સત્તાવાર ઉમેદવારને હરાવવા માટે આકાશપાતાળ એક કરે છે. મોરારજીભાઈએ પક્ષનો શિસ્તબદ્ધ સૈનિક કેવો હોય એની ઉમદા મિસાલ રજૂ કરી. એથી વિરુધ્ધ ઇંદીરા ગાંધીએ પોતાની સત્તા માટે ગાંધીમૂલ્યો પર મંડિત કોંગ્રેસ પક્ષને તોડ્યો, જેનું પરિણામ આજે આખો દેશ ભોગવે છે.

એ નીતિમંડિત અને મૂલ્યલક્ષી રાજકારણ હતું. ભારતે વર્ષોથી વિશ્વ રાજકારણમાં શાંતિ, બિનદખલ અને પંચશીલની નીતિ અપનાવી હતી. ઇંદીરા ગાંધીએ જ્યારે બળપ્રયોગ કરીને સિક્કીમને ભારત સાથે ભેળવી દીધું, ત્યારે મોરારજીભાઈને લાગ્યું કે આ પગલું આપણી સ્થાપિત નીતિથી વિરુદ્ધ છે. એમણે જાહેરમાં એનો વિરોધ કર્યો. પણ, એ પછી પોતે સત્તાસ્થાને આવ્યા, ત્યારે મુશ્કેલી થઈ. વડાપ્રધાન તરીકે હવે સિક્કીમ અંગે પોતે શું કહેવું? બીજો કોઈ નેતા હોય તો તરત ફેરવી તોળે. પણ આ તો મોરારજી દેસાઈ. એમણે કહ્યું કે પોતે આજે પણ એમ જ માને છે! પણ, સાથે ખુલાસો કર્યો કે હવે એ પ્રસંગ ભૂતકાળ બની ગયો છે અને ફરીથી પૂર્વવત્ સ્થિતિ સ્થાપવાનું અશક્ય છે.

અપ્રિય થવાનું જોખમ વહોરીને પણ દેશહિતનો નિર્ણય લેવાની મોરારજીભાઈની ટેવનું એક મોટું ઉદાહરણ છે. માર્ચ '૭૭ માં એ કેન્દ્રમાં જનતા સરકારમાં વડાપ્રધાન બન્યા. એમનું વડાપ્રધાનપદ તો માંડ સવા બે વર્ષ ટક્યું, પણ દેશને એમણે એક મોટી હોનારતમાંથી બચાવ્યો. રશિયામાં ત્યારે હિટલરની લઘુ આવૃત્તિ જેવા બ્રેઝનેવ સત્તા પર હતા. એમની લાલસા આખા એશિયાને રશિયાની ધૂંસરી હેઠળ લેવાની હતી. એના પહેલા ચરણરૂપે એમણે અફઘાનિસ્તાનમાં લશ્કર ઉતારીને એનો કબજો લઈ લીધો. એ પછી પાકિસ્તાનનો વારો હતો. પાકિસ્તાન રશિયાના હાથમાં જઈ ચડે તો અમેરિકાને વિશ્વની સત્તાની સમતુલામાં જબરો ફટકો પડે. આથી, અમેરિકા પાકિસ્તાનને મોટેપાયે આર્થિક અને લશ્કરી મદદ પહોંચાડવા લાગ્યું. આપણે માટે તો અમેરિકાનું મિત્ર, એ આપણું દુશ્મન એ નીતિ અનુસાર પાકિસ્તાન ભાંગે તો હરખાવા જેવું હતું. રશિયાના હાથમાં પાકિસ્તાન જાય, આપણો તો માથાનો દુઃખાવો જાય, એમ ટૂંકી બુદ્ધિના રાજકારણીઓ અને ભોળી પ્રજા માને. પણ દીર્ઘદષ્ટિવાળો માણસ સમજી જાય કે પાકિસ્તાન રશિયાના હાથમાં જાય તો રશિયા સીધું આપણી સરહદે આવી જાય, અને પાકિસ્તાન પછી આપણે જ એનો ભોગ બનીએ. દેશમાં સદનસીબે એ સમયે મોરારજી વડાપ્રધાન અને બાજપાઈ વિદેશપ્રધાન હતા. (એ સમયે ઇંદીરા ગાંધી વડાપ્રધાન પદે હોત તો?) બ્રેઝનેવે મોરારજીને લલચાવ્યા. તમે પાકિસ્તાન ઉપર હુમલો કરો, અમે તમને પૂરી મદદ કરશું. મોરારજી અને બાજપાઈ આ ચાલમાં ફસાયા નહીં. એમણે ઘસીને ના પાડી દીધી. એમણે અફઘાનિસ્તાનના રશિયન કબજાનો પણ

વિરોધ કર્યો. થોડા સમય પછી ઇંદીરા ગાંધી ફરી સત્તામાં આવી ગયા. ઇંદીરાબહેને આવીને આપણી અફઘાની નીતિ ફેરવી નાખી અને રશિયાને અનુકૂળ નીતિ અપનાવી. દરમિયાન, બ્રેઝનેવ ભારત આવ્યા. મોરારજીભાઈએ સમય જોઈને ધડાકો કર્યો! બ્રેઝનેવ પાકિસ્તાન પર હુમલો કરવાનું કહેવા આવ્યા છે. રશિયા ધીમે ધીમે આપણને પણ ભરખી જવા માંગે છે. આપણે એમની વાત ઠુકરાવી દેવી જોઈએ. સંરક્ષણને લગતી આવી મહત્ત્વની ગુપ્ત માહિતી મોરારજીભાઈએ ફોડી નાખી, પણ એનાથી દેશ બચી ગયો. મોરારજીની વિદેશનીતિ સાચા અર્થમાં તટસ્થ અને દેશહિતની હતી. નહેરુ અને ઇંદીરાએ તટસ્થતાના નામે રશિયાની તરફદારી કરી. એનું પરિણામ આજે આપણે ભોગવીએ છીએ. રશિયા તરફનો વધુ પડતો ઝુકાવ આપણને મોંઘો પડ્યો છે.

અડધી સદીની આઝાદીમાં આપણે વડાપ્રધાન તો મુઠ્ઠીભર જોયા છે (ગુલઝારીલાલ નંદાના કામચલાઉ વડાપ્રધાનપદને બાદ કરતાં) એમાં પણ ચરણસિંઘ અને ચંદ્રશેખરની ચાર દિનની ચાંદની બાદ કરીએ તો એનાથી ઓછો આંકડો બચે. આ બધા વડાપ્રધાનોના શાસન દરમિયાન દેશની આર્થિક સ્થિતિના માપદંડથી માપો તો પણ મોરારજી જ સૌથી ટોચે આવે. સવા બે વર્ષના એમના શાસનમાં બધી જ જીવનજરૂરી ચીજોના ભાવો અદ્‌ભુત રીતે સ્થિર રહ્યા. તેલ, ખાંડ, અનાજના ભાવમાં તો કોઈ વધઘટ જ નહીં! આવો ચમત્કાર કઈ રીતે સર્જાયો? મોરારજીભાઈ અર્થતંત્રના મોટા અભ્યાસી નથી. એમણે ડાબેરી કે જમણેરીની છાપવાળા કોઈ પોથીપંડિતની સલાહ પણ લીધી નહોતી. પણ, આ દેશમાં કઈ અર્થનીતિ ચાલે એની કોઠાસૂઝ એમની પાસે હતી. આજે આપણે મનમોહન સિંઘની ઉદારીકરણની નીતિ પર ફિદા થઈએ છીએ. પણ, મોરારજી સત્તા પર રહ્યા હોત તો આ નીતિ પચીસ વર્ષ પહેલાંથી અમલમાં હોત. અને આજે તો આપણે એનાં મીઠાં ફળ ચાખતા હોત.

આજ રીતે, મોરારજી વડાપ્રધાનપદે હતા, ત્યારે બધા પાડોશી દેશો સાથેના સંબંધો એકદમ મૈત્રીપૂર્ણ રહ્યા! છતાં, ક્યાંય એમણે દેશના ગૌરવ સાથે સમાધાન કર્યું, એમ પણ ન કહી શકીએ. આ વ્યવહાર કુશળતા અને દક્ષતા એ ચોક્કસપણે એક ઊંચા ગજાના નેતાના ગુણ છે.

આપણા જાહેર જીવનની તાસીર કંઈક વિચિત્ર છે. એમાં કડવો, આખાબોલો તથા સાચો માણસ એક બાજુ હોય છે અને વહેંતીયા, ખટપટિયા તથા દગાબાજ લોકોનું આખું જૂથ સામી બાજુ હોય છે. આવા લોકોને પેલો સાચો માણસ આંખમાં કણાની જેમ ખૂંચતો હોય છે. ઈંદીરાબેન આમ ઊંચા ગજાના રાષ્ટ્રનેતા, પણ તેજોદ્વેષથી પીડાય. મોરારજીની ઊંચાઈ એમને કઠતી. એમણે કાવા-દાવારૂપી કામરાજ યોજનાથી મોરારજીભાઈને દૂર કરી દીધા. જવાહરના અવસાન પછી થોડો સમય શાસ્ત્રીયુગ આવ્યો અને પછી તરત ઇંદીરા ગાંધી વડાપ્રધાન બન્યાં. નહેરુની પુત્રીની સામે અવાજ ઉઠાવવાની કોઈની હિંમત નહોતી, ત્યારે મોરારજીએ એમની સામે ચૂંટણી લડી. આ નિર્ભિકતા મોરારજીને ગાંધીજીની કક્ષામાં મૂકી શકે. પણ, એમના સ્વભાવની કેટલીક લાક્ષણિકતાઓએ એમની 'ઈમેજ' ને ઘણું નુકસાન કર્યું. એમને વડાપ્રધાન બનાવનાર જયપ્રકાશ નારાયણ અને સત્તાસ્થાને બેઠા પછી એમણે વારંવાર જે.પી. નું અપમાન કર્યું! એકવાર તો પ્રશ્ન કર્યો, 'વડાપ્રધાન હું છું કે જયપ્રકાશ છે?' આ વાક્યમાં ભારોભાર તુંડમિજાજી દેખાય છે. મોરારજીમાં ગાંધીજીની નિર્ભિકતા સાથે નિરભિમાનપણું ભળ્યું હોત તો સોનામાં સુગંધ ભળત. એ જ રીતે, એમણે નવનિર્માણના મુખ્ય પાત્ર એવા ચીમનભાઈ પટેલને જનતાપક્ષમાં સામેલ કરવાનો બચાવ કર્યો ત્યારે પણ એમનું એ વલણ વિચિત્ર લાગ્યું હતું. પછીની ઘટનાઓએ પુરવાર કર્યું કે એ નિર્ણય ગુજરાત માટે ભારે આપત્તિજનક બની ગયો.

આજે દેશમાં ચારેબાજુ બેફામ ભ્રષ્ટાચાર, સત્તાલાલસા, ખટપટ અને કાવાદાવાની માયાજાળ ફેલાઈ ગયેલી છે, ત્યારે મોરારજીભાઈ જેવા નખશીખ પ્રામાણિક, શિસ્તપ્રિય અને સરળ પ્રકૃતિના નેતા રણમાં વીરડી જેવા લાગે છે. આઈન્સ્ટાઈને ગાંધીજી વિશે કહ્યું હતું તે જ જુદા સંદર્ભમાં મોરારજી વિશે કહી શકાય એમ છે. આવનારી પેઢીઓ માનશે પણ નહીં કે ભારતમાં આટલી હદે સત્યનિષ્ઠ અને અણિશુદ્ધ ઈમાનદારીવાળો નેતા થઈ ગયો હતો. મોરારજીભાઈ આજે હયાત નથી, છતાં હજી વીસ-પચીસ વર્ષ પહેલાંની ઘટનાઓ યાદ કરીએ છીએ, ત્યારે પ્રશ્ન થાય છે. શું આ જ દેશમાં મોરારજીભાઈ વડાપ્રધાન હતા? આજે સાધારણ ધારાસભ્ય પણ બે-ત્રણ વર્ષમાં લાખો-કરોડોની સંપત્તિ બનાવી લે છે, ત્યારે મોરારજીભાઈ વડાપ્રધાનપદેથી નિવૃત્ત થયા પછી ભાડાના મકાનનો કેસ હારી જાય અને એમણે એ મકાન ખાલી કરવું પડે, એ એક જ ઘટના મોરારજીભાઈને અત્યંત ઊંચા સ્થાને મૂકી આપે છે. ઇંદીરા, રાજીવ કે નરસિંહરાવના રાજમાં તો આવો કેસ કરનાર માણસ જ ગુમ થઈ ગયો હોય. અને વડાપ્રધાનની વિરુધ્ધ ચુકાદો આપનાર ન્યાયમૂર્તિ પણ ખોવાઈ ગયો હોય. અને છતાં, એક પ્રજા તરીકેની આપણી પસંદગી જુઓ. દેશમાં આજે ઠેરઠેર જવાહરલાલ, ઈંદીરા અને રાજીવના નામની યુનિવર્સિટીઓ છે, વિમાન મથકો છે, સ્ટેડિયમો છે, પણ જયપ્રકાશ નારાયણ કે મોરારજીના નામનું કશું જ નથી! એમની જન્મશતાબ્દી બિનપક્ષીય ધોરણે ઉજવવાનું વળી નક્કી થયું, એ એક મોટું આશ્વાસન છે. પણ, એ શતાબ્દી ઉજવનારા આજના રાજકારણીઓમાંથી કોઈનામાં મોરારજીભાઈનાં જૂતાં સાફ કરવાની પણ લાયકાત નથી. આજના આપણા ભ્રષ્ટ અને સત્તાલાલસુ રાજકારણીઓ મોરારજીના જીવનમાંથી થોડા ગુણો પણ અપનાવી લે તો આ દેશની કાયાપલટ થઈ જાય.

*૫, સૌરાષ્ટ્ર કેલાકેન્દ્ર સોસાયટી,*
*રાજકોટ-૩૬૦ ૮૮૧.*
*ફોન : (૦૨૮૧) ૨૫૭૪૩૨૪, ૨૫૭૫૩૨૭*

વિશેષ

# એક ઇન્દ્રધનુષ, કારાણી નામનું!

• પ્રવીણચંદ્ર શાહ •

કચ્છના લોકસાહિત્ય માટે ૧૯૮૯નું વર્ષ કમનસીબ અને કારમું નીવડ્યું. કચ્છી બાબાણી બોલીના પનોતા પુત્ર, યુગપ્રવર્તક કારાણીજીનું ગામતરું થયું.

'સર્જકનું મૃત્યુ' નામવાળા કાવ્યમાં કચ્છના એક કવિ-લેખક (શ્રી ગૌતમ શર્મા)એ મૂકેલી પંક્તિઓ યાદ આવે છે : 'મૃત્યુ કેરી ક્ષણે અધર પર, એક શબ્દ સળવળતો દીઠો. પલની પ્યાસી છીપ મહીં એક બુંદ ધીરેથી ઢળી ગયું એક રાણી વીંધ્યાં મોતીમાં, મેં જીવનસાગર ડૂબતો દીઠો... મૃત્યુ કેરી ઘટા જોઈ મેં કલા કલાપી કરતા દીઠો. એક શ્વાસમાં જીવન કારાણી, સર્જકને ગણગણતો દીઠો....'

શ્રી દુલેરાય કારાણીની કચ્છની સાહિત્ય સેવા માટે શ્રી ઝવેરચંદ મેઘાણીએ ત્રણ દાયકા પહેલાં કહેલું : 'કોઈને કાંકરા જેવી કઠોર તો કોઇને જડસુ જણાતી, સાહિત્યમાંથી અવગણના પામેલી આ કચ્છી લોકવાણીના સામર્થ્યને પકડનાર તેમજ પુત્રવત્ અનુરાગે તેના ખોળામાં રમણ કરનાર ભાઈ કારાણીનું ગુજરાત સવિશેષ ઋણી રહેશે. એણે એક પ્રાણવાન પ્રાંત બોલીને જીવતી કરી છે. બનાવટી પ્રાણવાયુ ફૂંકીને નહીં પણ એના અસલ વતનપ્રેમની ચેતના સીંચીને જીવંત કરી છે.' કચ્છના પત્રકારત્વને પોતાની જિંદગીની સાનફેસાની કરી ચૂકેલા ૮૫ વર્ષના બુઝુર્ગ, પીઢ કચ્છી પત્રકાર શ્રી ફૂલશંકર પટ્ટણીએ ઘણાં વર્ષો પહેલાં કારાણી માટે કહેલું : કચ્છની કચ્છી ભાષાની જગત સાહિત્ય આલમમાં જાણ કરી હોય, ચમકાવી હોય અને તેનો રસાસ્વાદ કરાવ્યો હોય તો તે શ્રી દુલેરાય કારાણી છે. તેથી જ તો તેને કચ્છી ભાષાના કોલંબસની ગૌરવભરી ઉપમા આપી શકાય.

કચ્છી લોકસાહિત્યના પ્રખર અભ્યાસુ શ્રી પ્રભાશંકર ફડકેએ પણ થોડાં વર્ષો પહેલાં કારાણીના બેમિસાલ પ્રદાનનો ઋણ સ્વીકાર કરતા કહેલું : 'હિંદીમાં જે સ્થાન સૂર-તુલસીનું છે, સંસ્કૃતમાં જે કાલિદાસનું છે, તે કચ્છી ગિરામાં કારાણીનું છે... કવિતાના વિષય વસ્તુના પ્રકારમાં જે કામ નર્મદ – દલપતે કર્યું છે, તે કાર્ય એમણે કચ્છીમાં કર્યું છે. બીજી દૃષ્ટિએ નરસિંહરાવે ને ન્હાનાલાલ – કાન્તે જે ક્રાંતિ ગુજરાતી કવિતામાં આણી છે, તેવી કચ્છીમાં કારાણીએ આણી છે અને કચ્છના મેઘાણી તો એ જન્મ્યા ત્યારથી જ છે, ને કચ્છી ભાષા જીવશે ત્યાં સુધી રહેશે. કચ્છી સાહિત્યની સંત પરંપરાને શ્રી કારાણીએ પચાવી છે, તો લોકસાહિત્યનો કસૂંબો ઘોળ્યો છે. જે વ્રજભાષાના કવિઓનું જે પંડિત પરંપરાનું આકંઠ પાન કર્યું છે. છંદ – અલંકાર પાસેથી ધાર્યું કામ લીધું છે; ને કચ્છી અંગરને કાફીને નવજીવન બક્ષ્યું છે. વીરને, શૃંગારરસ અને વહાવ્યા છે તો કરુણરસથી લાખ્ખોને આર્દ્ર કર્યા છે... રાષ્ટ્રીય પ્રવાહોથી પ્રથમથી જ ઓછા પ્રભાવિત રહેલી આ ભૂમિના સંતાન, ગઈ પેઢીઓના પ્રતિનિધિ ભાસે તેવા, પણ 'રાત' જેવું અદ્યતન કલ્પનો અને અધુનાતન અભિવ્યક્તિ શૈલીને આત્મસાત્ કરતું ઉત્કૃષ્ટ કાવ્ય-શિલ્પ કંડારી શકે છે..."

૧૯૨૮થી છેક ૧૯૮૮ સુધી એમણે એમની તમામ નસોની જાળ એવી તો બાંધી, એવી તો બાંધી કે 'કચ્છી વરણી બોલી' તેમાંથી કદીયે છૂટી શકશે નહીં.

કારાણીજીએ ૧૯૨૮થી ૧૯૮૮ના ૬૦ વર્ષો દરમ્યાન કચ્છના લોકસાહિત્યનું વ્યાપક અને પાકટ રૂપાંતર કર્યું. એમનું પોતાનાં આગવાં મૌલિક સંશોધનોનું પ્રમાણ કેટલું રહ્યું છે તે સ્ફોટક કચ્છના લોકસાહિત્યના રસિકોના ઉગ્ર વાદવિવાદનો વિષય ઘણા વર્ષોથી બન્યા કર્યો છે અને બનતો રહેશે. કારાણીજીની પછીની પેઢીના શ્રી રામસિંહજી રાઠોડ જેવા કચ્છી સંસ્કૃતિના નિષ્ઠાવાન પ્રહરીઓએ પણ સીધી યા આડકતરી રીતે, કારાણીજીના પ્રદાનને લાગણીઓને આવેશમાં છાપરે ન ચડાવી દેવાની ચોંપ રાખી છે. '૮૨ના મુંબઈ ખાતેના કારાણી સન્માન સમારંભની સ્મરણિકામાં 'કચ્છનું લોકસાહિત્ય' શિર્ષક હેઠળ રામસિંહજી રાઠોડે નોંધ્યું છે કે... 'કચ્છના લોકસાહિત્યના પુરાણા કિસ્સાને જોઈએ છીએ તો એમાં એના પૂર્વજ સિંધી લોક સાહિત્યની વાતો ગુર્જરોત્તર અસર નીચે કચ્છમાં રૂપાંતર થયેલી લાગે... પરિયાગત ઉતરેલા કચ્છના આ લોકસાહિત્યનાં અમુક અંગોને જીવરામ અજરામર, કવિ વોરાસાત, જોશી લાલજી, મગનલાલ ખખ્ખર, જયરામદાસ નયગાંધી અને ખાસ કરી દુલેરાય કારાણીએ પોતપોતાની રીતે સાહિત્યમાં વાચા આપી છે. તો કલાપી, ઝવેરચંદ મેઘાણી અને ધીરસિંહ વેરાભાઈ જેવા સાહિત્યકારોએ જેસલ-તોરલની અને કચ્છની એવી લોકવાતોને આપણા સાહિત્યમાં મલાવી છે. અર્થ લગભગ સ્પષ્ટ જ છે. પેઢી પછીની પેઢીમાં વિશ્લેષણી મૂલ્યો બદલાય છે. કદાચ,

ઉત્ક્રાંતિમાં જ આ બધાં અનિવાર્ય લક્ષણો છે. બીજી પેઢીને પહેલી પેઢીની ન્યૂનતાઓ ખૂંચે અને ત્રીજી પેઢીને બીજી પેઢીની ન્યૂનતાઓ કહે છે. શ્રી રામસિંહજીભાઈ રાઠોડ પછીની પેઢીની પ્રતિક - પ્રતિનિધિ શ્રી મણિલાલ ગાલાના '૮૯માં પ્રકાશિત થયેલાં પુસ્તક 'પ્રારંભિક ક્ષિતિજો' (૧૯મી સદી દરમ્યાન કચ્છમાં જ્ઞાન સંશોધન)ના પ્રવેશકમાં આ વિવાદાસ્પદ મુદ્દાના મધપૂડા છંછેડાયા છે. શ્રી મણિલાલ ગાલાએ કચ્છની સ્થાનિક અભ્યાસ - પ્રવૃત્તિ, ઉપયોગમાં લેવાતા મૂળ સ્રોત - સાધન સામગ્રીના કૃતિ રેક્કના સ્વિકારની સમસ્યા અને મોટેભાગે ચાલતી 'મઠારવાની' પ્રવૃત્તિના સવિસ્તર ઉલ્લેખ કરી કહ્યું છે.

'જૂની સામગ્રીને જરાતરા મઠારીને ફરી રજૂ કરવાની (આપણે ત્યાં, કચ્છમાં) પ્રવૃત્તિ ચાલે છે. જે દર્શાવે છે કે આપણે ત્યાં અભ્યાસ પ્રવૃત્તિને બહુ ગંભીર રીતે લેવાતી નથી. ઈચ્છિત નિષ્ઠા અને પ્રામાણિકતાનો અભાવ નજરે પડે છે. ઉચ્ચ નૈતિક ધોરણો વગર શાસ્ત્રીયતાને ઊંચે લઈ જવી કપરી હોય છે. ઉપરાંત ઉપયોગમાં લેવાતાં સાધનોના ઋણ સ્વિકારની પ્રથાનો પણ પ્રશ્ન સંકળાયેલો છે. રામસિંહજી રાઠોડના પુસ્તક 'કચ્છનું સંસ્કૃતિ દર્શન'ના પૃષ્ઠ ૨૭૮૩૦૧ ની વચ્ચે આપેલી 'કચ્છની અભ્યાસ સામગ્રી'માંનો બહુ મોટો ભાગ ઉઠાંતરી છે. ૪૦ના દાયકામાં અમદાવાદથી પ્રગટ થતા 'પ્રક્તિ' સામયિકમાં હરિનારાયણ ગિ. આચાર્ય, અમૃતલાલ વ. પંડ્યા અને અરદેસર સોરાબજી કાલાપેસીએ તૈયાર કરેલી ગુજરાતની પ્રકૃતિના અભ્યાસના સાધનોમાંથી કચ્છને લગતા ભાગનો બેઠો ઉતારો કરાયો છે. અને આ બાબતનો પુસ્તકમાં ઉલ્લેખ કરાયો નથી. રાઠોડે બધા મૂળ પુસ્તકો - સામયિકો તપાસ્યાં નથી એ સ્પષ્ટ બની રહે છે. પુસ્તકની ઘણી બધી છબીઓ સંબંધમાં પણ ઋણ સ્વીકારનો અભાવ વરતાય છે. જેનાથી એવી ભ્રમણા પેદા થઈ શકે છે કે તેમણે લીધેલી અન્ય છબીઓની જેમ આ પણ તેમણે તૈયાર કરેલી સામગ્રી છે. જો કે એ પુસ્તકમાં છપાયેલી તેમની છબીઓ આપણી દસ્તાવેજીકરણ પ્રવૃત્તિમાં ફાળો આપે છે, પણ કિશોર વયની વ્યક્તિઓના ઘડતરનો ખ્યાલ ધરાવનાર અમદાવાદથી પ્રગટ થતા 'કુમાર' સામયિક માટેની માંગણીરૂપે તૈયાર થયેલી સામગ્રીમાંથી આ પુસ્તક રચાયું હતું અને તેના મૂલ્યાંકન વખતે આ સંદર્ભ ખ્યાલમાં રહેવો જોઈએ.

'સ્થાનિક પ્રવૃત્તિની બીજી એક નબળાઈ એ રહે છે કે તેમાં લાગણી પ્રસસ્તા જણાય છે અને કાર્ય પધ્ધતિમાં ચુસ્તતાનો અભાવ હોય છે. સામાજિક અભ્યાસ માટે આ ઉપકારક નથી. કાર્ય માટેનો ઉત્સાહ, પોતાની રીતે સારી બાબત છે પણ સારી કામગીરી માટે તે પૂરતી નથી. ઈતિહાસ સંબંધી રજૂઆત શૈલીનો પણ પ્રશ્ન રહ્યો છે. અલંકારીક શૈલી, સાહિત્ય કૃતિ માટે જેટલી આવશ્યક હોય છે તેટલી ખરી નથી હોતી. વિષયવસ્તુને ઊંડાણથી જ રજૂ કરવાને બદલે ભાષાની આડંબરતાનો આશરો લેવાય છે. વસ્તુતઃ એવું બને છે કે વિગતવાર છણાવટને બદલે વાચકને આશ્ચર્ય અને અહોભાવની લાગણીથી તરબતર કરી દેવામાં આવે છે. રાઠોડનું 'કચ્છનું સંસ્કૃતિ દર્શન' પુસ્તક આનું એક સારૂં ઉદાહરણ છે.

આના અનુસંધાનમાં સહેજે આ પ્રશ્ન થાય. માનવવિદ્યા - સમાજશાસ્ત્રીય સંશોધન અભ્યાસનાં પુસ્તકોની સમીક્ષાનાં ક્ષેત્રને આપણે કેટલો વિકસાવ્યો છે? યોગ્ય પરિપ્રેક્ષ્યમાં મૂકીને આપણે તટસ્થ રીતે, ઝીણવટભરી રીતે, પુસ્તકનું મૂલ્યાંકન કરવાની પ્રથા આપણે ત્યાં ખરું વિકસી નથી. મોટાભાગે સ્વિકાર નોંધ કે પુસ્તક પરિચયની કક્ષાએ બધું આટોપી લેવાતું હોય છે.

એક વધુ ગંભીર મુદ્દો છે. અભ્યાસ સામગ્રી કઈ પદ્ધતિથી કરાઈ હતી અને તેના સ્રોતો કયા હતા તેની જાણકારી હોવી. વિષય મૂલ્યાંકન - અર્થઘટન માટે - આવશ્યક હોય છે. પણ આપણે તેને જરૂરી ગંભીરતાથી લઈએ છીએ? લોકસાહિત્યનું સંપાદન કરનાર દુલેરાય કારાણીએ સામગ્રીને એકત્રિત કરવાની કામગીરી કેમ કરી હતી અને તેમના સ્રોતો શું હતા તેની વિગતવાર માહિતી આપણને આપી નથી પણ એકત્રિત માહિતીને ફરી ફરીવાર અનેકવાર જુદા જુદા સ્વરૂપે છપાવવા માટે તેમણે પુષ્કળ સમય ફાળવ્યો છે અને પોતાના નામે ઘણી મોટી સંખ્યામાં પુસ્તકો પ્રચાર કરવામાં ધન્યતા અનુભવી હોય એમ લાગે છે. કચ્છની રસધાર (ભાગ-૧ થી ૫)માં દુલેરાય કારાણીએ જગડુ દાતારની કથા ત્રણ વાર આપીને સંતોષ માન્યો છે...

કારાણીજી, રાઠોડ અને ગાલા... સરોસર બદલાયેલી, કચ્છની સાહિત્યિક ત્રણ પેઢીના પ્રતીકો છે. કોઈ પેઢી એમ નથી કહેતી કે આગલી પેઢીએ નોંધપાત્ર પ્રદાન નથી કર્યું. આ તથ્ય તો સ્વિકારાય જ છે પરંતુ ધીમે ધીમે છતાં અસરકારક રીતે, હવે ગુણવત્તાની શ્રેષ્ઠતા વધારતા જવા પર, પ્રદાનને વધારે વૈજ્ઞાનિક અને પ્રતિષ્ઠાપાત્ર બનાવતા જવાની નિષ્ઠાભરી ચોંપ રાખવા ઉપર, બેવડાતી ઉણપો અને સ્ખલનો તરફ નૈતિક નીડરતાથી સ્પષ્ટ આંગળીચિંધાણું કરવાની લાલબત્તી ધરવાની તંદુરસ્ત પ્રક્રિયા મુખ્ય કેન્દ્રમાં આવતી જાય છે. મૂળ નિશાન બનતી જાય છે.

ત્રીજી પેઢીના પ્રતીક, ગાલાના શબ્દો સાથે આપણે સંમત થવું પડે કે

'વિદ્વાનોની કામગીરીમાં સ્તરો હંમેશાં રહેવાના, માર્ગો પણ જુદા જુદા રહેવાના પણ અધકચરી અભ્યાસ કામગીરી અને સુનિયોજિત પધ્ધતિસર શાસ્ત્રીય કામગીરી માત્ર ઉપયોગી જ નહીં, અનિવાર્ય પણ ગણાવી જોઈએ.

કારાણીજીના વ્યવસાયિક અને અંગત જીવનમાં અણધાર્યો નવો વળાંક ઇ. ૧૯૪૯ના વર્ષ આસપાસ આવ્યો. સૌરાષ્ટ્રના સોનગઢ જૈન ચારિત્ર રત્નાશ્રમના અધિષ્ઠાતા (મૂળ કચ્છી) મુનિશ્રી કલ્યાણચંદ્રજી મહારાજ (કલ્યાણજી બાપાએ) કારાણીજીને સંસ્થાના ગૃહપતિ બનાવ્યા. બાર વર્ષ એમણે આ જવાબદારી સંભાળી શોભાવી અને સેંકડો કિશોરો અને કુમારોને ઉચ્ચ સંસ્કાર, ચારિત્ર્ય અને પુરુષાર્થી કારકિર્દીના ભાથાનું પોષણ પૂરું પાડ્યું. ૨૫ વર્ષ એમણે સોનગઢને આપ્યાં. ચારિત્ર્ય રત્નાશ્રમ સાથે નીકટ સંપર્કના એમના વર્ષોએ સાહિત્યકાર કારાણીને પણ ઘણી સોંજ પૂરી પાડી. કચ્છના રાજ્યકુટુંબ સાથેના ઘરોબાને કારણે ૧૯૬૧-૬૨ આસપાસ પ્રોફેસર રશબ્રુક વિલિયમ્સ લિખિત અંગ્રેજી પુસ્તક 'ધ બ્લેક હિલ્સ'નું ગુજરાતી ભાષાંતર 'કારા ડુંગર કચ્છના'નું ગુજરાતી સંસ્કરણ કરવાનો પણ એમને મોકો મળ્યો. પ્રો. રશબ્રુક વિલિયમ્સ કચ્છના છેલ્લા મહારાવશ્રી મદનસિંહજીના દાદા સ્વ. મહારાવશ્રી ખેંગારજીના અંગ્રેજ મિત્ર અને સલાહકાર હતા. પાકિસ્તાનની સ્થાપના પછીના શરૂઆતના હાકેમોના પણ પ્રો. વિલિયમ્સ સલાહકાર રહેતા. 'કારા ડુંગર કચ્છના' પછી દોઢેક દાયકા બાદ ૧૯૭૬ આસપાસ કચ્છના છેલ્લા રાજવી શ્રી મદનસિંહજીએ 'વતનનો વાર્તાલાપ' નામના પોતાના પુસ્તકની મૂળ હકીકતોના મૌખિક વર્ણનના દસ્તાવેજીકરણનું સંપાદન શ્રી દુલેરાય કારાણી પાસે કરાવ્યું. લેખક મહાશય શ્રી મદનસિંહજી અને સંપાદક દુલેરાય કારાણી એના સંયુક્ત નામ સાથે 'વતનનો વાર્તાલાપ' પુસ્તક શ્રી મદનસિંહજીની સ્મરણકથા સ્વરૂપે ૧૯૭૬માં પ્રકાશિત થયું.

પાછલા વર્ષમાં કદાચ કારાણીજીનો આગલો રૂઢિચુસ્ત અભિગમ બદલાતો રહેતો. સત્તાવાળાઓની કૂર્નિસ બજાવતા રહેવાને બદલે સત્તાવાળાઓની ખબર લેવાનો સાહિત્યિક ધર્મ વિશેષ ચોંપથી એ પાળતા થયેલાં. એમની કલમનાં ચાબખાં આજના ઠગભગત રાજકારણી ઉપર વિજેતા થયેલા.

કચ્છી ભાષા, કચ્છી પ્રજા, કચ્છી ઇતિહાસ અને કચ્છની અસ્મિતા કારાણીજીનાં રોમેરોમમાં અને પ્રત્યેક શ્વાસમાં હતા.

શ્રી દુલેરાય કારાણીએ ૬૦ વર્ષોમાં ૬૦થી વધુ ગ્રંથો કચ્છના ગુણાનુવાદ માટે રચ્યા - પણ એકેય પુસ્તક ન લખ્યું હોત, એકેય વાર્તા ન લખી હોત, એકેય કચ્છી કાવ્ય ન રચ્યું હોત, તોય, માત્ર એમના આ બે જ — માત્ર બે જ — મુક્તક પણ, કચ્છની સાહિત્યિક તવારીખમાં એમને અજરામર કરવા પૂરતા છે.

*વતનજી મીટ્ટી*
*ગંગા જમના જેડી,*
*પાક પવિતર મીઠે વતનજી મિટ્ટી,*
*મિઠડા! મુંજી છાતી મથે રખજા*
*આખર મિઠે વતનજી મિટ્ટી.*

★

*અલવિદા*
*અય વતન! અલવિદા, સલામ રામ રામ!*
*તોજી અખિયેં મેં કડેક,*
*આંસુ થઈ અચિંધાસી.*

## કુદરતની નકલ કરી માણસે કેવો કર્યો કમાલ!

(અનુસંધાન : પાના નં.-૩૯ ઉપરથી ચાલુ)

કેવી રીતે વિખેરી શકે કે જેથી પેલી હવાની દીવાલ ન રચાય, તે માટે એન્જિનના શક્ય તેટલા આકાર અંગે વિચાર કરી જોયો. છેવટે તેમને આ માટે કિંગફીશર પક્ષીની ચાંચનું મોડેલ અનુકૂળ જણાયું. ત્યારપછી બુલેટ ટ્રેઈનના એન્જિનને કિંગફીશર પક્ષીની ચાંચની જેમ ચીબું બંદૂકની બુલેટના આકારનું રાખવામાં આવ્યું. સુધારેલા એન્જિનવાળી આ બુલેટ ટ્રેઈન અગાઉની બુલેટ ટ્રેઈન કરતાં ૧૦ ટકા વધારે ઝડપ ધરાવતી હતી અને સાથે સાથે પહેલા કરતાં ૧૫ ટકા ઓછું બળતણ વાપરતી હતી. આમ આ જાપાની વિજ્ઞાનીએ બાયોમિમિક્રી શું કમાલ કરી શકે છે, તે બતાવ્યું.

બાયોમિમિક્રીનું બીજું જ્વલંત ઉદાહરણ 'સુપરસોનિક' જેટ છે. નેશનલ ઇન્સ્ટિટ્યૂટ ઑફ જનરલ મેડિકલ સાયન્સના વિજ્ઞાનીઓના અભિપ્રાય પ્રમાણે સુપરસોનિક જેટનું બહારનું બોડી પેરેગ્રાઈન બાજ પક્ષીના નસકોરાને મળતું આવે તેવું હોય છે. આવા નસકોરા હોવાને કારણે આ જ પક્ષી આકાશમાં કલાકના ૨૦૦ માઈલની ઝડપે ઉડતું હોવા છતાં શ્વાસ લઈ શકે છે. તેનું કારણ તેના મોઢાની આગળ ધસી જતા શંકુ આકારના નસકોરા છે, જેઓ હવાના પ્રવાહને નાક તરફ વાળી શકે છે. આજકાલ ઘણા ખરા જેટ વિમાનોના એન્જિન આ શંકુ આકારને મળતા આવે છે.

આમ બાયોમિમિક્રીનો વાહન વ્યવહારમાં ઉપયોગ કરતાં વાહનોની ક્ષમતા વધે છે અને ઓછું બળતણ વપરાય છે તે તો નફામાં!

*(સૌજન્ય : 'કચ્છ રચના')*

કચ્છ

# મહેસૂલી તંત્રની જાદુકળા....!!!

• શશીકાંત એમ. ઠક્કર •

આપણે સૌએ આપણા જીવનમાં જાદુગરોની જાદુકલા ઘણી વખત જોઈ હશે. જાદુગર પોતાની હાથ ચાલાકી અને હિપ્નોટીઝમથી, ન હોય તે બતાવી શકે અને હોય તે અદશ્ય કરી શકે તેવી કળા હસ્તગત કરેલી હોય છે. પરંતુ મહેસુલી અધિકારીઓ આવી જાદુકળા જાણતા હોય તેવી અનુભૂતિ આ લખનારનાં છેલ્લા ૬૫ વર્ષના આ ખાતાના અનુભવમાં જોવા મળી ન હતી. પરંતુ છેલ્લા કેટલાક વર્ષોથી અને ખાસ કરીને સને ૨૦૦૧ના ધરતીકંપ પછી કચ્છમાં જમીનના ભાવો આસમાને પહોચ્યા પછી અને સાથોસાથ ભ્રષ્ટાચારના ભાવો પણ જમીનની કિંમત સાથે સંલગ્ન થયા પછી કેટલાક મહેસુલી અધિકારીઓની આ જાદુકળા જોવા જાણવા મળી છે. તેની આજે વાત કરવી છે.

ખેતીની જમીનોના હક્કપત્રકમાં ચાલતી ગેરરીતિઓ, ઈ-ધરા કેન્દ્રોની ક્યારેય નહી સંતોષાતી ભૂખ દ્વારા થતી હોવાનાં ચોક્કસ દાખલાઓ સાથેની વિગત અગાઉ આપેલ લેખોમાં ઉજાગર કરી હતી. અને ગુજરાત હાઈકોર્ટના ચુકાદાઓને અને મહેસૂલી તંત્રના જ ઉચ્ચ અધિકારીઓના હુકમોને કઈ રીતે નજરઅંદાજ કરવામાં આવે છે તેની વિગતો પણ વિસ્તૃત રીતે તેમાં આપી હતી. આવા કિસ્સાઓમાં થતી લેખિત ફરિયાદો અંગે પણ વહીવટી તંત્ર શાહમૃગી નીતિ અપનાવે છે તેના પરિણામે કેટલાક અધિકારીઓ ફાટીને ધુમાડે ગયા છે. એટલું જ નહીં પણ રાજ્યના મહેસુલી તંત્રે પણ તેમના સામેની ફોજદારી ફરિયાદો નોંધવા પર પોલીસને પ્રતિબંધ ફરમાવતાં આવા તત્ત્વો હવે બિન્દાસ્ત બન્યા છે.

આથી આગળ વધીને દશ્યને અદશ્ય કરવાની અને અદશ્યને દશ્ય કરવાની જાદુકળાનો બનાવ તાજેતરમાં ભચાઉ તાલુકામાં જાણવા મળ્યો છે તે તો અતિ આશ્ચર્યકારક અને ચોંકાવનારો છે.

ભચાઉ તાલુકાના જૂના કટારીયા ગામે જુદા જુદા સાત માલીકોની જુદી જુદી જમીનો એકજ વ્યક્તિના નામે તબદીલ કરવાની જુદી-જુદી સાત હક્કપત્રક નોંધો એક જ તારીખે તા. ૨૧-૦૭-૨૦૦૫ ના દાખલ કરવામાં આવી હતી. આ બધી નોંધોમાં જમીન માલીકોની સહમતી રજૂ થયાનો આધાર આપી આ નોંધ પૈકી ૬ નોંધો સર્કલ ઓફિસર દ્વારા પ્રમાણિત કરવામાં આવી હતી. જ્યારે આવી જ એક નોંધ ખુદ મામલતદાર દ્વારા રદ કરાઈ હતી. નોંધો એવી રીતે દાખલ થઈ હતી કે તબદિલી કરી લેનારે આ જમીનો જે તે વખતે આ જુદા-જુદા માલીકો પાસે વટાંતર મુકી હતી જે તેમણે છોડાવી લીધી હતી. જેથી તેમની સહમતિના આધારે આ જમીનો સદર વ્યક્તિના નામે તબદીલ કરવામાં આવી હતી. મહેસુલી દફતર પર ન તો આ જમીનો વટાંતર મુકાયાની નોંધો છે કે ન તો ગીરો છોડાવ્યાની નોંધો છે. ન તો વટાંતરનો દસ્તાવેજ રજૂ થયો છે કે ન તો ગીરો છોડાવ્યાનો દસ્તાવેજ રજૂ થયો છે. માત્ર એક વ્યક્તિની અરજીના આધારે આ બધી જમીનો તે વ્યક્તિના નામે તબદીલ કરવામાં આવી છે અને ખૂબી તો એ છે કે આ તમામ નોંધોના સાધનિક કાગળો મળતાં નથી તેવો જવાબ ખુદ મામલતદારે આપ્યો હોવા છતાં આ કાગળો ગુમ થયાની કોઈ પોલીસ ફરિયાદ નોંધાઈ નથી. મહેસૂલી તંત્રની જાદુકળાથી દશ્ય સાધનિક કાગળો અદશ્ય થઈ ગયા છે અને અદશ્ય વ્યક્તિઓની સહમતિના આધારો દશ્ય બનાવી જાદુકળાથી આ તમામ મિલ્કતો અરજદાર વ્યક્તિને ભેટ ધરવામાં આવી છે. આ મિલ્કતોના માલીકો પૈકી એક માલીક જેઓ તા. ૨૧-૧૨-૧૯૮૮ ના ગુજરી ગયા છે તેમની પણ સહમતિ (સ્વર્ગમાંથી મેળવીને) દશ્ય કરીને તેમની જમીન પણ તબદીલ થઈ જતાં તેમના વારસ દ્વારા કાનૂની કાર્યવાહી કરવામાં આવતાં આ સમગ્ર જાદુકળા બહાર આવી છે. મહેસૂલી તંત્રે ન તો તબદિલી કરાવનાર ખેડૂત ખાતેદાર છે કે કેમ? તેની ખરાઈ કરી છે કે ન તો જમીન માલીકોને નોટીસ બજ્યાની ખાત્રી કરી છે. ક્ષુલક અને અનધિકૃત બહાનાઓ હેઠળ સંખ્યાબંધ નોંધો નામંજુર કરતાં આ તંત્રને આ કિસ્સાઓમાં આવી કોઈ જરૂર જણાઈ નથી.

પરિસ્થિતિની પરાકાષ્ટા તો ત્યાં છે કે આ બાબતમાં ઉપરોક્ત વારસદારે ભચાઉના નાયબ કલેક્ટર પાસે અપીલ કર્યા છતાં આ અધિકારીએ આ તબદિલીના ઊંડાણમાં ઉતર્યા વિના, કે જેના નામે તબદિલી થઈ છે તેની પાસેથી આધાર માંગ્યા વિના અપીલ નામંજુર કરી છે. અને મામલતદાર પાસેથી કાગળો ગુમ થયા બદલ કોઈ પણ કાર્યવાહી આ ઉચ્ચ અધિકારીએ કરવાનું યોગ્ય ગણ્યું નથી. પરિણામે આ બાબતે કલેક્ટરશ્રી પાસે રજૂ થતાં સમયે કલેક્ટરશ્રીએ વચગાળાનો મનાઈ હુકમ પણ આપેલો છે.

**(અનુસંધાન : જુઓ પાના નં.-૩૭ ઉપર)**

# જમીન ધારક અને તકેદારી

• પન્નાલાલ ખીમજી છેડા •

*જમીન ધારકો – તમારી પાસે છે?*

ગામ નમૂનો નં.-૭, ૧૨, ૮અ (જમીનની ખાતાવહી), ૬ (હક્ક પત્રક)

લગભગ છેલ્લાં ૭૦ વર્ષથી આપણા જ્ઞાતિજનોએ કચ્છ છોડીને મુંબઈ તેમજ અન્યત્ર વસવાટ શરૂ કર્યો. આપણા કચ્છના વ્યવહારો, રૂઢીઓ, સમાજ વ્યવસ્થા અને સંસ્કૃતિના અંશો અહીં આરૂઢ થતાં ગયાં.

આ સંજોગોમાં આપણા ધાર્મિક સ્થાનો, કુળદેવીઓ અને સાધુ - સાધ્વીજી ભગવંતોને કારણે અમુક જ્ઞાતિઓની જેમ કચ્છને સમુળગા છોડીને આવ્યા નહીં. પોતાના નિવાસ સ્થાન, ખેતર, વરંડા વગેરે મિલ્કતો આજે પણ સૌની અવરજવરથી અન્ય માધ્યમોની જેમ કેન્દ્રસ્થાને રહ્યાં છે.

કચ્છમાં થયેલાં છેલ્લા ધરતીકંપ પછી કચ્છનું નવસર્જન થયું છે જેને કારણે કેટલાંક ફાયદા, તો કેટલાંક ગેરફાયદા સપાટી પર આવ્યાં. કચ્છમાં થઈ રહેલાં ઉદ્યોગીકરણને કારણે જમીનોના ભાવ ખૂબ વધી ગયાં. રેઢી પડેલી જમીનો જેનું કોઈ ધણી થતું ન હતું એવી જમીનો, વર્ષો સુધી બાપદાદાઓના નામ પરથી વારસોના નામ પર ન ચડેલી જમીનો, અમલદારશાહીની ઑથ હેઠળ મોટો વ્યવસાય બની ગઈ. જેનો આર્થિક લાભ અનેક લેભાગુઓ અને ભ્રષ્ટ અમલદારશાહીએ લીધો.

'કચ્છમિત્ર' દૈનિકની 'લીગલ ડેસ્ક' કૉલમ વાંચજો. સમગ્ર ભારતના કોઈ પણ પ્રાદેશિક અખબારમાં જમીન અને માલ મિલ્કત માટેની આટલી જાહેર નોટિસ ક્યાંય વાંચવા નહીં મળે. મુંદ્રા, માંડવી, અબડાસા અને વાગડ વિભાગમાં આપણી જ્ઞાતિ હજારો એકર જમીન ધરાવે છે. લોકો પોતાની જરૂરત અને અનુકૂળતા મુજબ વેંચસાર અને સાટામાટા કરે છે. ત્યારે જૂના ખતખાતાઓના આધારે તેમજ તલાટી વગેરે અધિકારીઓ સાથે ભળી ગયેલાં દલાલો અને કોડાંઓ મહેસુલી કાયદાઓના જાણકારો સાથે મળી હવનમાં હાડકાં નાખે છે. અનેક અસામાજિક તત્ત્વો ગામેગામ આવી તકની રાહ જોઈને દયામણાં ચહેરે ભાઈબાપા કરીને તમારી સામે વહાલુકડા થવા મથતાં સામાજિક પીંઢારાઓ ગળચટ્ટું મોઢું કરવાની જ રાહ જોતા હોય છે.

આવા સમયે મહેસૂલી વહીવટનો કારભાર સંભાળતાં તલાટી, મામલતદાર તેમજ અન્ય ઉચ્ચ વહીવટી અધિકારીઓની કાર્યવાહીનો અભ્યાસ કરી આપણાં જૂના ખતખાતાઓ, દસ્તાવેજોની પાકી સમજ લઈ લેવી જોઈએ. અધૂરપોને પૂરી કરી લેવી જોઈએ. અસલ દસ્તાવેજોની જાળવણી બરોબર થાય તેમ સંભાળી રાખવી જોઈએ અને ચાલતું હોય ત્યાં સુધી ઝેરોક્ષ કોપીઓથી કામ પૂરું કરાવી લેવું જોઈએ.

જમીનના કબજેદારો ગામના નમૂના નં.-૭, ૧૨, ૮અ અને ૬ મેળવવા હક્કદાર છે. આ સમગ્ર નમૂનાઓમાં કબજેદાર પાસેની જમીનના બધા જ કબજેદારોના નામ, સર્વે નંબર, સરકારી દફતરે જમીનનો નોંધ નંબર, તેનું ક્ષેત્રફળ, આકાર, સત્તાનો પ્રકાર, અન્ય હક્કો કે બોજાઓ, ઉગાડેલા પાકની માહિતી, વારસાઈની વિગતો તેમજ તલાટીના દફતરે જુદાંજુદાં સ્રોતો દ્વારા નમૂના નં.-૬ માં જે નોંધો પડી હોય તેની વિગતવાર જાણકારી હોય છે. માલિકી હક્ક માટે આ નોંધો અગત્યની હોતાં જમીનના કબજેદારોએ ખૂબ બારીકાઈથી આ લખાણ વાંચી લેવું જોઈએ. નાના કર્મચારીઓ અને અમલદાર દ્વારા આ લખાણોમાં છેડતી કરવાના અનેક બનાવો ભ્રષ્ટ અમલદારશાહીને પોષીને લોકોને હાલાકીમાં ધકેલી દે છે.

જમીનો ઉપરાંત આપણાં રહેણાંકના મકાન, એન.એ. થયેલા પ્લોટ્સ, વાડીઓ વગેરે હોય તેના આકારણી પત્રક, વેરા ભર્યાની રસીદો આપણી પાસે હાથવગા હોવા જોઈએ.

ઉપર દર્શાવેલ તમામ વિગતોને ઝીણવટથી સમજાવવા સારો એવો સમય અને શક્તિ જોઈએ. આ લેખ લખવા મને પ્રેરણા આપનાર અમારા કુંદરોડીના શ્રી કિશોરભાઈ ભીમશી ગંગર (૯૮૬૯૩ ૨૯૬૧૭) જેમણે આ બાબતમાં રસ લઈ આર.ટી.આઈ. દ્વારા પોતાના પરિવારની જમીનો અંગે સરકારી અમલદારો અને ખાટ સવાદિયાંઓને સમયે સમયે પાઠ શીખવાડ્યાં છે. તેમના વર્ષોના અનુભવ મુજબ આપણાં જ્ઞાતિજનો મહેસૂલી બાબતોને બરોબર સમજે, વાદવિવાદ અને તકરારોથી દૂર રહેવા દરેક કબજેદાર / માલીક અને ખેતરના કાગળોની જાળવણી કરે. વચેટીયાઓને બદલે પ્રજાને મળેલા કાનૂની હક્કો દ્વારા અમલદારશાહીને પડકાર આપે.

રાજાશાહીના વખતથી સરકારી દફતરે આધાર, વટાંતર, ખાલસા, નવી શરત, જૂની શરત વગેરે અનેક પ્રકારની જમીનની સત્તા જોવા મળે છે. દરેકનું બંધારણ અને કાયદા કાનૂન જુદા જુદા હોય છે. એ બધાની નોંધ અહીં અસ્થાને છે. તેમ છતાં જે કંઈ ચોખ્ખું ચણક છે તેને સંભાળી લઈએ તોય ભયો ભયો.

ફરી ફરી યાદ રાખજો, તમારી માલિકી દર્શાવતાં દરેક ઠામના ઉતારા ગામના નમૂના નંબર ૭, ૧૨, ૮અ અને ૬ તેને લગતાં દસ્તાવેજો તમારી પાસે હોવાં જોઈએ. જે આવનાર સમયમાં તમારા માટે ઢાલ બનીને ઊભા રહે.

*મો. ૯૮૨૦૨ ૮૪૦૪૪*

ઉકળતો સરહદી પ્રશ્ન

# ગુજરાતની સંવેદનશીલ દરિયાઈ સરહદે માછીમારોની મુશ્કેલીના ઉકેલની તાતી જરૂરિયાત

• વી.જે. ઠાકર, નિવૃત્ત નાયબ મત્સ્યોદ્યોગ નિયામક •

*પાકિસ્તાનના સિંધ પ્રાંતની સરહદ કચ્છ જિલ્લા સાથે જોડાયેલ છે. આ સંવેદનશીલ દરિયાઈ સરહદી વિસ્તાર માટે ઈ.સ. ૧૯૬૭-૬૮માં લોકસભામાં જોરદાર રજૂઆત થઈ હતી. તેનાં પરિણામ સ્વરૂપે આ વિસ્તારમાં મત્સ્યોદ્યોગ અંગે પ્રારંભિક મોજણી થઈ હતી. અત્યારની સ્થિતિ મુજબ આ વિસ્તારમાં આપણાં માછીમારોને માછીમારી કરતા અટકાવવા તથા બોટો પકડી જવાના પ્રયત્નો છેલ્લા કેટલાંક સમયથી પાકિસ્તાન દ્વારા વધી ગયેલ છે. આ પ્રશ્ને ગંભીરતા વ્યક્ત કરતા પ્રસ્તુત લેખમાં લેખકશ્રીએ યોગ્ય કાર્યવાહી અનિવાર્ય થઈ હોવા તરફ ઉચિત રીતે લાલબત્તી કરી છે.*

*– તંત્રી મંડળ*

દ્વારકાની ઉત્તરે કચ્છ-સિંધનો છીછરો કિનારો, કાદવ કીચડવાળી કોરી ક્રીક - સરક્રીક - સહિતના કચ્છના અખાતનો વિસ્તાર ભરપૂર સૂર્યપ્રકાશ મેળવી, ચેર - મેન્ગ્રુવ જેવી દરિયાઈ વનસ્પતિ, અનેક પ્રકારની લીલ-શેવાળ તથા સૂક્ષ્મ જીવો જે માછલીનો ખોરાક છે, તેનાથી છવાયેલ રહે છે. જેને લીધે ગુજરાતી દરિયાઈ સરહદના વિસ્તારો ઝીંગા, લૉબ્સ્ટર, પાપલેટ, શીયરફિશ, બોમ્બેડક, મેંદલી, મલેટ, પાલવા, ચાકસી, શાર્ક, રે સ્કેટ, કટલ ફીશ, સ્કવીડ જેવી કિંમતી ખાવાલાયક માછલીઓ વિપુલ પ્રમાણમાં મળી આવે છે. વળી સપ્ટેમ્બરથી માર્ચ સુધી આફ્રિકાના કિનારેથી વહેતો સોમાલિયન કરન્ટ કચ્છ - સૌરાષ્ટ્રનાં કિનારે લાખો ટન રીબન ફીશ, કાયરો સેન્ટ્રસ વગેરે કલ્યુપીડ પ્રકારની માછલીઓ ઢસડી લાવે છે. જેથી આ સરહદી વિસ્તારમાં સમૃદ્ધ ફિશિંગ ગ્રાઉન્ડ આવેલાં છે. જે છેક સિંધ મકરાણ સુધી વિસ્તરેલ છે. ગુજરાતનાં સાહસિક માછીમારો મોટી - આધુનિક સાધનોથી સજ્જ યાંત્રિક હોડીઓ દ્વારા આ વિસ્તારમાં માછીમારી કરવા છેક દક્ષિણ ગુજરાત, વેરાવળ, માંગરોળ, પોરબંદર, ઓખા અને સલાયા કચ્છનાં માછીમારો, દરવરસે સીઝનમાં મોટી સંખ્યામાં આ સરહદી વિસ્તારમાં માછીમારી કરવા આવે છે. આ દરિયાઈ વિસ્તારમાં કોઈ બાઉન્ડ્રી માર્ક હોતા નથી. એટલે યંત્રવાળી બોટથી માછલી પકડવાની પ્રક્રિયામાં બોટ માછલીના ઝુંડની પાછળ પાછળ (ચેઈઝિંગ કરતા) જતાં સરહદી વિસ્તારથી પેલે પાર જતા રહે છે તેની ખબર રહેતી નથી. સામી બાજુ સિંધના કિનારાના નાનાં બંદરોના માછીમારો પાસે તદ્દન નાની હોડીઓ અને ટાંચા સાધનો હોવાના કારણે તેમના વિસ્તારમાં માછીમારોની હોડીઓ બિલકુલ નહિવત સંખ્યામાં મચ્છીમારી કરતી દેખાય છે. આવા સંજોગોમાં આપણાં આધુનિક યાંત્રિક સાધનોની સજ્જ માછીમારી બોટો અજાણતા પણ સરહદ પાર કરી જતાં સામે પક્ષે પાકિસ્તાન મરીન સીક્યોરિટી દ્વારા તેમના પેટ્રોલિંગ દરમ્યાન આવી બોટોને પકડે છે અને તેની સામે કામ ચલાવે છે. આ સિલસિલો ઈ.સ. ૧૯૭૭-૭૮થી ચાલુ છે. આના રાજકીય ઉકેલની તાતી જરૂર છે અને માછીમારોને આ સરહદી વિસ્તારમાં માછીમારી માટે ભયમુક્ત કરવા અનિવાર્ય છે.

## • રાજકીય પશ્ચાદભૂમિકા અને ઇ.ઇ.ઝેડ. ઓવર લેપિંગનો પ્રશ્ન

પાકિસ્તાનના સિંધ પ્રાંતની સરહદ આપણાં કચ્છ જિલ્લા સાથે જોડાયેલી છે. આઝાદી પછી રાજકીય રીતે બન્ને દેશો છૂટા પડ્યા પરંતુ પેઢીઓથી એકબીજા સાથે સંકળાયેલ પ્રજા તો ભાષા, રીતરિવાજ અને સામાજિક રીતે એમ તાત્કાલિક છૂટા પડી શકે નહિ. એટલે વિભાજન પછી એક બીજાનાં સગાંવહાલા સરહદ પાર કરી પ્રસંગોપાત આવતાં જતાં. જો કે કચ્છનો અબડાસા તાલુકો ખૂબ જ પાંખી વસ્તીવાળો પછાત વિસ્તાર હોઈ તેના પ્રત્યે વર્ષો સુધી કશું ધ્યાન આપવામાં આવ્યું નહિં. તે વખતે સામે પારથી પ્રવૃત્તિઓ સક્રિય હતી. દાણચોરી તથા ઊંટો દ્વારા રણપાર કરવાના બનાવો અવારનવાર બનતા. આઝાદી પછી કચ્છ રાજ્યને 'સી' સ્ટેટનો દરજ્જો આપી કેન્દ્રની હકુમત હેઠળ મૂકવામાં આવ્યું. ત્યારે પ્રથમ ચીફ કમિશનર શ્રી સી.સી. દેસાઈ., આઈ.સી.એસ. દ્વારા આ બાબતની નોંધ લઈ અબડાસાનાં જખૌ બંદરને વિકસાવવા તથા આ પાંખી વસ્તીવાળા વિસ્તારમાં ખારવા, દક્ષિણ ગુજરાતનાં મોટા ભાઈઓને પ્રોત્સાહિત કરી તેમને આ વિસ્તારમાં વસવાટ માટેની

સગવડતાઓ પૂરી પાડવા વિચારેલ. જો કે તેમના કાર્યકાળમાં આ વિચાર ફળીભૂત થઈ શક્યો નહિ. પરંતુ ત્યારપછી તેમના પટ્ટશિષ્ય જેવા કચ્છના કલેક્ટર તરીકે આવેલ શ્રી તુલસીદાસ શેઠ, આઈ.એ.એસ. દ્વારા તેમની નિવૃત્તિ પછી આ અંગે ઇ.સ. ૧૯૬૭-૬૮માં લોકસભાના સભ્ય તરીકે આ સંવેદનશીલ દરિયાઈ સરહદી વિસ્તાર માટે જોરદાર રજૂઆત કરી અને ગુજરાત સરકારનાં મત્સ્યોદ્યોગ ખાતાં દ્વારા સંચાલિત ત્રણ મોજણી જહાજો દ્વારા આ વિસ્તારમાં મત્સ્યોદ્યોગ અંગે મોજણી શરૂ કરાવી તથા તેને લગતો સ્ટાફ જખૌ ખાતે કાર્યરત કરાવ્યો.

આ મોજણીના પરિપાક રૂપે ૧૯૭૪-૭૫થી પોરબંદર, વેરાવળ, માંગરોળ તથા કચ્છની હજારો ફીશિંગ બોટો આ વિસ્તારમાં માછીમારી માટે આવતી શરૂ થઈ અને જખૌ પોર્ટ તથા મચ્છીમારીના ફીશિંગ ગ્રાઉન્ડ હજારો લોકોની આવન જાવનથી ધમધમી ઉઠ્યો અને ગુજરાત સરકારે પણ એક આદર્શ મત્સ્ય બંદરનો વિકાસ કરી માછલીના ઉતરાણની તથા તેમાં માર્કેટિંગ તથા ટ્રાન્સપોર્ટની માળખાંકીય સગવડતાઓ પૂરી પાડી છે.

પરંતુ આ સંવેદનશીલ સરહદી દરિયાઈ વિસ્તાર ભારત-પાકિસ્તાન વચ્ચેના એક્સક્લુઝિવ ઇકોનોમિક ઝોન (ઈ.ઈ.ઝેડ.) ના ઓવર લેપિંગના વિવાદમાં લપેટાયેલો હોવાથી અને પાકિસ્તાન પોતાની આદત મુજબ અગાઉ નિયત થયેલ સરક્રીકની ઉત્તર કિનારાની મૂળ સરહદથી વધુ દક્ષિણ તરફ ભારતનો વિસ્તાર દબાવવા પોતાનો દાવો ઊભો કરેલ છે. અને એકપક્ષીય રીતે આ વિસ્તારમાં આપણા માછીમારોને માછીમારી કરતા અટકાવવા તથા બોટો પકડી જવાના પ્રયત્નો છેલ્લા કેટલાક વખતથી વધારી દીધેલ છે. આ પ્રશ્ન વહેલી તકે કેન્દ્ર સરકાર દ્વારા ઉકેલવો જરૂરી છે અને માછીમારોને ભયમુક્ત કરવા તાતી જરૂર છે. જો કે આ વિવાદ પાકિસ્તાનને આટલાં વર્ષો પછી આ વિસ્તારની મત્સ્યક્ષેત્રોની ફળદ્રુપતા તથા ખનીજ તેલની શક્યતાને ધ્યાને લઈ કપટથી છેડ્યો હોવાનું જણાય છે. આમાં નિષ્ક્રિયતા કે વિલંબ નીતિ અપનાવવામાં આવશે તો આપણે ભૂતકાળમાં ગુમાવેલ છાડબેટ તથા કંજરકોટના ઇતિહાસનું પુનરાવર્તન થવાની શક્યતા વધી જવાની દહેશત રહેલી છે. આ માટે સતર્ક રહેવાની સરકાર તથા જનતાની નૈતિક જવાબદારી રહે છે. આ સંવેદનશીલ પ્રશ્નમાં સરકાર દ્વારા સચોટ રજૂઆતમાં કચાસ, ઢીલાસ કે બેકાળજીના કારણે આપણાં સરહદી વિસ્તારમાં સમૃદ્ધ દરિયાઈ જીવન સંપત્તિના આર્થિક ઉપયોગથી ગુજરાતની કાંઠાળ પ્રજાને હાથ ધોઈ બેસવાનો વારો ન આવે તેની ગંભીરતા દરેક ગુજરાતી અને ભારતવાસીઓએ સમયસર લેવી અત્યંત આવશ્યક જ નહિં, પરંતુ અનિવાર્ય છે.

*૧૭, નટવર પાર્ક, સમા કાંઠા,*
*મોરબી. મો. ૯૪૨૮૨ ૮૧૪૧૭*

## મહેસુલી તંત્રની જાદુકળા....!!!

**(અનુસંધાન : પાના નં.-૩૪ ઉપરથી ચાલુ)**

મહત્ત્વની નોંધપાત્ર હકીકત એ છે કે આ કિસ્સામાં મૂળ જમીન માલીકના વારસદારે પોલીસ ફરિયાદ કરી છે અને તે અંગે પોલીસ કાર્યવાહી ન થતાં તેમણે નામદાર હાઈકોર્ટમાં પીટીશન કરી. જેમાં પોલીસને કોર્ટે તપાસ કરી ગુનો બનતો હોય તો એફ.આઈ.આર. નોંધવા હુકમ કર્યો છે અને જો તેમના અભિપ્રાય મુજબ ગુનો બનવાનો આધાર ન હોય તો કારણો સહિત અરજદારને જવાબ આપવા હુકમ કર્યો છે. પોલીસે સંબંધિતોના નિવેદનો લઈ આ નોંધના કાગળો મામલતદાર પાસે ઉપલબ્ધ ન હોવાથી તેમજ સ્થાવર મિલ્કતોની તકરારોમાં પોલીસ દ્વારા માધ્યમ ન બનવાના પરિપત્રનો હવાલો આપી પ્રકરણ બંધ કર્યું. જેના પરિણામે અરજદારે ફોજદારી કોર્ટમાં ખાનગી ફરિયાદ નં. ૩/૨૦૧૫ વાળી દાખલ કરતાં તે કામ ચાલુ રહેલ. પરંતુ અહી મહત્ત્વનો પ્રશ્ન એ છે કે મામલતદાર પાસેથી નોંધના કાગળો ગુમ થયા હોય તો પણ જેમણે આ જમીન પોતાના નામે કરાવી હતી તેમણે જે નોટરી રૂબરૂની સહમતિનો આધાર બતાવ્યો હતો તે અસલ આધાર તેમની પાસેથી શા માટે પોલીસે માંગ્યો ન હતો કે નિવેદન લેતા સમયે તેની પાસેથી ગીરો મુક્યાના કે ગીરો છોડાવ્યાના કોઈ આધારો અંગે કેમ કોઈ વિગત મેળવી ન હતી?

જમીન કૌભાંડો સરકારી તંત્રની પોતાની જ આવી જાદુકળાથી થાય છે, વધે છે અને ગરીબ અને નિર્દોષ લોકોની જમીનો ભૂમાફિયા આસાનીથી પડાવી લઈ શકે છે. ***(ક્રમશઃ)***

## દયા

સંત એકનાથે આખા ભારતની યાત્રા કરી હતી. એક વાર કેટલાક સંતો સાથે તેઓ કાશીથી કાવડમાં ગંગાજળ લઈ રામેશ્વર જતા હતા. ગંગાજળ રામેશ્વરને ચડાવવાનું હતું. રસ્તે જતા એકનાથે એક ગધેડાને મરવા પડેલો જોયો. ઉનાળાના દિવસો હતા. ગધેડો પાણી વિના ભોંય પર તરફડતો હતો. એકનાથને દયા આવી. ખભેથી કાવડ ઉતારી બધું ગંગાજળ મરતા ગધેડાને પાઈ દીધું. ગધેડો બચી ગયો.

એકનાથના સાથીએ કહ્યું, "આ શું કર્યું? ભગવાનનું ગંગાજળ ગધેડાને પાઈ દીધું. હવે રામેશ્વરને શું ચડાવશો?"

એકનાથે કહ્યું, "ગંગાજળ મેં રામેશ્વરને ચડાવ્યું છે. ગધેડામાં પણ એ જ રામેશ્વર છે."

એકનાથ આવા દયાળુ અને સમદૃષ્ટિવાળા હતા. ■

સાયન્સ એન્ડ ટેકનોલોજી

# કુદરતની નકલ કરી માણસે કેવો કર્યો કમાલ!

• કનુ એ. જોષી •

જો કુદરતમાં રહેલા ઘટકો જેવા કે પક્ષીઓ, પ્રાણીઓ, માનવી, છોડવાઓ, વનસ્પતિઓ વગેરેની નકલ કરી જીવનજરૂરી સાધનો, યંત્રો, વાહનો, ઓજારો, સ્પેરપાર્ટસ, આધુનિક શસ્ત્રો વગેરે બનાવવામાં આવે તો તેઓ ખૂબ જ ઉપયોગી અને કાર્યક્ષમ સાબિત થઈ શકે છે. આજે માનવીએ કુદરતના ઘટકોની નકલ કરીને આવા સાધનો વગેરે બનાવવા માંડ્યા છે. વળી તેઓ જીવન વ્યવહારમાં ખૂબ જ ઉપયોગી સાબિત થઈ રહ્યા છે. માનવીની આવી પ્રવૃત્તિને 'કુદરતનું અનુકરણ' અથવા 'બાયોમિમિક્રી' કહેવાય. ચાલો, આ વિશેની અતિશય રોમાંચક અને હેરતસભર વાતો જાણીએ!

આજકાલ માનવી અમુક વૈજ્ઞાનિક સાધનો વગેરે બનાવતી વખતે આ દુનિયા અને તેમાં રહેલી વસ્તુઓ, પક્ષીઓ, પ્રાણીઓ, વનસ્પતિઓ વગેરેનું મોડેલ તરીકે અનુકરણ કરે છે અને અમુક પક્ષીઓ, પ્રાણીઓના શરીર અથવા શરીરના અમુક અવયવોના આકાર મુજબ જીવનમાં ઉપયોગી એવા સાધનો, વગેરે બનાવે છે. જેમ કે માનવીએ પક્ષીઓના ઉડ્ડયનનું અનુકરણ કરીને વિમાન, હેલિકોપ્ટર વગેરે બનાવ્યા છે. માનવીના શરીર અને બૌદ્ધિકતાનું અનુકરણ કરીને તેણે રોબોટ (યંત્રમાનવ) બનાવ્યો છે. રોબોટ માણસે કરેલા હુકમનું અક્ષરસઃ પાલન કરે છે. આજકાલ હોસ્પિટલોમાં ડૉક્ટરોને ઑપરેશન કરવામાં રોબોટ મદદરૂપ બની રહ્યો છે. આમ આજકાલ વૈજ્ઞાનિકો આ રીતે કુદરતમાં રહેલા ઘટકોનું અનુકરણ કરીને જીવનોપયોગી સાધનો, વાહનો, યંત્રો, ઓજારો, સંરક્ષણ માટેના શસ્ત્રો, યાતાયાતના સાધનો વગેરે બનાવી રહ્યા છે. માનવીની આવી પ્રવૃત્તિને બાયોમિમિક્રી (જૈવ અનુકરણ) કહેવાય.

આજકાલ માનવી દ્વારા 'બાયોમિમિક્રી' નો ઉપયોગ અને તેની ટેક્નોલોજી, રોબોટ - ટેકનોલોજી, યંત્ર માનવને કૃત્રિમ બૌધ્ધિકતા પ્રદાન કરવામાં થઈ રહ્યો છે. બાયોમિમિક્રીની સંકલ્પનાનો ખ્યાલ મહિલા વિજ્ઞાની એવા જેનાઈન એમ. બેન્યુસ દ્વારા રજૂ કરવામાં આવ્યો છે. મોન્ટાના શહેરના મહિલા વિજ્ઞાની એવા આ જેનાઈન એમ. બેન્યુસ વિશ્વ વિખ્યાત વિજ્ઞાની અને વિજ્ઞાનવાદી લેખિકા છે. આ વિજ્ઞાનીના મંતવ્ય મુજબ 'બાયોમિમિક્રી' (જૈવ અનુકરણ) એટલે કુદરતે રચેલી આ સૃષ્ટિનો માનવીએ એક મોડેલ તરીકે માપનના સાધન તરીકે અને માર્ગદર્શક સલાહકાર તરીકે ઉપયોગ કરવાનો છે અને તેનું અનુકરણ કરીને માનવીએ જીવનોપયોગી ઉપકરણો, ઓજારો, શસ્ત્રો, યંત્રો, યાતાયાતના સાધનો વગેરે બનાવવાના છે, જે માનવીના જીવનને વધારે સરળ બનાવી શકે. તેઓ માને છે કે જો કુદરતના ઘટકોનું અનુકરણ કરીને અગત્યના સાધનો અને ઓજારો બનાવવામાં આવે તો ઓછું મટીરિયલ અને ઓછી ઊર્જા વાપરીને ઔદ્યોગિક ક્ષેત્રે વધારેમાં વધારે ઉત્પાદન મેળવી શકાય છે. વળી આ રીતે બનાવેલા સાધનો, ઓજારો, યંત્રો વગેરે પર્યાવરણ ફ્રેન્ડલી હોવાથી તેઓ પર્યાવરણને નુકસાનકર્તા નથી.

ચાલો, હવે આપણે 'બાયોમિમિક્રી' (જૈવી અનુકરણ) ના થોડાક ઉદાહરણો લઈએ કે જેથી આ બાયોમિમિક્રી શું છે તે આપણે સમજી શકીએ. મહિલા વિજ્ઞાની અને લેખિકા જેનાઈન એમ. બેન્યુસ જણાવે છે કે જ્યારે આપણે કોઈક વૈજ્ઞાનિક સાધનો, યંત્રો, ઓજારો મુસાફરી માટેના વાહનો, સંરક્ષણ માટેના શસ્ત્રો વગેરે બનાવતા હોઈએ છીએ, ત્યારે આપણે માનવી સિવાયના બીજા કેટલાક પ્રાણીઓની જીવનપદ્ધતિ વિશે પણ જાણવું જોઈએ. જેમ કે,

- ✦ મેક્સિકોના અખાતમાં એક 'હેમીંગ બર્ડ' નામનું પક્ષી જોવા મળે છે. આ પક્ષી પોતાના શરીરનું માત્ર ૩ ગ્રામ બળતણ વાપરીને આખો મેક્સિકોનો અખાત ઓળંગી જાય છે.
- ✦ યુધ્ધમાં વપરાતા ઊંચી કક્ષાના હેલિકોપ્ટરો કરતાં પણ ડ્રેગન ફ્લાય (મોટું કદ ધરાવતું જીવડું જેને મોટા કદની ચાર પારદર્શક પાંખ હોય છે) વધારે વ્યૂહશક્તિ ધરાવે છે. જે ઝડપે શિરોલંબ દિશામાં હેલિકોપ્ટર નીચે ઊતરે તેના કરતાં ડ્રેગન ફ્લાય વધારે વેગથી, વીજળીવેગે ડાઈવ લગાવી શકે છે.
- ✦ ઉધઈઓના રાફડામાં ઉષ્ણતાનું (ગરમીનું) આપોઆપ નિયમન થાય છે. વળી ઉધઈઓના રાફડામાં ઓટોમેટીક એરકન્ડિશન (સ્વયંસંચાલિત વાતાનુકુલન) ની પરિસ્થિતિ હોય છે. આપણા એરકન્ડિશન મશીનો વિદ્યુત ઊર્જા વાપરે છે તેના કરતાં ઓછી વિદ્યુત ઊર્જાથી તેમના રાફડાઓમાં

એરકન્ડિશનીંગ કાર્યરત છે.

✦ માણસે યુદ્ધ દરમિયાન દુશ્મનોના ધસી આવતા વિમાનોને ઝડપી લેવા માટે અને તેમને તોડી પાડવા માટે રડાર બનાવ્યા છે, પણ ચામાચિડિયાની રડાર સિસ્ટમ આ માનવસર્જિત રડાર સિસ્ટમ કરતા વધારે કાર્યરત અને ઝડપી છે. ચામાચિડિયું જતું હોય અને કોઈ માણસ તેના રસ્તામાં એકદમ નજીક આવી જાય તો પરિસ્થિતિને પારખી લઈને ચામાચિડિયું વીજળીવેગે પોતાનો રસ્તો બદલી કાઢે છે અને તે, તે માણસ સાથે અથડાઈ જતું નથી!

✦ કેટલીક દરિયાઈ આલ્ગે (લીલ) એવી હોય છે જે સ્વયંસંચાલિત રીતે પોતાના શરીરમાંથી પ્રકાશ ફેંકતી હોય છે. પોતાના શરીરમાં તે કેટલાક તત્ત્વોનું સંયોજન કરીને આવો પ્રકાશ ઉત્પન્ન કરતી હોય છે.

✦ ઉત્તર ધ્રુવના પ્રદેશમાં રહેતી કેટલીક માછલીઓ અને દેડકાઓ બરફ ઠરી ગયા પછી થીજેલા સ્વરૂપમાં બરફમાં રહે છે. પછી બરફ પીગળતાની સાથે જ તેઓ પોતાનું રોજિંદુ જીવન શરૂ કરે છે. ઉત્તર ધ્રુવના પ્રદેશનો બરફ તેમને કંઈ પણ નુકસાન કરી શકતો નથી.

✦ પોતે જે વાતાવરણમાં રહે છે, તે વાતાવરણને અનુકૂળ થવા માટે અનોલ ગરોળીઓ અને કાચિંડાઓ તેમનો રંગ બદલતા હોય છે. ઑક્ટોપસ અને કેટલીક માછલીઓ પણ પરિસ્થિતિને અનુકૂળ થવા માટે તેમના શરીરનો રંગ અને ડિઝાઈન બદલી નાંખતા હોય છે.

✦ પોતાના શરીરમાં શ્વસન કરવા માટેની બીજા જળચર સજીવો જેવી વ્યવસ્થા ન હોવા છતાં વહેલ માછલીઓ અને પેંગ્વિન પક્ષીઓ પાણીમાં ડૂબકી મારી લાંબા સમય સુધી પાણીની નીચે રહી શકે છે.

✦ દુનિયાભરની વનસ્પતિઓ સૂર્યપ્રકાશની હાજરીમાં પોતે મૂળ વાટે શોષેલા પાણી અને પાંદડાંઓમાં પોતાનો ખોરાક બનાવે છે. દુનિયાભરની બધી વનસ્પતિઓ થઈને આખા વર્ષમાં પ્રકાશ સંશ્લેષણની આ ક્રિયા કરીને કુલ ૩૦૦ અબજ ટન જેટલી શર્કરા (ખાંડ) ઉત્પન્ન કરે છે!

જો વનસ્પતિઓ, પ્રાણીઓ અને પક્ષીઓ આવી પ્રચંડ કુદરતી શક્તિ ધરાવતા હોય તો તેમનું અનુકરણ કરીને શા માટે માનવીએ યંત્રો, આધુનિક શસ્ત્રો, ડિઝાઈનો, યાતાયાતના સાધનો, રોબોટ (યંત્ર માનવ) વગેરે ન બનાવવા જોઈએ? જો 'બાયોમિમિક્રી' નો આધાર લઈને અવનવા સાધનો બનાવવામાં આવશે તો તેઓ ઓછા ખર્ચાળ અને વધુ કાર્યક્ષમ હશે.

હવે 'બાયોમિમિક્રી' (જૈવ અનુકરણ) કરીને માનવીએ કયા ઉપયોગી વૈજ્ઞાનિક સાધનો બનાવ્યા છે, તેના એક બે ઉદાહરણો લઈએ. આથી આપણે સમજી શકીશું કે આ બાયોમિમિક્રી આ ઝડપી યુગમાં આપણને કેટલા અંશે લાભકારક બની શકે તેમ છે. બાયોમિમિક્રીના ખૂબ જ પ્રખ્યાત એવા નમૂનાઓ 'બૂલેટ ટ્રેઈન' અને 'સુપરસોનિક જેટ' છે.

બુલેટ ટ્રેઈન એ બાયોમિમિક્રીનું એક ઉત્તમ ઉદાહરણ છે. ઈ.સ. ૧૯૬૪ માં જાપાનની સીંકનસેન રેલવે પર જ્યારે બુલેટ ટ્રેઈનને દોડાવવામાં આવી હતી ત્યારે તેની ઝડપ કલાકના ૧૨૦ માઈલની હતી. પરંતુ આટલી ઝડપી દોડમાં આ બુલેટ ટ્રેઈનને એક મુશ્કેલી પડતી હતી. તે મુશ્કેલી એ હતી કે જ્યારે ટ્રેઈન ગરનાળામાંથી બહાર નીકળતી હતી ત્યારે એકદમ ભારે અવાજ ઉત્પન્ન થતો હતો. આ ભારે અવાજને કારણે મુસાફરો ભયભીત અને બેબાકળા બની જતા હતા.

તે વખતે પક્ષી જગતના ભારે અભ્યાસુ એવા એક જાપાની વિજ્ઞાની ઈજી નિકાત્સુએ આ અવાજનો અભ્યાસ કર્યો. જ્યારે બુલેટ ટ્રેઈન ગરનાળામાંથી પસાર થાય છે ત્યારે તેનું એન્જિન પવનની એક દીવાલ રચે છે. જ્યારે આ ટ્રેઈન ગરનાળામાંથી બહાર નીકળે છે ત્યારે એન્જિન દ્વારા રચાતા પવનની દીવાલ બહારની હવા સાથે અથડામણમાં આવે છે. પરિણામે ભારે ઘોંઘાટ ધરાવતો અવાજ ઉત્પન્ન થાય છે. એટલું જ નહિ, પણ બુલેટ ટ્રેઈનની ગતિ પણ 'પીકઅપ' થતી નથી. ઈજી નિકાત્સુએ આ સમસ્યાનું પૃથક્કરણ કરીને તેનો ઉપાય શોધવા પ્રયત્ન કર્યો. આ ટ્રેઈન જો ઓલિમ્પિક 'ડાઈવર' (ડૂબકી મારનાર) પક્ષી કિંગફીશરની જેમ પવનની દિવાલને વિખેરી શકે તો આ પ્રશ્ન જરૂર હલ થાય. આ કિંગફીશર પક્ષી લાંબી તીક્ષ્ણ પાંખ ધરાવે છે. તે સરોવરની આસપાસની ઝાડીમાં રહે છે અને જેવી તેને માછલી દેખાય તેવું આ પક્ષી તે માછલીનો શિકાર કરવા માટે વીજળીવેગે પાણીમાં ઝંપલાવે છે. તેની જે ચાંચ છે તે છરી જેવી ધારદાર હોય છે. તે ચાંચ હવાને વિખેરી નાખે છે, તેથી આ પક્ષી વિદ્યુતવેગે પાણીમાં પ્રવેશ કરે છે ત્યારે કોઈ પણ પ્રકારનો અવાજ ઉત્પન્ન થતો નથી!

ત્યાર પછી આ વિજ્ઞાની નકાત્સુએ ગરનાળામાથી પસાર થતી બુલેટ ટ્રેઈન પોતાની આસપાસ ઉત્પન્ન થતી હવાને

**(અનુસંધાન : જુઓ પાના નં.-33 ઉપર)**

વિચાર મંચ

# ભણેલા આટલાં અભણ કેમ....?

• દિનેશ પાંચાલ - જર્નાલિસ્ટ •

આપણા અવકાશયાત્રી સુનિતા વિલિયમ્સે કહેલું : 'હું અવકાશમાં જઈ આવી પણ ઉપર મને કોઈ ઠેકાણે ઈશ્વર દેખાયો નથી. સ્વર્ગ નર્ક પણ ક્યાંય દેખાયાં નહીં!' વાત સાચી છે. ખગોળશાસ્ત્રીઓ બ્રહ્માંડમાં નવા તારા, નક્ષત્રો કે ગ્રહો શોધે છે. પણ સ્વર્ગનર્કના ઈલાકાઓ તેમના દૂરબીનમાં ક્યાંય દેખાયાં નથી. માણસને ધર્મગુરુઓએ પઢાવેલા મોક્ષના પાઠને કારણે તેઓ એવા ભીંત ભૂલ્યા છે કે ગાય છે જ નહીં અને તેઓ જીવનભર ખાલી ખૂંટાને ઘાસ નીરતા રહે છે. એક હાથમાં તપેલી અને બીજા હાથમાં ઘાસ છે. દૂધનું ટીપુંય મળતું નથી છતાં કર્મકાંડ વિના માણસને ચાલતું નથી.

ઘણીવાર વિચાર આવે છે, એ કયું પરિબળ હશે જે માણસને હોમ-હવન, પૂજા-પાઠ, વ્રત-ઉપવાસ જેવાં કર્મકાંડો તરફ દોરી જાય છે? અશિક્ષિતોનું તો સમજયાં પણ ડૉક્ટરો, વકીલો, અધ્યાપકો, એન્જિનિયરો, સાહિત્યકારો અરે! કેટલાંક વિજ્ઞાનીઓ સુદ્ધાં કર્મકાંડો કે ગુરુ બાબાઓમાં અતૂટ શ્રદ્ધા રાખે છે. તેમની ટીકા કરીએ તો લોકો લખનારા પર 'નાસ્તિક' કે 'પાપી' જેવાં વિશેષણો ઠોકી દે છે. નમ્રભાવે કહીએ કે અમે ઘરમાં આજપર્યંત સત્યનારાયણની કથા, પૂજા કે યજ્ઞો કરાવ્યાં નથી. ઉપવાસો કર્યા નથી. રામકથા સાંભળી નથી. કાશી, મથુરા કે હરદ્વાર પણ ગયા નથી છતાં સુખી છીએ. બીજી તરફ જેઓ એ બધામાં રચ્યાપચ્યાં રહે છે છતાં તેઓ તરેહ તરેહના દુ:ખોમાં રીબાતાં જોવા મળે છે. એવી સેંકડો ઘટનાઓનો ઝીણવટથી અભ્યાસ કર્યા પછી એવું સમજાય છે કે સુખ-શાંતિના મૂળિયાં કર્મકાંડોમાં નથી, ક્યાંક બીજે છે. જેમને એ માર્ગે શાંતિ મળે છે તેમનો કદી વિરોધ પણ કર્યો નથી. શક્ય છે તેમને મૂલવવામાં અમે ક્યાંક ભીંત ભૂલતા હોઈએ... અમારી સમજ બહારનું કોઈ અકળ કારણ ભાગ ભજવતું હોય. સ્વ. કવિશ્રી રમેશ પારેખની પંક્તિમાં કહું તો : 'એમ ના કહેવાય કે વરસાદ ના પડ્યો... કહો કે આપણે ના પલળ્યાં...!'

વર્ષો પૂર્વેનો એક પ્રસંગ યાદ આવે છે. એકવાર અમિતાભ બચ્ચન અને વિનોદ ખન્નાની ફિલ્મ 'મુકદ્દરકા સિકંદર' જોવા ગયા હતાં. સાથે નાનો બાબો હતો. એ અમિતાભ બચ્ચનને ઓળખતો થયો હતો પણ વિનોદ ખન્નાનો એને ઝાઝો પરિચય ન હતો. એના સવાલો શરૂ થયાં - 'પપ્પા, અમિતાભ બચ્ચન સિકંદર છે તો મુકદ્દર કોણ છે?' મેં ભોળાભાવે સાચો જવાબ આપ્યો - 'બેટા, મુકદ્દર કોઈ માણસ નથી. મુકદ્દર એટલે નસીબ - ભાગ્ય!' પણ એના મનનું સમાધાન ના થયું. એણે માથાકૂટ ચાલુ રાખી. બીજા દર્શકો પણ ડિસ્ટર્બ થતાં હતાં. મને સમજાયું કે આ અઢી ફૂટનો અમિતાભ સૌની મજાની ઐસીતૈસી કરી નાખે તે પહેલાં એને ચૂપ કરવો જરૂરી છે. તેથી મેં વિનોદ ખન્નાને બતાવીને કહ્યું - 'આનું નામ મુકદ્દર...' એના મનનું સમાધાન થઈ ગયું. પણ બહુ મોટી ઉંમરનો થયો ત્યાં સુધી એ વિનોદ ખન્નાને મુકદ્દર સમજતો રહ્યો હતો.

માણસને પણ ધર્મગુરુઓએ કેટલાંક ખોટાં જવાબો ગળથૂથીમાંથી ઘૂંટાવ્યાં છે. દીકરો સમજણો થયા પછી સત્ય સમજી શકે, પણ માણસ ડૉક્ટર, વકીલ કે એન્જિનિયર થાય તો પણ પેલા ધાર્મિક અસત્યોને ફગાવવા તૈયાર નથી. કર્મકાંડોથી મુકદ્દર નથી બદલી શકાતાં. છતાં તે તરેહ તરેહના કર્મકાંડો કર્યે રાખે છે. લગ્ન ન થતાં હોય તો લોકો અખબારોમાં જાહેરાત આપવાને બદલે બ્રાહ્મણોને ખેરાત કરે છે. કોઈને બાળક ન થતાં હોય તો ગાયનેકોલોજિસ્ટને બદલે જ્યોતિષીને મળે છે. વરસાદ ન પડે (અથવા અમિતાભ બચ્ચન બીમાર પડે) તો આખો દેશ યજ્ઞો કે પૂજાપાઠ કરવા લાગી જાય છે. ધંધો ના ચાલતો હોય તો ગુરૂવાર કરે છે. એ યાદ રાખવું પડશે કે વ્રત કરો પણ જીભ પર ઈમાનદારીનું સત ના હોય તો મુશ્કેલી ઊભી થાય છે. કોઈ યુવાન ઉપવાસમાં એક ટાઈમ અન્નનો ત્યાગ કરે પણ બીજી તરફ દિવસમાં ગુટકાની ચોવીસ પડીકી આરોગી જાય ત્યારે સમજવું કે એ અમૃત ત્યજીને ઝેર પીવાની ભૂલ કરે છે. (ભૂલ પણ કેવી...? અન્નનો અપરિગ્રહ અને વ્યસનોનો વ્યાસંગ...!) મળસ્કે ઊઠીને અગિયારવાર માળા ભલે ફેરવો પણ પછી ગલ્લા પર બેસીને બાવીસ ગ્રાહકોને લૂંટો તો બચી ન શકાય. આજનો કહેવાતો ધર્મ માણસને અનીતિથી બચાવે એવી ઢાલ બની રહેવાને બદલે પાપને પોષતી દીવાલ બની ગયો છે. રોજ માળા કરો પણ વ્યવહારમાં કર્મ કાળા કરો તો બચી ના શકો. કર્મકાંડોથી નહીં પણ સદ્‌કર્મોથી જ માણસનું કલ્યાણ થઈ શકે છે. ઉપર સ્વર્ગ નર્ક હોય કે ન હોય, પણ ધરતી પર માનવતા અને સૌજન્યપૂર્ણ વર્તાવ

જેવું સ્વર્ગ બીજું એકે નથી. સુખી થવા માટે ધર્મગ્રંથો નહીં માણસના મન વાંચવાની જરૂર છે. યાદ રહે, સુખશાંતિ મંદિરમાંથી નહીં મનમાંથી જન્મે છે. રોજ મળસ્કે ઊઠીને ગીતાના ચાર અધ્યાય વાંચતો માણસ કોકની મિલકત પચાવી પાડવા કાવાદાવા કરે તો કૃષ્ણ રાજી ન થાય બલકે હાલત કૌરવો જેવી થાય. કોક નાસ્તિક મંદિરે ન જાય પણ ઝૂંપડપટ્ટીમાં જઈને ભૂખ્યાં બાળકોને અન્ન કે વસ્ત્રો પૂરાં પાડતો હોય તો સંભવતઃ ખુદા એને ખુદ પૂછે – 'બતા તેરી રઝા ક્યા હૈ?'

તાત્પર્ય એટલું જ કે ધર્મ એટલે ઘીનો દીવો, અગરબત્તી કે નારિયેળ નહીં; ધર્મ એટલે ફરજ, માનવતા, ઈમાનદારી, અને દુઃખીઓના આંસુ લૂછવાની ભાવના. સ્વામી વિવેકાનંદે કહેલું – 'ઈશ્વર સામે જોડાતા બે હાથ કરતાં દુઃખીઓના આંસુ લૂછવા આગળ વધતો એક હાથ વધુ ઉપયોગી છે!' ખરી વાત એટલી જ, કોઈ પણ ધર્મ પાળો પણ માનવધર્મને અગ્રક્રમે રાખો. ધર્મને નામે અધર્મની આરતી ના ઉતારો. પથ્થરની મૂર્તિ સમક્ષ થાળ ભલે ધરો પણ ઝૂંપડપટ્ટીના ભૂખ્યાં બાળકોને પણ થોડું ભોજન આપો. શિવલિંગ પર દૂધ રેડશો તો એ ગટરમાં ચાલ્યું જશે. ભૂખ્યાઓની જઠરને શંકરનું લિંગ સમજીને એ દૂધ એ સૂકી ગટરમાં ઠાલવો. શ્રદ્ધાથી મનને શાંતિ મળતી હોય તો બેશક શ્રદ્ધા રાખો પણ શ્રદ્ધાનું સ્થાન હાથરૂમાલ જેવું છે. તે ગજવામાં શોભે, ખભે નહીં. માણસ મૈયતમાં ખભે ટુવાલ નાખતો હોય છે. બુદ્ધિનું ઉઠમણું થાય ત્યારે તે અંધશ્રદ્ધાનો ટુવાલ ખભે નાખીને ફરે છે. આખું જીવન પાપ કરો પછી પાપ ધોવા ગંગામાં ડૂબકી મારો ત્યારે ખિસ્સાનો રૂમાલ ટુવાલ બની ખભે આવી પડે છે.

લાંબી લમણાઝીંકમાં પડ્યા વિના બે ચાર વાત ગાંઠે બાંધી લેવા જેવી છે.

૧. ભગત-ભૂવાથી ભાગ્યના લેખ મટતાં નથી.
૨. સદ્કર્મોથી જે કલ્યાણ થઈ શકે તે કર્મકાંડોથી થતું નથી.
૩. પૂજાપાઠ કરાવવાથી સંતાનો પરીક્ષામાં પાસ થતાં નથી.

મોરારિબાપુની સલાહ કાનની બુટ ઝાલીને માનવી પડશે – 'ઘરમાં ઉદ્ભવેલી સમસ્યાનો ઉપાય હરદ્વારમાંથી ન મળે. એ તો ઘરમાંજ ઉકેલવી પડે!' બચુભાઈ ઉમેરે છે : 'માથાનો દુઃખાવો પગના તળિયે બામ ઘસવાથી દૂર ન થાય. સંસારની આગને વિવેકબુદ્ધિના પાણીથી હોલવી શકાય. અંધશ્રદ્ધાનું પેટ્રોલ છાંટશો તો ભડકા મોટા થશે. સગો પિતા દૈવીશક્તિ સિદ્ધ કરવા માટે દીકરાનો બલિ ચઢાવે ત્યારે જે ભડકો થાય છે તેની જ્વાળાઓ પેપરના પાને પ્રગટી ઊઠે છે. ખાસ કરીને સૌરાષ્ટ્રમાં એવાં ભડકા વિશેષ થાય છે. (હમણાં એવા સમાચાર મળ્યા કે સૌરાષ્ટ્રના કોઈ ગામમાં સગી માતાએ દીકરાનો બલિ ચઢાવી દીધો) એકવીસમી સદીમાં કોમ્પ્યુટર, ઈન્ટરનેટ અને ઉપગ્રહોની બોલબાલા ભેગી અંધશ્રદ્ધાઓની બલા પણ રેસમાં ઉતરી છે. ચૂંટણીમાં પંજો જીતે કે કમળ તેનું ખાસ નુકસાન નથી, પણ જીવન વ્યવહારમાં અંધશ્રદ્ધા બિનહરીફ ચૂંટાતી આવી છે તે મોટા દુઃખની વાત છે. ચાલો આપણે સૌ ભેગા મળી એવી કોશિષ કરીએ કે વિવેકબુદ્ધિવાદનો વિજય થાય અને અંધશ્રદ્ધાની ડિપોઝીટ ડૂલ થાય.

જરા વિચારો તો ખરા, કરોડો માણસોના હજારો ધર્મો અને સેંકડો ભગવાનો... દુઃખ સૌના સરખાં... લોહી સૌનું સરખું... આંસુ અને આઘાતોમાં કોઈ ફેર નહીં... સૌના ભોગવટા, જીવનવટા અને સ્મશાનવટા પણ સરખાં... તો પછી ધર્મવટા કે સંપ્રદાયવટા કેમ જુદાં...? ઈન્સાન સૌ સરખાં તો ભગવાન કેમ જુદાં...? અંધશ્રદ્ધાળુઓનું તો સમજ્યા પણ શા માટે એક અધ્યાપક કે ડૉક્ટરની કારમાં પણ સ્ટિયરીંગ આગળના અરીસા પર લીંબુ અને મરચું લટકતું જોવા મળે છે? શિક્ષિત લોકો આ એકવીસમી સદીમાંય હજી અંધશ્રદ્ધામાં કેમ અટવાય છે? સુરેશ દલાલે સાચી ફરિયાદ કરી છે – 'ભણેલા આટલાં અભણ કેમ?' ચાલો વિચારીએ.

*સી-૧૨, મજૂર મહાજન સોસાયટી,*
*ગણદેવી રોડ, પો. કાલિયાવાડી, જમાલપોર*
*નવસારી-૩૯૬ ૪૨૭.*
*મો. ૯૪૨૮૧ ૬૦૫૦૮*
**Email : dineshpanchal.249@gmail.com**

## હશે - હસે

*ધડાક! દઈને પથ્થર વાગ્યો.*
*તરુવર બોલ્યું : હશે - હશે*
*ઉલટ ધરીને ફળ દઈ દીધું*
*પાછું કેવું હસે હસે!*

*તીક્ષ્ણ કંટક અંગે ભોંકાયા*
*ફૂલડું બોલ્યું : હશે - હશે*
*મારી એની દોસ્તી સદાની*
*સુગંધ આપી હસે - હસે*

*પવન ખેંચી દૂર દૂર ચાલ્યો*
*વાદળ બોલ્યું : હશે - હશે*
*પર્વત પર અથડાવી દીધું*
*ઝરમર વરસી હસે - હસે*

*દુઃખના ડુંગર તૂટ્યા માથે*
*કહે સંતજન : હશે - હશે*
*જગના દુઃખે દ્રવી પડે દિલ*
*નિજના દુઃખે હસે - હસે*

**– પોપટલાલ ડગલી**

**પ્રેષક : શાંતિલાલ સંઘવી - અમદાવાદ**

# ક્ષમા, સહનશીલતા કે ન્યાય?

• મુરજી ગડા •

ક્ષમા અને સહનશીલતા વિશે એક આદર્શ તરીકે ઘણું લખાયું અને કહેવાયું છે. બધી ધાર્મિક વિચારધારાઓમાં એમનું આગવું મહત્ત્વ છે. જોકે એમની વ્યવહારિક મર્યાદાઓ વિશે સાવ ઓછું ચર્ચાય છે.

ન્યાયતંત્રમાં ક્ષમાના વિરોધી દંડ અથવા સજા છે. જ્યારે વ્યવહારમાં ક્ષમાનો વિકલ્પ બદલો અથવા સમજૂતીથી પ્રામાણિક વ્યવહાર થાય છે.

અજાણતા થયેલી નાની ભૂલની ક્ષમા હોઇ શકે પણ જાણતા હોવા છતાં નિયમોનું પાલન ન કરવું, કાયદાનું ઉલ્લંઘન કરવું, એ સજાને પાત્ર બને છે. એ માટે કાયદો, વ્યવસ્થાતંત્ર અને ન્યાયતંત્રનું માળખું રચાયું છે.

ધાર્મિક દૃષ્ટાંત કથાઓમાં ક્ષમાનો મહિમા બતાવવા, રીઢા ગુનેગારોને ક્ષમા કરવાથી એનું હૃદય પરિવર્તન થયાની ઘણી વાર્તાઓ છે. વાસ્તવમાં એવું ક્યારે પણ જોવા મળતું નથી.

જાહેર જીવનમાં ગુનાની ક્ષમા ન હોઇ શકે. ગુનેગાર પ્રત્યે ઉદારતા દાખવવા જતાં એના શિકાર બનેલ સાથે અન્યાય થાય છે. તેમજ ભવિષ્યમાં બીજા નિર્દોષ પણ એનો શિકાર બની શકે છે.

ન્યાયતંત્રનું માળખું દરેક ભૂલ કે ગુનાને અનુરૂપ સજા થાય એવા પાયા પર રચાયેલું છે. જ્યારે એનું પાલન નથી થતું ત્યારે જાહેર જીવન અસ્તવ્યસ્ત થઇ જાય છે. દેશમાં વધતી ગુનાખોરી પાછળ આપણા વ્યવસ્થાતંત્ર અને ન્યાયતંત્રની નબળાઇ રહેલી છે. જાહેર શિસ્ત માટે જાણીતી પ્રજાના વર્તન પાછળ એમના દેશના કાયદા અને ન્યાયતંત્રની સફળતા રહેલી છે.

દરેક સમાજનો મોટો વર્ગ એવો છે જે માત્ર સજાના ડરથી ગુનો કરતો અટકે છે. સજાનો ડર ન હોય તો કાયદાને અવગણે છે. પછી એ ગંભીર ગુનો હોય કે વાહન વ્યવહારના સામાન્ય નિયમનો ભંગ હોય, વૃત્તિ સરખી જ છે. (આ લેખમાં ''સમાજ'' શબ્દ દેશ, પ્રાંત, જાતિ વગેરે બધાને આવરી લે છે.)

આ બધી વાતો જાહેર જીવનને લગતી બાબતોની થઇ. આમાં કંઇ નવું નથી કહ્યું. અહીં સાચું ખોટું જાણવું પ્રમાણમાં સહેલું છે. કાયદામાં ગુના પ્રમાણેની સજા સ્પષ્ટ આલેખાયેલ છે. ''ક્ષમા વીરસ્ય ભૂષણમ્'' એ સૂત્ર જાહેર જીવનને લાગુ પડતું નથી.

તો પછી બધી ધાર્મિક વિચારધારાઓમાં ક્ષમાને આટલું મહત્ત્વ શા માટે આપવામાં આવ્યું છે?

એક કારણ એ છે કે જ્યારે ધાર્મિક વિચારધારાઓ અસ્તિત્વમાં આવી ત્યારે ન્યાય તોળવાની આટલી વિસ્તૃત પદ્ધતિ વિકસી નહોતી. કાયદાઓ સ્પષ્ટ નહોતા. રાજાઓ, ધર્મગુરુઓ, સમાજના આગેવાનો વગેરે મરજી પ્રમાણે ફેંસલો સંભળાવી દેતા હતા. જેમાં ન્યાય સાથે અન્યાયની શક્યતા પણ એટલી જ હતી. એના વિકલ્પરૂપે ક્ષમા કરવાનો માર્ગ સૂચવાયો. એનાથી દોષિત ક્યારેક છૂટી જાય પણ નિર્દોષને ખોટી સજામાંથી બચાવી લેવું વધારે અગત્યનું હતું. આધુનિક ન્યાય પદ્ધતિ નવી દુનિયાની શોધ અને દેન છે.

બીજા કારણમાં અંગત સંબંધોની નાજુકતા જાળવવા અને આત્મશાંતિ માટે ક્ષમા જરૂરી ઔષધ છે. અંગત સંબંધોમાં બધું ખૂબ ગૂંચવાયેલું હોય છે. ત્યાં ખાસ ગુના નહીં પણ ગેરવાજબી અપેક્ષાઓ, અણઆવડત, જરૂરી ખુલાસાઓનો અભાવ વગેરેને લીધે ગેરસમજ ઊભી થઇ સંબંધ બગડતા હોય છે. આવા પ્રશ્નોના ઉકેલ માટે ન્યાય તોળવાની કોઇ વ્યવસ્થા ન હોવાથી ક્ષમાનો માર્ગ સુચવાયો છે.

જૈન વિચારધારા કદાચ એકજ એવી છે જ્યાં વાર્ષિક ધોરણે સામૂહિક ક્ષમાપના મંગાય છે અને અપાય છે. જોકે આ ઉમદા પ્રથા એક સામાજિક પ્રસંગ માત્ર બની ગઇ છે. એનો મૂળ હેતુ સરતો જણાતો નથી.

નાની અમથી વાતમાં સોરી કે થેંક યૂ કહેતી પ્રજાના શિષ્ટાચારની આપણે હળવી મજાક કરીએ છીએ. જ્યાં સાચેજ જરૂરી હોય ત્યાં પણ ક્ષમા ન માંગવા કે આભાર વ્યક્ત ન કરવા માટે આપણે ''ખોટો શિષ્ટાચાર'' કહી આપણી ખામીનો પાંગળો બચાવ કરીએ છીએ.

સાચા અર્થમાં ક્ષમા માંગવી અને આપવી બન્ને અઘરાં છે. ક્ષમા માંગવામાં અહમ્ આડો આવે છે જ્યારે ક્ષમા આપવામાં ન્યાય ન થયાનો અફસોસ રહે છે. સાચી ક્ષમા માંગવી હોય તો પોતાના સાચાપણાના આગ્રહને જતો કરવો પડે છે. સાચી ક્ષમા આપવામાં માંગનારની શરણાગતિ નહીં પણ નમ્રતા જોવાની છે.

ક્ષમા માંગવી ત્રણ પગલાંની ક્રિયા છે. સૌપ્રથમ સામી વ્યક્તિને ખાસ એજ હેતુસર મળી, આડી અવળી વાત કરવાને બદલે, નજર મેળવી આપણાથી થયેલ ભૂલનો એકરાર કરવાનો છે. બીજું પગલું એવી ભૂલ ફરી ન થાય એની ખાતરી આપવાની છે. ત્રીજું પગલું આપણા લીધે એમને થયેલી હાનિ કઇ રીતે સમારી શકાય એ પૂછીને તે પ્રમાણે કરવાનું છે. આટલું ન કરીએ ત્યાં સુધી સાચી ક્ષમા માંગી ન કહેવાય.

વાસ્તવિક્તા એ છે કે આપણે ત્યાં માત્ર બે મિનિટ લેતા આ ત્રણ પગલાં ભરાતા ક્યાંય જાણ્યા નથી. અમેરિકામાં પ્રત્યક્ષ જોયા

છે. આપણા આદર્શથી વાસ્તવિકતા કેટલી દૂર છે એનો આ એક વધુ દાખલો છે. વ્યવહારમાં જેનું આચરણ કરાય છે તે મજબૂરીથી કે ફાયદા માટે કરેલી બાંધછોડ છે, સાચા અર્થની ક્ષમા નથી. વિખવાદના મૂળ કારણનો ઉકેલ ન શોધાય ત્યાં સુધી સમાધાન શક્ય નથી હોતું. ત્યાં ક્ષમા એક ઔપચારિકતા માત્ર છે.

સાચી રીતે મંગાતી હોય તો ક્ષમા આપવાની સામે પક્ષે ફરજ બની જાય છે. ક્ષમા આપ્યા પછી એ બાબત કે પ્રસંગનો ઉલ્લેખ ફરી ક્યારેય ન કરાય. એ બાબત મનમાં કડવાશ પણ ન રખાય. ભૂતકાળમાં બનેલો કડવો પ્રસંગ સદંતર ભૂલી જવો શક્ય નથી પણ એને પરાણે યાદ ન કરવું આપણા હાથમાં છે. મનમાં આવતા વિચાર પર કાબૂ ન રખાય પણ એ વિચારોને શબ્દો દ્વારા વ્યક્ત ન કરવાનો નિર્ણય આપણો છે.

જાહેર સ્થળે કોઇને આવકારવાથી કે સામાજિક પ્રસંગે આમંત્રણ આપવાથી ક્ષમાયાચના નથી થઇ જતી. આવા આડકતરા સંકેત પાછળ નમ્રતા અને ઉદારતા કરતાં સ્વાર્થ વધુ હોય છે. સામા પક્ષે તે સ્વીકારાઇ જાય એવી અપેક્ષા રાખવી વધુ પડતી કહેવાય.

એક રીતે જોઇએ તો ક્ષમા માંગવી અને આપવી સામી વ્યક્તિ કરતાં આપણા માટે વધુ જરૂરી છે. સાચા કે માની લીધેલા અન્યાયને ભૂલવું ખૂબ અઘરું છે. તેમજ દરેક અન્યાયનો ન્યાય થવો પણ શક્ય નથી. જીવનભર બદલાની આગમાં બળતા લોકોની મનોદશા અને એના પરિણામ બતાવવા માટે તો વેદવ્યાસે મહાભારત રચ્યું છે. સામાન્ય રીતે મહાભારતની કથાને ધર્મયુદ્ધની કથા ગણવામાં આવે છે. આ લેખકને મહાભારતનો મુખ્ય સંદેશ, દરેક પાત્રની બદલાની ભાવના સર્વનાશમાં પરિણમતી બતાવવાનો છે. આવા સંજોગોમાં સર્વનાશ નિવારવા સાચા અર્થની સામૂહિક ક્ષમાપના યુદ્ધનો વિકલ્પ બની શકી હોત.

માંગ્યા વગર સામેથી અપાતી ક્ષમાનો હેતુ સમજવો વધારે અઘરો છે. ક્યારેક જ તે આત્મશાંતિ માટે હોય છે. મોટેભાગે એમાં ઉદારતા કરતાં ઘમંડ (arrogance) વધારે હોય છે. એમાં પોતાની ભૂલનો એકરાર નહીં પણ બધો દોષ સામા પક્ષે હોવાના આગ્રહ સાથે પોતાના મોટાપણાનો આડંબર રહેલો છે. વ્યવસાયમાં ઉપરીનાં હાથ નીચેના લોકો સાથેના વર્તનમાં તેમજ કુટુંબમાં કેટલાક વડીલોના વર્તનમાં આવું ખાસ જોવા મળે છે.

જેવી રીતે બાળકની દરેક જીદ પૂરી કરવાથી કે એની બધી ભૂલો માફ કરવાથી એ બગડી શકે છે, એજ રીતે દરેક વાતમાં મોટાઓનો અહમ્ પોષવાથી નકારાત્મક પરિણામ આવી શકે છે. આપણામાં ઉંમરને અપાતા વધુ પડતા મહત્ત્વના કેટલાક ગેરફાયદા પણ છે. સભ્ય વર્તનની જવાબદારી નાના મોટા બધાની હોય છે. આનો અર્થ વડીલોને અવગણવાનો નથી પણ સત્ય અને સભ્યતાને નમ્રતા કરતાં આગળ મૂકવાની, વધુ મહત્ત્વ આપવાની વાત છે. કહેવાતા જનરેશન ગેપ પાછળ આ પણ એક કારણ છે.

કેટલાક લોકોને વાતવાતમાં વણમાગી સલાહ આપવાની ટેવ હોય છે. ઘણાને તે ગમતી નથી છતાં સભ્યતાની રૂએ એમને ચૂપચાપ સાંભળી લે છે. એજ રીતે વાતવાતમાં આપવડાઇ કરનાર તેમજ સતત બીજાની નિંદા કરનારને, ગમતું ન હોવા છતાં, ઘણા લોકો સહન કરી લે છે. રોજબરોજના વ્યવહારમાં બતાવાતી આવી સહનશીલતા કેટલી વાજબી અને જરૂરી છે?

સહનશીલતા આપણો ખાસ ગુણ ગણાય છે. અછતમાં નભાવી લેવું યોગ્ય છે. કુદરતના પરિબળોને સહન કરવા જરૂરી છે પણ કોઇની ઉદ્ધતાઇ સતત સહેવી જરૂરી નથી. સહનશીલતા અને કાયરતા વચ્ચેની પાતળી ભેદરેખા ક્યારે ઓળંગાઇ જાય છે એનો ઘણાને ખ્યાલ રહેતો નથી.

સહનશીલતાનો વિકલ્પ એકમાત્ર સંઘર્ષ નથી, અસહકાર અને અવગણના પણ છે. જેમને વણમાગી સલાહ જોઇતી હોય, પરનિંદામાં કુતૂહલ સાથે રમૂજ જણાતી હોય એમના માટે કોઇ પ્રશ્ન નથી. જેમને આવું બધું વાજબી ન લાગે એમણે આવા પ્રસંગ અને વ્યક્તિઓથી દૂર રહેવું જરૂરી છે અને પૂરતું છે.

જે સમાજમાં આ પ્રકારના અભદ્ર લોકોની સંખ્યા ઓછી હોય તેમજ જાહેરમાં શિસ્ત અને સ્વચ્છતા જાળવનારા વધુ હોય એ સમાજ વધુ સભ્ય અને સંસ્કારી ગણાય છે. કેટલાક સમાજોમાં ક્ષમા અને સહનશીલતાના ધોરણ સ્ત્રી અને પુરુષ માટે અલગ હોય છે. ત્યાં પુરુષોના મનઘડંત કાયદા પ્રમાણે બધો ન્યાય કરવામાં આવે છે. બાકીની દુનિયા એમને અંતિમવાદી ગણે છે.

આમની સરખામણીએ ભારત જેવા દેશમાં ન્યાયનું માળખું યોગ્ય છે પણ ન્યાયપાલન સાવ પાંગળું છે. "હોતા હૈ, ચલતા હૈ, જાને દો" જેવી મનોવૃત્તિ, સહનશીલતાને નામે કાયરતાને નભાવે છે, અરાજકતાને પોષે છે. ક્ષમા અને સહનશીલતા, ગુણને બદલે નબળાઇ બની જાય છે. સદીઓની ગુલામીને લીધે આપણામાં વધુ પડતી સહનશીલતા આવી છે કે પછી વધુ પડતી સહનશીલતાએ ગુલામીને પોષી છે તે એક સંશોધનનો વિષય છે. વ્યક્તિ સ્વાતંત્ર્યના અભાવે પણ એમાં ઘણો ભાગ ભજવ્યો છે.

ક્ષમા, સહનશીલતા અને બદલો – એ ત્રણેય કરતાં યોગ્ય ન્યાય થવો વધારે અગત્યનું અને જરૂરી છે. એમાં સંસ્કૃતિનો વિકાસ છે. ભારત જેવો વિશાળ, વિભિન્ન અને સમસ્યાઓથી ઘેરાયેલો દેશ બધા જ ક્ષેત્રોમાં ઝડપી સુધારા ન કરી શકે. દરેક સમાજ પોતાના સામાજિક પ્રશ્નોનો ઉકેલ જાતે શોધે તે જરૂરી છે. હવે ઘણા લોકો દેશવિદેશના સમાજોના સંપર્કમાં આવ્યા છે. એમનું સારું જણાય તે અપનાવવું આપણા હિતમાં છે.

*૧, શ્યામવાટિકા સોસાયટી,*
*વાસણા રોડ, વડોદરા-૩૯૦ ૦૦૭.*
*મો. ૯૭૨૬૭ ૯૯૦૦૯*
*E-mail : mggada@gmail.com*

માહિતી

# નિસર્ગધામ

• ડૉ. ગિરીશ વીછીવોરા •

અત્યાર સુધીમાં કંઈ કેટલીયેવાર લોનાવલામાં રહેવાનું થયું છે. એના સૃષ્ટિ સૌંદર્યની મોહિની હજુ અધૂરી જ રહી છે. કર્જતથી ગાડી ઉપડે, ભારેપગી થતી જાય તેમ તેમ ઉત્કંઠા વધતી જાય. બોગદાના બોગદા. એક જાય બીજું આવે. બધાની ખાસિયત અલગ. કોઈ ટૂંકા, કોઈ લાંબા; કોઈ વાંકા, કોઇ ચૂંકા. ઘોર અંધકાર ફેલાઈ જાય. થોડીવારમાં જાણે ચમત્કાર થયો કે શું બધું ઝળાંહળાં. ઉજાસે મનમાં ધરપત વરતાય. જમણી તરફ નજર જાય. ચોમાસું હોય, વરસાદ પોરો ખાતો હોય તો એક અવિસ્મરણીય દૃશ્ય નજરમાં ભરાઈ જાય. ખીણની કોરે ખાબકતી ગાડી, મસમોટી આલાગ્રાન્ડ ખીણ, ને સામી કોર ડાઘિયા કૂતરા જેવા પહાડની સીધી ઉપરથી નીચે પડતી કરાડ. વનરાઈની વાત મૂકો. પહાડ પર વરસાદ વરસતો રહે. સ્વભાવ મુજબ પાણી પાણી નીચાણે વહે. કરાડે પહોંચ્યો કે ખાબકે. છલાંગ એવી મારે, સીધો પડે નીચે. વહેતી કોઈ નદીનું અંગ થઈ જાય. એ ખાબકતા વારિનો પ્રપાત પડતો આખડતો સરકતો રહે ત્યારે પાણી એક સેકન્ડના સોમાં ભાગ જેટલો સમય પણ ક્યાંય થોભતું નથી. અવિરત પડતું જ રહે છે. એનો એ સ્વભાવ છે. છેતરામણીની હદ ત્યારે જ થાય સામે છેડેથી જોતા આપણને એ સ્થિર થયેલું ભાસે. એના પતનનું આખું ચિત્ર નજરમાં ભરાય. ત્યારે ગતિ સ્થિર થયેલી ભાસે. નજર સંકોરાય, ખીણ નીચે પહોંચે, વહેતી નદીમાં ખાબકતું પાણી ને ફીણના ગોટેગોટા દેખાય ત્યારે જ એની પ્રપાતની ગતિનો ખ્યાલ આવે. અહીં તહીં આવા જળપ્રપાત, કોઈ મોટા કોઈ નાના; કોઈ મબલક વારિસભર કોઈ એકવડિયા, કોઈ ઊંચા, કોઈ નીચાની હારમાળા કરાડને ભરી દે. એવું અલૌકિક દૃશ્ય ઊભું થાય જાણે કોઈ કામધેનુંનું આખું ધણ, અહીં તહીં ફેલાયેલા સ્વયંભુ શિવલિંગ પર પોતાનું ક્ષીર વહાવી અભિષેક કરી રહ્યું હોય. એ કરાડની વારિધારા સાવ સફેદ ધોળી ચાદર જેવી હોય. સાપનું પેટ બહુધા સફેદ હોય. જાણે કોઈ મહાકાય સર્પો ઊંધા થઈ લટકતા હોય. પેલી જૂની કવિતાની કંડિકા યાદ આવી જાય. ‘ઝરણા ઉજળાં જળ નીતરતાં, કંઇ શ્વેત જ સર્પ સમા સરતાં, ગિરિ એહવી મૌક્તિક માળ વહે, ધન તે ધરતો કરમાંહી ગૃહે.’ માહોલ આખો ધુમ્રમય, આભાસી. એક દેવાંશી દૃશ્ય ઉઠે જે માણતાં હૃદય મલકાઈ ઉઠે.

પડતા પ્રપાતનું જળ હથેળીમાં ઝીલવું, શક્ય હોય તો માથાબોળ અંઘોળ કરવી એ મારી બીમારી છે. બચપણમાં તો ચોમાસામાં વરસાદ પડ્યો કે ઘણી જગ્યાએ જાણીતી હોય. જળનો અભિષેક જે રોમાંચ ઊભું કરે છે તે કળશિયાથી રેડેલું પાણી કે સાવરનો ફુવારો બિચારો ક્યાંથી ઉઠાવી શકે. પડી ટેવ તે નવ ટળે. ગેરસપ્પાના ધોધને સામે કાંઠેથી ઉપરથી જોયો. આગળ કયાંક બંધ બંધાયો છે એટલે વારિની માત્રા સીમિત. સામેની કરાડે બેસી એ બધું જોયું. સળવળાટ થયો. એક કેડી નીચે જતી જોઈ. ઉતર્યો. ધોધ સન્મુખ થયો. ધોધની મુખ્ય જળધારા આગળ જવું મૂર્ખાઈ જ કહેવાય. મુખ્ય ધારાની આજુબાજુ નાની નાની કુમળી કુમારિકા કેરી જેવી જળધારા જોઈ કે મામલો ખતમ. પંચમઢીમાં એક મુડદાલ ધોધ નીચે ધોવાયો. તેવું જ ઊટી, કોડાઈ, કુર્લાલમ, આખું કાશ્મીર ને બીજું ઘણું. ખરી મજા નાયગરાના ધોધને જોઈ થઈ. એને તો દૂરથી જ માણવાનો હોય. કદાચ પૃથ્વી પરનું વારિનું વિરાટ ને વિકરાળ સ્વરૂપ. નીચાણે વહી જતા વારિ પર આશાભરી મીટ માંડી યજમાને વીટો વાપરી વાત ઉડાવી દીધી. લોનાવલામાં અમારા હોટલવાળાને વાત કરી. નીચે ક્યાંક ખીણમાં પાણીનો સ્પર્શ પામવાની. કહે, ભોમિયાઓ લઈ જાય છે. તમે જે કહેશો તે બધું કરવાની હા ભણશે. ત્યાં ડેલે હાથ પણ નહિ લગાડી શકો. ઉમેર્યું, આ કંઈ તમારા ગામની નદી છે. ડુંગરા દૂરથી રળિયામણાં. મનોમન અંઘોળ કરો. મેં કરી.

તાતાની વીજળી ઉત્પન્ન કરતી કંપની જૂની ને જાણીતી નીચે ખપોલીમાં છે. સોએક વર્ષ પહેલાં પાણીનું બળ વાપરી વીજળી ઉત્પન્ન કરવાનો (Hydro Electricity) ખ્યાલ આવ્યો. અમલમાં મૂક્યો. ઘાટ ઉપર એક જળાશય બાંધી એનું પાણી નીચે વહાવવું. પડતા પાણીના બળે જનરેટર ફરે ને વીજ ચમકે. એ વલવન ડેમને એની આજુબાજુનો નજારો ગમે એટલીવાર ફરી ફરી જુઓ, દિલ વધુને વધુ માંગતું રહેશે. જળાશય, એની પાળ સુધી જવાનો રસ્તો, પાળ આગળ નાનકડું પ્રાંગણ, સહેલાણીઓ મુક્ત વિહાર કરી શકે ને ટેકરીઓ. એ ટેકરીઓ પર કોઈ કેડી પકડી ભ્રમણ કરવું, સ્વને નિરખવાનો અવસર બની રહે છે. કેડીઓ ઘણી છે એ અમસ્તી જ નથી બનાવી. કોઈને કોઈ કેડી કોઈક બંગલે પહોંચે. જ્યાં કોઈ મોટા અધિકારી રહેતા હોય.

આપણે ઘડીભર કેડીની રજા લઈ

એનો સંગાથ છોડીએ. મુક્તવિહાર કરીએ તો શુ ખોટું? અલબત્ત જરાક સાહસ સાથે જોખમ તો જોડાયેલું જ છે. છતાં હિંમતે મર્દા તો મદદે ખુદા. થોડીક અળવિતરાઈ થઈ જાય તો કંઈક પામી શકાય. ટેકરીની ટોચેથી વહેતું વારિ ક્યાંક વધુ, ક્યાંક ઓછું વહેતું રહેતાં ક્યાંક અવરોધ આવ્યો, તો પાર કરે ને વહે. અવરોધ ધ્વનિ ઉપસાવે. હવે એ ધ્વનિન્યાવાદે કંઈક પામવું હોય તો એની કોઈક નાજુક, નમણી, નગણ્ય સરવાણીને પકડવી પડે. જેટલું પાણી ઓછું એટલી સરવાણી સારી. એ સરવાણીને સથવારે ભમતા થઈએ તો એને ક્યાંક તો નાનો યા મોટો અવરોધ આવવાનો જ. સહેજે અવરોધ અવાજ ઉપસાવે. અગર પાણી નામ પૂરતું જ હોય, બીજી રીતે કહીએ તો સરવાણી સાવ મુડદાલને નાખી દીધા જેવી હોય તો આપણું લક્ષ્ય પાર પડવાની ક્ષમતા સરજાય. પાણી ટીપે ટીપે ભલે ટપકતું રહે, એની ધારા સળંગ ન હોવી જોઈએ. ધારા વચ્ચે બટકતી હોય તે જ આપણી આરાધ્ય દેવી. એવી કોઈ બટકણી ધારા મળે જ. કુદરત પાસે બધું છે. આપણા અરમાન પૂરા કરવા કુદરત તૈયાર જ હોય છે. આપણે પ્રયાસ તો કરવો જ જોઈએ. એવી કોઈ બટકણી ધારા જેનો અવાજ સળંગ ન હોય, વચમાં ખાલીપો - ક્ષણિક આવતો હોય ત્યાં બેસી જઈ બધું ધ્યાન ધ્વનિ પર કેન્દ્રિત કરતાં આપણું લક્ષ્ય - બે અવાજ વચ્ચેની ખાલી જગા પર જ હોવું જોઈએ. કોઈ પાણા પર બેસી જઈ આવતા અવાજની અવગણના કરી વચ્ચેના ખાલીપા પર ધ્યાન કેન્દ્રિત કરીએ, કરી શકીએ તો બેડો પાર. અરણ્યની એકલતા, નીરવ શાંતિ, સિવાય કે કોઈ અહીં તહીં ઉડતા વિહંગનો અવાજ, મરૂતભાઈ પણ આરતી ફરમાવતા હોય, સૂર્ય પણ મિત્ર ખરોને. મૈત્રીભાવ એનો પણ ઉપસી આવે. વાદળાની ઑથ લઈ લે. બધું શાંત છે. તમે સ્વસ્થ ને સજાગ છો. લક્ષ્ય ફક્ત એક જ. બટકતા ધ્વનિ વચ્ચેના ખાલીપાને પકડવાનો. ધૂણી ધખાવી બેસી જાઓ. બધું ભૂલી જાઓ. આસપાસનો પરિસર, સ્થળ, કાળ બધું ભૂલી ધ્યાન કેન્દ્રિત કરો એ ખાલી જગા પર. એ ખાલી જગામાં જ બધું છે. એ ખાલી જગા - અંતરાલ - માં કઈ નથી ને બધું છે. કુદરતે તો અહીં તહીં અંતરાલ ઊભા કરી દીધા છે. જેને જે ગમે તે રસ્તો લે. લક્ષ્ય એક જ — અંતરાલનું. કારણ એ ખાલી જગામાં જ બધું છે. સંગીતના બે સ્વરો વચ્ચેની ખાલી જગા અંતરાલ છે. સંગીત સમ્રાટને સ્વરની નથી પડી હોતી. સ્વર તો એણે ક્યારના હસ્તગત કરી લીધા છે. એ સ્વરોને સહારે એની ખોજ આ અંતરાલને પામવાની છે. તેવું જ નૃત્યનું. બે મુદ્રા વચ્ચે ક્યાંક અંતરાલ લપાતો ફરતો રહે છે. તબલચી આડાઅવળા વળાંક લેતો છેવટે વિરમે સમ પર જ. સમમાં જ બધું છે. એણે કોઈ તાલ છેડ્યો, એમાં ભટકતો થયો, ભટકતો રહેશે, ભટકતાં ભટકતાં એનું લક્ષ્ય પેલું અંતરાલ જ હશે. શ્વાસ ને ઉચ્છવાસ વચ્ચે ક્યાંક અંતરાલ ઊભું જ છે. મેકણદાદા યાદ આવે છે. 'મું ભાયો તડ હકડો (પણ) તડ લખ હજાર, જો કો જયાંનું લંઘ્યો, સે ઓકરી વ્યો પાર.' મને થયું કે 'રસ્તો' એક જ છે પણ પછી જણાયું કે રસ્તા હજારો લાખો છે. જેણે જે રસ્તો લીધો, લઈ શક્યો, તેનો બેડો પાર થશે.

એવી એ નગણ્ય સરવાણીઓ સેંકડો, હજારો અડાબીડ અરણ્યમાં કુદરતે આપણને માટે ઊભી કરી દીધી છે. વાત લગનની છે. 'મોહે લાગી લગન ગુરુ ચરણન કી...' લગન, ઊર્મિ હૃદયમાંથી ઉઠે, દેહને ઝંકૃત કરે, દેહના અણુએ અણુમાં ફેલાઈ જાય ત્યારે કદાચ વ્યક્તિ પોતાને પણ ખબર નથી પડતી કે આ શું થયું! લોકો, એના પરિવારજનો માટે એનું વતન વિસ્મયજનક હોઈ શકે. દુનિયાદારીથી જે પર થઈ ગયો છે તે સ્થૂળ જગત માટે કંઈ કામનો નથી. કદાચ લોક ચસ્કેલ સમજી, હાંસી ઉડાવશે. એને કંઈ પરવા નથી. પોતાનામાં મસ્તરામ થઈ ફરતો રહી સ્વમાં જ રમતો રહે છે.

લોનાવલાનું અરણ્ય આવી ઘણી જડીબુટ્ટીઓથી જડેલું છે. પિપાસુ ભ્રમણ કરતો વદતો રહે છે, 'આજ સજન મોહે અંગ લગા લો, જીવન સફલ હો જાઓ રે.'

*૫૦/૪, રામસદન,*
*બ્રાહ્મણવાડા ક્રોસ રોડ, માટુંગા, મુંબઈ.*
*મો. ૦૯૮૭૦૪ ૦૬૧૭૭*

## પોલીસ હેલ્પલાઇન...

**નં. 1800 233 3330 કે 1860 266 2345**

ગાંધીનગર પોલીસ વિભાગ દ્વારા સામાજિક સેવાના ભાગ સ્વરૂપે આ હેલ્પલાઈન શરૂ કરાઈ છે.

અગર કોઈ વ્યક્તિ જીવનથી હતાશ થઈ ગઈ હોય તો આ નંબર પર સંપર્ક કરવાથી તેમની સાથે ફોન પર કે રૂબરૂ મળીને કાઉન્સેલિંગ કરવામાં આવે છે અને તેમને મદદ કરવામાં આવે છે. નિષ્ણાતો અને સામાજિક કાર્યકરો કે સ્વયંસેવકો આ કામમાં મદદરૂપ થાય છે.

આમ તો આ લાઈનનો ઉપયોગ અમદાવાદ અને ગુજરાતમાં થઈ શકે છે. પરીક્ષાના કારણો કે નોકરી, લગ્ન કે પરિવારના સંજોગોના કારણે કંટાળી ગયેલી કે હતાશ થયેલી વ્યક્તિઓને માટે આ સેવા મદદરૂપ છે.

સિનિયર સિટીઝનો કે વૃદ્ધો પણ આનો લાભ લઈ શકે.

મિત્રો, તમને જરૂર જણાય તો આ સેવાનો લાભ લો... સેવા કરો કે મદદરૂપ થાઓ... તમારૂં પણ કામ થશે અને બીજાને પણ મદદ મળશે...

***પ્રેષક : ચૌલા કુરુવા - અમદાવાદ***

# કચ્છમાં રેલ સુવિધા

● સંકલન : અશોક મહેતા ●

- ★ ગાંધીધામ - પાલનપુર મીટરગેજ લાઈન ૨૦૦૬માં બ્રોડગેજમાં રૂપાંતરિત કરાઈ.
- ★ ગાંધીધામ - ભુજ વચ્ચેની મીટરગેજ લાઈનને જૂન ૨૦૦૧માં બ્રોડગેજમાં પરિવર્તિત કરાઈ.
- ★ ગાંધીધામ - કંડલા વચ્ચેની મીટરગેજ લાઈન પણ જૂન-૨૦૦૧માં બ્રોડગેજમાં પરિવર્તિત કરાઈ.
- ★ ગાંધીધામ - કંડલા બ્રોડગેજ લાઈન ૨૦૦૯માં ડબલ લાઈન કરાઈ.
- ★ ગાંધીધામ - તુણા સુધી કોઈ રેલ કનેક્ટીવિટી ન હતી. તેથી ૨૦૧૪માં બ્રોડગેજ લાઈન નાખવામાં આવી.
- ★ ગાંધીધામ - મુંદ્રા વચ્ચે નવેમ્બર-૨૦૦૧માં બ્રોડગેજ લાઈન પાથરવામાં આવી.
- ★ ગાંધીધામ - સામખિયાળી સુધી સિંગલ બ્રોડગેજ લાઈનનું ૨૦૦૭માં ડબલિંગ કરવામાં આવ્યું.
- ★ ભૂકંપ પહેલા ગાંધીધામ સ્ટેશન પર ત્રણ મીટરગેજ અને ત્રણ બ્રોડગેજ લાઈન હતી તેના બદલે પ્રવર્તમાન સમયમાં હવે ત્યાં છ બ્રોડગેજ લાઈન પથરાયેલી છે.
- ★ ગાંધીધામ - મુંબઈ વચ્ચે દોડતી કચ્છ એક્સપ્રેસ ટ્રેન ભૂકંપ બાદ ટૂંક સમયમાં જ ભુજ - મુંબઈ વચ્ચે શરૂ કરવામાં આવી.
- ★ કચ્છ એક્સપ્રેસ ટ્રેન ઉપરાંત સયાજીનગરી એક્સપ્રેસ, ભુજ - પૂણે એક્સપ્રેસ, ગાંધીધામ - બેંગલુરુ એક્સપ્રેસ, ગાંધીધામ - હાવડા, ગાંધીધામ - કામખ્યા, ગાંધીધામ - વિશાખાપટ્ટનમ, ગાંધીધામ - પુરી, ગાંધીધામ - જોધપુર, ભુજ - બાંદ્રા એ.સી. સુપરફાસ્ટ એક્સપ્રેસ (સપ્તાહમાં ત્રણવાર), ભુજ - શાલીમાર એક્સપ્રેસ (સપ્તાહમાં એકવાર), ગાંધીધામ - બાંદ્રા (સપ્તાહમાં એકવાર) સહિતની ટ્રેઈનો શરૂ કરવામાં આવેલ છે.
- ★ વર્તમાન પરિસ્થિતિમાં ગાંધીધામ અને ભુજથી દેશના અન્ય રાજ્યોને સાંકળતી ટ્રેનોની સંખ્યા ૧૪ જેટલી થવા પામેલ છે. તેમ છતાં કચ્છથી પંજાબ, હરિદ્વાર, જમ્મુ તાવી અને બિહારને સાંકળતી ટ્રેનો દોડાવવાની બાકી રહે છે.
- ★ ભૂકંપ પહેલા રેલવે માલ ગોડાઉનમાં પ્રતિદિન ચાર કે પાંચ રેક લોડિંગ થતી હતી. આજે રોજની ૨૦ રેક એટલે કે રોજના ૧૫૩૮ વેગનો લોડ થાય છે.
- ★ ભૂકંપ પૂર્વે આખા વર્ષમાં ૨૦૦૦ રેકનું લોડિંગ થતું હતું. આજે આ આંકડો વાર્ષિક ૧૦,૦૦૦ રેક પર પહોંચ્યો છે.
- ★ વર્ષ ૨૦૧૪-૧૫માં રેલવેને માલ પરિવહનમાંથી રૂા. ૪૯૫૦ કરોડની જંગી આવક થઇ હતી.

### રેલવેના ભાવિ પ્રોજેક્ટો

- ● સામખિયાળી - પાલનપુર ટ્રેક ડબલિંગ : રૂા. ૨૦૦૦ કરોડ
- ● સામખિયાળી - વિરમગામ ટ્રેક ડબલિંગ : રૂા. ૧૫૦૦ કરોડ
- ● ભુજ - નલિયા બ્રોડગેજ લાઈન : રૂા. ૫૦૦ કરોડ.

★ **કચ્છમાં રેલ અસુવિધા :**
ઉપરોક્ત વિગતના અનુસંધાને કચ્છવાસીઓને એ હકીકતથી દુઃખ થાય છે કે આજથી ૩-૪ વર્ષ અગાઉ રેલ બજેટમાં કચ્છને જે કોચ ફેક્ટરી આપવામાં આવેલ હતી એ પ્રોજેક્ટના નામોનિશાન દેખાતા નથી.

***(વર્તમાનપત્રોના આધારે)***

### અમદાવાદના ઇમ્પેક્ટના આંકડાઓ

| | |
|---|---|
| ● ગેરકાયદેસર બાંધકામ | ૬.૦૦ લાખ |
| ● ઈમ્પેક્ટ ફી ની અરજીઓ | ૨.૪૩ લાખ |
| ● ઈમ્પેક્ટ ફી નો સ્વીકાર | ૧.૨૩ લાખ |
| ● અરજીઓ રીજેક્ટ | ૯૬,૦૦૦ |
| ● અરજીઓનો નિકાલ બાકી | ૧.૨૦ લાખ |
| ● ઈમ્પેક્ટના કારણે મ્યુનિ.ને થયેલ આવક | ૨૬૦ કરોડ |
| ● ઈમ્પેક્ટની છેલ્લી તારીખ | ૧૮-૨-૨૦૧૬ |

*(નોંધ : હવે આ છેલ્લી તારીખ ત્રણ મહિના લંબાવવામાં આવેલ છે.)*

**To Register Your Name in "Kutchi Telephone Directory - 2016"** (For Ahmedabad - Gandhinagar Only)
Click on Link : **www.kutchisamaj.amdavad.com**

# પંદરમી માર્ચ – વિશ્વ ગ્રાહક દિન
# ગ્રાહકમાં ભગવાન દેખાવા માંડે તો સમસ્યા ન સર્જાય

• કિરણ ચાંપાનેરી 'સેતુ' - ફ્રીલાન્સ પત્રકાર •

વૈશ્વિકીકરણનો વાયરો વાઈ રહ્યો છે. વર્તમાન બજારના સઘળા ઘટકોમાં ગ્રાહક કેન્દ્રસ્થાને છે. ગાંધીજીએ તો ગ્રાહકને આપણી - સંસ્થા / દુકાનના આંગણે આવેલ ભગવાન સમાન લેખાવ્યો છે. તેમ છતાં આર્થિક ઉદારીકરણના માહોલમાં અને બજાર સ્પર્ધામાં ગ્રાહકને ક્યાંક ને ક્યાંક અસંતોષ રહે છે. ગ્રાહક સેવા અને વસ્તુના સંદર્ભે છેતરામણીનો ભોગ બનતો રહે છે. વળી ગ્રાહકમાં દરેક વસ્તુના ઉપયોગની તીવ્ર ઈચ્છા હોય છે. તેની સાથોસાથ વસ્તુ કે સેવાની ગુણવત્તા, વિશ્વસનીયતા, ગેરંટી અને વોરંટી જેવા મુદ્દાને લઈને ગ્રાહક સતત ચિંતિત રહે છે. ગ્રાહકોને પડતી મુશ્કેલીના ઉકેલ અને ચિંતાને ધ્યાને લઈ આંતરરાષ્ટ્રીય ગ્રાહક સંગઠન અસ્તિત્વમાં આવેલ. જે આજે ગ્રાહક આંતરરાષ્ટ્રીય (સી.આઈ.) તરીકે જાણીતું છે.

દરેક ગ્રાહક પોતાના નાણાંના બદલામાં સારી સેવા અને શ્રેષ્ઠ વસ્તુ ઈચ્છે છે. વસ્તુ કે સેવા એવી હોય, જે ગ્રાહકની અપેક્ષાઓને અનુકૂળ હોય, ઉમ્મીદો સાચી પાડે અને ઉપયોગમાં સરળ, સહજ તથા સુરક્ષિત હોય. આ આકાંક્ષાઓ અને ઉપેક્ષાઓમાંથી જ ગ્રાહક અધિકાર અને ગ્રાહક સુરક્ષા અસ્તિત્વમાં આવ્યા. દર વર્ષે પંદરમી માર્ચે વિશ્વ ગ્રાહક દિનની ઉજવણી કરવામાં આવે છે. **ગ્રાહકને પોતાના અધિકારની જાણકારી મળે અને વેપારી તથા ઉત્પાદકોમાં સમાનતા આવે** તે માટે વિશ્વ ગ્રાહક દિન ઉજવાય છે.

પંદરમી માર્ચની તારીખનું ઐતિહાસિક મહત્ત્વ છે. આ દિવસે અમેરિકામાં સંસદ - કોંગ્રેસે ૧૯૬૨માં ગ્રાહક અધિકાર વિધેયક પસાર કરેલું. ગ્રાહક અધિકાર વિધેયક રજૂ કરતાં ભાષણમાં તત્કાલીન અમેરિકી રાષ્ટ્રપતિ જૉન એફ કેનેડીએ કહેલું કે, 'જો ગ્રાહકને ખરાબ વસ્તુ કે સામાન આપવામાં આવે, જો કિંમત ઘણી વધુ હોય, જો દવાઓ અસુરક્ષિત તથા નકામી હોય, જો ગ્રાહક સૂચનાના આધારે પસંદગીમાં અસમર્થ હોયતો તેના નાણાં વ્યર્થ જાય છે. તેનું સ્વાસ્થ્ય અને સુરક્ષા જોખમાય છે અને રાષ્ટ્રીય હિતને પણ નુકસાન થાય છે.'

ગ્રાહક અધિકાર વિધેયકમાં (૧) મુળભૂત જરૂરિયાત, (૨) સુરક્ષા, (૩) માહિતી, (૪) વિકલ્પ પસંદગી, (૫) રજૂઆત, (૬) નિરાકરણ, (૭) ગ્રાહક શિક્ષણ અને (૮) સારું વાતાવરણ – આ મુદ્દાઓનો સમાવેશ કરાયો.

ગ્રાહક આંતરરાષ્ટ્રીય (સી.આઈ.) એ અમેરિકી વિધેયક સાથે જોડાયેલ ગ્રાહક અધિકારના આ મુદ્દાઓને પોતાના ઘોષણાપત્રમાં સામેલ કર્યા. ગ્રાહક આંતરરાષ્ટ્રીય સંગઠન સાથે વિશ્વના ૧૦૦થી વધુ દેશોના સંગઠનો સંકળાયેલા છે અને ગ્રાહકની સુરક્ષા આપવાની દિશામાં કાર્ય કરે છે. ઘોષણાપત્રનું સાર્વભૌમિક મહત્ત્વ છે કારણકે તે ગરીબોની આકાંક્ષાઓ અને ઉમ્મીદોનું પ્રતીક છે. તેને આધાર બનાવી સંયુક્ત રાષ્ટ્ર સંઘે એપ્રિલ ૧૯૮૫માં ગ્રાહક સુરક્ષા માટે પોતાના દિશા નિર્દેશ સંબંધી એક પ્રસ્તાવ પસાર કરેલ. આ પ્રસ્તાવ દ્વારા સભ્ય દેશો, ખાસ કરીને વિકાસશીલ દેશોના ગ્રાહકોના હિતોના વધુ સંરક્ષણને માટે અસરકારક ઉપાય કરવાની જવાબદારી સ્વીકારાઈ. ભારતે આ પ્રસ્તાવ પર હસ્તાક્ષર કરેલ. તેથી પોતાનું દાયિત્વ પૂરું કરવા **દેશમાં ગ્રાહક સુરક્ષા અધિનિયમ, ૧૯૮૬ પસાર કરેલ. સંસદે ડિસેમ્બર ૧૯૮૬માં તેને કાનૂનનું સ્વરૂપ આપ્યું. જે એપ્રિલ ૧૯૮૭થી અમલમાં આવેલ છે.**

ગ્રાહક સુરક્ષા કાયદાનો મુખ્ય ઉદ્દેશ દેશના ગ્રાહકોના હિતોને વધુ સુરક્ષા આપવાનો છે. આ કાયદા અંતર્ગત ગ્રાહક તકરાર નિવારણને માટે ગ્રાહક સમિતિ તથા અન્ય વિભાગો રચવાની જોગવાઈ કરવામાં આવી છે. આ અધિનિયમ ગ્રાહકોને બધી તરફથી અનુચિત કાર્યવ્યવહારો, સોદા અને શોષણની વિરૂધ્ધ અસરકારક રીતે સમાધાન કરાવી આપે છે. આ અધિનિયમ ખાનગી, સાર્વજનિક, જાહેર કે સહકારી ક્ષેત્રની બધી વસ્તુઓ અને સેવાઓને માટે લાગુ પડે છે.

ગ્રાહકની સમસ્યા અને નિવારણ માટે ગ્રાહક સુરક્ષા અને ગ્રાહક અદાલતની વ્યવસ્થા છે. ગ્રાહક સુરક્ષા ફોરમ, જિલ્લા ગ્રાહક સુરક્ષા મંચ, રાજ્ય ગ્રાહક સુરક્ષા મંચ અને રાષ્ટ્રીય ગ્રાહક સુરક્ષા આયોગનું વ્યવસ્થાકીય માળખું છે. ગ્રાહકને છેતરાયાનો ખ્યાલ આવે તો તેની સમસ્યા અને વળતર માટે પાકા પુરાવા સાથે ગ્રાહક સુરક્ષા ફોરમમાં અરજી કરીને ન્યાય મેળવી શકે છે.

આજે લોકોમાં ગ્રાહક સુરક્ષા કાયદાની જાગૃતિ વધી છે. ગ્રાહક પોતાની સમસ્યાઓને માટે જિલ્લા સ્તરે ગ્રાહક અદાલતમાં જાય છે તથા ન્યાય મેળવે છે. જ્યારથી તે સંબંધી કાનૂન બન્યો છે તથા અમલમાં આવ્યો છે ત્યારથી વેપારીઓ અને ઉત્પાદકોમાં પણ જાગૃતિ તથા

(અનુસંધાન : જુઓ પાના નં.-૪૯ ઉપર)

સ્વાસ્થ્ય

# મારા હૃદયના ધબકારા વધી જાય છે – પેનિક ડીસઓર્ડર : સારવાર

● ડૉ. મણિલાલ ગડા (મનોચિકિત્સક) – ડૉ. દીપ્તિ શાહ (ગડા) (મનોચિકિત્સક તથા બાળ મનોચિકિત્સક) ●

આપણે આગળના લેખમાં (કચ્છશ્રુતિ, ફેબ્રુઆરી-૨૦૧૬ અંક, પાના નં. ૬૩-૬૪) જાણ્યું કે પેનિક ડીસઓર્ડરમાં હૃદયના ધબકારાઓ ઓચિંતા, અચાનક, અણધાર્યા આવે છે, છાતીમાં દુઃખાવો ઉપડે છે, ખૂબ જ પરસેવો થાય છે, શ્વાસ રુંધાય છે, મુંઝવણ થાય છે, હમણાં જ કાંઈક થઈ જશે, હું મરી જઈશ એવું લાગ્યા કરે છે, 'હાર્ટ ઍટેક' આવ્યો વગેરે. હૃદયના ધબકારા થોડા સમયમાં (મોટાભાગે ૩૦ મિનિટથી ઓછા સમયમાં) નોર્મલ થઈ જાય છે. શારીરિક વૈદ્યકીય તપાસ તથા લેબોરેટરી તપાસ, કાર્ડિયોગ્રામ, એન્જિયોગ્રાફી, ૨-ડી ઈકો વગેરે બધું જ નોર્મલ આવે છે.

વિશ્વ આરોગ્ય સંસ્થાએ આવા વારંવારના હૃદયના ધબકારા વધી જવાની બીમારીને પેનિક ડીસઓર્ડરને તનાવજનક (Stress related) માનસિક બીમારીમાં વર્ણન કર્યું છે. મનોચિકિત્સક પાસે યોગ્ય સારવાર કરાવવી જરૂરી છે.

● **સારવાર :**

પેનિક ડીસઓર્ડરની સારવારને ત્રણ વિભાગમાં વર્ગીકરણ કરાય છે : (૧) ધબકારા વધી ગયા હોય ત્યારે (During Attack), (૨) ધબકારા નોર્મલ થાય કે તરત જ (Immediately after the Attack), (૩) ધબકારા ફરીથી વધી ન જાય તે માટે (Prevention).

### ૧. ધબકારા વધી ગયા હોય ત્યારે (During Attach of Panic) :

**(અ) દવાઓ :** પેનિક ઍટેકમાં જ્યારે પણ હૃદયના ધબકારા વધી જાય કે તરત જ પેનિક પ્રતિરોધક દવા (Anti Panic Medication) જીભ પર મૂકવાથી ટૂંક સમયમાં ધબકારા નોર્મલ થઈ જાય છે. આ દવાઓ આધુનિક ટેકનોલોજીથી બનાવેલ છે. જેથી દવા જીભ પર મૂકવાથી તરત જ ઓગળી જાય છે (પાણીની પણ જરૂરત નથી) અને લોહીના પરિભ્રમણમાં જાય છે. જેથી દવાની અસર મિનિટોમાં જ થાય છે તથા ધબકારા કાબૂમાં આવે છે.

**મનોચિકિત્સકને :** (૧) દર્દી માટે કઈ દવા યોગ્ય છે, (૨) કેટલી માત્રામાં આપવાની છે, (૩) કેટલા સમય માટે આપવાની છે એનું વિશેષ જ્ઞાન હોય છે. **આથી મનોચિકિત્સકની દેખરેખ હેઠળ દવાઓ લેવી હિતકારક છે.** પોતાની મરજીથી કે સગાવહાલાની સલાહ પ્રમાણે દવામાં વધઘટ કરવી નુકસાનકર્તા છે.

**(બ) માનસિક શિથિલતા (Mental Relaxation) :** હૃદયના ધબકારા વધી જાય ત્યારે માનસિક શિથિલતા મેળવવા માટે સક્રિય પ્રયત્ન કરવો જોઈએ. શરીર પર કે ધબકારા પરથી પ્રયત્નપૂર્વક ધ્યાન દૂર કરી શ્વાસોચ્છવાસ પર ધ્યાન કેન્દ્રિત કરી માનસિક શિથિલતા મેળવવાનો પ્રયાસ કરવો હિતાવહ છે.

### ૨. ગભરામણનો હુમલો પૂરો થાય કે તરત જ :

ધબકારા નોર્મલ થાય ત્યારે દર્દી ખૂબ જ નર્વસ થઈ ગયો હોય છે, ગભરાઈ ગયો હોય છે. બીજું કાંઈ સૂઝતું નથી. જલ્દીથી ઘરભેગો થઈ જાય છે. ઘરે દર્દી સલામતી અનુભવે છે. પરંતુ ઘરભેગો થવું એથી તાત્પૂરતી તકલીફ કાબુમાં આવે છે પરંતુ ડર ઓછો થતો નથી. લાંબાગાળે પરિણામ નકારાત્મક આવે છે.

સારવારના ભાગરૂપે દર્દીએ ધબકારા વધી ગયા એ પહેલા જે પ્રવૃત્તિ કરતો હોય (કાર્ય, મુસાફરી વગેરે) તે પ્રવૃત્તિ ચાલુ રાખવી જોઈએ. આથી ડર પર કાબુ મેળવાય છે. આત્મવિશ્વાસમાં વધારો થાય છે. દર્દીને સ્વ-અનુભવ થાય છે. ધબકારા નોર્મલ થઈ જતાં બીજી કોઈ તકલીફ થતી નથી.

### ૩. ધબકારા ફરી વધી ન જાય તે માટે :

પેનિક ડીસઓર્ડરમાં હૃદયના ધબકારા વારંવાર વધી જાય છે. આથી દર્દીનો ડર વધી જાય છે. આત્મવિશ્વાસ ઓછો થઈ જાય છે. જીવનશૈલી પર આની નકારાત્મક અસર થાય છે. ધબકારા વારંવાર થતા અટકાવવા નીચેના ઉપાયો લેવાય છે.

**(અ) પેનિક ડીસઓર્ડર વિષે યોગ્ય વૈજ્ઞાનિક માહિતી (Psycho education) :**

મનોચિકિત્સક દ્વારા ધબકારા - પેનિક ડીસઓર્ડર વિશે દર્દી, કુટુંબીજનો, હિતેચ્છુઓને યોગ્ય વૈજ્ઞાનિક માહિતી આપવામાં આવે છે. દરેક સમજી શકે એ રીતે નીચેના મુદ્દાઓની છણાવટ સાદી - સરળ ભાષામાં કરાય છે :

૧. વારંવારના ધબકારા - પેનિક ડીસઓર્ડર કોઈ ગંભીર બીમારી નથી, હાર્ટ ઍટેક નથી, અસાધ્ય બીમારી નથી. સારવારથી દર્દી નોર્મલ થાય છે.

૨. પેનિક ડીસઓર્ડરનો હુમલો ટૂંક સમય (અડધા કલાકથી ઓછા સમય) માટે થાય છે. ત્યારબાદ દર્દી નોર્મલ થાય છે.

૩. પેનિક ડીસઓર્ડરના હુમલા બાદ તરત જ દર્દી પોતાનું રોજિંદુ કાર્ય કરી શકે છે.

**(બ) ધબકારાના હુમલાની, ડાયરીમાં વૈજ્ઞાનિક નોંધ :**

દર્દીએ ધબકારાના હુમલાની નોંધ ડાયરીમાં કરવી જોઈએ. જેમાં નીચેના મુદ્દાઓ મહત્ત્વના છે :

૧. ધબકારા વધવાનો સમય, તારીખ

૨. ધબકારા વધ્યા તે સ્થળ

૩. ધબકારા કેટલો વખત બાદ નોર્મલ થયા.

૪. ધબકારા નોર્મલ થયા બાદનું કાર્ય

૫. ધબકારા વધ્યા એ પહેલાની મનની સ્થિતિ, મન અસ્વસ્થ થવાનું કારણ, સ્ટ્રેસનું કારણ.

ઉપરોક્ત નોંધથી જાણી શકાય છે કે ધબકારા ક્યાં, ક્યારે વધે છે તથા ધબકારા વધવાનું મનનું કારણ કયું છે. કાઉન્સિલિંગ માટે તથા કોગ્નિટીવ બિહેવ્યર થેરાપી માટે આ ખૂબ જ મહત્ત્વનું છે.

**(ક) દવાઓ :** પેનિક પ્રતિરોધક દવાઓ છેલ્લાં પેનિકના હુમલા બાદ દર્દીએ એક વર્ષ ચાલુ રાખવી જરૂરી છે, નહીં તો પેનિક ડીસઓર્ડરની બીમારી ઉથલો મારે છે.

૭૦થી ૭૫% પેનિક ડીસઓર્ડરની બીમારી જોડે ડિપ્રેશનની બીમારી પણ હોય છે. આ ડિપ્રેશનની બીમારીની યોગ્ય સારવાર કરવી જરૂરી છે.

દર્દીને જ્યારે પણ લાગે કે હૃદયના ધબકારા વધવાની શક્યતા છે કે તરત જ પેનિક પ્રતિરોધક દવા જીભ પર રાખવી જોઈએ. આથી પેનિક ઍટેક ટાળી શકાય છે. દર્દીનો આત્મવિશ્વાસ વધે છે. એકલા મુસાફરી કરવામાં ડર લાગતો નથી.

**(ડ) માનસિક શિથિલતા (Mental Relaxation) :**

માનસિક શિથિલતા મેળવવા માટે સક્રિય પ્રયાસ દર્દીએ કરવો જોઈએ. રોજિંદા કાર્યમાં આ માટે સમય ફાળવવો અગત્યનો છે. યોગ, મેડિટેશન, ધ્યાન વગેરે માનસિક શિથિલતા મેળવવાની પધ્ધતિઓ છે. કોઈપણ એક પધ્ધતિ નિયમિત રીતે, દરરોજ એકચિત્તે થવી જોઈએ. મોર્નિંગ વૉક, કસરત, તરવાનું વગેરેથી પણ શારીરિક તથા માનસિક તંદુરસ્તી જળવાઈ રહે છે.

**(ઇ) કોગ્નિટીવ બિહેવ્યર થેરાપી તથા કાઉન્સિલિંગ (વલણ, વિચારો, વર્તણૂક, અપેક્ષામાં જરૂરી બદલાવ) :**

દર્દીના વ્યક્તિત્વ, વલણ, લાગણીશીલતા, અપેક્ષા, વિચારો વગેરે પર ધ્યાન કેન્દ્રિત કરી સમભાવપૂર્વક (Empathy) વર્તમાન સમયની સમસ્યાઓના નિરાકરણ માટે નિખાલસપૂર્વક ચર્ચા કરવામાં આવે છે.

બનેલા પ્રસંગો તથા દર્દીની એ પ્રસંગો પ્રત્યેની પ્રતિક્રિયાનું (Emotional reaction) પૃથ્થકરણ કરવામાં આવે છે. હકીકતનો સ્વીકાર નકારાત્મક લાગણી કે પ્રતિક્રિયા વગર સમભાવથી (neutral feelings) કરવો એ બાબત ચર્ચા કરવામાં આવે છે. પરસ્પરના સંબંધો, અપેક્ષાઓ વિશે તટસ્થપણે ચર્ચા કરાય છે. સમસ્યાનો હલ અલગ અલગ પધ્ધતિથી કેવી રીતે થઈ શકે અને તત્કાલીન સંજોગો તથા પરિસ્થિતિમાં યોગ્ય નિર્ણયો લેવામાં મનોચિકિત્સક દર્દીને મદદ કરે છે (મનોચિકિત્સક દર્દી માટે થઈ નિર્ણયો કરતા નથી). નિર્ણયો કર્યા બાદ એને અમલમાં મૂકવા માટેની પધ્ધતિઓ વિશે ચર્ચા કરવામાં આવે છે. સકારાત્મક વિચારો, સકારાત્મક લાગણી અપનાવી સકારાત્મક નિર્ણયો અમલમાં લાવી સકારાત્મક પરિણામ લાવી શકાય છે.

ઉપરોક્ત પધ્ધતિઓથી માનસિક શાંતિ મળે છે તથા પેનિક ડીસઓર્ડર રોગ પર કાબુ મેળવાય છે તથા રોગની ઉથલો મારવાની શક્યતા નહિવત થાય છે.

*મનોસ્મૃતિ પોલીક્લિનિક, 'પ્રભુકૃપા', એલ.બી.એસ. માર્ગ,*
*સર્વોદય હોસ્પિટલ અને હોટલ રાધાકૃષ્ણની બાજુમાં,*
*ઘાટકોપર (વેસ્ટ), મુંબઈ - ૪૦૦ ૦૮૬. ફોન : (૦૨૨) ૨૫૧૪૮૮૫૯*

*ગ્રુમિંગ માઈન્ડ્સ, ૯૦૯ જી સ્ક્વેર, કલ્યાણ જ્વેલર્સની ઉપર,*
*રેલવે સ્ટેશન તથા ઘાટકોપર મેટ્રો સ્ટેશનની પાસે, ઘાટકોપર (ઈસ્ટ)*
*મુંબઈ-૪૦૦ ૦૭૭. ફોન : (૦૨૨) ૨૫૦૧૦૦૦૯*

## ૧૫મી માર્ચ – વિશ્વ ગ્રાહક દિન

**(અનુસંધાન : પાના નં.-૪૭ ઉપરથી ચાલુ)**

સજાગતા આવી છે. તેમ છતાં ગ્રાહક કોઈને કોઈ રીતે છેતરાય છે, છેતરવામાં આવે છે. દેશમાં ગ્રાહક જાગૃતિ માટે પ્રચાર - પ્રસાર માધ્યમો દ્વારા જાગૃતિના કાર્યક્રમો, ગ્રાહક શિક્ષણના કાર્યક્રમો અને જાહેરાતો પ્રસિધ્ધ - પ્રસારિત થતા રહે છે.

"આપણા આંગણે આવેલ ગ્રાહક ખૂબ જ મહત્ત્વનો મુલાકાતી છે. તે આપણા ઉપર આધારિત નથી, આપણે તેના ઉપર આધારિત છીએ. તે આપણા ધંધાની બહારની વ્યક્તિ નથી, પરંતુ તેનો એક ભાગ છે. **આપણે તેની સેવા કરીને તેના ઉપર ઉપકાર કરતા નથી પરંતુ સેવા કરવાની તક આપીને તે આપણા ઉપર ઉપકાર કરે છે..." –** ગાંધીજીના આ વિચારને સૌ વેપારીઓ, ઉત્પાદકો, સંસ્થાઓ અનુસરે તો ગ્રાહકને ઉમદા સેવા અને વસ્તુઓ મળે!

*૧૦૪/૧૮૪૨, કૃષ્ણનગર, સૈજપુર બોઘા,*
*અમદાવાદ-૩૮૨ ૩૪૬. મો. ૯૬૬૨૮ ૩૩૨૬૮*

# પેન્ક્રિએટાઇટીસ - સ્વાદુપિંડનો સોજો

● ડૉ. મયંકકુમાર કિશોરચંદ્ર છાયા ●

દિવાળીની સાંજનો સમય હતો. આઈ.સી.યુ.માં લગભગ ચોવીસ વર્ષની ઉંમરનો દેખાવડો, નવયુવાન લગભગ અચેતન અવસ્થામાં સૂતો હતો. તબીબો ખૂબજ મહેનત કરી રહ્યા હતા. પણ અંતે તેઓની મહેનત રંગ ન લાવી શકી; અને તે યુવકે અંતિમ શ્વાસ લીધો. તેના માતા-પિતાને આ આઘાતજનક સમાચાર આપવામાં આવ્યા. સમગ્ર હોસ્પિટલ સ્તબ્ધ થઈ ગઈ હતી. દિવાળીનાં પર્વનો ઉમંગ શોકમય વાતાવરણમાં ફેરવાઈ ગયો હતો. આઠ દિવસ અગાઉ સંપૂર્ણ સ્વસ્થ યુવાન જેને ભૂતકાળમાં નખમાંયે રોગ ન હતો; તે આજે અનંતની યાત્રાએ નીકળી ચૂક્યો હતો. તેને "એક્યુટ પેન્ક્રિએટાઈટીસ" નામનો રોગ થયો હતો. આ દર્દીની અચાનક વસમી વિદાય જોઈ; આ રોગ વિશે સામાન્ય માણસને થોડી જાણકારી મળવી જ જોઈએ એવો વિચાર મારાં મનમાં આવ્યો અને આ વિચાર પરથી આ રોગ વિશે લખવા પ્રેરણા મળી.

આ રોગ થવાનાં કારણોમાં પિત્તાશયની પથરી, દારૂનું વધુ પડતું સેવન, અકસ્માતને કારણે પેટના ભાગે ઊંડી ઈજા થવી, ગાલપચોડિયાં જેવું ઈન્ફેક્શન, કાર્ડિયો પલ્મોનરિ બાયપાસ જેવાં કારણો જવાબદાર હોય છે. ક્યારેક આ રોગનું કારણ વૈજ્ઞાનિકો જાણી પણ શકતા નથી. વારસાગત રીતે પણ આ રોગ થઈ શકે છે. સગર્ભાવસ્થા દરમ્યાન અથવા વીંછી કરડ્યા પછી પણ થઈ શકે છે. કોઈપણ કારણસર સ્વાદુપિંડમા સ્થાનિક આઘાત (ક્ષોભ) થવાથી સ્વાદુપિંડનાં અંતઃસ્ત્રાવો સામાન્ય માત્રા કરતાં વધી જાય છે. અને સોજો આવી જાય છે જેથી કરીને સ્વાદુપિંડ પોતાનું કાર્ય કરતું બંધ થઈ જાય છે અને Sepsis (રસી) થઈ જાય છે. સોજાને કારણે અને સ્થાનિક રક્તપરિભ્રમણ બરાબર ન થવાથી સ્વાદુપિંડની માંસપેશીઓમાં (Tissue Necrosis) સડો પણ થઈ શકે છે.

આ રોગનાં લક્ષણો કેવાં હોય એ જાણવું જરૂરી અને રસપ્રદ થઈ પડશે.

૧. દુઃખાવો — પેટમાં દુઃખાવો થાય કે જે કમર તરફ જતો હોય એમ લાગે.
૨. ઉલટી થાય.
૩. શરીરમાં પાણીનું પ્રમાણ ઘટી જવાથી Dehydration થઈ જાય.
૪. પેટને સામાન્ય દબાવવાથી પણ અત્યંત દુઃખાવો થાય. જેને 'સ્પર્શ અસહ્યતા' (Tenderness) કહેવાય.
૫. ૧૦ થી ૨૦ ટકા જેટલા દર્દીઓમાં કમળો થઈ શકે.
૬. દર્દીને પૂરતો ઓક્સિજન ન મળવાથી દર્દી જાણે મુંઝાયેલો હોય (Confussed) તેવું લાગે.
૭. નાભિની નીચેના ભાગનો ચામડીનો રંગ બદલાઈ જાય.
૮. બંને પડખાંની ચામડીનો રંગ અપ્રાકૃત લાગે

● **આરોગનું નિદાન કેવી રીતે થઈ શકે છે?**

૧. પેટની અલ્ટ્રાસાઉન્ડ સોનોગ્રાફી દ્વારા
૨. પેટના સી.ટી. સ્કેન દ્વારા
૩. સ્વાદુપિંડના અંતઃસ્ત્રાવો પૈકી સીરમ એમાયલેઝ અને સીરમ લાયપેઝનું પ્રમાણ વધી જવાથી પણ નિદાન થઈ શકતું હોય છે. આ માટે લોહીનો પેથોલોજી લેબોરેટરીમાં ટેસ્ટ કરાવવો પડતો હોય છે અને એ જાણવું જરૂરી છે કે એમાયલેઝનું પ્રમાણ જેટલું ઝડપથી વધી જાય છે તેટલી જ ઝડપથી સામાન્ય પણ થઈ જાય છે. આથી જે વ્યક્તિને ૭૨ કલાક કરતા વધુ સમયથી પેટનો દુઃખાવો હોય અને એમાયલેઝનું પ્રમાણ નોર્મલ આવતું હોય તો પણ તેને પેન્ક્રિએટાઈટીસ હોઈ શકે. આવા વખતે સચોટ નિદાન કરવા માટે પેટનો સી.ટી. સ્કેન વધુ ઉપયોગી નીવડે છે.

આ રોગની સારવારમાં દર્દીને સતત ઑક્સિજન ઉપર રાખવામાં આવે છે. મોઢાં દ્વારા આહાર આપવામાં આવતો નથી. પ્રવાહી પણ આપવામાં આવતું નથી. મૂત્રનું પ્રમાણ બરાબર જળવાઈ અને રક્ત પરિભ્રમણ સરળતાપૂર્વક થયા કરે તે માટે ઇન્ટ્રાવિનસ ઇંજેક્શન દ્વારા શરીરમાં ફ્લ્યુઈડ્સ આપવામાં આવે છે. વચ્ચે વચ્ચે લીવર ફંક્શન ટેસ્ટ, સોનોગ્રાફી, અને પેટનો સી.ટી. સ્કેન પુનઃ કરવામાં આવતો હોય છે. અમુક સંજોગોમાં Necrosis થઈ ગયું હોય અથવા Pseudocyst થઈ ગઈ હોય તો ઑપરેશન પણ કરવું પડતું હોય છે. અન્ય સારવારમાં એન્ટીબાયોટીક્સ, એનાલ્જેસિક્સ અને અન્ય લક્ષણો અનુસાર ઔષધો આપવામાં આવે છે. જો રોગ બહુ તીવ્ર ન હોય તો મુખ દ્વારા પ્રવાહી લેવાની છૂટ આપવામાં આવે છે. અન્યથા ઇંજેક્શન દ્વારા પોષક તત્ત્વો પૂરાં પાડવામાં આવે છે.

આ રોગમાં સમય વીતતાં અન્ય ઉપદ્રવો થતા જોવા મળે છે : જેમ કે

**(૧) સ્યુડોસિસ્ટ** : જેને કારણે પેટમાં દુઃખાવો થાય, ભૂખ ન લાગે, ઉબકા આવે, ઉલટી થાય. ડૉક્ટર આ સીસ્ટને હાથથી પાલ્પેટ કરી શકે. સોનોગ્રાફી અને સી.ટી. સ્કેન દ્વારા તેનું નિદાન થાય છે.

**(૨) એબ્સેસ** : લક્ષણો લગભગ સ્યુડોસિસ્ટનાં લક્ષણો જેવાં જ હોય છે. ઉપરાંત Sepsis (રસી) થતું જોવા મળે છે. એબ્સેસમાંથી પ્રવાહીનો થોડા પ્રમાણમાં નમૂનો લઈ કલ્ચર કરાવવાથી સ્પષ્ટ નિદાન થઈ શકે છે.

**(૩) ઇન્ટર્નલ ફિસ્ચ્યુલા** : આ ઉપદ્રવ ભાગ્યે જ થતો જોવા મળે છે પણ તેનાથી જલોદર અને ફેફસાં ઉપરનાં આવરણમાં પાણી ભરાતું જોવા મળે છે.

પેન્ક્રિએટાઈટીસનો જ એક અન્ય પ્રકાર છે ક્રોનિક પેન્ક્રિએટાઇટીસ. જેમાં પેટના ઉપરના ભાગમાં દુઃખાવો થાય; એ આ રોગનું મુખ્ય લક્ષણ છે. જેમ જેમ રોગ આગળ ધપતો જાય તેમ રોગી વધુને વધુ અશક્ત બનતો જાય છે. શરીરની અંતઃસ્રાવી અને બહિસ્રાવી ગ્રંથિઓ યોગ્ય રીતે કાર્ય કરી શકતી નથી. તેથી શરીરનું વજન ઘટતું જાય છે. મળ પરીક્ષણ કરાવવાથી તેમાં ચરબીની ઉપસ્થિતિ જોવા મળે છે અને ક્યારેક દર્દીને ડાયાબિટીસ પણ થઈ જતો હોય છે. ખાસ કરીને આ રોગ પુરુષોમાં ૪૦થી ૫૦ વર્ષની ઉંમર વચ્ચે થતો હોય છે. ક્રોનિક કેલ્શિફાઇંગ પેન્ક્રિએટાઈટીસ અને ક્રોનિક ઓબ્સ્ટ્રક્ટીવ પેન્ક્રિએટાઈટીસ એમ મુખ્યત્વે બે પ્રકારે આ રોગ થતો જોવા મળે છે. આ રોગનાં લક્ષણોમાં –

૧. પેટનાં ઉપરના ભાગમાં દુઃખાવો થાય જે કમર તરફ જતો હોય તેવું દર્દી અનુભવે. આ દુઃખાવો અમુક કલાકો કે અમુક દિવસો સુધી થયા જ કરે. આગળ ઝુકવાથી અથવા ઉલટી થઈ જાય તો દુઃખાવો શાંત થતો હોય તેવું દર્દીને લાગે છે. ૧૨થી ૩૬ કલાક અગાઉ જે વ્યક્તિએ ભારી ભોજન લીધું હોય અથવા આલ્કોહોલનું સેવન વધુ પડતી માત્રામાં કર્યું હોય ત્યારે ૧૨ કે ૩૬ કલાક બાદ અચાનક જ દુઃખાવો શરૂ થતો હોય છે. ઇડીયોપથીક ક્રોનિક કેલ્પિફાઇંગ પેન્ક્રિએટાઇટીસમાં ક્યારેક આ દુઃખાવો જોવા મળતો નથી.
૨. વજન ઘટતું જાય. ડાયાબિટીસનાં લક્ષણો દેખાય. મળમાં ચરબીની ઉપસ્થિતિ જણાઈ આવે
૩. Epigastric mass જોવા મળે.
૪. પેન્ક્રિયાઝમાં સોજો થવાથી બાઈલ ડક્ટ ઉપર દબાણ આવે છે. તેથી કમળાનાં લક્ષણો ઉપસ્થિત થતાં જોવા મળે છે.

આ રોગનું નિદાન કરવા ક્યાં પરીક્ષણો કરાવવાં પડે?

૧. પેટનો એક્સ-રે.
૨. પેટની સોનોગ્રાફી.
૩. પેટનો સી.ટી. સ્કેન.
૪. E.R.C.P નામનું વિશિષ્ટ પરીક્ષણ જેના દ્વારા રચનાત્મક વિકૃતિઓની જાણકારી મળે.
૫. જૈવ રાસાયણિક પરીક્ષણોમાં સીરમ એમાયલેઝ, આઈસો એમાયલેઝ, ટ્રીપ્સીન અને લાયપેઝનું પ્રમાણ સામાન્ય કરતાં વધી ગયેલું જોવા મળી શકે. સામાન્ય રીતે ઉપર જણાવેલાં રસાયણો નોર્મલ માત્રામાં જ જોવા મળતાં હોય છે.
૬. ક્યારેક અલ્ટ્રાસાઉન્ડ ગાઈડેડ અથવા સી.ટી. ગાઈડેડ બાયોપ્સી કરવાથી ક્રોનિક પેન્ક્રિએટાઈટીસનું સ્પષ્ટ નિદાન થઈ જતું હોય છે.

- **ક્રોનિક પેન્ક્રિએટાઇટીસની સારવાર :**

૧. દર્દશામક ઔષધો આપવા.
૨. આલ્કોહોલ છોડી દેવું.
૩. પેન્ક્રિયાઝનાં એન્ઝાઈમ્સ આપવા.
૪. ડાયાબિટીસ જોવા મળે તો ખોરાકની પરેજી રાખવા દર્દીને જણાવવું અથવા ડાયાબિટીસ દૂર કરનારાં ઔષધો આપવા. ઈન્સ્યુલીન આપવાથી રક્તમાં શર્કરાનું પ્રમાણ ખૂબ ઘટી જાય તેમ પણ બને.
૫. ESWL અને ERCP કરીને સ્ટોન દૂર કરવામાં આવે છે.
૬. ક્યારેક વિશિષ્ટ સંજોગોમાં ઑપરેશન પણ કરવું પડે છે.
૭. એન્ટીઓક્સિડેન્ટ તત્ત્વો જેવાં કે વિટામિન એ, સેલેનિયમ અને મિથિયોનાઈન જેવાં ઔષધો આપવામાં આવે છે. કારણ કે પેન્ક્રિએટાઇટીસમાં ઓક્સિડેટીવ સ્ટ્રેસ એક મુખ્ય રોગવર્ધક પરિબળનું કાર્ય કરે છે એવું વૈજ્ઞાનિકો માને છે.

એક્યુટ અથવા ક્રોનિક પેન્ક્રિએટાઇટીસ એક ગંભીર રોગ છે. નિષ્ણાત તબીબ દ્વારા તુરંત સારવાર શરૂ થઈ જાય તે ખૂબ અગત્યનું છે. રોગ સંપૂર્ણપણે નાબૂદ થઈ ગયા પછી પણ દર્દીએ ખાણીપીણીમાં અત્યંત કાળજી રાખવી જોઈએ નહિતર આ રોગ ફરી ફરીને ઊથલો માર્યા કરે છે. વહેલું નિદાન અને સચોટ સારવાર જીવનરક્ષક બને છે.

***સર્વે અત્ર સુખિનઃ સંતુ, સર્વે સંતુ નિરામયા***

– એ જ પ્રાર્થના સાથે.

*૧૧/૧૩૦ પૂજા એપાર્ટમેન્ટસ*
*હિંમતલાલ પાર્ક, આઝાદ સોસાયટી રોડ,*
*આંબાવાડી, અમદાવાદ-૩૮૦ ૦૧૫.*
*મો. : ૯૯૮૦૯ ૫૪૬૮૪*

# બ્રેડનો ઉપયોગ કરતા પહેલા વિચારજો

• મુકુંદ મહેતા •

તમને આંચકો લાગે અને નવાઈ લાગે એવી 'સફેદ બ્રેડ' માટેની વાતો વાંચો, વિચારો અને શું કરવું એ નક્કી કરો.

તમારા મનમાં એકવાર પણ સવાલ આવ્યો છે કે ઘઉંનો લોટ તો આછા પીળા રંગનો હોય છે, જ્યારે બ્રેડ જે તમે ઘરમાં કે બહાર અવારનવાર ખાઓ છો તે સફેદ કેમ છે?

કારણ બ્રેડમાં વાપરવામાં આવતા ઘઉંના લોટને 'બ્લીચીંગ પ્રોસેસ', જે કાપડને સફેદ કરવા વપરાય છે તે પ્રોસેસથી સફેદ કરવામાં આવે છે. એટલે આ સફેદ બનાવેલા લોટમાં બ્લીચીંગ પાવડરના અંશ રહી જાય છે, જે તમે જ્યારે સફેદ બ્રેડનો ઉપયોગ ખાવામાં કરો છો ત્યારે તમારા શરીરમાં જાય છે. આ ઉપરાંત તમારા શરીરમાં ફક્ત મેંદો જાય છે કારણ ઘઉં દળ્યા પછી તેને ચાળી નાખવાથી ફાઈબર એટલે કે ઘઉંનું કવર નીકળી જાય છે અને તે સિવાય ઘઉંના દાણાના કોંટો (વ્હીટજર્મ) પણ નીકળી જાય છે. એટલે ઘઉંમાં રહેલા વિટામિન પણ તમારા શરીરમાં જતા નથી. ફક્ત મેંદો (સ્ટાર્ચ) તમારા શરીરમાં (પેટમાં) જાય છે અને પેટના પ્રોબ્લેમ ઊભા કરે છે.

**બ્લીચીંગ એજન્ટ કયા વાપરવામાં આવે છે?**

(૧) નાઇટ્રોજન ઑક્સાઈડ, (૨) ક્લોરીન, (૩) ક્લોરાઈડ, (૪) નાઈટ્રોસીલ પેરોક્સાઈડ, (૫) બેન્ઝાઈલ પેરોક્સાઈડ. આ ઉપરાંત શરીરને નુકસાન કરે અને કેન્સર જેવા રોગ ઉત્પન્ન કરે તેવા કેમિકલ્સ પણ હોય છે. ક્લોરાઈડ ઓક્સાઈડ જ્યારે વાપરવામાં આવે ત્યારે 'એલોક્ષન' નામનો ઝેરી પદાર્થ ઉત્પન્ન કરે છે જેનાથી ડાયાબિટીસ થવાની શક્યતા વધે છે.

**પૌષ્ટીક પદાર્થો બ્લીચીંગ પ્રોસેસથી નાશ પામે છે.**

૧. અનસેચ્યુરેટેડ ફેટી એસિડ (મોનો અને પોલી) નાશ પામે છે જે ખરી રીતે શરીરના પોષણ માટે જરૂરી છે.

૨. વ્હીટજર્મ અને બ્રાન (છોડા)માં વિટામિન-ઇ, જે શરીરને ખૂબ ઉપયોગી છે, તે નાશ પામે છે.

***ઘઉંના લોટમાં રહેલા નીચેના પદાર્થો બ્લીચીંગ પ્રોસેસથી નાશ પામે છે.***

૧. ૫૦ ટકા જેટલું કેલ્શિયમ, ૭૦ ટકા જેટલું ફોસ્ફરસ – યાદ રાખો આ બંને પદાર્થો તમારા હાડકાં મજબૂત કરે છે, દાંત મજબૂત રાખે છે. વાળ સુંદર રાખે છે.

૨. ૮૦ ટકા જેટલું આયર્ન જે ઘઉંના લોટમાંથી મળે છે તે નાશ પામે છે અને તમારા લોહીનું હિમોગ્લોબીન પૂરતું બનતું નથી અને એનીમિયા થાય છે.

૩. ૯૮ ટકા જેટલું મેગ્નેશિયમ બ્લીચીંગ પ્રોસેસથી નાશ પામે છે જેને લીધે માનસિક તનાવ વધે છે. ક્રેમ્પ્સ (સ્નાયુઓનું ખેંચાણ) થાય છે. જેને ફેશીઅલ કે આઈ ટ્રીચ કહેવાય (આંખો કે મોં એક બે સેકન્ડ માટે ખેંચાય તે ક્રિયા) તે વારેવારે થાય છે.

૪. ૭૫ ટકા જેટલું મેંગેનીઝ નાશ પામે છે.

૫. ૬૫ ટકા જેટલું કોપર નાશ પામે છે.

૬. ૮૦ ટકા જેટલું થાયામીન (વિટામિન-બી) નાશ પામે છે.

૭. ૫૦ ટકા જેટલું પાયરીડોક્સીન (વિટામિન-બી) નાશ પામે છે.

વ્હાઈટ બ્રેડમાં ફક્ત સ્ટાર્ચ અને ઝેરી પદાર્થો રહેલા છે. સ્ટાર્ચનું પાચન જલદી થતું નથી અને તેનાથી વજન વધે છે. ઉપરાંત કાર્બોહાઈડ્રેટનું પ્રમાણ વધવાથી ડાયાબિટીસ થવાની શક્યતા વધે છે.

૮. સફેદ બ્રેડમાં 'ગ્લુટેન' નામનો પદાર્થ છે જેનું પાચન જલ્દી નહીં થવાથી પેટમાં દુખે છે અને પેટના રોગો (સીલીઆક ડિસીઝ) વધી થાય છે.

**ખાસ ધ્યાન રાખવાની વાત :**

વ્હાઈટ બ્રેડમાં કલર નાખીને કે મોલેસીસ નાખીને વેપારીઓ બ્રાઉન બ્રેડ અથવા વ્હીટ બ્રેડ તરીકે વેચે છે. તેથી ખાસ ધ્યાન રાખીને ખરીદી કરશો. વિશ્વાસપાત્ર વેપારી પાસેથી જ બ્રેડ ખરીદશો. જે વ્હીટ (ઘઉં)ની બ્રેડ હોય.

૯. સફેદ બ્રેડની એક સ્લાઈસનું કેલરી મૂલ્ય ૩૦ જ્યારે સેન્ડવીચ બનાવો ત્યારે બે સ્લાઈસ એટલે ૬૦ કેલરી. વચ્ચે માખણ કે ચીઝ લગાડો તેની ૬૦ કેલરી અને જામ લગાડો તેની ૩૦ કેલરી. આ બધાનો સરવાળો ૬૦ + ૬૦ + ૩૦ = ૧૫૦ કેલરી થાય. બ્રેડના નુકસાનકારક પદાર્થો તમારા શરીરમાં જાય. ઉપરાંત સેચ્યુરેટેડ ફેટ (માખણ / ચીઝ) જેમાં કોલેસ્ટેરોલ હોય અને જામ જેમાં કૃત્રિમ રંગો અને ખાંડ હોય એટલે સફેદ બ્રેડ કે તેની કોઈપણ પ્રકારની વાનગી સેન્ડવીચ, ચીપિયા સેન્ડવીચ, ગ્રીલ સેન્ડવીચ ખાવાથી નુકસાન થાય.

*સાભાર : "ભૂમિપુત્ર"*

*પ્રેષક : શાંતિલાલ સંઘવી - અમદાવાદ*

# ડુંગળી અને લસણ શરીરમાં મ્યુનિસિપાલિટીનું કાર્ય કરે છે

• દિલીપ મ. વૈશ્નવ •

બારેમાસ મળતાં ડુંગળી અને લસણ માનવોની તંદુરસ્તી જાળવવા માટે ખૂબજ આશીર્વાદરૂપ છે. રસોઈમાં સ્વાદનો ઉમેરો કરવા માટે આ બન્ને વનસ્પતિનો આહારમાં ઉપયોગ થાય છે. પરંતુ જો કાચા ખાવામાં આવે તો આપણા શરીરને તેનો ભરપૂર લાભ મળે છે. રસોઈમાં ગરમ કરવાથી આ બન્નેમાં રહેલ સલ્ફર અને બીજા કેટલાક પોષક તત્ત્વોનો નાશ થાય અને પરિણામે તેનો લાભ પૂરતો ન મળે. ભલે પછી જીભને ભાવે.

આ બન્ને કંદમુળ છે, અને બારેમાસ ડુંગળી અને લસણના વાવેતર બધી જ ઋતુમાં થાય છે. ડુંગળીમાં સલ્ફર છે, જેમાં ઉડ્ડયનશીલ પ્રકારનો તૈલી પદાર્થ છે. ડુંગળી અને લસણ દેશ અને વિદેશ (૧૭૦ દેશો) માં થાય છે. વિશ્વમાં ડુંગળી અને લસણ ઉત્પાદન બાબતે ભારતનો ક્રમ ચીન પછી બીજા નંબરે છે. ગુજરાતમાં ૧૨ જેટલા જિલ્લામાં ડુંગળી અને ૬ જિલ્લામાં લસણનું વાવેતર થાય છે.

આ બન્ને ALLIUM (GENUS) કૂળમાંથી આવે છે. બન્નેમાં કેટલીક પેટા પ્રજાતિ પણ છે. વનસ્પતિશાસ્ત્રમાં ડુંગળીને Allium Cepa અને લસણને Allium Sativum કહે છે. ભારતની વિવધ ભાષામાં પણ ડુંગળીના અનેક નામો છે. તેને પ્યાજ પણ કહેવાય છે. અંગ્રેજીમાં તે ઓનિયન છે. લસણના પણ ઘણા નામો છે. અંગ્રેજીમાં ગાર્લીક કહેવાય છે.

આ બન્ને એકજ કુળના છે પણ બન્નેની પ્રકૃતિ અલગ અલગ છે. ડુંગળી આયુર્વેદના મત પ્રમાણે શીત પણ તીખી તેમજ મધુર છે. જ્યારે લસણ ગરમ છે. આપણે તે બન્નેને તામસી ખોરાકમાં ગણીએ છીએ. અલગ પ્રકૃતિ ધરાવતી આ બન્ને વનસ્પતિ આપણા શરીરને એક સરખા ચમત્કારી લાભ આપે છે. તેમાં તે બન્ને ભેદભાવ નથી રાખતા.

હજારો વર્ષોથી લસણ અને ડુંગળીના ઔષધીય ગુણોથી પુરાતન સમયમાં ભારત સહિત વિશ્વના અનેક દેશોના લોકો પરીચિત હતા અને સમયે સમયે બીમારીઓ મટાડવા આ બન્નેનો ઉપયોગ થતો હતો. આયુર્વેદે તો લસણ અને ડુંગળીને અદ્‌ભુત રસાયણ તરીકે વર્ણવેલું છે. આર્યુવેદના વિશેષજ્ઞોએ તો લસણ અને ડુંગળીના ખૂબ લાડ લડાવ્યા છે. આર્યભિષેક કહે છે કે, ‘કાંદો, એ છે મર્દનો બાંધો!’ તેઓના એક પુસ્તકનો આધાર લઈને વૈદ્ય શ્રી પ્રાગજીભાઈ જણાવે છે કે : ‘અગર હર દિન પાશેર ડુંગળી, પા શેર ઘીની સાથે લેવામાં આવે તો તેનો દેહ ભરાવદાર થાય, સશક્ત થાય અને માત્ર સાત દિવસમાં વીર્ય વૃદ્ધિ થાય.’ આજની મોંઘવારીમાં આ શક્ય નથી. પ્રાગજીભાઈના કહેવા મુજબ આજના સમયમાં ચાર ચમચી ડુંગળીનો રસ અને તેમાં તેટલું જ ગાયનું ચોખ્ખું ઘી કે ચાર ચમચી મધ ઉમેરીને સેવન કરવાનું કહી શકાય.

આયુર્વેદના મત પ્રમાણે બાળકોને બાજરાનો રોટલો, સાથે ઘી અને ગોળ, અડદની કાળી કે પીળી દાળ જો જમવામાં આપવામાં આવે અને વચ્ચેવચ્ચે ડુંગળી પણ જમવામાં કે નાસ્તામાં ખવડાવવામાં આવે તો બાળકો રૃષ્ટપુષ્ટ અને ભરાવદાર તેમજ બળવાન થાય અને નાનપણથી શરીરમાં ઈમ્યુનિટી આવે અને માંદગીથી દૂર રહે. વળી બાળકોની ઊંચાઈ વધે. ગોળ અને ડુંગળી વચ્ચે ખાવામાં અંતર રાખવું જોઈએ.

આયુર્વેદ, મેડિકલ અને હોમિયોપેથીમાં પણ આ બન્નેની દવાઓ ઉપલબ્ધ છે.

લસણ અને ડુંગળીમાં અનેક પ્રકારના વિટામિનો, મિનરલ્સ અને પ્રોટીન વગેરે અસરકારક તત્ત્વો છે. વિગતથી વાત કરીએ તો આ બન્ને શક્તિદાયક છે. ફાઈબર - રેસા અને પાણી પણ છે. ચરબી, પ્રોટીન, કાર્બોહાઈડ્રેટસ અને શર્કરા પણ છે. વિટામિનોમાં વિટામિન સી, બી કોમ્પ્લેક્સના પાંચ વિટામિનો છે તો મિનરલ્સમાં કેલ્શિયમ, લોહતત્ત્વ, મેંગેનીઝ, મેગ્નેશિયમ, ફોસ્ફરસ, સલ્ફર, પોટેશિયમ, સોડિયમ, ઝીંક વગેરે છે. લસણમાં સેલેનિયમ છે. આમ જૈવિક અને કુદરતી રાસાયણિક પોષક તત્ત્વોને કારણે લસણ અને ડુંગળી સ્વાસ્થ્ય માટે ઉત્તમ ખાદ્ય પદાર્થ છે જે આપણને રોગરહિત અને તંદુરસ્ત રાખે છે.

આ બન્ને વનસ્પતિમાં ભરપૂર ઔષધીય ગુણો પ્રકૃતિએ આપેલા છે તે કઈ રીતે આપણને ફાયદાકારક છે તે જોઈએ. ડુંગળી અને લસણ એન્ટિઓક્સિડન્ટ છે. અર્થાત શરીરમાંથી બધા પ્રકારનો કચરો, દૂષિત પદાર્થો અનેક પ્રકારના રોગાણુંઓ વગેરેનો સફાયો કરે છે. એટલે જ એમ કહેવાય છે કે ડુંગળી અને લસણ

મ્યુનિસિપાલિટીનું કામ કરે છે. મ્યુનિસિપાલિટી આરોગ્ય સેવાઓ આપવાનું કામ કરે છે, તેમ આ બન્ને વનસ્પતિ આપણા દેહના આરોગ્યની રખેવાળી કરે છે, જેથી શરીરમાં બીમારી પ્રવેશે નહીં. આ બન્ને એન્ટીસેપ્ટિક પણ છે. જ્યારે વિશ્વમાં પ્રથમ અને દ્વિતીય વૉર થયા હતા ત્યારે અનેક લડવૈયા ઘાયલ થયા હતા અને ત્યારે લસણનો ઉપયોગ ઘા રુઝાવા માટે થતો હતો, જેથી ગેન્ગરિંગ થવાની શક્યતા દૂર કરી શકાતી હતી. હિપોક્રિસ્ટના કહેવા મુજબ લસણ અપચો મટાડે છે. શક્તિવર્ધક છે તેથી શરીરને થાક લાગતો નથી. પેરસાઈટસને દૂર કરી રોગને ભગાડે છે. રેસ્પીરેટરી સમસ્યાનો ઉકેલ લાવે છે.

નિયમિત લસણ ખાવાથી હૃદય સંબંધી સમસ્યા નડતી નથી. કારણ કે લોહીના દબાણને નોર્મલ રાખે છે અને લોહીની નળીઓમાં કોલેસ્ટેરોલને વધવા દે નહીં. શરદી ના થવા દે અને વળી જો શરદી થઈ હોય તો લસણ શરદીને મટાડે પણ ખરી. લસણમાં રહેલ તીવ્ર ગંધવાળું ઉડ્ડયનશીલ તેલ કિડનીના કાર્યને સક્રિય રાખી મૂત્ર પ્રવૃત્તિને તકલીફ પડવા દેતું નથી. લસણમાં રહેલ એલીસીન નામનું તત્ત્વ એન્ટીઓક્સિડન્ટ છે. આથી શરીરની ઈમ્યુનિટી વધારે છે. ડુંગળીની જેમ લસણ એન્ટીબેક્ટેરિયલ, એન્ટીફંગલ, એન્ટીપેરસાઈટીસ અને એન્ટીવાઈરલ ગુણધર્મ ધરાવે છે જેથી આપણા શરીરને રોગરહિત રાખે છે. લસણ અને ડુંગળીને કારણે રક્ત પ્રવાહ, પાચનતંત્ર સારી રીતે કામ કરી શકે છે. લસણમાં સેલેનિયમ નામનું એક ખનિજ તત્ત્વ છે, જે શરીરને રોગ પ્રતિરોધક શક્તિ અર્પે છે અને થાઈરોઈડના ફંક્શનમાં સહાયક છે. કેટલાક અભ્યાસો ૨૦૧૨, ૨૦૧૩ અને ૨૦૧૪ માં થયા છે તે પ્રમાણે લસણના ઉપયોગથી કોલેસ્ટેરોલમાં ઘટાડો જોવા મળ્યો હતો, તો કેટલાક પ્રકારના (પ્રોસ્ટેટ અને પેટના) કેન્સરના જોખમને ઓછું કરે છે.

જે લોકો લોહી પાતળું કરવાની ઍલોપથીની દવા લેતા હોય તે લોકોએ લસણ બિલકુલ ના લેવું. તેનાથી લોહીની સૂક્ષ્મ નસો શરીરમાં ગરમી વધવાથી તૂટવા લાગે છે, અને આ કારણસર રક્તસ્રાવ થવાની સંભાવના રહે છે. બનવાજોગ છે કે તેથી મસા (PILES, હરસ), અને એસિડિટી જેવા લક્ષણો જોવા પણ મળે. લસણ લોહી પાતળું કરવાની આયુર્વેદિક દવા છે. લોહી પાતળું કરવાની ઍલોપેથીની દવા અને લસણ સાથે લેવાથી શરીરને નુકસાન થાય છે. આ માટે અન્ય એલોપેથીની દવા સાથે લસણ નિયમિત ધોરણે લેવું કે નહીં તે બાબતે તમારે ડૉક્ટરશ્રી અને વૈદ્યશ્રીની સલાહ અચૂક લેવી. તદુપરાંત તમે જો બ્લડ પ્રેશરની દવા કે અન્ય બીમારી સબબ ઍલોપેથીની એન્ટીબાયોટીકની દવા લેતા હો તો પણ વૈદ્યશ્રી કે ડૉક્ટરની સાથે પરામર્શ કરી લસણનો ખાવામાં ઉપયોગ કરવો. ધાવણા બાળકોને પોતાનું દૂધપાન કરાવતા માતાઓએ આ સમયે ડુંગળી અને લસણ આરોગવા નહીં કારણ કે દૂધ પીતા શિશુ અવસ્થાના બાળકોને લસણ અને ડુંગળીનો સ્વાદ અને ગંધ આવે. જેથી બાળક સ્તનપાન કરવાનું ઓછું કરે કે દૂધ પીવાનું સાવ છોડી દે તે સ્વાભાવિક છે. આ બાબત માતાઓએ છ માસ સુધી ધ્યાન રાખવું.

માનવ શરીરને તંદુરસ્ત રાખવા માટે ડુંગળી પણ લસણની જેમ જ કામ કરે છે. આ બન્ને કંદમૂળ વનસ્પતિના આરોગ્યપ્રદ કાર્યો સરખા છે. બન્નેની ભલે પ્રકૃતિ અલગ અલગ છે પણ આપણા શરીરને સ્વચ્છ અને સ્વસ્થ રાખવા માટે અદ્‌ભુત કાર્યો કરે છે, જેથી તે બંને શરીર માટે ખૂબ કલ્યાણકારી છે.

થોડુંક પુનરાવર્તન કરીએ તો ડુંગળી સલ્ફરનો સારો સ્રોત છે. જેથી લસણની જેમ શરીરની અંદરનો બધા જ પ્રકારનો કચરાનો નાશ કરે છે આથી શરીર રોગમુક્ત રહે છે. ડુંગળીથી શરીર પુષ્ટ અને બળવાન બને છે. કબજિયાત ન રહે, પેટ સાફ રાખે, ભૂખ લાગે, પેશાબ છૂટથી થાય... ડુંગળીથી ઇસ્યુલીન ઉત્પન્ન કરે તેથી ડાયાબિટીસની સમસ્યા ન રહે. કોલેસ્ટેરોલ અને બીપીને અંકુશમાં રાખે, લોહીમાં કોલેસ્ટેરોલ જમા ન થાય. આથી હાર્ટઍટેક ન આવે. નિયમિત ડુંગળી લેવાથી કોલોન, પેટ, ફેફસાં, પ્રોસ્ટેટ અને બ્રેસ્ટ કેન્સર કોષોનો ગ્રોથ રોકે. આમ લસણ અને ડુંગળી માનવીને રોગરહિત રાખી તંદુરસ્તીના રખેવાળ તરીકે કામ કરે છે. બહેનોના રજોનિવૃત્તિ સમય દરમ્યાન તાસીરને અનુકૂળ હોય તો જ નિયમિત રીતે આશરે ૬૦ ગ્રામ ડુંગળી આરોગે તો કેલ્શિયમનું ધોવાણ ઓછું થાય અને તેથી આગળ ઉપર હાડકાંઓ નબળા ન પડે અને પીડાદાયક ઓસ્ટીઓપોરોસીસ ન થાય. ડુંગળીમા કેલ્શિયમ હોય છે. મૅનોપોઝ સમયે હાડકાંઓ નબળા થઈ શકે છે.

શિયાળામાં લીલી ડુંગળી અને લીલું લસણ મળે છે, તે ખવાય અને ઉનાળામાં સૂકા લસણ અને ડુંગળી ખવાય. જે લોકો સતત પ્રવાસમાં રહેતા હોય તે લોકોએ ડુંગળી અને લસણ લેવા જરૂરી છે જેથી સ્થાનફેર સંજોગોમાં બીમાર ન થવાય. આ બન્નેનો અતિરેક પણ ન થાય તેની પણ કાળજી લેવી જોઈએ તેમજ તમારી તાસીરને અનુકૂળ હોય તો થોડા થોડા પ્રમાણમાં ભોજન અને નાસ્તામાં લેવાથી શરીરને ખૂબ ફાયદો થશે. આ બન્નેમાં કુદરતે પ્રેમથી અનેક પ્રકારના ઔષધીય

ગુણો બક્ષ્યા છે.

ડુંગળી અને લસણ સાથે ગોળ, દૂધ અને ફળો ના લેવાય. આ વિરુધ્ધ આહાર છે. કેટલીક શારીરિક ઉપાધિ સામે લસણ અને ડુંગળીના સાદા અને સરળ ઘણા ઘરગથ્થુ ઉપાયો છે. દા.ત. ચામડી પર કોઈ જંતુ કરડી જાય ત્યારે ચામડી પરના ડાઘાને દૂર કરવા માટે ડુંગળીનો રસ કે તેનો છુંદો ચોપડવાથી ડાઘા દૂર થાય છે. દાદર, ખરજવા પર લસણ વાટીને તેનો લેપ લગાવવાથી ઘણી રાહત થાય છે. કાનનો દુઃખાવો દૂર કરવા માટે ખાવાના તેલમાં લસણની ચારથી પાંચ કળીઓ ગરમ કરી, ઠારી, કાનમાં ટીપા નાખવાથી કાનનો દુઃખાવો મટી શકે છે. અડધું માથું એટલે આધાશીશીના દુખાવામાં લસણની ત્રણ - ચાર કળીઓનો રસ કાઢી નાકમાં સુંઘાવવાથી રાહત મળે છે. અજીર્ણ, અરૂચિ કે મંદાગ્નિની તકલીફમાં લસણ, મીઠું, ખાંડ, સરખા પ્રમાણમાં લઈ, આ મિશ્રણમાં તેનાથી ડબલ શુદ્ધ ઘી મેળવી ખાવાથી આ તકલીફ દૂર થાય છે. આ તકલીફો લસણની ચટણી ખાવાથી પણ મટી શકે છે. દાદીમાના આવા સાદા ઉપાયો અનેક છે. કોઈ પણ આયુર્વેદિક ઉપચાર માટે વૈદ્યશ્રીની સલાહ લેવી આવશ્યક છે.

અંતમાં લેખની વિગતનું પુનરાવર્તન કરતાં એટલું કહેવાનું કે લસણ અને ડુંગળી કૃમિનાશક છે. પેટના અને કફના તેમજ હાર્ટના રોગોની દવા છે, એનિમિયા દૂર કરે છે. નિયમિત સેવન શરીરને સશક્ત અને નિરોગી બનાવે છે. બધા તંત્રો અસરકારક રીતે કામ કરે છે. ઉધરસ, અસ્થમા, કેન્સર પેરાસિટીક ડાયેરિયા, રૂમેટીક દર્દ, ડાયાબિટીસ, હાઈપોગ્લેસિમિયા, રોગાણુંજન્ય બીમારીઓ દૂર કરવા આ બે પદાર્થો અગ્રેસર છે. લસણ અને ડુંગળી માનવ આરોગ્યના જતન માટેનો ઉત્તમ ખોરાક છે. પ્રકૃતિએ આપેલા વનસ્પતિજન્ય શાકપાન અને ફળફળાદી આપણે સૌ આરોગતા રહીએ તો ઘણા રોગોને મહાત કરી શકાય.

*સંદર્ભ સૌજન્ય : ઈન્ટરનેટ, સંદેશ, દિવ્યભાસ્કર*

*૭/૭, અનિક એપાર્ટમેન્ટ*
*આર.જે.ટી. કોમર્સ કૉલેજ પાસે*
*વસ્ત્રાપુર (ગામ), અમદાવાદ-૩૮૦ ૦૧૫.*
*મો. ૦૯૯૯૮૮ ૧૮૨૧૫*

***આપણા દેશમાં જેટલી માલ મિલ્કત છે તેમાંથી ૯૦ ટકા જેટલી મિલ્કત માત્ર ૪-૫ ટકા લોકોનાં હાથમાં છે.***

સાંપ્રત વિચાર મંચ

# સાંપ્રત વિચાર મંચ

• સંકલન : હરસુખભાઈ મહેતા •

## "કચ્છશ્રુતિ" માર્ચ-૨૦૧૬નો સાંપ્રત પ્રશ્ન

***સાંપ્રત વિચારમંચના મથાળા હેઠળ અત્યાર સુધી નીચે મુજબના પ્રશ્નો રજૂ કરવામાં આવ્યા હતા :***

★ સોશિયલ મીડિયાના ફાયદા અને ગેરફાયદા.

★ શું ભારતમાં ખરેખર અસહિષ્ણુતા છે ખરી?

★ શું ગુજરાતી સિનેમાનો નવો દોર ફરીથી ચાલુ થઈ ગયો છે?

આ શ્રેણીમાં પ્રત્યેક વિષયોના સમયાનુસાર વિજેતા જાહેર થયેલા પ્રથમ અને દ્વિતીય ક્રમાંકનાં લેખો 'કચ્છશ્રુતિ'માં પ્રસિધ્ધ થતા હોય છે.

આ વિભાગમાં ભાગ લઈ રહેલા તમામ તજજ્ઞ લેખકોનો ખૂબ ખૂબ આભાર.

આટલા જ હોંશ અને ખુશીથી 'કચ્છશ્રુતિ' આગળ વધે છે અને હવે પછીનો વિષય નીચે મુજબ છે :

## "JNUનો ઘટનાક્રમ શું સાબિત કરે છે?"

***ઉપરોક્ત વિષયે આપનો લેખ અત્રેના કાર્યાલયમાં તા. ૧૫-૪-૨૦૧૬ સુધીમાં મોકલાવી આપવા અપીલ કરીએ છીએ.***

સમાજની ક્ષિતિજે

# વિવાહ સંસ્કાર

• પ્રસિધ્ધ કર્તા : પરમાનંદ માણેકલાલ ગાંધી •

*લગ્નસંસ્થા એ સ્વસ્થ સમાજ જીવનના પાયાની એક મહત્ત્વની સંસ્થા છે. આદર્શ લગ્નજીવન એ વ્યક્તિના આધ્યાત્મિક વિકાસમાં પણ મહત્ત્વનો ભાગ ભજવે છે. પ્રભુતામાં પગલાં એટલે પ્રચલિત ભાષામાં ગૃહસ્થાશ્રમમાં પ્રવેશ. લગ્નસંસ્કાર પછી પતિપત્ની ગૃહસ્થાશ્રમમાં પ્રવેશ કરે છે પરંતુ તેનું હાર્દ પતિપત્નીના ધ્યાનમાં આવતું નથી, કારણ કે આજે થતી લગ્નસંસ્કારની વિધિ કેવળ ઔપચારિક જ રહી છે. લગ્નપ્રસંગે મોટેભાગે વિધિ તરફ વરકન્યાનું અથવા અન્યનું લક્ષ્ય હોતું નથી. એટલું જ નહીં પરંતુ તે વિધિ સમજાવવા માટે કેટલાંક પંડિતો - પુરોહિતોની ક્ષમતા પણ હોતી નથી. પરિણામે લગ્ન સંસ્કાર દેખાદેખીમાંથી થતો એક આડંબર જ રહી ગયો છે. આ કારણે લગ્નવિધિની સામાન્ય સમજ મળે તે ઉદ્દેશથી શ્રી પરમાનંદ ગાંધી અને ડૉ. ગૌરાંગ ગાંધી તરફથી પ્રાપ્ત પુસ્તક "પ્રભુતામાં પગલાં" માંથી કેટલાક પ્રકરણની શ્રેણી અત્રે પ્રસ્તુત કરીએ છીએ. સુજ્ઞ વાચકવર્ગ તેને ઉમળકાભેર આવકારશે એવી આશા અસ્થાને નહીં ગણાય.*

*– તંત્રી મંડળ*

*गृभ्णामि ते सौभगत्वाय हस्तं मया पत्या जंरदृष्टिर्यथा सः ।*
*भगोऽअर्यमा सविता पुरन्धिर्मह्यं त्वादुर्गार्हपत्याय देवाः ॥*

*(અથર્વવેદ - ૧૪-૧-૫૦)*

'હે શોભને! ઐશ્વર્યની વૃદ્ધિ માટે હું તારો હાથ ગ્રહણ કરું છું. તું વૃદ્ધાવસ્થા સુધી મારી સાથે સુખેથી નિવાસ કર, ભગ, અર્યમા, સવિતા, ઈન્દ્ર એ દેવતાઓએ ગૃહસ્થધર્મ માટે તને મને આપી છે.'

### • લગ્ન-જીવનની આવશ્યકતા :

જિંદગીનો રાહ બહુ અટપટો, કંઈક અંશે વેરાન અને વિકટ પણ છે. લાંબા પથ પર એકાકી ચાલવું બહુ દુષ્કર છે. કોઈ યોગી વિરલાથી જ તે સંભવી શકે. સામાન્ય માનવીને તો એ જીવનપથ પર ચાલવા કોઈ સાથીની, કોઈના પ્રેમાળ હૂંફની જરૂર પડે જ છે. અવારનવાર 'કામ'ની ચડતી આંધીઓમાં માનવી, પછી તે સ્ત્રી હોય કે પુરુષ, માનસિક સ્થૈર્ય જાળવી શકતો નથી અને જીવનના રાહ પરથી ભટકી જાય છે.

આ રાહ પર ચાલવા માનવીને - પછી તે સ્ત્રી હોય કે પુરુષ જીવનસાથીની જરૂર પડે છે. એકબીજાનો હાથ પકડી, એકબીજાની હૂંફ લઈને એ જીવનપથ પર આગળ વધે છે. એ બંનેમાંથી કોઈ ઊંચ નથી, કોઈ નીચ નથી. કોઈ હલકું નથી, કોઈ શ્રેષ્ઠ નથી. કોઈ સેવક નથી, કોઈ સેવ્ય નથી. પરંતુ બંને એક દ્વિદલ ધાન્યના બે ફાડિયાં જેવાં સમ છે. બંને એક જ જીવનપથના યાત્રી છે. સાથે રહી આગળ વધવાની ભાવનાવાળા પથિકો છે. અને સાથે રહી શકાય માટે લગ્નથી જોડાય છે.

### • લગ્નજીવનનું મહત્ત્વ :

મતલબ, સ્ત્રી-પુરુષનું, પતિ-પત્ની તરીકે સાથે રહેવું મહત્ત્વનું છે. કાયદાથી કોર્ટમાં એકાદ સાક્ષીની હાજરીથી પણ તે થઈ શકે છે. અને વિશ્વમાં આ પ્રકારે થયેલા લગ્નને માન્યતા પણ મળે છે. તો પછી એક સહજ સવાલ થાય કે આજે જે પદ્ધતિથી વિધિ અને લગ્નનો ઠઠારો વગેરે કરવામાં આવે છે તેની આવશ્યકતા જ ક્યાં છે? નકામી આ બધી ઝંઝટ ઊભી કરવી!

તેનાં પણ કારણો છે. કોર્ટની માન્યતા મેળવી થતાં લગ્નો સામાન્ય રીતે ભોગાર્થ હોય છે. વાસનાની તૃપ્તિ માટે હોય છે અને જીવન વ્યવહારમાં પ્રતિકૂળતા આવતાં, એક બીજાનો મનમેળ ન ખાતાં સરળતાથી તેમાં વિચ્છેદ (divorce) થઈ શકે છે. પરંતુ આપણે ત્યાં ભારતીય સંસ્કૃતિમાં આવાં શરતી લગ્ન સંબંધ નથી.

વૈદિક સંસ્કૃતિમાં તો પતિપત્નીનું જીવનભરનું સાહચર્ય છે. જીવનભરનો સાથ નિભાવવાનો છે. તેથી વૈદિક મંત્રો સાથે અગ્નિ અને પુરોહિતની સાક્ષીમાં એ અપાતો પવિત્ર સંસ્કાર છે.

વૈદિક ૠષિઓએ વિવાહનો ચાર દષ્ટિએ વિચાર કર્યો છે : (૧) લગ્નજીવનની વ્યવહારિક દષ્ટિ, (૨) સામાજિક દષ્ટિ, (૩) ધાર્મિક દષ્ટિ અને (૪) અતિ મહત્ત્વની આધ્યાત્મિક દષ્ટિ.

### • વ્યવહારુ દષ્ટિ :

વ્યવહારુ દષ્ટિએ વિચારવાનું હોય તો સમગ્ર સૃષ્ટિનું સર્જન મૈથુની છે. એટલે કે સ્ત્રીપુરુષના સમાગમથી જ નવું સર્જન થાય છે. પુખ્ત ઉંમર થતાં બંનેમાં કામવૃત્તિ જાગૃત થાય છે

અને તે વૃત્તિ સમાવવા માટે વિજાતીય સાથી હોય તો જ તે સંભવિત થઈ શકે. અને સમગ્ર વિશ્વમાં સ્ત્રી-પુરુષના આ રીતના સંબંધો છે અને સૃષ્ટિના ક્રમ મુજબ તે રહેવાના.

તો એક સવાલ એ પણ ઊભો થાય કે આ સંબંધો કામોત્તેજના પૂરતા જ છે? જો કે એ જરૂરી નથી. પરંતુ ઘડીભર માની પણ લઈએ કે સ્ત્રીને કામોત્તેજના થાય ત્યારે તેને પુરુષ મળવો જોઈએ અને પુરુષને કામોત્તેજના થાય ત્યારે સ્ત્રી સાથી મળવી જોઈએ. તો શું તે વખતે સ્ત્રી યા પુરુષ - તેને યોગ્ય સાથીની શોધમાં નીકળે? તો તે દૃષ્ટિથી સ્ત્રીપુરુષના એકબીજા સાથે કાયમનો સહવાસ આવશ્યક બને છે અને બંને આ રીતની ભાવના સાથે સ્ત્રી-પુરુષ લગ્નગ્રંથિથી જોડાય છે.

પરંતુ એક વાત હંમેશાં ધ્યાનમાં રાખવા જેવી છે કે કામોત્તેજના હંમેશાં રહેતી નથી. તેથી કામોત્તેજના માટે લગ્નજીવન છે એ સમજણ ભ્રામક છે.

વ્યવહારુ જીવનમાં માનવીને અનેક પ્રકારની વિટંબણાનો સામનો કરવો પડે છે. દા.ત. નોકરિયાત માણસને તેના માલીક યા તો ઉપરી અધિકારી ઉપર એકાદ કારણસર ગુસ્સો આવે તો તેમની સમક્ષ તે પોતાનો ગુસ્સો ઠાલવી શકતો નથી. તો તે ગુસ્સો ક્યાં ઠાલવશે? ઘરે આવી પત્ની ઉપર. તેવી જ રીતે પતિ ઓફિસે ગયા પછી પતિની ગેરહાજરીમાં પત્નીને સાસુ સાથે મતભેદ થવાથી ગુસ્સો આવ્યો તો તે ગુસ્સો ક્યાં ઠાલવશે? પતિ ઘરે આવ્યા પછી તેની પાસે જ ઠાલવશે ને! તો આવા વિવિધ પ્રસંગોએ મનની ભાવના વ્યક્ત કરવા અથવા માનસિક વિકારો ઠાલવવા માટે પણ એક સાથીની આવશ્યકતા છે. તે દૃષ્ટિથી પણ સ્ત્રી-પુરુષનો પતિપત્નીરૂપે સહવાસ કાયમ રહે માટે લગ્નગ્રંથિથી જોડાવાની આવશ્યકતા છે. અને આ સંબંધો કાયમના રહે માટે ઋષિઓએ લગ્નની વિધિ આપી અને અગ્નિની સાક્ષીએ તથા વેદોના મંત્રોચ્ચારથી વિવાહ સંસ્કારમાં પાવિત્ર્ય નિર્માણ કર્યું.

- **સામાજિક દૃષ્ટિ :**

સામાજિક દૃષ્ટિએ વિચારવાનું હોય તો પણ આ વિધિ આવશ્યક છે. એટલા માટે કે પરણ્યા પછી, પતિપત્ની જવાબદાર નાગરિક અને ગૃહસ્થી બન્યાં છે. તેથી જે સમાજમા તેમને રહેવાનું છે, જેની સાથે તેમણે તાલ મિલાવી ચાલવાનું છે, તેમને નવા થયેલા ગૃહસ્થીનો અને પતિપત્નીનો, તે સમાજને પણ પરિચય થવો આવશ્યક છે. તેથી આ રીતે વૈદિક વિધિ રાખવામાં આવી છે. કોર્ટની વિધિથી સમાજનો પરિચય થતો નથી, વળી વૈદિક સંસ્કૃતિમાં તો ગૃહસ્થાશ્રમને ધન્ય આશ્રમ માનવામાં આવ્યો છે. તે દૃષ્ટિથી પણ નવપરિણિત પતિપત્ની તેમનું ગૃહસ્થી જીવન દીપાવે એ ભાવના પણ આમાંથી સાકારિત થાય છે.

- **ધાર્મિક દૃષ્ટિ :**

ધાર્મિક વિધિ, એ તો આ સંસ્કારનું હાર્દ છે. શાસ્ત્રોએ નિયુક્ત કરેલી વિધિથી આ સંસ્કાર સંપન્ન થાય છે. તેથી પ્રત્યેક વિધિ પાછળનું હાર્દ સમજવાની આવશ્યકતા છે. આ સંસ્કારની વિધિ વખતે વર-કન્યા, જે કાંઈ વિધિ કરાવવામાં આવે તેનું હાર્દ જાણીને તે વિધિ કરશે તો જીવન તરફ જોવાનો તેમનો અભિગમ જ બદલાઈ જશે. તેમનું લગ્નજીવન સુખમય તથા કલ્યાણકારી બનશે; પ્રસન્નતાથી ભર્યું ભર્યું રહેશે.

- **આધ્યાત્મિક દૃષ્ટિ :**

લગ્નસંસ્કાર પાછળનો ચોથો વિચાર અધ્યાત્મ - એ તો લગ્નજીવનનો કળશ છે.

વિશ્વને નિર્માણ કરનાર આદિ શક્તિમાં વિભિન્ન ગુણો છે. તેમાં ભવ્યતા છે, રૂદ્રતા છે, સામર્થ્ય છે, સૌહાર્દ છે અને ગાંભીર્ય પણ છે. આ બધા પુરુષના ગુણો છે. એની સાથે સાથે તે જ શક્તિમાં પ્રેમાળપણું, વાત્સલ્ય, કોમળતા તથા મોહક રમણીયતા છે. આ બધા સ્ત્રીના ગુણો છે. તેથી નારી અને નરના વિભિન્ન ગુણો હોવા છતાં તેમનું ઐક્ય આદિશક્તિમાં છે.

અને એ આદિશક્તિ ઈશતત્ત્વની પ્રાપ્તિ, એ જ તો જીવનનું પરમ લક્ષ્ય છે. તે માટે જીવનમાં પુરુષ અને સ્ત્રીના ગુણોનું ઐક્ય આવશ્યક છે. લગ્નજીવન દરમિયાન સતત સાહચર્ય અને પ્રેમના લીધે પુરુષે સ્ત્રીના ગુણોનું અને સ્ત્રીએ પુરુષના ગુણોનું ઉદાત્તિકરણ કરી, એ ગુણોને જીવનમાં સંક્રાંત કરવા જરૂરી છે.

હકીકતમાં, વિશ્વમાં રહેલું નરરૂપ શિવ છે અને નારીરૂપ ઉમા છે. તો પતિપત્નીએ શિવ-પાર્વતીરૂપ બનવાનું છે. તે એકબીજામાં સમર્પિત ભાવથી અને એવા બનવાની જાગરૂકતાથી પરમ લક્ષ્ય સુધી પહોંચી શકાશે. અને આ રીતે એકબીજાના ગુણોને સંક્રાંત કરી જીવનવિકાસ સાધવાનો પ્રયાસ નહીં થાય તો જીવન શુષ્ક બનશે. જીવનલક્ષ્ય સુધી પહોંચી શકાશે નહીં.

આ ભૂમિકા ધ્યાનમાં રાખીને લગ્ન સંસ્કારની વિધિથી પતિપત્નીનું સાહચર્ય સ્થાપિત કરવામાં આવ્યું છે.

- **લગ્ન સંસ્કારના ઉદ્દેશો :**

વિવાહ સંસ્કારની આ બધી વાતો ધ્યાનમાં રાખી લગ્ન સંસ્કારના કેટલાક ઉદ્દેશો પણ સમજી લેવાની જરૂર છે. પશુપક્ષીમાં તો તેમની સહજ પ્રેરણા તથા પ્રકૃતિ મુજબ તેમનો વ્યવહાર હોવાના કારણે તેમની કામોત્તેજના નિયંત્રિત રહે છે. પરંતુ મનુષ્ય

પાસે પોતાનું કર્તૃત્વ, બુદ્ધિ વગેરે હોવાના કારણે તેની કામોત્તેજના અનિયંત્રિત રહેવાનો સંભવ છે. અને મનમાન્યા વિષયોપભોગ તથા આહારવિહારના પરિણામે તે જીવનના ઉન્નતિના રાહથી ભટકી ન જાય તેથી સ્ત્રીપુરુષ પોતાની અનિયંત્રિત ભોગવૃત્તિને એકબીજામાં કેન્દ્રીભૂત અને નિયંત્રિત કરી આધ્યાત્મિક ઉન્નતિના સહાયરૂપ બને માટે પણ વિવાહ સંસ્કાર છે.

તે સિવાય પણ બીજા કેટલાક ઉદ્દેશો છે.

વિવાહ સંસ્કારનો બીજો ઉદ્દેશ - ઉત્તમ ધાર્મિક સંતાનની ઉત્પત્તિ દ્વારા પિતૃઋણમાંથી મુક્ત થઈ પ્રજાતંતુની રક્ષા કરવાનો છે. આ ઉદ્દેશ્યથી શ્રુતિવચન પણ છે :

*प्रजातन्तुं मा व्यवच्छेत्सीः ।*

'પ્રજાતંતુ ઉછિન્ન ન કરો...'

'પુરુષે દેવઋણ, ઋષિઋણ તથા પિતૃઋણ પૂરા કરી મનને જીવનના અંતિમ લક્ષ્ય મોક્ષમાં પરોવવું.' કઈ રીતે તે ઋણ ફેડવું તેની સમજણ પણ શાસ્ત્રકારોએ આપી છે. ***ऋणानि त्रीण्यपाकृत्य मनो मोक्षे निवेशयेत् ।***

*તે ઉપરાંત,*

સ્ત્રીપુરુષના મધુર સમન્વય તથા સામંજસથી પારિવારિક, સામાજિક તથા રાષ્ટ્રીય જીવનની સુવ્યવસ્થા તથા સુખ શાંતિની રક્ષા કરવી એ વિવાહ સંસ્કારનો ત્રીજો ઉદ્દેશ છે.

પરંતુ વિવાહ સંસ્કારનો જ્યારે વિચાર કરીએ છીએ ત્યારે માનવી સ્વભાવની સહજતાનો વિચાર કરવો પણ જરૂરી છે. લગ્નજીવનના પ્રારંભમાં સ્ત્રીપુરુષ બંનેનું વિજાતીય આકર્ષણ હોય એ સહજ છે. અને પતિપ્નીનું સામીપ્ય, આ આકર્ષણના લીધે જ હોય છે અને મોટા ભાગે તેની અભિવ્યક્તિ 'I love You' 'હું તને પ્રેમ કરું છું' એ શબ્દો યા તો મૌનમાં આ પ્રકારનો ભાવ વ્યક્ત થતો હોય છે.

પરંતુ જેને પ્રેમ ગણી સામીપ્યની ભાવના અનુભવાતી હોય છે તે સાચા અર્થમાં પ્રેમ છે કે પછી શારીરિક આકર્ષણને જ પ્રેમ ગણીને તેની અભિવ્યક્તિ થાય છે, એ એક મનોવૈજ્ઞાનિક વિચારણીય પ્રશ્ન છે.

વાસ્તવમાં, સર્જનહારે વિશ્વમાં પ્રત્યેક મનુષ્યના ચહેરાની, સ્વભાવની, ગમાઅણગમાની, અલગ અલગ વાસનાઓની વિવિધતા રાખી છે. અને લગ્નસંબંધથી પતિપત્ની જોડાયાં છે ત્યારે પણ તેમના સ્વભાવની, તેમના સંસ્કારની ભિન્નતા રહેવાની. પછી ભલે આજના પ્રચલિત ઈન્ટરવ્યુમાં માનવી સમાધાન લે કે અમારા બંનેનું thinking એક જ છે. તો સવાલ એ છે કે આટલા પ્રકારની ભિન્નતા હોય, મનની અલગઅલગ વાસનાઓ હોય, અહં હોય, ત્યાં પતિપત્નીનો મનમેળ ખાવો શક્ય નથી. છતાં જિંદગીભર સાથ નિભાવવાનો!

પરંતુ પ્રભુએ તે માટેની વ્યવસ્થા ગોઠવી રાખી છે. પ્રત્યેક હૃદયમાં અસ્ખલિત વહેતો પ્રેમનો સ્રોત મૂક્યો છે અને સ્વાર્થરહિત, અપેક્ષારહિત, અહંકારરહિત પ્રેમ હશે તો પતિપત્નીની સંસારયાત્રા ખૂબ જ આનંદિત રહેશે. જ્યાં આવો પ્રેમ હોય ત્યાં વિખવાદ ક્યાંથી સંભવે!

શુદ્ધ પ્રેમ હંમેશા અપેક્ષારહિત હોય છે અને બીજાને હંમેશાં સુખી અને આનંદી રાખવો - એ જ એનું લક્ષ્ય હોય છે. અને એકબીજા માટે આવો સમર્પિત ભાવ, બીજાને સુખી રાખવાની ભાવના - એ સંસારયાત્રા સુખી અને આનંદિત બનાવવાની ચાવી છે.

લગ્નસંસ્કારના આ ઉદ્દેશોને પરિપૂર્ણ કરવામાં ગાંભીર્ય અને જવાબદારીની સભાનતા કેળવાય અને જીવનમાં આવતાં સંઘર્ષોનો સામનો કરવાની માનસિક ક્ષમતા કેળવાય, એકબીજામાં સમર્પિત થઈ ઉલ્લાસથી અને આનંદથી જીવનનો રાહ કાપી શકાય, તેથી અગ્નિની સાક્ષીએ, વેદના પવિત્ર મંત્રો સાથે આ સંસ્કારવિધિ કરવામાં આવે છે અને તેથી આ સંસ્કાર પવિત્ર ગણવામાં આવ્યો છે.

આ વિધિને ત્રણ વિભાગમાં વિભાજિત કરી શકાય છે :

(૧) સંસ્કાર પૂર્વેની વિધિ, (૨) વિવાહ સંસ્કારની વિધિ, અને (૩) વિવાહપશ્ચાતની વિધિ. તેમાં કેટલીક વૈદિક અને કેટલીક લૌકિક વિધિનો સમાવેશ થાય છે. અને એ સહજ છે કે લૌકિક વિધિ તત્ તત્ સમાજના વ્યવહારને અનુરૂપ રહેવાની.

***(ક્રમશઃ)***

***૧૦૦૬/બી, કલાસાગર, રત્નમણિ કોમ્પ્લેક્સ પાછળ, જોધપુર ચાર રસ્તા, અમદાવાદ-૩૮૦ ૦૧૫. ફોન : (૦૭૯) ૨૬૭૪૩૫૮૬***

---


*ખડખડાટ હસતા રહો*
*ને તાતાં છોડો તીર*
*બળ, બુધ્ધિ ને ધન બહુ વધે*
*ને સુખિયું રહે શરીર.*
*"તુલસી આ સંસારમાં*
*ભાત ભાતના લોક"*
*રડાવનારા અનેક છે*
*હસાવનારા કોક.*

***(સ્વ.) નાથાલાલ દવે***

***પ્રેષક : શાંતિલાલ સંઘવી - અમદાવાદ***

# NAVNEET નાં તદ્દન નવાં શ્રેષ્ઠ ૩ પ્રકાશનો

## મોહક બાળ નામાવલી





કિંમત : ₹ 80.00

બાળકનો જન્મ થતાં જ ઘરમાં સૌને બાળકનું નામ પાડવાની મીઠી મૂંઝવણ થતી હોય છે. નામ સાંભળતાં જ ગમી જાય તેવું મોહક અને નવીનતાવાળું હોવું જોઈએ, એવી બધાની અપેક્ષા હોય છે. નામ અને તેનો અર્થ સ્પષ્ટ, રુચિકર તથા શુભ ભાવોને વ્યક્ત કરનાર હોય ને આપણે પસંદ કરેલું નામ અનોખું એટલું જ ભાવસભર હોય એવી જ આપણી મૂળભૂત ઈચ્છા હોય છે.

આ સર્વનો ખ્યાલ રાખી અહીં વિવિધ નામો પ્રચુરપણે રજૂ કરવામાં આવ્યાં છે.

## શ્રેષ્ઠ આરોગ્યલક્ષી પ્રકાશનો




### હૃદય


ઈશ્વરની એક અદ્‌ભુત બક્ષિસ

કિંમત : ₹ 150.00

### તાળી–ચિકિત્સા પદ્ધતિ

(સ્વ–સંમોહન સહિત)

કિંમત : ₹ 40.00




NAVNEET®

Knowledge is wealth

**NAVNEET EDUCATION LIMITED**

**Correspondence Address** : Navneet House, Gurukul Road, Memnagar, Ahmedabad-380 052, India.
**Phone :** (079) 6630 5000 • 66305001, 2745 1000 • Fax : (079) 6630 5011, 2748 8000
**email :** navneet.ahd @Navneet.com • **Website :** www.navneet.com

INSTA-POWER™
Humble Efforts to Provide Quality Power
www.comfortinstapower.com
ISO 9001:2008, Certified Company
DISTRIBUTION TRANSFORMER
11 KV, 22 KV & 33 KV Class
upto 7000 KVA, Confirming to
IS-2026, IS-1180, 2014

OTHER PRODUCTS
■ Furnace Transformer ■ Lighting Transformer ■ Isolation Trnasformer
■ Online UPS ■ Servo Voltage Stabiliser from 1 KVA to 1000 KVA
WE ALSO UNDERTAKE TRANSFORMER MAINTENANCE, REPAIRING & OIL FILTRATION JOB
COMFORT INSTA-POWER LTD.
Corp. & Regd. Office Vadodara. Mo. : 9825374323
Works 1 (Anjar - Kutch) Mo. : 9925203489
Works 2 (Waghodia - Vadodara)

Ajay Shah
T. : +91 7926441050
M. : +91 9327000105
E-mail : admin@shahnet.com
Web. : shahnet.com
Shah Net
Technologies Pvt. Ltd.
406, Tilakraj Complex, Panchavati, Ellisbridge, Ahmedabad-380 006.
: Iolite :
Intellectual Property • Management Software
www.iolite.net.in

M. : 93750 22555 • Ph. : 2756 0480
FORTUNE SURGICALS
• GLUCOMETER • BLOOD PRESURE MONITER • WHEEL CHAIR • NEBULIZER • AIR BED
• WATER BED • PULSE OXIMETER • OXYGEN-FLOW METER • MORNING WALKER
• EXCERCISE CYCLE • MASSAGER • WEIGHING SCALE • SAUNA BELT • HEATING PED
• HOT WATER BAG • THERMOMETER • ADULT DAIPER • TREAD MILL
C-004, Supat-2, Nr. Vadaj Bus Stand, Nr. St. Laurn Hotel, Ashram Road, Ahmedabad-13

Navin Rajput : 9998540827
Raj Rajput : 9979888123
SHUKRA
Land Developers Ltd.
12, Zodiac Square, 3nd Floor, Opp. Gurudwara,
S.G. Highway, Bodakdev, Ahmedabad-380 054.
M. : 8238044222, 8238055222, 8238066222
E-mail : shukraland@gmail.com
Website : www.shukraland.com

Girlie™
Ladies Bag | Ladies Foot Wear
Unit-1, Ground Floor, Urja House,Swastic Cross Road,
C.G. Road, Ahmedabad - 380009.
Ph. : 079-26562011
E-mail : girlie.ahmedabad@gmail.com

Rajesh Shah
Ayu Plus
Herbal Beauty Products
Everyday Herbal Beauty Care
Mfg. of Herbal Cosmetics & Fincg Products
Khadi & Village Industrial Commission Approved.
"Swastik" Opp. Railway Station, Samakhiyali-370150. Kutch-Gujarat (India).
Tele. Fax. : +91 2837 283854 • M. : +91 98790 33484
Email : everydayharbalcare@gmail.com • Web. : www.everydayharbalcare.com

પ્રતાપ બી. ઠક્કર
મો. : ૯૮૨૫૩૫૯૦૩૫

॥ જય જલારામ ॥
જલારામ એસ્ટેટ
બી/૧, બેન્કર્સ કોલોની, ઓધવરામ કોમ્પલેક્ષ, બીજા માળે,
ટાઉન હોલ સામે, ભુજ-કચ્છ. ૨૫૧૩૪૪.
૧૯/૨૦ આદર્શ ટાવર્સ, મુન્દ્રા-કચ્છ.

પિયુષકુમાર નટવરલાલ ધોળુ
નટવરલાલ ધનજીભાઈ પટેલ
(ઓ.) ૦૨૭૧૪-૨૯૪૫૧૩
મો. : ૯૩૭૪૫ ૮૫૬૫૫, ૯૮૨૫૪ ૮૫૬૫૫,
૯૩૭૪૪ ૪૦૨૩૪, ૯૮૨૫૪ ૪૦૨૫૪
શ્રી આશાપુરા ટીમ્બર ટ્રેડર્સ
શ્રી આશાપુરા સિમેન્ટ ડેપો
દરેક જાતના સાગ, સાલ, ચીલ, દેવદાર, આંબો,
લીમડો જલાઉ લાકડા તેમજ પેકીંગવુડ તથા પ્લાયવુડ વેચનાર.
સિમેન્ટ આર્ટીકલ્સ તથા સિમેન્ટના વિક્રેતા તથા સિમેન્ટ પતરા વેચનાર.
ઠે. મધીયા, બગોદરા હાઈવે, ધોળકા-૩૮૨૨૨૫. જિ. અમદાવાદ.

# દીકરી મારી લાડકવાયી....

• ડૉ. આશિષ ચોક્સી, પેડિયાટ્રીશિયન અને નેઓનેટોલોજિસ્ટ •

થોડા વખત પહેલા મારા એક લેખક મિત્ર તેમની દીકરીઓની વાત કરી રહ્યા હતા. તેમણે તેમની મોટી દીકરી જે વિદેશમાં ઉચ્ચ અભ્યાસાર્થે ગઈ છે તેને એક વખત જણાવ્યું કે મને અંગ્રેજી ભાષામાં પ્રવચન આપવાનું હોય તો તકલીફ પડે છે. તેણે તરત પિતાને સૂચન કર્યું કે મારી નાની બહેન જે ઇંગ્લીશ મીડિયમમાં ભણે છે તેની સાથે ઇંગ્લીશમાં વાતો કરો, તેને થોડું ભણાવો અને તમારા દરેક લેખનું ઇંગ્લીશ ભાષામાં રૂપાંતર કરવાનો પ્રયત્ન કરો. દીકરીએ થોડીક ક્ષણોમાં જ લેખક પિતાની સમસ્યા ઉકેલી આપી. આમ પણ પિતાનું શ્રેષ્ઠતમ દીકરી સિવાય કોઈ ના લાવી શકે કારણ કે દીકરી પિતાની પ્રત્યેક નબળાઈઓથી વાકેફ હોય છે. દીકરી પિતાના હૃદયમાં છેક ઊંડાણ સુધી પહોંચીને ડોકિયું કરી શકે છે. આ બે સંબંધો વચ્ચે મૌનથી જ એકબીજાને સમજવાનો તાલમેલ પણ અદ્‌ભુત હોય છે. ક્ષણવારમાં પિતાના આંસુને હાસ્યમાં કઈ રીતે ફેરવાય તે માત્ર દીકરી જ જાણતી હોય છે. દીકરી પોતાના પિતા દુનિયા સમક્ષ કેવા દેખાશે અને લોકો સમક્ષ કઈ રીતે તેમની પ્રતિભા બહાર આવે તે માટે ખૂબ જ સભાન હોય છે.

થોડા વખત પહેલા એક SMS પણ આવ્યો હતો કે દીકરીને tension ના ગણો કારણ કે તેનું પ્રદાન પિતા માટે Ten Sons (દસ દીકરા) જેટલું હોય છે. દીકરી જ્યારે નાની હોય અને ઘરમાં ઝાંઝર પહેરીને આમતેમ દોડાદોડી કરે છે ત્યારે તેના ઝાંઝરનો મધુર રણકાર ઘરના વાતાવરણને જીવંત બનાવી દે છે. દીકરી અને પિતા એવા શ્રેષ્ઠ મિત્રો હોય છે કે જ્યાં બન્ને પક્ષે એકબીજાને વધુને વધુ નિઃસ્વાર્થભાવે આપવું જ હોય છે. દીકરી ક્યારેક પિતા પર ગુસ્સો કરે તો તેના ગુસ્સામાં પણ છલોછલ પ્રેમ જ રહેલો હોય છે. દિલથી કરેલા ગુસ્સા બાદ નાનકડા સ્મિતથી તે તરત જ પપ્પાને પીગળાવી પણ દે છે. દરેક દીકરી તેમના પપ્પા સાંજે ઝડપથી ઘરે આવે તેની રાહ જોતી હોય છે. જો ઘરે આવતા સહેજ પણ વાર થાય તો તે પિતાને વળગીને પ્રશ્નોની ઝડી વરસાવશે. ૧૯૬૮ માં 'તકદીર' નામની એક હિન્દી ફિલ્મ આવેલ તેમાં 'પાપા જલ્દી ઘર આના...' નામના એક ગીતમાં દીકરી પિતાની ઘરે આવવાની કાગડોળે રાહ જુવે છે તે વ્યથા સુંદર રીતે વ્યક્ત થઈ હતી. એક દીકરીને પૂછવામાં આવ્યું કે, 'તને તારા પપ્પા ગમે છે ને? દીકરીનો જવાબ હતો 'મને પપ્પા કરતાં સાંજ વધુ ગમે. કારણ કે પપ્પા તો ફક્ત રમકડાં લાવે છે પણ સાંજ તો મારા પપ્પાને લાવે છે.'

બાપ અને દીકરીમાં એક વાત સરખી હોય છે કે બંન્નેને પોતપોતાની ઢીંગલી બહુ વહાલી હોય છે. દીકરી જ્યારે ટીન એઈજમાં પ્રવેશે ત્યારે અચાનક જ પિતાને તેની ટકોર વધતી જાય છે. તમે ઘરે મોડા આવો છો, તમે યોગ્ય કપડા પહેરો, તમારી વાતચીતમાં બદલાવ લાવો...વગેરે. પિતાને પણ અંદરખાને આ બધી ટકોરથી દીકરી પ્રત્યે વહાલ વધતું જ જાય છે. પિતાને માટે દીકરી એટલે માત્ર ઘરમાં જ નહીં પરંતુ હૈયે, હોઠે અને શ્વાસમાં વસેલી વસંત. દીકરી અને પિતાના સંબંધોની મીઠાશ અને માધુર્ય સતત વધતું જાય છે કારણ કે બન્નેને એકબીજા પાસેથી કશું જ લેવું નથી. પહેલા માત્ર પત્નીના સૂચનો પર જ આધાર રાખતા પિતા હવે મોટી થતી દીકરીનું પણ સાંભળતા થઈ ગયા છે. ટીન એઈજ દીકરી પ્રત્યે પિતાએ મિત્રતા કેળવવી જોઈએ. દરેક પિતા માટે શ્રેષ્ઠ, સંસ્કારી અને ચારિત્ર્યવાન દીકરીનું નિર્માણ કરવાનો શ્રેષ્ઠ મોકો દીકરીની ટીન એઈજ કહી શકાય. ટીન એઈજ દીકરી ઘરમાં હોવા છતાં જે પિતા તેના તરફ દુર્લક્ષ સેવે તેને ખૂબ મોટી કમનસીબી કહી શકાય. જ્યારે પિતાને આ ભૂલ સમજાય અને પસ્તાવો થાય ત્યારે દીકરી ઘરમાં હશે નહીં અને ખૂબ મોડું થઈ ગયું હોય છે.

દીકરી એટલે ઈશ્વરે માતાપિતાને કરેલું કન્યાદાન. દરેક પુત્રી કેમ પોતાના પિતાને સૌથી વધુ પ્રેમ કરે છે? કેમકે તેને ખબર છે કે આખી દુનિયામાં આ એક જ એવો પુરુષ છે જે તેને ક્યારેય દુઃખી નહીં કરે. જાણીતા લેખક ચંદ્રકાંત બક્ષીએ લખ્યું છે કે, 'દીકરી અને પિતાના સંબંધોનું ૠણાનુંબંધન જ અનેરું હોય છે. જ્યારે પણ દીકરી પિતા પાસે આવે ત્યારે પિતાને કાયમ એવું થાય કે હું દીકરીને કાંઈ આપું પણ જ્યારે દીકરી જાય છે ત્યારે પિતાને ખ્યાલ આવે છે કે તે કેટલું બધું આપીને ગઈ. કુદરતના સર્જનહારે પણ આ સંબંધોમાં કેટલો બધો પ્રેમ ઠાંસી ઠાંસીને ભર્યો છે.' ભારતના ભૂતપૂર્વ વડાપ્રધાન જવાહરલાલ નહેરુએ પણ કહેલું કે ઇન્દિરા ગાંધીમાં ટીન એઈજમાં જ રાજકારણના પ્રશ્નોની એટલી બધી સમજણ આવી ગઈ હતી કે મને તેની

સાથે ચર્ચા કરવામાં ખૂબ મજા આવતી. એક જનરેશન નાની દીકરી જમાના પ્રમાણે પિતામાં બદલાવ પણ સારા લાવી શકે છે. એક જાણીતા ઉદ્યોગપતિએ પણ તેમની આત્મકથામાં લખેલ કે મારી દીકરી ૧૦મા ધોરણની પરીક્ષા આપીને વેકેશનમાં જ મારી સાથે ઓફિસમાં આવતી થઈ ગઈ. થોડાક જ દિવસોમાં તેણે અસ્તવ્યસ્ત ઓફિસને સરખી કરી. તેનું ભણતર પૂરું થયું ત્યાં સુધીમાં અમારા બિઝનેસની આંટીઘૂંટી સમજી લીધી. પછી જેટલું કામ મેં ૩૦ વર્ષમાં કર્યું હતું તેટલું દીકરીએ પાંચ વર્ષમાં કરી બતાવ્યું.

ઘણી વાર દીકરીઓ માટે માતાની મીઠી ફરિયાદ પણ હોય કે ‘તેઓને મોટી મેં કરી પણ હવે તેમને તેમના બાપા જ વહાલા લાગે છે.’ ઘરમાં એક લીલા પાનની જરૂર હોય પણ દીકરી તો આખી વસંત જ લઈને આવે છે. ઉપર જણાવેલ લેખક પણ કહેતા કે ‘અઠવાડિયું થાય અને જો મારે વિદેશમાં અભ્યાસ કરતી દીકરી સાથે વાત ના થાય તો મારા મનમાં નકારાત્મક લાગણી જન્મે. અઠવાડિયા દરમ્યાન મનમાં અને હૃદયમાં ભેગા થયેલા બધા જ ઉભરા દીકરી સમક્ષ ઠાલવી ના દઉં ત્યાં સુધી મને ચેન ના પડે.’ આ લેખનું શિર્ષક જાણીતા ગાયક મનહર ઉધાસનું એક ગીત ‘દીકરી મારી લાડકવાઈ… લક્ષ્મીનો અવતાર…’ નું મુખડું છે. આ ગીત કોઈ પણ પિતાએ આખુ સાંભળવું હોય તો ખૂબ કઠણ છાતી કરીને સાંભળવું પડે. એક પિતાએ દીકરીને પ્રશ્ન કર્યો, To whom would you love more? Me or your husband? દીકરીએ જવાબ આપ્યો, ‘I don’t know really but when I see you I forget him and when I see him I remember you.’ કવિ બોટાદકરે દીકરી માટે સાચું જ કહ્યું છે, ‘દીકરી વ્યોમની વાદળી રે દેવલોકની દેવી. જોઈ ના જોઈ વહી જતી રે વનપંખીણી જેવી.’ દીકરી જ્યારે તરુણાવસ્થામાં પ્રવેશે છે અને પિતાએ જ્યારે તેને સાસરે વળાવવાની હોય છે ત્યારે પિતાની આંખોમાં પોતાના વહાલના દરિયા માટે આંસુ પણ જાણે થીજી જતા હોય છે. કોઈએ સાચું જ કહ્યું છે, ‘સૂર્યના ઘરે દીકરી હોત અને એને વિદાય કરવાનો અવસર આવ્યો હોત તો સૂર્યને પણ ખબર પડત કે અંધારું કોને કહેવાય.’

*મેમનગર, અમદાવાદ-૩૮૦ ૦૫૨.*
*ફોન : (૦૭૯) ૨૭૪૧૭૧૯૨, ૨૭૪૯૬૧૬૧, ૨૭૪૩૨૯૬૩*

***Q : You know why women love shoes?***
***A : Because, no matter how much & whatever they eat, the shoes always fit.***

## સચ્ચાઈનું ઈનામ

આ જીવનપ્રસંગ છે આપણા પ્યારા બાપુ ગાંધીજી પણ જેને પોતાના ગુરુ માનતા હતા, એવા આપણા મહાન દેશસેવક ગોખલેજીનો. ગોપાલકૃષ્ણ ગોખલે જ્યારે શાળામાં અભ્યાસ કરતા હતા, ત્યારે તેમના વિદ્યાર્થી જીવનમાં તેઓ બહુ જ બાહોશ કિશોર તરીકે જાણીતા હતા.

એક વખત તેમના શિક્ષકે, ગૃહકાર્યમાં દસ દાખલા દરેક વિદ્યાર્થીએ ગણી લાવવા તેવી આજ્ઞા ફરમાવી.

ઘેર જઈ ગોખલેજી દાખલા ગણવા લાગ્યા અને દસ દાખલામાંથી નવ બરાબર ગણી કાઢ્યા, પણ એક દાખલો ઘણો અઘરો હતો. તેથી એ બાબતે ગોખલેએ તેમના વડીલબંધુને પૂછ્યું અને દાખલો મોટાભાઈએ ગણી આપ્યો.

બીજે દિવસે નિશાળમાં દરેક વિદ્યાર્થીના દાખલા શિક્ષકે તપાસ્યા, તો કોઈના ચાર ખરા હતા તો કોઈના પાંચ ખરા હતા. પણ ગોપાલકૃષ્ણના દસેદસ દાખલા ખરા હતા. આથી શિક્ષક ઘણા જ પ્રભાવિત થયા અને ખિસ્સામાંથી રોકડો રૂપિયો કાઢી ગોખલેજીને ઈનામ આપતાં કહ્યું, “ગોખલે, લે તારા દસે દસ દાખલા ખરા છે તેનું ઈનામ હું તને રાજી થઈને આપું છું.”

ઈનામનો રૂપિયો લેવા ગોખલેએ પોતાનો હાથ ના લંબાવ્યો, તેથી શિક્ષકે તેનો હાથ ખેંચીને ઈનામનો રૂપિયો આપ્યો.

શિક્ષકની પ્રસન્નતાથી મળતું ઈનામ લઈને દરેક વિદ્યાર્થીની છાતી ફૂલવી જોઈએ, પણ ગોખલેજીનું હૈયું હરખાતું નથી! શિક્ષકને પણ થયું કે ગોખલે ઈનામ લેતાં શરમ કેમ અનુભવે છે?

જેવો રૂપિયો શિક્ષકે ગોખલેના હાથમાં મૂક્યો કે ગોખલેની આંખોમાંથી અશ્રુધારા વહેવા લાગી. શિક્ષકને પણ આશ્ચર્ય થયું.

શિક્ષકે પૂછ્યું, “ગોખલે, હાથમાં ઈનામ આવતાં તારે ખુશ થવું જોઈએ, છતાં તું નારાજ કેમ થાય છે? તને આંસુ કેમ આવે છે?”

ડૂસકાં ભરતાં ભરતાં ગોખલેજીએ કહ્યું, “ગુરુજી, આ દસ દાખલાઓમાંથી નવ દાખલા જ મેં ગણ્યા છે અને એક અઘરો દાખલો મારા મોટાભાઈએ ગણી આપ્યો છે. આપ મારા ઉપર વિશ્વાસ રાખીને દસેદસ દાખલા મેં ગણ્યા છે એમ માની મને ઈનામ આપો છો, પણ તેથી મને અસત્યનું ઈનામ મળે છે તેના મને આંસુ આવ્યાં છે. મને ક્ષમા કરો. આ રૂપિયો હું આભાર સાથે પરત આપું છું.”

ગોખલેજીની સચ્ચાઈ જોઈને ગુરુ વધુ પ્રસન્ન થયા અને બીજા ચાર રૂપિયા ખિસ્સામાંથી કાઢી કુલ પાંચ રૂપિયા ઈનામમાં આપ્યા અને કહ્યું, “હવે તને દાખલાનું નહિ, પણ આ પાંચ રૂપિયા તારી સચ્ચાઈનું ઈનામ આપું છું.” ગોખલેજીની સચ્ચાઈ અને નીડરતાનો લાભ મોટા થતાં આખા ભારતને સાંપડ્યો. ■

# સંબંધો કઈ રીતે સાચવવા?

• પાર્થ ભગદે •

સંબંધો બનાવવા, રાખવા કે સાચવવા એ કોઈ કળા નથી પણ સંબંધો સાચવવા એ આપણી જરૂરિયાત છે. સૃષ્ટિના જન્મ બાદ જ્યારથી મનુષ્યએ આ પૃથ્વી પર જન્મ લીધો છે ત્યારથી તે એકલો નથી રહેતો. તેને ગમે તે માનવીના સાથ-સહકારની જરૂર પડે છે. કોઈ પણ માનવી એકલો રહી શકે નહીં. તેને કોઈકના સાથ સહકારની જરૂર પડે જ છે. સુખ-દુઃખ વહેંચવા માટે, પોતાની સુરક્ષા માટે, સમય પસાર કરવા માટે, અમુક જરૂરિયાત પૂરી કરવા માટે એક માનવીને બીજા માનવીની જરૂર પડે છે અને પરિણામે માનવીઓ વચ્ચે સંબંધ બંધાય છે. પણ આ સંબંધોનું મૂળ શું છે? વિશ્વાસ, આદર અને એકબીજા પ્રત્યે પ્રેમ-ભાવ. જ્યારે આ ત્રણમાંથી કોઈપણ પરિબળમાં જો અંશતઃ ઘટાડો આવે તો સંબંધો બગડવાની શરૂઆત થાય છે. આપણી હંમેશાં કોશિશ રહે છે કે, આપણાં દરેક સંબંધમાંથી વધારેને વધારે સુખ મળે અને ઓછામાં ઓછું દુઃખ મળે. પણ દુનિયામાં કોઈપણ સંબંધ તમને સંપૂર્ણ સુખ આપી શકે નહિ. મા-બાપ પણ તેમના સંતાનોને ક્યારેક અજાણતા દુઃખ આપે છે અને તેમના સંતાનો પણ તેમને અજાણતા દુઃખ આપે છે. આપણે એ વાત ક્યારેય સમજવાની કોશિશ કરી છે ખરી કે શા માટે આપણાં લીધે બીજા માનવીને દુઃખ પહોંચે છે. સૌથી પહેલું કારણ છે, વિચારોનો મતભેદ. ઘણીવાર ખૂબ પ્રબળ સંબંધો પણ વિચારોના મતભેદને કારણે નષ્ટ પામે છે. પણ શા માટે આપણે એકબીજાના વિચારોનું સન્માન નથી કરી શકતા? તો એનું કારણ છે આપણું અભિમાન. જો કોઈ વ્યક્તિ સામેવાળાના વિચારોનું સન્માન ન કરે તો વિચારોનો મતભેદ ઉભો થાય છે અને કંકાસ વધતાં સંબંધ નષ્ટ પામે છે. આનું નિવારણ એ છે કે આપણે હંમેશાં સામેવાળાના વિચારોનું સન્માન કરવું જોઈએ. એ ખોટા હોય તો તેને પ્રેમથી સમજાવવા જોઈએ, પણ ઝઘડા કરવાથી કોઈ પણ વ્યક્તિ કાંઈ પામી શકતો નથી. જ્યારે મતભેદ ઉત્પન્ન થાય છે ત્યારે મુખ્યત્વે કોઈ ક્રોધ વધતો જાય છે. પરિણામે માનવી સામેની વ્યક્તિને ખૂંચે એવા શબ્દોનો ઉપયોગ કરે છે અને તેથી સંબંધ નષ્ટ પામે છે. આવા સમયે શાંત રહેવું ખૂબ જ જરૂરી બને છે. બે વ્યક્તિઓના વિચારમાં અંતર હોવાનું કારણ છે બે વ્યક્તિઓની જુદીજુદી પરિસ્થિતિ. હંમેશાં માનવી પોતાની પરિસ્થિતિને અનુરૂપ વિચાર કરે છે. એટલે જ હંમેશાં સામેવાળાની પરિસ્થિતિ સમજ્યા બાદ જ આપણે આપણા શબ્દોનો પ્રયોગ કરવો જોઈએ. કેમ કે, એકવાર બોલેલા શબ્દોને ક્યારેય પાછા વાળી શકાતા નથી અને હંમેશાં શબ્દોનો ઉપયોગ વ્યક્તિને અનુરૂપ કરવો જોઈએ. કેમ કે, કોઈક વ્યક્તિને થોડી વાતમાં પણ ખોટું લાગી શકે અને અમુક વ્યક્તિને કોઈ વાતમાં ફેર જ નથી પડતો. હંમેશાં સામેવાળી વ્યક્તિની લાગણીને અનુરૂપ શબ્દો વાપરવા જોઈએ. સંબંધો બગડવાનું બીજું કારણ છે માન-સમ્માન. દરેક વ્યક્તિએ સામેવાળી વ્યક્તિને અનુરૂપ તેને માન આપવું જોઈએ. કેમ કે એ તેનો અધિકાર છે અને આપણી નૈતિક ફરજ છે. ઘણીવાર આપણે સંબંધોને અનુરૂપ અપેક્ષા રાખીએ છીએ અને જો અપેક્ષા પૂરી ન થાય તો દુઃખ ઉત્પન્ન થાય છે અને દુઃખ, ક્રોધને જન્મ આપે છે. પરિણામે સંબંધ બગડે છે. આપણે કોઈક માટે જે કરતાં હોઈએ તો આપણી તેનાથી આશા બંધાય એ સહજ છે, પણ જો સંબંધ સાચવવો હોય તો અપેક્ષાઓનો ત્યાગ કરવો. સંબંધ બગડવાનું સૌથી મોટું કારણ છે સ્વતંત્રતા. કોઈપણ સંબંધમાં આપણે સામેવાળા માટે આપણા મનમાં મર્યાદા નક્કી કરી નાખીએ છીએ. એટલે કે, આપણે વિચારી લઈએ છીએ કે, આ વ્યક્તિને આટલું જ કરવું જોઈએ. આનાથી વધારે નહીં અને જો તે વ્યક્તિ પોતાની સ્વતંત્રતા માટે એ મર્યાદા ઓળંગે છે. જો તે વ્યક્તિ સ્વતંત્રતાનો ઉપયોગ સાચી રીતે કરતો હોય ને આપણને ન ગમતું હોય તો તે આપણો વાંક છે. તેથી હંમેશાં વ્યક્તિને સ્વતંત્રતા આપવી. ટૂંકમાં જે વ્યક્તિ સારી હોય, લાગણીશીલ હોય, પણ એનાથી કોઈ ભૂલ થાય તો તેને જરૂરથી માફ કરીને સંબંધ આગળ વધારવા જોઈએ. હંમેશાં ભૂલને માફ કરી મતભેદને મનભેદ ન બનાવી જીવનમાં આગળ વધવું જઈએ. કેમ કે સાચા અને સારા સંબંધો જ આપણાં જીવન અને આપણાં સુખનો આધાર છે અને ઘણી વાર આપણે કોઈ વ્યક્તિનું સહન કર્યા જ કરીએ તો પણ તે વ્યક્તિ જ આપણને દુઃખ આપ્યા જ કરે.

જો તે વ્યક્તિ અધર્મના માર્ગ પર ચાલતો હોય, તો સમાજનો વિચાર કર્યા વગર એ સંબંધથી છુટકારો મેળવવો જોઈએ. કેમ કે ખોટા સંબંધો માનવીને બાંધે છે, જ્યારે સાચા સંબંધો માનવીને મુક્તિ આપે છે. હંમેશાં સંબંધ સાચવવા માટે માનવીના વિચારોનો સ્વીકાર કરવો જોઈએ અને તેની સ્વતંત્રતાને સન્માન આપવું જોઈએ. ■

# હકારાત્મક નિંદા – એક સારો ગુરુ

• પ્રભુલાલ એમ. સંઘવી •

માણસનો મોટામાં મોટો દુશ્મન હોય તો તે છે નિંદા. જેને તમે ટીકા પણ કહી શકો. નિંદાની મા ઈર્ષ્યા અને બાપ અદેખાઇ. ઈર્ષ્યા તથા અદેખાઈનું પરિણામ નિંદામાં પરિણમે છે. અને અવગુણ દરેકમાં મહદ્ અંશે જોવા મળતો જ હોય છે. નિંદા, એ સર્વ અવગુણનું મૂળ છે.

નિંદા કરવી એટલે બીજાની બુરાઈ કરવી. જે પાંચ વર્ષના બાળકથી (અત્યારના સમયાનુસાર) લઈને ૮૦ વર્ષના માજીમાં તમને જોવા મળશે.

જ્યારે કોઈ માણસ સુખી થાય અથવા પ્રગતિ કરે ત્યારે સમાજ તેને સહન કરી શકતો નથી અને નિંદા દ્વારા તેની બદનામી કરે છે. દાખલા તરીકે કોઈ વિદ્યાર્થી અવ્વલ નંબરે પાસ થાય ત્યારે તેનો પાડોશી કહેશે કે પૈસા ખવડાવીને કે કોપી કરીને પાસ થયો છે. આવી કોમેન્ટ દ્વારા સામેવાળી વ્યક્તિને બદનામ કરવા તથા તેમનો હેતુ ફક્ત આસુરી આનંદ મેળવવાનો હોય છે. કોઈ વ્યક્તિ સારું ઘર લેશે કે ગાડી લેશે તો લોકો તરત કહેશે, એણે તો બે નંબરના પૈસામાંથી લીધા છે. આમ નિંદાનું જડ ઈર્ષ્યા અને અદેખાઈ કહી શકાય.

નિંદાને દરેક ધર્મ વખોડે છે. સંતો, આચાર્યો, વિદ્વાનો આ અવગુણમાંથી બહાર આવવા વારંવાર કહેતા હોય છે. કેટલીક વ્યક્તિઓ નિંદા દ્વારા પોતાનું મોઢું ખરાબ કરે છે. ઘણા તો ત્યાં સુધી કહે છે કે નિંદા કરવી એ મોટામાં મોટું પાપ છે. પણ સાંભળનારના કાન અપવિત્ર થાય છે. આ દુર્ગુણ એટલી ઝડપે ફેલાય છે કે તેના કરતા આજના જેટ વિમાનની ગતિ પણ ઓછી લાગે!

મિત્રો, જ્યારે સમાજમાં નિંદા જે વ્યક્તિની થાય ત્યારે લોકો ક્યારેય સાચું / ખોટું તપાસવાનો પ્રયાસ કરતા નથી અને જેની નજરમાં આજ સુધી માન હતું તે વ્યક્તિ નિંદાને કારણે લોકો, સગાવહાલા, સમાજની નજરમાંથી ઉતરી જાય છે.

મિત્રો, નિંદા અને ટીકાના બે પ્રકાર છે : એક તો નકારાત્મક જે આપણા વિરોધ પક્ષવાળા પાર્લામેન્ટમાં કરે છે. સારું હોય કે ખરાબ, દરેક બાબતની નિંદા કરી ખોટી ઠરાવવાની વૃત્તિ. બીજી નિંદા કે ટીકા હકારાત્મક હોઈ શકે. અને આવી ટીકાથી માણસને પોતાનામાં રહેલી ખામી, ઓળખી દૂર કરી શકે. આવી ટીકા માણસનું ઘડતર કરવામાં તથા તેના બોધથી પોતાની નબળાઈ દૂર કરી, સફળતા પ્રાપ્ત કરી શકે. તેના પાંચ-છ કારણો અહીં આપીશ.

**૧. ટીકાને વાતચીત રૂપે જુઓ**

જો કોઈ ટીકા થાય તો એમ સમજો, તમને સામેવાળી વ્યક્તિ તમારા કામ માટે સૂચન કરે છે. અહીં તમને કંઈક શીખવાની તક મળે છે. જો તમને તેની વાતમાં કાંઈ દમ લાગે તો બે ઘડી તેનો વિચાર કરો. દાખલા તરીકે ઑફિસમાં તમારો સબોર્ડિનેટ તમને સૂચન કરે તો તેનો વિચાર કરો અને યોગ્ય લાગે તો અમલમાં મૂકો. જેથી તમારૂં કામ ખામીરહિત થશે.

**૨. ટીકાથી તમારૂં કામ અથવા વસ્તુ યોગ્ય બનશે**

દાખલા તરીકે તમારી ઓફિસમાં નીચેની કક્ષાનો કોઈ વ્યક્તિ ઓફિસમાં ચાલી રહેલી અંધાધૂંધી પ્રત્યે તમારું ધ્યાન દોરે અથવા તમારો વેપારી તમને તમારી પ્રોડક્ટની ખામી બતાવે, તો તમને તમારા પ્રોડક્ટની ક્વોલિટી સુધારવાની તક મળશે. એટલે આ પ્રમાણે મળતી માહિતીને ટીકાની દૃષ્ટિથી ન જોતાં તેને ફાયદાકારક સમજો.

**૩. હકારાત્મક ટીકાથી તમને વિચારવાનો સમય મળશે**

ઘણીવાર જીવનમાં ટીકાથી તમને તમારા કામ પ્રત્યેનો અભિગમ મળશે અને જ્યાં ભૂલ થતી હશે ત્યાં તમને માહિતી મળતાં યોગ્ય દિશામાં કામ કરી સુધરવાની તક તમને મળશે.

**૪. હકારાત્મક ટીકા ફાયદાકારક**

કોઈપણ કારખાનામાં જ્યાં ઘણા વર્કરો કામ કરતા હોય ત્યાં એક સજેશન બોક્સ રાખેલ હોય છે. પ્રોડક્ટની ક્વોલિટી બાબતમાં વર્કરો જ ક્વોલિટીની ગુણવત્તા બાબતમાં રજૂઆત કરે તો જરૂરથી ફાયદો થાય. આ છે હકારાત્મક ટીકાના ફાયદા.

**૫. નમ્રતા સાથે વાતચીત**

જ્યારે આવી ટીકા થાય ત્યારે તેને ઈસ્યુ ન બનાવતા તેને મંત્રણાનું રૂપ આપી ખુલ્લા દિલે ચર્ચા કરો. આનાથી સામેવાળી વ્યક્તિના દિલમાં તમારા પ્રત્યે માન ઉત્પન્ન થશે અને કોયડો ઉકેલાઈ જશે. તેમને કરેલી ટીકા બાબત ઘટતું કરવાનું આશ્વાસન આપો. તમારા આવા વ્યવહારથી લોકો તમને સ્વીકારી લેશે.

**૬. Do not take Personally**

આ એક અગત્યનો પ્રશ્ન છે. જ્યારે તમને લાગે કે લોકો તમારી ખોટી ટીકા યા નિંદા કરે છે ત્યારે આ બાબતને Personally ક્યારેય ન લેતા વાતને હળવાશથી લઈ લો. તમે સાચા હો તો પણ તેને શાંતિથી ઉકેલવાની કોશિશ કરો.

**મિત્રો, જીવનમાં ડગલે ને પગલે તમારે ટીકારૂપી શસ્ત્રનો સામનો કરવાનો આવશે જ. પણ દરેક વખતે વિવેકબુધ્ધિ વાપરી પ્રશ્નનો શાંતિથી ઉકેલ લાવવાની કોશિશ કરજો. અને તમારી ઉપર કોઈ પથ્થર ફેંકે તો તેની દીવાલ ન બનાવતા તેના પગથિયા બનાવી સફળતાની સીડીનું નિર્માણ કરજો.** ■

વાર્તા

# પ્રેમનો રીંગ રોડ – વિશ્વાસ

• બલવીરસિંહ જાડેજા •

'કેમ વર્ષા દેખાતી નથી? હજી નથી આવી?' ભાનુબહેને આંગણામાં સાઈકલ મૂકીને જેવો ઘરમાં પ્રવેશ કર્યો કે, પુત્ર દીપેનને, પુત્રવધૂ વર્ષાને નહીં જોતાં પૂછ્યું.

'આવીને ગઈ.'

'ક્યાં ગઈ?'

'એના મમ્મી-પપ્પાના ઘરે.'

'કેમ?'

'મારી સાથે ઝઘડીને.'

'શું થયું?'

'થાય શું? મનનો વહેમ.'

'વાત શું છે, દીકરા?'

'આઈ, તમને તો ખબર છે, મારે ટ્રાવેલિંગને લગતા ધંધામાં નોકરીના હિસાબે, કેટલાય ગ્રાહકોના સંપર્કમાં રહેવું પડે. શેઠનો ધંધો વધારવા વારંવાર એમને આગળની કાર્યવાહી (Follow up)ને લઈને ફોન કરવા પડે. એનો તો મને મારા શેઠ પગાર આપે છે. એક સંસ્થાના બહેન, જે કદાચ ત્યાં સુપરવાઈઝર કે નિર્દેશક છે, એમની સંસ્થાના સભ્યોને, વારંવાર, દર વરસે, અમારી મારફત પ્રવાસમાં લઈ જાય છે. એટલે દર વખતે વધુને વધુ વિગત જાણવા મને વારંવાર ફોન કરે કે બોલાવે, તેના અનુસંધાને વર્ષાને વહેમ છે કે મારે તેમની સાથે અંગત સંબંધ છે. મારા અને વર્ષાના પ્રેમ લગ્નને બે વરસ થઈ ગયા છતાં હજી તેને મારી ઉપર અને મારા પ્રેમ અને લાગણી ઉપર ભરોસો નથી.'

'મને એ સમજાતું નથી કે તમે યુવાનો, આટલા ભણેલા-ગણેલા છતાં, બંને, આટલા છીછરા કેમ? તું પણ તારી લાગણીની ખાતરી કરાવવામાં વર્ષા જેટલો જ જવાબદાર છે. ચાલ મારી સાથે, વર્ષના પીયરમાં જઈએ અને હું એને મારી રીતે સમજાવું. કોઈ ગેરસમજણ થઈ હોય તો દૂર કરી, એને પાછી બોલાવી લાવીએ.' કહીને ભાનુબહેને વેવાઈના ઘરેથી પુત્રવધૂને પાછી લાવવા તૈયારી કરી.

ભાનુબહેન અને દીપેન, મા-દીકરો, વેવાઈના ઘરે પહોંચ્યા ત્યારે ફ્લેટનું બારણું બંધ હતું અને ઘરમાંથી સ્પષ્ટ સંભળાય તે રીતે વાતચીત થતી હતી.

'પણ... પણ... તું તારી જાતે પાછી કેમ આવતી રહી?' વેવાઈ જગદીશચંદ્ર પુત્રી વર્ષાને પૂછી રહ્યા હતા. 'તારી સાસુ, દીપેનની આઈ - ભાનુબહેનને તો તારે વાત કરવી જોઈએ કે નહીં?'

'પણ પપ્પા! આઈ તો એમના દીકરાનો જ પક્ષ લે ને!'

'ના, ના... એવું નથી. ભાનુબહેન સમજદાર છે. દીપેનનો વાંક હોય તો એને પણ ચોખ્ખું કહી દે. તને સગી દીકરીની જેમ જ તો રાખે છે.'

'અરે પપ્પા... દીપેન એક સંસ્થાના કોઈ બહેન સાથે વારંવાર ફોન ઉપર વાત કરે અને મળવા ઑફિસે બોલાવે અને હું પૂછું તો કહે, એ બહેન, એમની સંસ્થાના સભ્યો માટે વિગત જાણવા અને વ્યવસ્થા માટે ફોન કરતા રહે છે. મને પણ કહે કે તારી બેંકમાં કેટલાય ગ્રાહકો કે સ્ટાફ સાથે તારે વાતચીત કે હસીમજાક થતી હોય, એ વિશે મેં તને કોઈ દિવસ પૂછ્યું છે? બસ એવું કહીને વાતને ટાળી દે. પણ મને પાકી ખાતરી છે કે એને (દીપેનને) ધંધા સિવાય પણ કાંઈક વધુ... એ સંસ્થાના બહેન સાથે સંબંધ છે. એક-બે વાર બેંકનો સમય પૂરો થયા પછી કોઈવાર લેવા આવવાનું થાય અને મેં પૂછ્યું કે 'કેમ મોડું થયું?' તો મને કહે, 'પેલા બહેનને, એમની સંસ્થામાં મૂકવા ગયો હતો.' હવે તમે જ કહો, એ બહેનને મૂકવા જવા સુધીના સંબંધ હોય, તો ધંધાના સંબંધથી વિશેષ તો કશુંક હશે કે નહીં?'

ત્યારે જ દીપેને તેના સસરાના ફ્લેટના દરવાજાની બૅલ મારી. વર્ષાએ જ બારણું ખોલ્યું અને દીપેન અને ભાનુ બહેનને જોતા જ ચોંકી ગઈ. બીજા કોઈ કાંઈ બોલે તે પહેલાં જ, વર્ષા અને તેના પપ્પાની વાતચીત સાંભળી હોવાથી દીપેને એના સસરા જગદીશચંદ્રને સંબોધીને કહ્યું કે, 'પપ્પા, તમે જ કહો, કે મારી કંપનીના માલીક, મને કહે એ પ્રમાણે કંપનીના હિતમાં કામ કરવા હું બંધાયેલો છું કે નહીં, બોલો? એ બહેન બે વરસથી એમની સંસ્થાના સભ્યો માટે અમારી એજન્સી મારફત, ફરવા જવાનો કાર્યક્રમ ગોઠવે છે. આ વખતે વારંવારની પૂછપરછ અને થોડી વધુ પડતી ચીકાસ કરતા હોવાને લઈને, મારા શેઠે કહ્યું કે, 'દીપેન, જરા સંસ્થાના ઉપરી કે પ્રમુખ જે હોય, તેમને મળીને જાણી તો લાવ કે ખરેખર એમના સભ્યો માટેનો, આ વખતે નેપાળ ફરવા જવાનો કાર્યક્રમ ખરેખર નક્કી છે કે ખાલી પૂછપરછ કરી આપણને ગોળ ગોળ ફેરવે છે? અથવા કેટલા સભ્યો અને કેટલું બજેટ છે તેમનું?

તેમજ આપણા સિવાય બીજી કોઈ એજન્સીવાળા આપણાથી વધુ સારી રીતે કે ઓછા બજેટની લાલચ આપી નેપાળ લઈ જવા તૈયાર થયા છે કે કેમ? અને પૂરી વિગત મળે તો આપણે પણ આવા, આપણા કાયમી ગ્રાહકને માટે વધારાની સગવડ કે ડિસ્કાઉન્ટ જેવી વ્યવસ્થા કરી શકીએ. આવા ગ્રુપને, બીજા હરીફ પાસે જતા રોકવા જોઈએ.' એટલે જ હું શેઠના કહેવાથી, એ બહેન સાથે એમના પ્રમુખને મળવા, એમને સાથે લઈને ગયો હતો અને એક વખત પ્રમુખ, કોઈ ખાસ કામમાં રોકાયેલા હોઈ ફરીવાર સાંજના સમયે, એ બહેન સાથે પ્રમુખને મળવા ગયો એમાં વર્ષાને લેવા જવામાં મોડું થયું.'

'આ હકીકત છે. હવે તો વર્ષાને મારા ખુલાસાથી સંતોષ થશે કે નહીં? પૂરી વિગત કહું એ પહેલાં જ એ મારી સાથે જેમતેમ બોલીને અહીં આવતી રહી.'

'અને સાંભળો જગદીશચંદ્ર અને વર્ષા, એ સંસ્થાનો પરિચય પણ દીપેનની એજન્સીને મેં જ કરાવી આપેલો. મારી અંગત બહેનપણી મધુકાંતા ત્યાં બીજા ખાતામાં સુપરવાઇઝર તરીકે કામ કરે છે.' ભાનુબહેને સોફા ઉપર બેસતાં વેવાઈ તથા પુત્રવધૂ વર્ષાને સંભળાવ્યું.

દીકરીના સાસુ અને જમાઈ આવ્યા જાણી, વર્ષાના મમ્મી નયનાબહેન પણ રસોડામાંથી પાણી લઈને બહાર આવ્યા.

'નયનાબહેન, આજકાલના છોકરાઓને એકબીજા ઉપર વિશ્વાસનો અભાવ અને પોતાના માણસ માટે 'ગમે તે કરી છુટવાની વૃત્તિ'ની લાગણી નહીં હોવાથી તેમજ 'પોતાનાઓ' માટે ભોગ આપવાની તૈયારી નહીં હોવાથી, આવા પ્રશ્નો સર્જાય છે. મેં અને દીપેનના બાબાએ પણ પ્રેમલગ્ન જ કર્યા હતાને! હું ગુજરાતી અને તેઓ મહારાષ્ટ્રીયન. તેમજ ક્યાં હું ભાવનગર જિલ્લાની અને તેઓ નાસીક પાસેના. છતાં અમે યોગાનુયોગ મળી ગયા અને પછી વડીલોની સંમતિથી પરણ્યા. એ વહેલા જતા રહ્યા છતાં એમની લાગણી અને વચન, તેમજ એમનો મારી ઉપરનો વિશ્વાસ, જેને મેં હજી જાળવી રાખ્યો છે. એમના વિશ્વાસથી, છોકરાઓને તો મોટા કર્યા જ, એટલું જ નહીં મારી મોટીબહેન અને બનેવી દ્વારા હું અને દીપેનના બાબા લગ્ન કરી શક્યા, તે ઋણરૂપે દીપેનના બાબાએ મારી પાસે વચન લીધેલું કે, 'તારી જાત ઘસીને પણ તારા બેન-બનેવીને સાચવજે અને સંભાળજે. મારે જે કામ કરવાનું હતું તે હવે તને સોંપું છું.' એટલે જ મારા બંને દીકરાઓના મન કચવાતા હોવા છતાં, હજી હું મારા બેન-બનેવીને આર્થિક ટેકો આપી રહી છું, જે અમારા પ્રેમના વિશ્વાસને આભારી છે.'

માતા કે આઈ, ભાનુ બહેનના આવા ખુલાસાથી પુત્ર દીપેનની સાથે સાથે વર્ષા અને તેના મમ્મી-પપ્પા પણ વેવાણના આ નવા રૂપને આશ્ચર્યથી જોઈ રહ્યા.

ભલે ચાર જ ચોપડી ભણેલા હોવા છતાં ભાનુબહેન, અમદાવાદના ભાડાના મકાનમાં રહીને પણ નજીકના નવરંગપુરા - નારાણપુરાના બંગલા કે ફ્લેટ્સમાં રસોઈ કામ કરીને, પોતાના બેન-બનેવીને આર્થિક ટેકાની સાથે સાથે ઘરમાં પણ મદદરૂપ અને બચત પણ કરતા હતા.

'એવી તે કેવી, તમારી અને અમારા વેવાઈ સ્વ. અનિલચંદ્ર વચ્ચે વિશ્વાસ અને લાગણી હતી કે એમના વચન અને ભલામણરૂપે હજી પણ તમે તમારા બેન-બનેવીને ટેકો કરી રહ્યા છો?' વર્ષાના મમ્મી નયનાબહેને સહજ કૂતુહલતાથી પૂછી લીધું.

'બહુ લાંબી વાત છે. વર્ષા, તું અહીં મારી સામે બેસ. અને તું અને દીપેન સાંભળો. એકબીજા પ્રત્યે આકર્ષણ એ ફક્ત પ્રેમલગ્નનું કારણ હોય તો પણ એકવાર લગ્ન કર્યા પછી એને નિભાવવા માટે જે ધીરજ, ત્યાગ અને ભોગ આપવો પડે એ તમે બંને સમજો. અને એક મા તરીકે, મારા અનુભવમાંથી તમને શીખવા મળે અને તમારી એકબીજા પ્રત્યેની લાગણી અને વિશ્વાસ, જિંદગીના અંત સુધી જળવાઈ રહે તે માટે મારી વાત, વેવાઈ-વેવાણની હાજરીમાં જ પહેલીવાર કહું છું. જેથી એ બંને પણ મારા દાખલાથી પરીચિત થઈ તમને માર્ગદર્શન આપી શકે. જો તમે સમજો તો સારૂં, નહિંતર જેવા આપણા સૌના નસીબ.' કહીને ભાનુબહેને ફરી પાણી પી ને પોતાની વિગત રજૂ કરી.

'વિશ્વાસ એ તો પ્રેમ કે પ્રેમલગ્નમાં પરસ્પરના સંબંધને એક કવચ પૂરું પાડે છે. જેમ શહેરની ફરતા રીંગ રોડથી શહેરમાં ગમે ત્યાંથી પ્રવેશી શકાય અને ગમે ત્યાંથી નીકળો તો પણ રીંગ રોડ ઉપર જ આવી શકાય, તેમ વિશ્વાસ દ્વારા એકબીજાના હૃદયના કોઈપણ ખૂણે પ્રવેશો તો પ્રેમ જ હોવો જોઈએ. ત્યાં વહેમ, શંકા, અવિશ્વાસ બધું જ અસ્થાને છે.'

'મારા બાપુજી ત્ર્યબંકરામનું ગામ ભૂંભલી. ભાવનગર જિલ્લાના ઘોઘા તાલુકાનું ગામ. બાપુજીએ ગામમાં હરિહર માંગીને અને નાનું મોટું પૂજાપાઠ કે જ્યોતિષનું કામ કરી ઘર ચલાવી, મોટી બહેનના લગ્ન કર્યા. મારા બનેવી ગીરજાશંકર. 'ગીજી ગોર' તરીકે ભાવનગરમાં વખણાય. મોટી બહેનથી નાની હું અને તે પછી નાના બે ભાઈ. મારી બા ની તબિયત નરમ ગરમ રહે. એટલે ચાર ચોપડી ભણી મારે ભણવાનું છોડવું પડ્યું. બા અને બાપુજી ગામડા

ગામમાં, રસોઈનું કામ પણ પ્રસંગોપાત કરે. એટલે મને અને મોટી બહેનને પણ રસોઈ સારી આવડે. જેને લઈને એ આવડત અત્યારે કામ આવે છે અને બે પૈસા મળે છે.

બાપા ત્ર્યંબકરામને જીવનમાં એકવાર નાસીક પાસેના ત્ર્યંબકેશ્વર મહાદેવના દર્શન કરવાની ઈચ્છા, પોતાનું નામ ત્ર્યંબકરામ હોવાથી હતી. જે એમણે મોટી બહેનના લગ્ન પછી, બનેવીને જણાવેલી. ભાવનગરમાં બનેવીના મિત્ર, દિલુભા દરબાર પાસે એક ડૉજ ગાડી હતી, જેમાં ૧૫-૨૦ માણસો મુસાફરી કરી શકે. દિલુભા દરબાર, સૌરાષ્ટ્રના સ્થળોએ લોકોને પ્રસંગોપાત પ્રવાસ - દર્શન કરવા ભાડેથી લઈ જાય. એમની સાથે બનેવીએ અમને બધાને લઈને ત્ર્યંબક - નાસીક જવાનું ગોઠવ્યું.

એ વખતે આટલા સારા રોડ હતા નહીં. દર્શન કરી પાછા વળતાં, નાસીકથી થોડે જ દૂર સાપુતારાના રસ્તે, પથ્થરવાળા રોડ ઉપર, ડૉજ ગાડીના બે ટાયર એકસાથે ફાટી ગયા. એકમાં પંચર પડ્યું, બીજું ચીરાઈ ગયું. પંચરવાળું ટાયર પણ સાંધવાથી પણ ઉપયોગમાં લેવાય તેવું નહોતું. બે જોડી ટાયર - ટ્યુબ નવા નાખવા જેટલા પૈસા કોઈની પાસે નહોતા. બનેવી ગીરજાશંકર હાઈવે રોડ નજીકના એક ઢાબામાં ચિંતિત ચહેરે પૂછપરછ કરતા હતા. ત્યાં દીપેનના બાબા અનિલ તાંબે ઢાબામાં હેલ્પરની નોકરી કરે. પોતે બ્રાહ્મણ અને બનેવીની જનોઈ જોઈ, બ્રાહ્મણ જાણી પૂછપરછ કરી. બધી વિગત જાણી. કોઈ સહારો મળે તો ભાવનગર જઈ પૈસાની વ્યવસ્થા કરી રકમ પરત કરવા બનેવીએ ખાતરી આપી. બનેવીની વાતમાં સચ્ચાઈ જાણી, દીપેનના બાબાએ ઢાબાના શેઠ, જે સરદારજી હતા તેમને વાત અને વિનંતી કરી. શેઠના ઓળખીતા બીજા સરદારજીનો ટાયરનો ધંધો હતો. એમની પાસેથી ટાયર - ટ્યુબ અપાવી, દીપેનના બાબાને પૈસા લેવા અમારી સાથે ભાવનગર મોકલ્યા. અમારો એ પહેલો પરિચય.

અમારી સાથે ભાવનગર આવી, પૈસા પરત લઈ જતા પહેલા બનેવીને પોતાના માટે કોઈ સારી નોકરી હોય, તો દીપેનના બાબાએ વાત કરી. બનેવીએ એમને એમની ગાંઠિયાની દુકાનમાં જ એમની સાથે આવી જવા જણાવ્યું.

મારી અને એમની વચ્ચે લાગણીના અંકુર તો હવે મોટા થઈને છોડવા બની ગયા હતા. એટલે પાછા જઈને બે મહિના પછી, નોકરી માટે અને મારા માટે તેઓ ભાવનગર આવી ગયા અને બનેવી સાથે જોડાયા. પણ પછી એમને બનેવી જેવી ગાંઠિયા બનાવવાની ફાવટ આવી નહીં એટલે વરતેજ ખાતે પંજાબી ઢાબામાં રસોયા તરીકે જોડાઈ ગયા.

દીપેનના બાબાની, મારા તરફની લાગણીની મારા બેન-બનેવીને જાણ હતી. એટલે મારા બાપાને બનેવીએ, અમારા લગ્ન ગોઠવવા જણાવ્યું.

પહેલાં બા-બાપાએ વિરોધ કર્યો પણ પછી બનેવીની સમજાવટથી માન્યા કે 'બ્રાહ્મણનો દીકરો તો છે જ.' એટલે સંમતિ આપી. પણ શરત કરી કે લગ્ન કરીને અહીં જ રહેવાનું. તે દરમિયાન મારી બા વધુ બીમાર પડી અને એકાએક એક દિવસ ભગવાનના ઘરે પ્રયાણ કરી ગઈ. તેથી મારા લગ્ન થોડો સમય પાછા ઠેલાયા. ઘરની અને બાપાની તેમજ નાના બે ભાઈઓની રસોઈની જવાબદારી મારી ઉપર આવી પડી. પહેલેથી જ બાને રસોઈમાં ટેકો કરાવતા, હું બધું રાંધતા શીખી ગઈ હતી. એટલે મને કોઈ તકલીફ પડી નહીં. બાપાની ઉંમર થતા અને હવે કામકાજ ન કરી શકવાને લઈને, બેન બનેવીએ અમને ગામડેથી ભાવનગર બોલાવી લીધા અને એમની નજીકમાં જ ભાડે ઘર અપાવી દીધું. મેં પણ, ભાવનગરમાં ઘરના કામકાજની સાથે એક બે બંગલાઓમાં રસોઈ કરવાનું કામ ચાલુ કરી આર્થિક ટેકો મળી રહે તે માટે શરૂ કર્યું. જે હજી પણ અહીં અમદાવાદમાં ચાલુ જ છે.

દીપેનના બાબાને, અહીં અમદાવાદમાં ઝેબા રેસ્ટોરન્ટમાં રસોઈયાની નોકરી મળી એટલે બાપાએ અમારા લગ્ન કરાવી દીધા અને અમે બંને અહીં આવ્યા. બાપા અને બંને ભાઈઓને મોટી બહેને સંભાળી લીધા. અહીં આવ્યા પછી ઘનશ્યામ અને દીપેનનો જન્મ થયો. થોડા સમય પછી બનેવીને એકાએક કિડનીની તકલીફ થઈ અને ધંધામાં ધ્યાન ઓછું થઈ ગયું અને હરીફાઈ વધતાં, અનિયમિતતાને લઈને એમણે નાછુટકે ગાંઠિયાનો ધંધો બંધ કરી દીધો.

મેં અને દીપેનના બાબાએ એમને આર્થિક ટેકો આપવાનું શરૂ કર્યું. હું પણ બંને નાના છોકરાઓને સાચવતા સાચવતા એકાદ બે રસોઈ કામ કરીને થોડું ઘણું કમાઈ લેતી હતી. એટલે અમે બંને, બેન-બનેવી અને બાપા તેમજ ભાઈઓને આર્થિક રીતે મદદ કરતા રહેતા હતા. પછી તો બાપાનો પણ સ્વર્ગવાસ થયો અને બંને ભાઈઓ પણ નાના મોટા કામ કરવા લાગ્યા. એટલે અમને થોડી રાહત થઈ.

પણ માણસ ધારે કાંઈક અને કુદરત કરે કાંઈક. દીપેનના બાબાને, એકાએક, ઝેબા રેસ્ટોરન્ટના રસોડામાં જ ઍટેક આવ્યો. માંડ માંડ બચ્યા. બચત હતી તે વપરાઈ ગઈ. ઘરે આરામ કરતા હતા. આવક બંધ થઈ ગઈ. ઘરે તેઓ ઘનશ્યામ અને દીપેનને સાચવતા એટલે મેં બીજા બે

ત્રણ ઘરે રસોઈનું કામ બાંધ્યું. પણ એક રાત્રે, ફરી એકવાર એમને છાતીમાં દુઃખાવો ઉપડ્યો. મને જગાડી, પાસે બેસાડી વાત કરી, 'હિંમત હારતી નહીં. આપણી લેણદેણ પૂરી થઈ લાગે છે. ગયા જનમના પુણ્યપ્રતાપે મને તારા જેવી જીવનસાથી મળી. મને ખાતરી છે કે મારા ગયા પછી છોકરાઓને મારી ખોટ નહીં પડવા દે. પરંતુ મને વચન આપ અને હું તને ભલામણ કરૂં છું કે આપણને જીવનસાથી બનાવવામાં નિમિત્ત બનેલા તારા બેન-બનેવીને પણ સાચવજે. ભલે સૂકી રોટલી ખાવી પડે.' મેં એમને વચન અને વિશ્વાસ આપ્યો એટલે એમણે શાંતિથી આંખ મિંચી દીધી.

દીપેનના બાબા ગયા એટલે મેં ખાનગીમાં ખૂબ રડી લીધું પણ છોકરાઓને એમની ખોટ પડવા નથી દીધી અને બેન-બનેવીને પણ હજી સુધી ટેકો ચાલુ રાખ્યો છે. એમણે જે લાગણીના વિશ્વાસથી મારી ઉપર ભરોસો મૂકેલો, તે રીતે હજી મારા પ્રયત્નો ચાલુ જ છે. અમારા પ્રેમલગ્નના યજ્ઞના અગ્નિને વિશ્વાસથી જીવીશ ત્યાં સુધી સળગતો રાખીશ.'

આટલું બોલતાં જ ભાનુબહેન રડી પડ્યા. વર્ષાની બા નયનાબહેને ફરી પાણી પાઈ એમને સ્વસ્થ કર્યા.

'મારી મોટી બહેન તો એમ જ કહે છે કે, 'ભાનુ, ગયા જનમમાં તું મારી મા હોઈશ અને અધૂરું રહી ગયેલું ઋણ ચૂકવવા, આ જન્મે પણ મને તું દીકરીની જેમ રાખે છે.'

હવે છોકરાઓ પણ, પોતાની રીતે કામધંધે લાગી ગયા છે અને ઘર સાચવે છે. અમારું પોતાનું મકાન હજી સુધી નથી પણ મને ખાતરી અને વિશ્વાસ છે કે, મારા બંને દીકરાઓ અને તેમની પત્નીઓ પણ નોકરી કરે છે એટલે બંનેના પોતાના, નાના પણ મકાન બનાવડાવીશ ત્યાં સુધી રસોઈ બનાવી આવક ઊભી કરતી રહીશ.

દીપેન અને વર્ષાના પ્રેમલગ્નને મેં જ, સામેથી સ્વેચ્છાએ, એકબીજાની લાગણી જોઈ સંમતિ કે મંજૂરી આપી હતી અને વિશ્વાસ હતો કે, મારી અને એના બાબાની જેમ, એમનો પ્રેમ અને વિશ્વાસ અમારા પ્રેમ અને વિશ્વાસથી પણ ચડિયાતા સાબિત થાય. પણ આવી ગેરસમજણ નિવારવા જ મારે મારી જીવનકથા છોકરાઓ આગળ ખુલ્લી કરવી પડી. જેથી ફરી બંને એકબીજા પ્રત્યે પરસ્પર વધુ લાગણીથી જોડાય.

માટે, દીપેન અને વર્ષા, જીવનમાં એકબીજા ઉપરનો વિશ્વાસ, કોઈ દિવસ ડગી જાય એવું કામ કરશો નહીં અને 'પોતાના'ની ભાવનાને કદી તોડશો નહીં કે ઠેસ પહોંચાડશો નહીં.

આટલું બોલીને ફરી ભાનુબહેને આંખમાં આવેલા આંસુ લૂછ્યા. પણ વેવાઈ જગદીશચંદ્ર કે વેવાણ નયનાબહેનને તો આંખમાં આવેલા આંસુ લૂછવાની પણ સુધ-બુધ રહી નહોતી.

પણ વર્ષા તો દોડીને, પોતાના સાસુમા કે આઈ, જે ગણો તે, ભાનુબહેનને ભેટીને ધ્રુસકે ધ્રુસકે રડી પડી. ત્યારે દીપેને પાણી લાવીને બધાને પાયું અને તેને ખાતરી થઈ કે હવે તેમના એટલે કે વર્ષા સાથેના પ્રેમલગ્નનું વહાણ તોફાની સાગર પણ સડસડાટ વિશ્વાસથી જીવન સફર કરતું રહેશે.

***૧૨, ઘરઆંગણ એપાર્ટમેન્ટ,***
***પ્રોફેસર્સ કોલોની સામે, 'ચાઈલ્ડ કેર' પાછળ,***
***વિજય ચાર રસ્તા પાસે, નવરંગપુરા,***
***અમદાવાદ-૩૮૦ ૦૦૯. મો. ૯૮૨૫૭ ૦૦૦૯૬***

## ખાય છે ચાડી, આયનો મારી

*ખાય છે ચાડી, આયનો મારી,*
*બસ થયું હવે સહેવું તારે...*
*હોય છે દરેક વાતમાં લિમિટેશન,*
*દેખાય છે જ્યારે એમાં ફક્ત ઈમીટેશન...*
*ક્યાં હતી તું! અને આ તારો દેખાવ!*
*કેટલી નિખાલસતા અને સાલસતા!*
*રોજના ઘા પર ઘાર વાગતા,*
*કટકે કટકા થયા જિંદગીના...*
*ટુકડે ટુકડામાં પડતું પ્રતિબિંબ,*
*જાણે*
*કોઈક બાપડી, તો કોઈક બિચારી,*
*કોઈક ભોળી ભરવાડણ, તો કોઈક કામણગારી...*
*બસ થયું હવે સહેવું તારે...*
*જાણું છું દિન પર દિન વિતતા,*
*સમય, સંજોગ ને સ્થાન બદલાતા,*
*ચલ, અચલ, સુકોમળ મનને વાળતા,*
*દગ્ધ હૃદયમાં પાંગરે છે,*
*સુસંગત, સુશીલતાના સુસંસ્કાર,*
*અંતે આપત્તિ, વિપત્તિમાં મેળવે છે તું પુરસ્કાર...*
*બસ થયું હવે સહેવું તારે...*
*સિક્કાની જેમ બાજુ બે,*
*ત્રાજવાના જેમ પલ્લાં બે,*
***જીવનના જેમ પાસા બે,***
***તેમ આયનાની દૃષ્ટિ પણ બે,***
*પારદર્શક અને અપારદર્શક*
*ખાય છે ચાડી આયનો મારી,*
*બસ થયું હવે સહેવું તારે...*

***જૂના કવિતા ગ્રંથમાંથી***
***પ્રેષક : પ્રભુલાલ એમ. સંઘવી***

# પ્રતિભાવ

### 'કચ્છશ્રુતિ'ના અંકોથી આનંદ

'કચ્છશ્રુતિ'ના અંકો હવે વધુ ને વધુ સારા બહાર પડી રહ્યા છે. જેનો વાંચકોને આનંદ છે.

*વિનોદ સી. દવે - આદિપુર, કચ્છ (મો. ૯૯૨૪૭ ૭૨૩૪૮)*

★

### કચ્છી સમાજના ઉત્કૃષ્ટ કાર્યો

'કચ્છશ્રુતિ'ના દરેક માસના અંક મને નિયમિત રીતે મળે છે તે બદલ આભાર. કચ્છથી દૂર રહીને કચ્છી સમાજનાં ઉત્કૃષ્ટ કાર્યો કરો છો, તે કચ્છી ક્યારેય ભૂલી શકશે નહીં. આ માટે ખૂબ ખૂબ અભિનંદન.

*નારાયણ શનિશ્ચરા - માંડવી [ફોન : (૦૨૮૩૪) ૨૨૪૨૯૮]*

★

### 'કચ્છશ્રુતિ'ના અંકો અત્યંત સુંદર - અદ્‌ભુત!

'કચ્છશ્રુતિ' મેગેઝિનના અંકો અત્યંત સુંદર બની રહ્યા છે. તેનો યશ આપની સાહિત્ય સુઝને આપવો પડે. છાપકામથી માંડી અંદરની બધી જ વસ્તુ ખૂબ ચીવટાઈથી રજૂ કરવામાં આવી છે. ક્યાંય એક પણ મુદ્રણદોષ નહીં. અદ્‌ભુત... અદ્‌ભુત! અમારા અભિનંદન અને સફળતા માટે આગોતરી શુભેચ્છા.

*દિનેશ પાંચાલ - જર્નાલિસ્ટ, નવસારી (મો. ૯૪૨૮૧ ૬૦૫૦૮)*

***નોંધ : અત્રે ઉલ્લેખનીય છે કે તજજ્ઞ લેખક શ્રી દિનેશભાઈ પાંચાલના અનેક પુસ્તકો પ્રકાશિત થયેલા છે તેમજ તે પૈકી કેટલાંક પુસ્તકો માટે વિવિધ સ્વરૂપે અનેક પુરસ્કાર, ઍવોર્ડ તેઓશ્રીને મળ્યા છે. તેઓશ્રીના પુસ્તકો અત્યંત અભ્યાસપૂર્ણ અને રસપ્રદ હોય છે. તેમના લખાણની આગવી શૈલી ખૂબ જ આકર્ષક હોય છે. તે કારણે તેમનાં પુસ્તકો ખૂબ લોકપ્રિય થયેલાં છે.***

***– તંત્રી મંડળ***

★

### 'કચ્છશ્રુતિ'ના અંકો આકર્ષક, સુંદર અને કલાત્મક

'કચ્છશ્રુતિ'નો ઘણા વર્ષોથી હું સદસ્ય છું. માસિક અંકો મને નિયમિત મળે છે. જે માટે આભાર. હાલ થોડા મહિનાઓથી અંકો ખૂબ જ આકર્ષક, સુંદર અને કલાત્મક બન્યા છે. લેખોમાં અપાતી સામગ્રી ઘણી જ ઉપયોગી થાય છે. પ્રથમ કવર ઉપરના ફોટા ખૂબ જ ગમે તેવા હોય છે. દીપોત્સવી અંકમાં 'ગુજરાતના આંતરરાષ્ટ્રીય કક્ષાના મહારથીઓ' સુંદર ફોટાઓ સહિત ખરેખર ખૂબ જ મહેનત માંગી લે તેવો પ્રયાસ કર્યો છે તે ખરેખર પ્રસંશનીય છે.

છેલ્લા બે અંકોમાં શ્રી પ્રવીણચંદ્ર શાહના (મૂળ ભુજના અમારા મિત્ર) પૂજ્ય ગાંધીજીની હત્યા અંગેના લેખો ખૂબ જ ગમ્યા. જે જૂની - નવી પેઢી માટે ઉપયોગી છે. પૂજ્ય ગાંધીજીની હત્યા સમયે અમો કરાંચીમાં જ હતા. તા. ૬-૧-૧૯૪૮ના રોજ કરાંચીમાં મોટાપાયે હુલ્લડો ફાટી નીકળ્યા હતા. અમારી કાપડની દુકાન અને બે મકાનોના નિકાલ માટે રાહ જોતા હતા, ત્યાં જ તા. ૩૦-૧-૧૯૪૮ના રોજ પૂ. ગાંધીજીની હત્યાના સમાચાર મળતા, અમો તુરત જ તા. ૩-૨-૧૯૪૮ના કરાંચીથી સ્ટીમર મારફતે નવલખી બંદરે ઉતર્યા. ત્યાંથી કંડલા થઈ ભુજમાં 'ડોસાભાઈ ધર્મશાળા'માં આશરો લીધો.

'ગાંધીનગર ગાથા' કોલમમાં વર્ષા મહેતા તરફથી સમયસરની સામગ્રી મોકલ્યા છતાં છેલ્લા ૩-૪ મહિનાથી છપાતી નથી તે ખરેખર આશ્ચર્યજનક કહેવાય.

છેલ્લે 'કચ્છશ્રુતિ'માં માહિતીસભર લેખો, તેના સંકલન વગેરેનીકામગીરી તથા અંકો નિયમિત મોકલવા બદલ તમારી આખી ટીમને ખૂબ ખૂબ અભિનંદન. બેસ્ટ લક.

*લચ્છુ બોરા (ભુજ) - હાલ ગાંધીનગર*
*નિવૃત્ત નાયબ સચિવ, સચિવાલય, ગાંધીનગર (મો. ૯૯૨૫૫ ૯૫૧૪૮)*

★

### 'કચ્છશ્રુતિ' માસ ફેબ્રુઆરી-૨૦૧૬ના અંક માટે અભિનંદન

છેલ્લા ઘણાં મહિનાઓથી 'કચ્છશ્રુતિ'ના અંકો બહુ જ સમૃધ્ધ અને વાંચવાલાયક આવે છે. આ માટે આપની ટીમને ખૂબ ખૂબ અભિનંદન પાઠવું છું. 'કચ્છશ્રુતિ'ના અંકોમાં જે વિવિધ પ્રકારનું સાહિત્ય પીરસવામાં આવે છે, તે વાંચવાયોગ્ય અને ઉપયોગી હોય છે. ફેબ્રુઆરી-૨૦૧૬ના અંકનો તંત્રીલેખ સમયસરનો અને આગવી ભાત પાડે છે. જ્યારે શ્રી પ્રવીણચંદ્ર શાહના 'ગાંધી-હત્યા'ના પ્રકરણો માહિતીસભર હોતાં પ્રશંસાપાત્ર છે. તેવી રીતે શ્રી હરેશભાઈ ધોળકિયાએ મા.શ્રી દુલેરાય કારાણી અંગે જે લખ્યું છે, તે બેનમૂન છે. શ્રી મિહિરભાઈ વોરાએ 'પાણી પીવાની કઈ રીત છે' તે વિષયના લેખમાં બહુ જ સરળ ભાષામાં સમજ આપેલ છે. આ ઉપરાંત દરેક આર્ટિકલ્સ સમયસરના અને લોકોપયોગી છે, જેમાં બે-મત નથી. સૌને અભિનંદન પાઠવું છું.

*ધનજી કે. ભાનુશાલી 'કડક બંગાલી'*
*ઍડવોકેટ, ભુજ. મો. : ૯૩૨૭૬ ૫૭૯૩૦*

***નોંધ : અત્રે ઉલ્લેખનીય છે કે શ્રી ધનજીભાઈ ભાનુશાલી, ગુજરાતી અને કચ્છી ભાષામાં કૃતિઓ લખતા આગળ પડતા લેખક છે. તેમના અત્યાર સુધીમાં ૧૧ પુસ્તકો પ્રસિધ્ધ થયા છે. તેમના કચ્છી વાર્તા સંગ્રહના બે પુસ્તકોને કચ્છી સાહિત્ય અકાદમી અને ગુજરાત સાહિત્ય અકાદમી તરફથી પ્રથમ અને દ્વિતીય ઈનામો પ્રાપ્ત થયેલાં છે.***

***– તંત્રી મંડળ***

# વતનના વાવડ

● સંકલન : ભરત ઓઝા ●

## વરિષ્ઠ કચ્છી પત્રકાર - સાહિત્યકાર જ્યોતિકુમાર વૈષ્ણવનું નિધન

જાણીતા પત્રકાર અને ગુજરાતી સાહિત્યકાર જ્યોતિકુમાર વૈષ્ણવનું હૃદયરોગના હુમલાથી તાજેતરમાં મુંબઈ ખાતે અવસાન થયું હતું. તેઓ મુંબઈ ખાતે અખબારી જગત સાથે પણ સંકળાયેલા હતા. જાણીતા ગુજરાતી ફિલ્મ અભિનેત્રી સ્નેહલતાના તેઓ અંગત મદદનીશ હતા. તેમણે હિંદી - ગુજરાતી ફિલ્મો, સીરિયલ તથા નાટકોનું લેખન પણ કર્યું હતું. તેમણે ૧૫ જેટલા પુસ્તકોનું પ્રકાશન કર્યું હતું. તેમના પુસ્તક 'વેદાંત કેસરી સ્વામી વિવેકાનંદ'ને ગુજરાત સાહિત્ય અકાદમીનું પ્રથમ પારિતોષિક મળ્યું હતું. તેમના નરેન્દ્ર મોદી અને ટાઈમ મેનેજમેન્ટ તથા 'આર્યનલેડી આનંદીબહેન પટેલ' પુસ્તકો જાણીતા છે. બાળસાહિત્ય સર્જન ક્ષેત્રે પણ તેમનું સારું પ્રદાન રહ્યું હતું. શ્રી વૈષ્ણવ મૂળ ભુજના વતની હતા. કચ્છના રાજાશાહીના ફોજદાર સ્વ. પ્રતાપરાય વૈષ્ણવના તેઓ ભત્રીજા થતા હતા.

## કચ્છી યુવતીએ બેંગકોક ખાતે રજત ચંદ્રક પ્રાપ્ત કર્યો

માધાપર (તા. ભુજ)ના સામાજિક કાર્યકર જયંતીભાઈ વલમજી વાઘેલા અને કરુણાબેનની પુત્રી કુ. ઊર્વિએ થાઈલેન્ડના બેંગકોક શહેરમાં અક્સ થિયેટર ખાતે ફ્રી સ્ટાઈલ સોલો ડાન્સ સિનિયર કેટેગરીમાં બીજો ક્રમ મેળવી રજત ચંદ્રક પ્રાપ્ત કર્યો હતો. આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે દેશનું નામ રોશન કરી ગુજરાત તથા કચ્છનું નામ રોશન કર્યું હતું.

## કચ્છના મહિલા ધારાશાસ્ત્રી સુપ્રીમમાં પ્રથમ કચ્છી એડવોકેટ્સ ઓન રેકોર્ડ

સુપ્રીમ કોર્ટ ઑફ ઈન્ડિયામાં ઍડવોકેટ તરીકે પ્રેક્ટિસ કરતા કચ્છના રાજવી પરિવારના યુવાન મહિલા ધારાશાસ્ત્રી જયકૃતિબા જાડેજા નાની વયે સુપ્રીમ કોર્ટના ઍડવોકેટ્સ ઑન રેકોર્ડ બન્યા છે. કચ્છના રાજવી પરિવારના મ.કુ. સ્વ. જોરાવરસિંહજી તથા સ્વ. સુશીલકુમારીના પૌત્રી તેમજ માધવીબા અને દેવેન્દ્રસિંહજી જાડેજાના પુત્રી જયકૃતિબા જાડેજાએ સુપ્રીમ કોર્ટ દ્વારા લેવાતી પરીક્ષા નાની વયે પ્રથમ પ્રયત્ને પાસ કરી છે. કચ્છના પ્રથમ મહિલા ધારાશાસ્ત્રી સુપ્રીમ કોર્ટ ઑફ ઈન્ડિયાના ઍડવોકેટ્સ ઑન રેકોર્ડ બન્યા છે. સુપ્રીમ કોર્ટમાં જે મેટરો ન્યાયીક નિર્ણયો માટે રજૂ કરવાની થાય છે તે માટેનું પીટીશન વગેરેનું પ્રેઝન્ટેશન ઍડવોકેટ્સ ઑન રેકોર્ડ દ્વારા સામાન્ય રીતે કરવામાં આવે છે. આ રીતે પરીક્ષામાં સંબંધિત ઍડવોકેટની બુદ્ધિમતા, હોંશિયારી અને તેની શૈક્ષણિક અને ન્યાયીક કાર્યકુશળતા વગેરેને ધ્યાને લેવાય છે.

## જાગો, કચ્છનો ભૂસ્તર ખજાનો ભૂંસાય છે

કચ્છ એ કુદરતી મ્યુઝિયમ છે અને વિશ્વમાં ક્યાંય નથી એવી રીતે અહીંના ખડકોનો સમૂહ સચવાયેલો છે. કચ્છનો ભૂસ્તરી વારસો એ દેશને વરદાન - 'ગોડ્ઝ ગિફ્ટ' છે. આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે કચ્છના આ અજોડ ઉદાહરણને રક્ષિત કરીને પ્રવાસન ક્ષેત્રે વિકાસ કરવામાં આવે તેવી ફરી એકવાર માગણી સાથે દેશના ટોચના ભૂસ્તરશાસ્ત્રી ડૉ. એસ.કે. વિશ્વાસે આજે દુઃખ અને નિરાશાની લાગણી વ્યક્ત કરી હતી કે, સરકાર પાસે ૨૦૦૬થી આ બાબતે દરખાસ્ત મૂકાયેલી છે પરંતુ દસકા જેવો સમય થવા આવ્યો, આ દિશામાં કોઈ નક્કર પગલાં લેવામાં નથી આવ્યા. કચ્છ યુનિવર્સિટી ખાતે તાજેતરના વિજ્ઞાન સેમિનાર સંદર્ભે કચ્છમાં આવેલા અને પોતાના સંશોધન દરમ્યાન કચ્છના પથ્થર - પથ્થરથી જે વાકેફ હોવાનું કહેવાય છે, એવા ડૉ. વિશ્વાસે મંગળવારે યુનિ. કોર્ટ હોલ ખાતે પત્રકારો સમક્ષ વાતચીત કરી હતી અને લાંબા સમયથી જેઓ હિમાયત કરી રહ્યા છે એવા કચ્છમાં ઊભા થઈ શકે તેવા નેશનલ જીઓલોજી પાર્ક વિશેના તેમના વિચારો, તેમાં શું હોઈ શકે, તેનો નકશો, વહીવટ, નિયમો વિશેના સૂચિત આયોજનની જાણકારી આપી હતી. માત્ર આર્થિક કે કમાણીનો કે પ્રવાસન વિકાસનો નહીં પણ ભાવિ પેઢીના શિક્ષણ, સંશોધન માટે અતિ મહત્ત્વના કચ્છના ભૂસ્તર વારસાને તાકીદે સંરક્ષિત કરવાની રજૂઆત કરી હતી.

## તું ફક્ત ખળખળ વહી જા મિસ્કીન 'ભૂલી જા બધું'

ભુજના જાણીતા યુવા તબીબ સ્વ. ડૉ. કવિતા (મીરાં) સચદેની સ્મૃતિમાં આયોજિત સમારોહમાં સ્કોલરશિપ અને ઍવોર્ડ વિતરણ તાજેતરમાં કરાયું હતું. આ પ્રસંગે દેશ-વિદેશમાં જાણીતા ગઝલકાર ડૉ. રાજેશ વ્યાસ 'મિસ્કીન' ગઝલોના વૈવિધ્યને પ્રતિપાદિત કરતી પેસકશે સાહિત્ય પ્રેમીઓને રસતરબોળ કરી

વાહ વાહ મેળવી હતી. ટ્રસ્ટના મોભી શંકરભાઈ સચદેએ સૂત્ર સંચાલન કરતાં મિસ્કીનને માણવાનો મળેલો મોકો યાદગાર બની રહેશે તેવું જણાવ્યું હતું.

## કચ્છના ક્રાંતિવીર શ્યામજી કૃષ્ણવર્માથી બિગ-બી પ્રભાવિત

મહાનાયક અમિતાભ બચ્ચન કચ્છના સપૂત ક્રાંતિવીર શ્યામજી કૃષ્ણવર્માના જીવન અને કાર્યોથી પ્રભાવિત થયા છે. જન્મભૂમિ જૂથના કટારલેખક વિષ્ણુ પંડ્યાએ મુંબઈમાં જુહુ સ્થિત કાર્યાલયમાં બિગ-બી ની મુલાકાત લઈને માહિતી આપી હતી. ગુજરાત રાજ્યના પ્રવાસનના બ્રાન્ડ એમ્બેસેડર તરીકેની ભૂમિકામાં કચ્છની મુલાકાત લઈ ચૂકેલા દંતકથા સમાન અભિનેતાએ વિષ્ણુભાઈને મુલાકાત આપતાં માંડવીના 'ક્રાંતિતીર્થ' વિશે જાણવાની ઉત્સુકતા બતાવી હતી.

## બ્રિટિશ રાજ પરિવારનો એવોર્ડ કચ્છી મહિલાને એનાયત

વિજ્ઞાન ટેકનોલોજી, એન્જિનિયરિંગ અને ગણિત વિષયોમાં નોંધપાત્ર સફળતા - પ્રદાન બદલ મૂળ કચ્છના જશવંતી ઉર્ફે જાઝ રાબડિયાને મોસ્ટ એક્સેલેન્ટ ઑર્ડર ઑફ બ્રિટિશ એમ્પાયર (એમ.બી.ઇ.) સન્માન લંડન ખાતે તાજેતરમાં અપાયું હતું. આવું સન્માન મેળવનારા તેઓ પ્રથમ કચ્છી અને સ્વામિનારાયણ સંપ્રદાયમાં સૌપ્રથમ મહિલા બન્યા છે.

## સી.એ.ના રાષ્ટ્રીય સંગઠનમાં કચ્છી ઉપપ્રમુખપદે વરાયા

મૂળ કચ્છના ગામ રાણપરના અને હાલે મુંબઈ સ્થિત કચ્છી દશા ઓસવાળ જૈન જ્ઞાતિના સી.એ. નીલેશ શિવજી વિકમશીની (ભાગીદાર : ખીમજી કુંવરજી એન્ડ કંપની - મુંબઈ) ભારત દેશની પ્રખ્યાત વ્યવસાયિક લેખાંકન સંસ્થા ધી ઈન્સ્ટિટ્યૂટ ઑફ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સ ઑફ ઈન્ડિયા (આઈ.સી.એ.આઈ.)ના નાણાકીય વર્ષ ૨૦૧૬-૧૭ માટે વાઈસ પ્રેસિડેન્ટ તરીકે તાજેતરમાં વરણી થઈ છે. આ સિદ્ધિ પ્રાપ્ત કરનાર તે કચ્છના બીજા ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ છે. આ પહેલા તેમના મોટા ભાઈ સી.એ. કમલેશ શિવજી વિકમશી બાર વર્ષ પહેલાં આ જ પદ પર હતા.

## પુનર્વસનમાં નેપાળ કરશે કચ્છનું અનુકરણ

કચ્છના ઈતિહાસમાં આવેલા સૌથી ગોઝારા ધરતીકંપે વેરેલો વિનાશ અને ત્યારબાદ ફિનિક્સ પક્ષીની જેમ પુનઃ ઊભા થઈને દોડવા માંડેલા કચ્છના ભવ્ય પુરુષાર્થના સ્વયં દર્શન માટે તાજેતરમાં નેપાળના વડાપ્રધાન ખડગપ્રસાદ શર્મા પોતાના ઉચ્ચસ્તરીય પ્રતિનિધિ મંડળ સાથે કચ્છની એકદિવસીય મુલાકાતે આવ્યા હતા. આ મુલાકાત જિલ્લા માટે પણ ઐતિહાસિક બની રહી હતી, કારણકે ૫૦ વર્ષના સમયગાળામાં નોર્વે બાદ આ પ્રથમ ઘટના હતી કે જેમાં કોઈ દેશના વડાપ્રધાન સરહદી જિલ્લાની મુલાકાતે આવ્યા હોય. ભૂકંપગ્રસ્તોના ધૈર્ય અને પુનર્વસનની શાબ્દિક સરાહના કરતાં પર્વતીય રાષ્ટ્રના પંતપ્રધાને કચ્છનું નેપાળમાં અનુકરણ કરવાની જાહેરાત કરી હતી.

## પીઢ પત્રકાર અમૃતલાલ હીરજી પંડ્યા

કચ્છની અખબારી આલમના મોભી અને પીઢ પત્રકાર અમૃતલાલ હીરજી પંડ્યાનું તાજેતરમાં અંજાર ખાતે હૃદયરોગના તીવ્ર હુમલાથી નિધન થયું હતું. શ્રી પંડ્યાના નિધન બદલ સંસદીય સચિવ અને ધારાસભ્ય વાસણભાઈ આહીર તેમજ જિલ્લા ભાજપ પ્રમુખ કેશુભાઈ પટેલે શોકની લાગણી વ્યક્ત કરી હતી. સ્વ. અમૃતલાલભાઈ ૧૭ વર્ષ સુધી અંજારના ઉપનગરપતિ હતા. તે વખતે ઘર-ઘર નળ યોજના, ફળિયે ફળિયે સ્ટ્રીટ લાઈટ, પાકા રોડ સહિતના વિકાસકામો કરાયા હતા.

## કચ્છના બે નિશાનબાજોને રાજ્યકક્ષાનો એવોર્ડ અપાયો

કચ્છના બે શૂટરોને રાજ્યકક્ષાના સરદાર પટેલ ઍવોર્ડ અને જયદીપસિંહ બારિયા ઍવોર્ડ તાજેતરમાં ગાંધીનગર ખાતે યોજાયેલા એક સમારોહમાં ગાંધીધામના રાયફલ શૂટર પૃથ્વીરાજ દિલીપ અયાચીને અને પિસ્તોલ શૂટર આદિત્ય પ્રકાશ ઝુલાને આપવામાં આવ્યા હતા. પૃથ્વીરાજ ૧૨ વર્ષની વયથી રાયફલ શૂટિંગ કરે છે અને રાજ્યનો શ્રેષ્ઠ રાયફલ શૂટર છે. તેણે રાષ્ટ્રીય કક્ષાએ ૧ સુવર્ણ, ૨ રજત જ્યારે રાજ્ય કક્ષાએ પાંચ સુવર્ણ અને ૪ કાંસ્ય ચંદ્રક મેળવ્યા છે. જ્યારે ૧૬ વર્ષની વયથી પિસ્તોલ શૂટિંગ કરતા આદિત્ય પ્રકાશ ઝુલાએ રાષ્ટ્રીય કક્ષાએ ૧ સુવર્ણ ચંદ્રક અને રાજ્ય કક્ષાએ ૧૩ સુવર્ણ, ૧૦ રજત અને ૩ કાંસ્ય ચંદ્રકો મેળવ્યા છે.

## કોલમિસ્ટ શ્રી છાયાની ટી.વી. ન્યૂઝ દ્વારા મુલાકાત

ભુજ - કચ્છના 'મેઘાણી' દુલેરાય કારાણી પ્રેરિત વિશિષ્ટ કોલમ 'ગામ-નામ-ગાથા'ને સફળતાપૂર્વક એક વર્ષ પૂરું થતાં કોલમિસ્ટ જગદીશચંદ્ર છાયા 'શ્રેયસ'ની એક ખાસ મુલાકાત 'કચ્છીયત - મા આશાપુરા' ટીવી ન્યૂઝ ચેનલ માટે કુ. ફ્રેન્સી સોનીએ લીધેલ, જે કારાણીજીની જન્મ - પુણ્યતિથિ તા. ૨૬ ફેબ્રુઆરીના દિવસે ટેલિકાસ્ટ થઈ હતી. ■

# કલરવ

• દિનેશ માંકડ •

## ટકોર ટાબરિયાઓને

હોળી તો આવી ને ગઈ. મિત્રોમાં થોડા રંગો ઉડાડીને મજા કરી. દરેક તહેવાર જરૂર કૈંક ને કૈંક સંદેશ લાવે છે. હોળીના તહેવારમાં પણ અનેક સંદેશ છે. જીવન રંગોથી ભરપૂર હોવું જોઈએ. અભ્યાસની સાથે અલગ શોખ કે રૂચિ પણ હોવા જોઈએ. પણ હા, એનોય અતિરેક પણ નહીં. વળી પ્રહલાદની વાત પરથી ભગવાનમાં શ્રદ્ધા, સચ્ચાઈ સામે લડવાની વાત પણ જીવનમાં ખૂબ ઉપયોગી તો છે જ, બરાબરને! મિત્રો નાનપણથી જેટલી સારી ટેવો પાડીએ, તે ભવિષ્યમાં ખૂબ ખૂબ ઉપયોગી થાય. સાચી વાત? ચાલો ફરી પાછી પરીક્ષા આવે છે, એટલે લાગી જવાનું છે મહેનતમાં. સૌને મહેનત કરવાની અને સુંદર પરિણામ લાવવાની શુભેચ્છા.

## નાની વાત – મોટો બોધ

આજે ખૂબ જૂની અને જાણીતી વાર્તા. જંગલમાં શિકારીએ એક હરણીને જોતાં જ તીર ચઢાવ્યું. હરણીએ તે જોયું. તેને ખબર જ હતી કે હવે દોડીને બચી શકાશે નહીં. તેને પોતાના બચ્ચા યાદ આવ્યા. તે શિકારીની નજીક ગઈ ને કહેવા લાગી, 'ભાઈ, તું ભલે મારો શિકાર કરજે પણ હું એકવાર મારા બચ્ચાને મળી આવું.' શિકારી પ્રાણીની ભાષા સમજતો હતો. પહેલા તો તેને હરણીની વાત પર વિશ્વાસ ન બેઠો. પણ પછી તેના કાલાવાલા જોઈને થયું કે શિકાર તો બીજોય મળશે. તેણે હરણીને જવા દીધી. થોડીવારે મોટો હરણ નજીકના તળાવમાં પાણી પીવા આવ્યો. શિકારી ખુશ થયો. હવે મજા પડશે. પણ હરણે પણ દયા યાચના કરી કે મારા પરિવારથી ખૂબ લાંબા સમયથી છૂટો પડ્યો છું. હું વચન આપું છું કે મારા કુટુંબને મળીને જરૂર પાછો આવીશ. શરૂઆતમાં તો શિકારી ખીજાયો અને હરણને મારવા તૈયાર થયો, પણ તેને થયું આટલો પરિવાર પ્રેમ તો મને મારા કુટુંબ માટે પણ હશે કે કેમ? લાવ, એક વધુ કસોટી કરી લઉં. તેણે હરણને જવા દીધું. આ બાજુ હરણી ઘેર આવી. પોતે શિકારીને 'બાળકોને મળીને પાછા આવવાની આપેલ ખાતરી'ની વાત બાળકોને કરતી હતી ત્યાં જ હરણ પણ આવી ગયો. તેણે શિકારી મળ્યાની અને પોતે આપેલા વચનની વાત કરી. હરણ અને હરણીએ પોતાના બચ્ચા પડોશીને સોંપવાની તૈયારી કરી. ત્યાં તો બચ્ચાઓએ જીદ પકડી 'અમે પણ સાથે આવીશું.' પહેલા તો હરણ - હરણીને ન ગમ્યું પણ પછી થયું કે તેમને સમજાવીને પાછા વાળીશું. બધા જ શિકારી પાસે પહોંચ્યા. શિકારી તો આખા હરણ પરિવારને જોઈ નવાઇ જ પામ્યો. તે માની ન શક્યો! તેને થયું અમે માણસો, વચન પાલનમાં પાછા પડીએ છીએ. તો આ પ્રાણીઓ તો જરૂર મહાન કહેવાય. શિકારીએ હરણ પરિવારને વંદન કરીને કહ્યું, 'તમે સૌ ખુશીથી ઘરે જાઓ. તમે તો વચન પાલન કરી અમારી માણસજાતની આંખો ખોલી નાખી. બચ્ચા તો ગેલમાં આવી કૂદવા લાગ્યા.

## તન તંદુરસ્ત - મન તંદુરસ્ત

ઉનાળો આવી ગયો. તમને કચુંબર - સલાડ કેટલા ભાવે છે તે તો ખબર નથી, ઉનાળો આવ્યો એટલે પહેલા કાચી અને પછી પાકી કેરી જરૂર યાદ આવે જ. કાચી કેરી તો અનેક ગુણ ધરાવે છે. ખાસ તો લૂ ન લાગે. તમારે તડકામાં થોડું ઘણું તો ફરવું જ પડે. ક્યારેક ભરબપોરે ક્રિકેટ ટીચવાનું મન પણ થાય. લૂ ન લાગે કે લાગી હોય તો જલ્દી મટે તેની દવા એટલે કાચી કેરી. વળી કાચી કેરીમાં શરીરને પોષક, અનેક ખનીજ તત્ત્વો અને વિટામિન્સ પણ છે. મોઢામાં પાણી આવી ગયું ને? જલ્દી કરો ને શરૂ કરો... મમ્મી પણ તમને કાચી કેરી ખાતા જોઈને ચોક્કસ રાજી થશે.

## મગજ કસો, નહિં તો ખસો

*આ વખતે ઉખાણાની મજા*

૧. નાના મોટા લીલાં લાલ, તીખા મોળા છે એના હાલ;
મસાલામાં છુંદાય એની ખાલ ખાતા પાંપણે બાંધે પાળ!

૨. ગગન ગુંબજમાં રોજ રોજ ચમકે
રાતે એ સૌ ચાંદરણાં થઈ મલકે.

## માણો કવિતા, બનાવો કવિતા

*ફોન ઉઠાવી કૂતરો બોલ્યો વન ઝીરો ઝીરો*
*હલ્લો, હવાલદાર સાબ*
*ઘરમાં ઘુસ્યો છે ચોર, જાણે મોટો હીરો*
*ચોરને હું થયો સાવ ઝીરો ઝીરો*
*ચોકીદારનાં નસકોરાં બોલે*
*મારી પૂંછડી ડગમગ ડોલે*
*હું ભયથી અધીરો*
*વન ઝીરો ઝીરો.*

# શબ્દ શોધ : ૪૭

• પ્રદીપ જોશી - આદિપુર •
મો. ૯૪૨૬૬ ૬૦૪૧૨

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | | ૩ | ■ | ૪ | | ૫ | ૬ |
| ૭ | | ■ | ૮ | ૯ | | ■ | ૧૦ | |
| | ■ | ■ | ૧૧ | | | ■ | ■ | |
| ૧૨ | ૧૩ | ૧૪ | ■ | ■ | ■ | ૧૫ | ૧૬ | |
| ■ | ૧૭ | | ૧૮ | ■ | ૧૯ | | | ■ |
| ૨૦ | | ■ | ૨૧ | | | ■ | ૨૨ | |
| ■ | ૨૩ | ૨૪ | | ■ | ૨૫ | ૨૬ | | ■ |
| ૨૭ | ■ | | ■ | ૨૮ | ■ | | ■ | ૨૯ |
| ૩૦ | | | ■ | | ■ | ૩૧ | | |

## આડી ચાવીઓ

૧. ઝઘડાની પતાવટ, કજિયા કે કંકાસની સુલેહ (૪)
૪. વાવડ, ખબર (૪)
૭. જમવામાં શું ફાવશે? આંબાનો ______ કે કાતરી? (૨)
૮. રીત, રિવાજ (૩)
૧૦. સુતરની આંટી (૨)
૧૧. "______ માં રાઈ હોવી" એટલે ભારે ગર્વિલા બની રહેવું (૩)
૧૨. સિવાય, વિના (૩)
૧૫. જાગૃત (૩)
૧૭. સતત વિચાર્યા કરવાની ક્રિયા (૩)
૧૯. ભિન્ન, જુદું (૩)
૨૦. પગલાની નિશાનીએ પગે પગે ચાલી ચોરને પકડી પાડનાર માણસ (૨)
૨૧. વહાણને સમતોલ રાખવા અંદર ભરવામાં આવતી રેતી, કાંકરા કે પથ્થર (૩)
૨૨. કામદેવના પત્ની (૨)
૨૩. ચક્ષુ, આંખ (૩)
૨૫. લક્ષણ (૩)
૩૦. ખૂબસુરત સ્ત્રી (૩)
૩૧. કમળ, પંકજ (૩)

## ઊભી ચાવીઓ

૧. રાઈ થી જરા મોટા દાણાનાં એક પ્રકારનાં તેલીબિયાં (૪)
૨. મહિનો (૨)
૩. પોચું, કોમળ (૩)
૪. બુધ્ધિ, અક્કલ (૩)
૫. રિવાજ, પ્રથા, શિરસ્તો (૨)
૬. કાલાવાલા, આજીજી (૪)
૯. દીવાની જ્યોતિ, રાગ (૨)
૧૩. દિલગીર, શોકમાં ઘેરાયેલું (૪)
૧૪. ક્રિકેટમાં દોડીને શું લેવાય? (૨)
૧૫. જુવાર બાજરીના કણસલાવાળા પૂળા (૨)
૧૬. ઉજાગરો (૪)
૧૮. નવું, અપૂર્વ (૩)
૧૯. વહીવટ, કામ, ક્રિયા (૩)
૨૪. એક પવિત્ર નદી (૩)
૨૬. માથા વગરનો કહેવાતો કે મનાતો ભૂત, પિશાચ (૩)
૨૭. "______, તમે તો કમાલ કરી!" ઓહો! આશ્ચર્યદર્શક ઉદ્‌ગાર (૨)
૨૮. કચ્છ જિલ્લાનું મુખ્ય મથક (૨)
૨૯. એક તેજાનો (૨)

## શબ્દશોધ : ૪૬નો ઉકેલ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ■ | મૌ | ■ | મા | મ | લો | ■ | મ | ■ |
| મ | ન | મો | હ | ક | ■ | મ | ધ્ય | મા |
| લ | ■ | હ | ■ | ર | ■ | ન | ■ | ગ |
| મ | મ | તા | ળુ | ■ | મ | ન | ■ | સ |
| ■ | મુ | જ | ■ | મા | ગ | ■ | ■ | ર |
| મા | ટી | ■ | ■ | વે | ■ | મ | મ | ■ |
| રા | ■ | મા | મ | લ | ત | દા | ર | ■ |
| મા | વ | ત | ર | ■ | ■ | લ | દ | મુ |
| રી | ■ | મ | ણ | ■ | મા | સા | ■ | નિ |

**શબ્દ શોધ-૪૫ : ઉકેલ મોકલાવનારના નામ**

૪. વસંતબેન સુરેશચંદ્ર ભટ્ટ - ગાંધીનગર

**શબ્દ શોધ-૪૬ : ઉકેલ મોકલાવનારના નામ**

૧. વસંતબેન સુરેશચંદ્ર ભટ્ટ - ગાંધીનગર.
૨. સરલાબેન ચંદ્રકાંત શાહ - અમદાવાદ.
૩. બિંદી કેતન રાણા - અમદાવાદ.

*આભાર સાથે અભિનંદન.*

# સમાચાર સંચય

● સંકલન : દિનેશ આર. મહેતા ●

## કચ્છ

★ **નર્મદાના વધારાના પાણી માટે બજેટ ફાળવો :** કચ્છના ધરતીપુત્રોને સતાવતા પોષણક્ષમ ભાવમાં થતા અન્યાય સહિતના મુદ્દે તાજેતરમાં જિલ્લા મથક ભુજ ખાતે કચ્છના ખેડૂતો મોટી સંખ્યામાં એકત્ર થયા હતા. જયનગરથી કલેક્ટર કચેરી સુધી રેલી સ્વરૂપે નીકળીને કચ્છ માટે નર્મદાની એક મિલિયન એકર ફીટ પાણી માટે ત્રણ-ત્રણ વરસથી બજેટની ફાળવણી કરવામાં નહીં આવતા સરકાર પર બળાપો કાઢ્યો હતો. આ વિશાળ જનસમૂહે શહેરમાં પણ ચર્ચા જગાવી હતી. મુખ્યમંત્રીને સંબોધીને તૈયાર કરાયેલા આવેદનપત્રની નકલ કચ્છના કલેક્ટરને ભારતીય કિસાન સંઘના પ્રતિનિધિઓએ આપી હતી.

★ **કચ્છી કસબ માટે ડિજિટલ સ્ટુડિયો :** હૈયું, મસ્તક અને હાથ કામે લગાડીને રચાતી હસ્તકલા કારીગરને સર્જનહારનું વરદાન છે. તાજેતરમાં કુટિર ઉદ્યોગ નીતિની ઘોષણા કરનાર રાજ્યના કુટિર ઉદ્યોગ પ્રધાને કચ્છના કસબી સમુદાયનું હિત હૈયે રાખતાં કેટલીક મહત્ત્વની જાહેરાતો કરી હતી. 'ડિજિટલ સ્ટુડિયો' બનાવવાની જાણકારી આપી હતી.

★ **એસ.આર.સી.ના ચેર પર્સન :** આદિપુર – ગાંધીધામ સંકુલની પાયાની સંસ્થા અને વિકાસમાં મહત્ત્વપૂર્ણ યોગદાન આપતી સંસ્થા સિન્ધુ રિસેટલમેન્ટ કોર્પોરેશન (એસ.આર.સી.)ના ચેરપર્સન તરીકે તુલસીબેન પરશરામ આનંદાણીની વરણી તાજેતરમાં કરાઈ હતી. નિર્મલા ગજવાણીના અવસાન બાદ બોર્ડ મીટિંગમાં સર્વાનુમતે ઉપરોક્ત નિર્ણય લેવામાં આવ્યો હતો.

★ **નર્મદાના નીર પંદર મહિને ભચાઉ પહોંચશે :** કચ્છની જીવાદોરી સમાન નહેરનું જેસાડાથી ચોબારી સુધીના ૨૩ કિલોમીટરનું કામ વનવિભાગના આટાપાટામાં અટવાયું હતું તેને મંજૂરી મળતાં પાંચ વર્ષ બાદ પુનઃ કામનો ધમધમાટ શરૂ થતાં વાગડવાસીઓએ હાશકારો અનુભવ્યો હતો. ધારાસભ્ય પંકજભાઈ મહેતાએ આ નહેરનું કામ ઝડપથી પૂરું કરવા લાગણી વ્યક્ત કરી હતી. નર્મદા નિગમના ડાયરેક્ટર મુકેશભાઈ ઝવેરીએ જણાવ્યું હતું કે ચાલુ વર્ષના અંત સુધી મુંદ્રાના પ્રાગપર ચોકડી સુધી અને આવતા વર્ષે માંડવી તાલુકાના મોડકુવા સુધી પાણી પહોંચાડવાનું આયોજન છે. મોટાભાગની કેનાલનું કામ થઈ ચૂક્યું હોવાનું તેમણે ઉમેર્યું હતું.

★ **દેહદાન :** ભુજના જનકબેન રમણિકભાઈ શાહ (ઉં.વ. ૭૫)નું અવસાન થતાં તેમની દેહદાનની અંતિમ ઈચ્છા અનુસાર લાયન્સ ક્લબ – ભુજ દ્વારા દેહદાન સ્વીકારીને અદાણી મેડિકલ કૉલેજને સુપરત કર્યું હતું.

★ **૧૧ દેશના યુવાનો કચ્છના મહેમાન :** ઇન્ટરનેશનલ યૂથ એક્ષચેન્જ કાર્યક્રમ હેઠળ ૧૧ દેશના ૨૦ યુવાનો તાજેતરમાં કચ્છની મુલાકાતે આવ્યા હતા. આદિપુરમાં રોટરી ક્લબના સહયોગથી વિદેશી યુવાનો કચ્છની ભાતીગળ સંસ્કૃતિને જાણી પ્રભાવિત થયા હતા. ફેલોશિપ અને સાંસ્કૃતિક આદાન-પ્રદાનના કાર્યક્રમ હેઠળ ડિસ્કવર ઇન્ડિયાની થીમ તળે યુવાનો સમગ્ર ભારતની મુલાકાતે આવતાં – તેના અંતર્ગત આદિપુર આવ્યા હતા.

★ **વિશ્વના સૌથી ઊંચા યુદ્ધ ક્ષેત્રમાં ફરજ બજાવી ચૂકેલ કચ્છી ફોજી :** કદાચ બહુ ઓછાને એ વાતનો ખ્યાલ હશે કે ૧૯૯૮માં પણ સિયાચીનમાં ભારતના ૨૦ જવાનો ઑન રેકોર્ડ 'લાપતા' બન્યા હતા. રેસ્ક્યુ ટીમના આશ્ચર્ય વચ્ચે વીસેવીસ જવાન જીવિત મળી આવ્યા હતા. આ નસીબવંતા ૨૦ જવાનોમાં એક કચ્છી પણ હતા. મૂળ ભુજના ભરતભાઈ સુથાર તાજેતરમાં પોતાનો અનુભવ વર્ણવતાં રોમાંચિત થઈ ગયા હતા. એક મુલાકાતના અંતે તેમણે ઉમેર્યું હતું કે, લોકોને કહેજો કે શહીદીની સાચી વ્યાખ્યા સમજવી હોય તો શહીદોના ઘરે જજો. એક સૈનિક શહીદ નથી થતો પણ તેના પરિવારજન પણ દેશ માટે શહીદ થાય છે. **કચ્છી સૈનિકનો સંપર્ક નંબર : (૦૨૮૩૨) ૭૫૬૭૫, ૮૭૧૨૯, ૯૮૨૫૭ ૬૦૧૮૧.**

★ **ગાંધીધામ ખાતે ત્રિ-દિવસીય વાઇબ્રન્ટ કચ્છ :** ગાંધીધામ ચેમ્બર ઑફ કોમર્સ દ્વારા ત્રણ દિવસ સુધી આયોજિત વાઈબ્રન્ટ કચ્છ ૨૦૧૬ એક ઐતિહાસિક પ્રદર્શનમાં બે દિવસ દરમિયાન પ્રવાસન, ટીમ્બર ઉદ્યોગ અને શૈક્ષણિક બાબતો અંગેના સેમિનારમાં તજજ્ઞો દ્વારા ઊંડાણપૂર્વકની સમજ આપવામાં આવી હતી. કચ્છમાં ઔદ્યોગિક વિકાસની ઝાંખી કરાવતા આ મેળાની હજારોની સંખ્યામાં લોકોએ મુલાકાત લીધી હતી. સાંજે

યોજાયેલા સાંસ્કૃતિક કાર્યક્રમોએ ભારે રંગત જમાવી હતી.

**★ ભરતકામ વિષયે બ્રિટીશ પ્રોફેસરના પુસ્તકનું વિમોચન :** એક સમયે આજના જેવા રસ્તા ન હતા. એવા સંજોગો વચ્ચે હું કચ્છમાં પહોંચી. ત્યાંના બન્ની લોકોનું જીવન જોયું. તેમનો પહેરવેશ જોયો અને મને લાગ્યું કે હું જે શોધી રહી છું એ – તે સંસ્કૃતિ અને ઍમ્બ્રોયડરી અહીં જ છે. મને લાગ્યું કે ભારતનો આ એવો ભાગ છે કે જ્યાં હજુ પણ પરંપરાગત ભરતકામ થાય છે. અને એટલે જ તેના પર રીસર્ચ કરવાનું મેં નક્કી કર્યું હતું. બ્રિટનના લિવરપૂલથી આવેલા પ્રોફેસર લોનો ટ્રિસિડટના આ શબ્દો છે. તેમણે કચ્છના બન્ની વિસ્તારના ભરતકામ પર પુસ્તક પણ લખ્યું છે.

## ગુજરાત

**★ કુટિર - ગ્રામોદ્યોગની નવી નીતિ :** ગુજરાતમાં કુટિર અને ગ્રામોદ્યોગની વૃદ્ધિ માટે પ્રોત્સાહન આપવા પ્રથમ વખત નવી કુટિર અને ગ્રામોદ્યોગ નીતિ-૨૦૧૬ની જાહેરાત તાજેતરમાં રાજ્યના કુટિર ઉદ્યોગ પ્રધાને કરી હતી. આ નીતિમાં નવી પહેલરૂપે લુપ્ત થતી ક્રાફ્ટની જાળવણી અને તેના પુનરુત્થાન માટે પાઈલોટ પ્રોજેક્ટ તરીકે વન વિલેજ વન પ્રોડક્ટનો અભિગમ અપનાવવામાં આવશે. નવી નીતિમાં કચ્છની લુપ્ત થતી કળા નિરોણાની રોગાણ, વાઢા કોલોની કાષ્ઠકલા અને મુંદ્રાની નામદાના સંવર્ધનનો સમાવેશ કરવામાં આવ્યો છે.

**★ નર્મદા કેનાલની મરામત :** રાજ્ય સરકારે લીધેલા નિર્ણય મુજબ બનાસકાંઠા જિલ્લાના ભાપી, ચામલા-વડાલા અને દેવપુરા ખાતે ત્રણ તળાવો બનાવાશે. **જેનું બાંધકામ પોલિપિલિન ફિલ્મ પાથરીને અધતન ટેકનોલોજી વિનિયોગથી કરાશે. જેથી પાણી જમીનમાં શોષાઈ જાય નહીં.** તળાવોનું નિર્માણ એ રીતે કરાશે કે કેનાલમાંથી તળાવ અને તળાવથી પાણી પુરવઠાના સમય સુધી પાણી ગ્રેવિટી દ્વારા લઈ જવાશે. આના પરિણામે કોઈ વધારાના ખર્ચ વિના આ ગામોને પાણી આપી શકાશે. ઉપરાંત સૌરાષ્ટ્રમાં પણ તળાવો બાંધવાનું નક્કી કરાયું છે. આ બાંધકામના પરિણામે નર્મદા કેનાલ મરામત - નિભામણી સમય દરમ્યાન પાણી પુરવઠો મળતો રહેશે.

**★ અમેરિકન વિદ્યાર્થી અને ગુજરાતી ભાષા :** ઈન્ટરનેશનલ રિલેશન્સમાં માસ્ટર ડિગ્રી કર્યા પછી પીએચ.ડી. માટે વિષય પસંદ કરવાનો વારો આવ્યો ત્યારે એક અમેરિકન વિદ્યાર્થી મિશા મિન્તે પહેલાં આફ્રિકા પસંદ કર્યું હતું. આફ્રિકામાં ગયા પછી તેને ખબર પડી કે આફ્રિકામાં ગુજરાતથી માઈગ્રેટ થયેલા લોકોના મૂળિયા ઊંડા છે અને તેની અસર પણ વ્યાપક છે. માટે તેણે 'આફ્રિકામાં માઈગ્રેટ થયેલા ગુજરાતીઓ' એ વિષય સંશોધન માટે પસંદ કર્યો હતો. મિન્તે કહ્યું, 'હું થોડા મહિના પહેલાં ગુજરાત આવ્યો હતો. ત્યાં ગુજરાતી ભાષાના પ્રોફેસરની મદદથી ગુજરાતી શીખવાનું શરૂ કર્યું હતું. અને આજે હું ગુજરાતી વાંચી - સમજી શકું છું અને જરૂર પડતા લખું પણ છું.'

**★ મેડિકલ કોલેજના પી.જી.ની બેઠકોમાં વધારો :** અમદાવાદ મ્યુનિ. કોર્પોરેશનના મેટ - મેડિકલ એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત વી.એસ. હોસ્પિટલની પાછળ આવેલી મેડિકલ એજ્યુકેશન કોલેજના માસ્ટર ડિગ્રી - એમ.ડી.ના અનુસ્નાતક કોર્સ માટે કેન્દ્ર સરકારના હેલ્થ વિભાગે ૨૮ બેઠકો વધારવાની મંજૂરી આપી છે. આમ થવાથી અગાઉની ૧૯ ઉપરાંત ૨૮ થઈ, પી.જી.ની કુલ ૪૭ બેઠકો થઈ છે.

**★ દાદા-દાદીના ઓટલાનો પ્રારંભ :** તાજેતરમાં અમદાવાદમાં પરિમલ ગાર્ડન ખાતે દાદા-દાદીના ઓટલાનો પ્રારંભ કરવામાં આવ્યો છે. જેનું આશા ભટ્ટ, ધીરેન મહેતા અને ક્લેરા ક્રિશ્ચિયન સંચાલન કરશે.

**★ પાકે. વધુ ૪૮ માછીમાર, નવ બોટનું અપહરણ કર્યું :** પાક.ના કબજામાંથી બોટોને મુક્ત કરાવવાની કામગીરી આગળ વધતી નથી તો બીજી બાજુ પાક. મરીન પોતાની નાપાક હરકતોને ચાલુ રાખીને બોટોના અપહરણનો સીલસીલો આગળ ધપાવ્યે જાય છે. એવી માહિતી બહાર આવી છે કે પોરબંદર, ઓખા, માંગરોળ વગેરે વિસ્તારની ૧૬ બોટ અને ૮૮ માછીમારોને પાકિસ્તાન તાજેતરમાં ઊઠાવી ગયું છે.

## રાષ્ટ્ર

**★ હોશવાલોંકો ખબર ક્યા, જિંદગી ક્યા ચીજ હૈ :** 'કભી કિસી કો મુકમ્મલ જહાં નહીં મિલતા' જેવા અનેક યાદગાર ગીત ગઝલોના સર્જક, ઉર્દૂના મશહૂર શાયર અને ભારતીય સિને જગતના લોકપ્રિય ગીતકાર નિદા ફાઝલી તાજેતરમાં ફાની દુનિયા છોડી ગયા છે.

**★ વિકાસ માટે લોકભાગીદારી જરૂરી :** વડાપ્રધાને તાજેતરમાં એક રાષ્ટ્રીય યોજના હેઠળ સક્રિય ૨૦૦થી વધુ યુવાનો સાથે વાતચીત કરતાં જણાવ્યું હતું કે ગ્રામીણ ભારતમાં પરિવર્તન લાવવા માટે લોકોની ભાગીદારીની ભૂમિકા ચાવીરૂપ

બની શકે છે. વડાપ્રધાને આ યોજનાને વધુ સક્ષમ બનાવવા માટે દેશના યુવાનો, લોકો પાસેથી સૂચનો, અભિપ્રાયો આપવાનું આમંત્રણ આપ્યું હતું.

★ **એટીએમ અને ક્રેડિટ કાર્ડ પણ હવે ચલણ છે :** રિઝર્વ બેંક ઑફ ઇન્ડિયા (આર.બી.આઈ.) એ મુદ્રા / ચલણની પરિભાષામાં તાજેતરમાં સુધારો કર્યો છે જેને પગલે હવે એટીએમ અને ક્રેડિટ કાર્ડ પણ મુદ્રાની શ્રેણીમાં આવી જાય છે.

## આંતરરાષ્ટ્રીય

★ **ત્રણ દાયકામાં દુનિયાના અડધા લોકો પાસે નોકરી નહીં હોય :** એક કોમ્પ્યુટર વૈજ્ઞાનિક માશેવરદીએ કહ્યું હતું કે, 'આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ' એટલે કે 'કૃત્રિમ હોશિયારી'ની દિશામાં વિજ્ઞાન જે ગતિથી કામ કરે છે તે વિશ્વના અર્થતંત્ર માટે ખતરારૂપ છે. વૈજ્ઞાનિકે એવો દાવો કર્યો છે કે, મશીનો અને ટેકનોલોજીના વધી રહેલા વિકાસના કારણે આવનારા ત્રણ દાયકામાં દુનિયાના અડધાઅડધ લોકોની નોકરી છીનવાઈ જશે.

★ **૩૦ ટકા લોકોની ઊંઘ છ કલાકથી ઓછી :** ઊંઘ વિશે અનેક સંશોધનો થતા જ રહે છે. હમણાં થયેલા એક સંશોધન મુજબ સતત ૧૨ રાત સુધી ૬ કલાકથી ઓછી ઊંગ લેવાથી આલ્કોહોલ લીધા પછીની શારીરિક અને માનસિક સ્થિતિ જેવો અનુભવ થાય છે. આ રીતે ૬ કલાકથી ઓછી ઊંઘ લેનારા વ્યક્તિઓની યાદશક્તિ સારી રહેતી નથી. શરીરના સંતુલન ઉપરાંત સાફ બોલવામાં પણ તકલીફ થાય છે. બીબીસી – ફ્યુટરના જણાવ્યા મુજબ દુનિયાના ૩૦ ટકા લોકોની ઊંઘ છ કલાક કરતા પણ ઓછી છે.

★ **નાસાએ મંગળ પર માનવીના સંભવિત રહેઠાણની કલ્પના કરી :** અમેરિકાની અવકાશ સંશોધન સંસ્થા નાસાએ સમાનવ મંગળ પર ઉતરાણ અને વસવાટ અંગેની એનિમેશન અને વીડિયોના માધ્યમથી પરિકલ્પના કરી છે. જેમાં મંગળ પર માણસની લેન્ડિંગ સાઈટથી માંડીને ઘર રહેઠાણ વગેરેની ઝલક દેખાડતો વીડિયો પણ તાજેતરમાં બહાર પાડવામાં આવ્યો છે. જેમાં મંગળ પર જીવતા રહેવા માટે અત્યંત જરૂરી એવા બધા જ પાસાઓ દર્શાવ્યા છે.

***(વર્તમાનપત્રો પર આધારિત)***

## સૃષ્ટિના આપવાના અને લેવાના નિયમની ચમત્કારિક અસર

સૃષ્ટિનો એક પાયાનો નિયમ છે આપવાનો અને લેવાનો. સફળતા માટેનો આ વ્યવહાર દિવ્ય આપ-લે દ્વારા થાય છે. સૃષ્ટિમાં થતી આ દિવ્ય આપ-લેથી જુદા જુદા સ્વરૂપની શક્તિઓનો પ્રવાહ વહેતો થાય છે અને તેના ઉપર સંબંધોનો પાયો રચાય છે. જો શક્તિનો આ પ્રવાહ રોકી દઈએ તો આપણે પ્રકૃતિની રચનામાં ખલેલ પહોંચાડીશું. આવી જ રીતે આપણા જીવનમાં નાણાં કે બીજું જે કંઈ જોઈતું હોય તે ફરતું રાખવા માટે આપવા અને લેવાનો વ્યવહાર જાળવવો જોઈએ.

નાણાં માટે એક શબ્દ 'કરન્સી' લેટિન શબ્દ પરથી આવ્યો છે. તેનો અર્થ 'દોડવું' અથવા 'પ્રવાહ' થાય છે. આપણે જીવનની જે શક્તિઓ આપીએ છીએ અને બીજાને સેવા પૂરી પાડીને જીવનની જે શક્તિઓ મેળવીએ છીએ તેનું પ્રતીક નાણાં છે. એક નદીની જેમ નાણાંનો પ્રવાહ પણ સતત વહેતો રહેવો જોઈએ નહીં તો તે બંધિયાર બની જશે. નાણાંની પ્રવાહિતા તેને જીવંત રાખે છે. આપણે નાણાંનો સંગ્રહ કરીએ તો તેથી આપણા જીવનમાં તેની પ્રવાહિતા રોકાઈ જશે. આપણે કંઈ આપીએ અને લઈએ તે પાછળનો આશય પણ મહત્ત્વનો છે. આપણે કંઈ ઉમંગથી, હૃદયપૂર્વક આપીશું તો તેની પાછળની શક્તિમાં અનેકગણો વધારો થશે. પણ જો આપણે સ્વાર્થપૂર્વક આપીશું તો તેની પાછળ કોઈ શક્તિ નહીં હોય. કંઈક આપીને આપણે ગુમાવ્યું છે તેવી લાગણી આપણા મનમાં હશે તો આપણી શક્તિઓમાં કોઈ વધારો નહીં થાય.

આપવા અને લેવાનો આ નિયમ સરળ છે. જો તમારે પ્રેમ જોઈતો હોય તો પ્રેમ આપતાં શીખો. જો તમારે વખાણ સાંભળવાં હોય તો કોઈનાં વખાણ કરતાં શીખો. જો તમારે ભૌતિક રીતે સમૃદ્ધ થવું હોય તો બીજાને ભૌતિક રીતે સમૃદ્ધ થવામાં સહાય કરો. જો તમારે જીવનમાં બધી જ સારી વસ્તુઓ મળે તેવા આશીર્વાદ જોઈએ તો બીજા સૌનું સારૂં થાય તેવા આશીર્વાદ મનોમન આપતાં શીખો. જેટલું વધુ આપશો તેટલું વધુ મેળવશો. કાળજી, પ્રેમ, સદ્ભાવ, વખાણ વગેરેની ભેટ કોઈને પણ આપી શકાય. આ ભેટ અમૂલ્ય હશે અને તેનો કોઈ ખર્ચ પણ નહીં લાગે.

આપણને જે કંઈ મળે છે તે બધું જ આપણી કમાણીનું નથી, પરંતુ સૃષ્ટિએ મુક્ત મને આપેલી ભેટ હોય છે. એટલે કે તમને શેની જરૂર છે તે બાબતનો ઊંડો ખ્યાલ ક્યાંક એને હોય છે. ત્યાંથી તમને જોઈતું મળી રહે છે. જે વસ્તુ માગ્યા વગર મળી હોય તેવી બધી વસ્તુઓનો વિચાર કરો. આ માટે આભાર માનવાનો અનુભવ, આપવા અને લેવાના ક્રમમાં પ્રવેશ કરવા માટે તમને હક્કદાર બનાવશે.

જીવન જે ભેટ આપે તેનો કૃતજ્ઞતાપૂર્વક સ્વીકાર કરો. પછી તે ભૌતિક વસ્તુની ભેટ હોય, પ્રશંસા હોય કે પછી પ્રાર્થના હોય. જેમને પ્રત્યક્ષ સંપર્ક થાય તે દરેક માટે મૂક મને સુખ, આનંદ, હાસ્ય લાવવાની ઈચ્છા કરો. કાળજી, પ્રશંસા અને પ્રેમની ભેટની આપ-લે દ્વારા તમારા જીવનમાં તમે સમૃદ્ધિનો પ્રવાહ વહેતો રાખી શખશો.

***રજૂઆત : યશ રાય***

## હિમાંશુ ભાઈલાલ ઠક્કર
+91 98793 01004
+91 93740 01004

**પ્રેરણા સ્ત્રોત**
- શ્રી લોહાણા મહાપરિષદ
- અખિલ ગુજરાત લોહાણા સમાજ
- શ્રી અખિલ ગુજરાત કચ્છ વાગડ લોહાણા મહાજન
- શ્રી કચ્છ વાગડ લોહાણા મહાજન ટ્રસ્ટ અમદાવાદ
- શ્રી જલારામ અભ્યુદય જનસેવા ટ્રસ્ટ
- શ્રી કચ્છી સમાજ અમદાવાદ

અમર રઘુવંશમ્
શ્રી રઘુકુળ વિશ્વ

jaymahaparishad@gmail.com    shreeraghuvansham@gmail.com

---

**Vaikunth R. Gopani**
B.Com. FCA. DISA
M. 9426303628
9909986171

## V. R. GOPANI & CO.
**Charaterd Accountants**

**H.O. :**
A-11, Trimurti Complex,
Station Road, Bavla-382220
Ph. (02714) 230087

**Branch :**
2, Campus Corner 2nd Floor,
Nr. Auda Garden, Prahladnagar
Ahmedabad-15.

**Resi. :**
1, Sugam Enclave, Opp. Ramada Hotel, Prahaladnagar, Ahmedabad-15
Email : vrgopani@yahoo.com

---

## જગદીશભાઈ શીવરામભાઈ મજીઠિયા (ઠક્કર)
ઉપપ્રમુખ : શ્રી અખિલ ગુજરાત કચ્છ વાગડ લોહાણા મહાજન
પ્રમુખ : શ્રી કચ્છ વાગડ લોહાણા મહાજન ટ્રસ્ટ, અમદાવાદ

**સુગર બ્રોકર :**

**મોમાઈ સુગર કોર્પોરેશન** - અશ્વિન : ૯૭૨૩૧૧૧૧૫૫
**મહાકાલ સુગર સપ્લાયર્સ** - ત્રિવિન : ૯૯૦૪૫૭૭૫૫૫
માધુપુરા માર્કેટ, શાહીબાગ, અમદાવાદ-૩૮૦ ૦૦૪.

---



## GILL & CO. PVT. LTD.
**IMPORTERS - EXPORTERS & COTTON MERCHANT**

Registered Office : NTC House, Narottam Morarjee Marg,
Ballard Estate, P.O. Box. No. 86, Mumbai - 400 038.
Phone : (022) 2261 5001 (4 Lines)
Fax : (022) 2262 0598, 2265 5069 Telegram : "GILLCO, MUMBAI"
Email : gillco@gillcot.com

"5", Aishwarya-1, 68, B.M.M. Society, Old Sharda Mandir Railway Crossing,
Ellisbridge, Ahmedabad - 380 006.
Phone : 079 - (O) 2658 6088 (R) 2658 1733 Telefax : 079 - 2658 6088
Mobile : 98253 28836 / 93742 08010 / 93742 08011

**: BRANCHES :**
ADONI / AHMEDABAD / AMRAVATI
BHATINDA / NEW DELHI / UJJAIN

---

**આપના ફર્નિચરની દીર્ઘાયુષની ખાત્રી સાથે**
**ઈમ્પોર્ટેડ પાઈનવુડના M.R., B.W.P.,**
**ફલસડોર, બ્લોકબોર્ડ, પ્લાયવુડ**

All Products ISI

## વિલમોર પ્લાય પ્રા.લિ.
ભચાઉ-અંજાર રોડ, મુ. વરસામેડી, તા. અંજાર,
જિ. કચ્છ    E-mail : willmoreply@yahoo.com

**સંપર્ક :**
નરસિંહભાઈ એન. પટેલ - ૯૮૨૫૨ ૪૩૫૫૭
ચંદ્રકાન્તભાઈ ઘોઘારી - ૯૮૨૫૦ ૩૨૦૫૪
અર્જુનભાઈ પટેલ - ૯૪૨૭૬ ૧૪૩૩૦



---

## AMBICA TIMBER MART
logs. lumber. select veneers.

THE AARYAN (Construction Company) | FORESTRY PRODUCTS (Export and Import) | ALL NATURAL (Agro and Mineral Products)

Opp. The Grand Bhagwati, S.G.Road, Bodakdev, Ahmedabad - 54.
Tel: 079 - 26855764, 26852438, 65416036 Fax: +91-79 - 26855804
E-mail: ambica9002@yahoo.co.in    Website : www.ambicatimbermart.com

---

**PARBATBHAI PATEL**    **(M) : 98240 62711**

## Shivam Packaging
## Shiv Packing Industries

Opp. Dwarkadhish Estate, Outside Chandola Old Tol Naka,
Nr. Bombay Hotel, Narol Road, Ahmedabad-382 405.
Ph. : (O) 25394011, 25394311

● સ્ટીફ બોર્ડસ / ગ્રે બોર્ડસ ● પી.વી.સી. પી.પી. રોલ અને રીમ
પી.પી. સુતળી, વુડન રોલ ● વાસંની પટ્ટી ● H.M., L.D., P.P. Bags
કાફ્ટ પેપર, સેલો ટેપ, કોરૂગેટેડ રોલ-બોક્સ

---

## POSITIVE®
**PLY & BOARD**

-: Also Available :-
- Teak Wood
- MDF
- Liner Laminate
- Flush Door
- Veneer
- Door Skin

Amit Surani (Patel)
98244 79923

Brijesh Patel
96240 30203

## RAVI ENTERPRISE
Sahakari Lati Bazar, Zone-2, B/h. Gita Mandir, Nr. S.T.Stand, Ahmedabad-22. Gujarat, INDIA.
Telefax : (O) + 91-79-25399423
E-mail : ravienterprise_004@yahoo.co.in

REGD. NO. GAMC/1028/2015-17 VALID UPTO 31-12-2017, R.N.I. 46515/87, DATE : 16-3-88
POSTED AT P.S.O. AHMEDABAD ON 15TH OF EVERY MONTH

મારુ સ્વાસ્થ્ય - મારી હોસ્પિટલ

**કેર ઈન્સ્ટિટ્યૂટ ઓફ મેડિકલ સાયન્સીઝ**

સીમ્સ હોસ્પિટલ - સંપૂર્ણ સારવાર એક જ સ્થળ પર

શુકન મોલ નજીક, ઓફ સાયન્સ સીટી રોડ, સોલા, અમદાવાદ-૩૮૦૦૬૦.
એપોઈન્ટમેન્ટ માટે : ૯૧-૭૯-૩૦૧૦૧૨૦૦, ૩૦૧૦૧૦૦૮
મો. : +૯૧-૯૮૨૫૦ ૬૬૬૬૧ • ફેક્સ : +૯૧-૭૯-૨૭૭૧૨૭૭૦
Email : opd.rec@cims.me
ફોન : +૯૧-૭૯-૨૭૭૧ ૨૭૭૧-૭૫ (પાંચ નંબર)
Email : info@cims.me • Web. : www.cims.me

PRARAMBH
"ek nayi Zindagi ka"

Kailashdan Gadhavi

Prarambh Buildcon Ahmedabad LLP
307, Third floor,
3rd Eye One,
Near Panchvati,
C. G. Road,
Ahmedabad-380 006,
Gujarat, India

T : +91 79 40056400 | 40056401
M : +91 94262 85655 | 93741 85655
E : info@prarambhlife.com

A WORLD OF PRECISION

**The cage making business is all about precision engineering**

Precisely what our customers need to set the ball rolling !

TAPER ROLLER BEARING CAGES • SPHERICAL ROLLER CAGES
BRASS MACHINED CAGES • BALL BEARING CAGES
POLYAMIDE CAGES • STAMPED AUTO COMPONENTS

HARSHA ENGINEERS

**Harsha Engineers Limited**
Sarkhej-Bavla Road, Changodar,
Ahmedabad - 382 213.
Ph. : 91-2717-391200 Fax : 91-2717-391259
Email : marketing@harshaengineers.com
Visit us at : www.harshaengineers.com

ISO/TS 16949:2002 CERTIFIED

MEET RUDANI
+91 9726066655

MILAP PATEL
+91 9737524821

RII

**RUDANI**
INNOVATION INDUSTRIES

INDUSTRIES AUTOMATION • SPM MACHINES
WATERJET CUTTING MACHINE
LED TUBELIGHT & BULB MANUFACTURING MACHINE
Which Establish your Ideas & Dreams into the Reality...

47, Amba Estate, Vatva-Mehmdabad Highway, Nr. S. P. Ring Road Circle,
Vatva, Ahmedabad-382445 • Web. : www.rudaniinnovation.com
Email : sales@rudaniinnovation.com
purchase@rudaniinnovation.com

અશોક રઘુરામ ઠક્કર

**કરી લો ઘર આપના પોકેટમાં**
**વિષ્ણુધારા હોમ્સ હવે આપના બજેટમાં.**

શ્રી વિષ્ણુધારા @ Gota. HOMES
Happiness is here.
1 & 2 BHK Apartments

સાઈટ ઓફીસ:
વોડાફોન ટાવર પાછળ, એસ.જી. હાઈવે,
ગોતા, અમદાવાદ-૮૧.
કોર્પોરેટ ઓફીસ: બીજો માળ-૧૪, જે.બી.આર. આર્કેડ,
સાયન્સ સીટી રોડ, સોલા, અમદાવાદ-૬૦.
ફોન : ૮૮૬૬૧૦૪૪૯૯, ૮૮૬૬૩૦૪૪૯૯

ઉપલબ્ધ સુવિધાઓ:
• ૨૪ કલાક સિક્યુરીટી ગાર્ડસ • સિનિયર સીટીઝન એરિયા
• ચિલ્ડ્રન પ્લે એરિયા • લેન્ડસ્કેપ ગાર્ડન

વિવિધ
યાદગાર પ્રસંગોએ
સ્વજનો-મિત્રોને ભેટ
આપવા જેવાં પુસ્તકો



ગુજરાતી સાહિત્યરસિકો માટે અમદાવાદમાં ગ્રંથતીર્થ સમા અમારા ત્રણ શો

ગૂર્જર સાહિત્યભવન
રતનપોળનાકા સામે, ગાંધી માર્ગ, અમદાવાદ - 380 0
ફોન : 079-22144663, e-mail : goorjar@yahoo.c

ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય

સંસ્કાર સાહિત્યમંદિર
5, N.B.C.C. હાઉસ,
સહજાનંદ કોલેજ પાસે,
આંબાવાડી, અમદાવાદ-15
ફોન : 079-26304259

ગૂર્જર સાહિત્ય પ્રક
102, લેન્ડમાર્ક બિલ્ડિંગ, ટાઈટેનિયમ સિટીસેન્ટ
સીમા હોલની સામે, 100 ફૂટ રોડ, પ્રહ્લ
અમદાવાદ-15 ફોન : 26934340, મો. 98252
ઈમેલ : gurjarprakashan@gma



Patel Tours & Travels®
AN UNDERTAKING OF PATEL INN & TRAVELS PVT. LTD.

24 Hours Service (M) 9974378888

Head Office : 8, Shroff Chambers, Opp. Navchetan School, Paldi, Ahmedabad-380 006.
Circle P, Nr. Prahaladnagar Garden, S. G. Highway, Nr. Honest Restaurant, Ahmedabad. (M) 9925244252
Phone : 079-26576492, 26577811, 26575367, 26587811 Fax : 26576491
(M) 9925244251, 9925244252, 9925244253
Web site : www.pateltoursandtravels.com, Email : patelinn@yahoo.com

RAJKOT: Ph. : 0281-2331754, 2332186, 2451210 (M) 9909022441, 9925244280
JUNAGADH: Ph. : (0285) 2621158 (M) 99252 44289
BHUJ: Ph. : 02832-224477, 221499, 229914 (M) 99252 44260, 99252 44258
BARODA: Ph. : 0265-6541275 (M) 99252 44274, 99252 44275
BRANCH OFFICE
JAMNAGAR: Ph. 0288-2552419, 2660243 (M) 99252 44261, 99090 09844
MUMBAI: Ph. : 022-28950191-92-93 (M) 98330 24764, 93229 42219
BRANCH OFFICE

DAILY SERVICE / RETURN SERVICE
Contact for Hiring minibus : 2 X 2, 3 X 2, LUXURY, VOLVO COACH ETC.
A/C. NON A/C. VOLVO SLEEPER COACH AVAILABLE
JUST CALL AND BOOK TICKET
PATEL TOURS & TRAVELS ALWAYS ONE STEP AHEAD

The Name Says its all

**II Radha Vallabh Group**



Bonafide Brokers
138/2, Sindhi Commercial Market, Kalupur, Ahmedabad-380 002.
Phone : 22124412, 22120234, 22160418 (R) 22865419
Mobile : Chamanbhai - 9925070719, Nileshbhai - 98250 70719

Nelco Agency
137/2, Sindhi Commercial Market, Kalupur, Ahmedabad-380 002.
Amitkumar : 9879024849

Aryan Agency
Chamanbhai : 9925070719

Jaya Marketing
Hirenkumar : 9879997777

Branch Office :
A-410, City Center, Opp. Idgah Police Chowki, Prem Darwaja Road, Ahmedabad.
Web : www.bonafidebrokers.com

Printed & Published by Shri Ashok Mehta, President, Shri Kutchhi Samaj - Ahmedabad on behalf of Shri Kutchhi Samaj - Ahmedabad. Printed at Madhvi Offset, Khokhara, Ahmedabad. Published at Shri Kutchhi Samaj Karyalaya, 905, Span Trade Centre, Opp. Kocharab Ashram, Ellisbridge, Pladi, Ahmedabad-380 006. Editor : Shri Ashok Mehta. Price : Rs. 3.00 Lifetime Subscription : Rs. 1500/-